THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. BL
1350
J2
BM-3137

શ્રી જયશેખરસૂરિ વિરચિત

# શ્રી પ્રબોધ ચિંતામણિ

## ભાષાંતર.

(મોહ ને વિવેકનું સ્વરૂપ અને તેમનું યુદ્ધ, મોહનો પરાજય, વિવેકનું સામ્રાજ્ય ઇત્યાદિ.)

મૂળ સંસ્કૃત પદ્યબંધનું ગુજરાતી ભાષામાં ભાષાંતર
છપાવી પ્રગટ કરનાર

**श्री जैन धर्म प्रसारक सभा—भावनगर.**

વીર સંવત ૨૪૩૫. વિક્રમ સંવત ૧૯૬૫.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસ.

UNIVERSITY LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA

Gift
BK-3137
BL
1350
.J2

## ખાસ ઉદારતા.

આ ગ્રંથ કચ્છ જખૌ નિવાસી ( હાલ મુંબઇવાસી ) શા વીરપાળ પાસુના સુપુત્રી બ્હેન દેવલીબાઇના ખર્ચથી સાધુ સાધ્વી જ્ઞાનભંડાર, જૈનલાઈબ્રેરી તથા જૈન પાઠશાળાઓ વિગેરેને ભે આપવા માટે છપાવી પ્રગટ કરવામાં આવ્યો છે. આશા છે કે તેઓ તેનો લાભ લઇ બ્હેન દેવલીબાઈને કૃતાર્થ કરશે.

મંત્રી

**જૈન ધર્મ પ્રસારક સભા.**

BL
1350
.J2

# શ્રી પ્રબોધ ચિંતામણિ ભાષાંતર.

સંદેહરહિત અને ચિદાનંદમય તેજ કે જે તેજ અંધકાર સમૂહ તો શું પણ સર્વ જાતિના તેજને પણ જીતે છે તેને હું નમસ્કાર કરૂં છું. સ્વાત્માનુભાવથી જાણી શકાતા ચિદાનંદ રૂપી જે તેજને સર્વજ્ઞની વાણી પણ વિષય કરી શકતી નથી તે તેજની હું સ્તુતિ કરૂં છું. જેમ વાદળાંઓનો સમૂહ સૂર્યના તેજનો નાશ કરવાને સમર્થ નથી તેમ અનાદિ કાળથી એકઠાં થયેલાં કર્મો પણ જે જ્ઞાનજ્યોતિનો નાશ કરવા અસમર્થ છે તે જ્ઞાનજ્યોતિની હું સ્તવના કરૂં છું. જેમ માતાની શિખામણ સર્વ પુત્રોને સરખી હોય છે, તેમ અનંત સિદ્ધોને વિષે પણ જે તેજ સરખું ધારણ કરાય છે તે તેજ જયમાન થાઓ. ઉદાસીનતાથી ઉત્પન્ન થએલ જે જ્ઞાનરૂપી તેજને [1]પાપ સ્પર્શ કરી શકતું નથી એટલુંજ નહીં પણ જેને [2]ધર્મ પણ કોઈ વખત સ્પર્શી શકતો નથી તે જ્ઞાનરૂપી તેજની ઇચ્છા કોણ ન કરે? આત્માની જે જ્યોતિ જડપણાને કે દાહપણાના હેતુને પ્રાપ્ત થતી નથી તે જ્યોતિને પૂજવાને સૂર્ય અને ચંદ્ર પણ ઉદ્યમ કરે છે. દીપક અંધકારમાં પ્રકાશ કરે છે, ચંદ્રમા રાત્રિએ પ્રકાશ કરે છે.

૧ અશુભ કર્મ. ૨ શુભ કર્મ.

સૂર્ય દિવસે પ્રકાશ કરે છે પણ આ આત્મજ્યોતિ તો નિરંતર પ્ર
કાશિત છે, તે જયવાન થાઓ. જે અચિંત્ય શક્તિવાળું જ્ઞાનરૂપ
તેજ આ દેહરૂપ નાના પ્રમાણમાં રહ્યાં છતાં લોકાલોકને પ્રકાશિત
કરે છે તે કોને આશ્ચર્ય પમાડતું નથી? ખાતાં છતાં પણ કેટલાક
( કુરગડુક પ્રમુખ ) જે તેજને પામ્યા અને બીજા તપસ્યા કરતાં
છતાં પણ ( શુદ્ધ અધ્યવસાય વિનાના ) પામી ન શક્યા; કેટલાક
( મહાત્માઓ ) ક્ષણવારમાં તે તેજને પ્રાપ્ત થયા ત્યારે કેટલાક
( જીવો ) કરોડો વર્ષ સુધી ( મહેનત કર્યા છતાં ) ( તાદૃશ્યાધ્યવ
સાય વિના ) તે તેજને ન મેળવી શક્યા; બાહ્યસંગમાં રહ્યા છતાં
( અંતરથી નિર્લેપ રહેતાં ) કેટલાએક જે તેજને પામ્યા, અને કેટ
લાએક બાહ્યસંગનો ત્યાગ કર્યા છતાં પણ જે તેજને પામી ન
શક્યા; એવું [1]બાળજીવોની બુદ્ધિમાં ન આવી શકે તેવું ( પર
તેજ ) કેવળજ્ઞાન અમારૂં રક્ષણ કરો; જે કેવળજ્યોતિનો ઉદય થ
વાથી કામ ક્રોધાદિ પોતાની મેળે નાશ પામે છે, તેનું અવલંબન
કરવાને કોણ ઉદ્યમ ન કરે? જે જ્યોતિનો લાભ દશ પ્રકારન
નાદે કરી, છ પ્રકારના ચક્રોએ કરી, પ્રાણાયામે કરી અને આસનો
કરીને થતો નથી પણ સ્વાભાવિક ( સહજ ) સમાધિવડેજ થાય છે

કર્મરૂપ મળને દૂર કરનારી જે સરસ્વતી ( વાણી )ને કોઇ
પણ પરાભવ નહીં પામેલા જિનેશ્વરે પેદા કરેલી છે તેને હું ન
સ્કાર કરૂં છું. બીજા દેશોનો ત્યાગ કરીને ( પક્ષે—બીજા વિષયે
ચિંતવન બંધ કરીને ) નિર્મળ અને ઉંડા માન સરોવરમાં ( પક્ષે
મનમાં ) જો હંસ ( પક્ષે આત્મા ) ક્રીડા કરે તો પછી સરસ્વ

---

1 અજ્ઞાની જીવો.



ક્યાં જશે? અર્થાત્ એકમેક થઇને રહેશે. આ સરસ્વતી પોતાના તીરપર રહેલાને પણ જે વિશુદ્ધિ પ્રાપ્ત કરાવે છે તે વિશુદ્ધિને સો વખત સ્નાન કરવા વડે કરીને પણ નદી કરાવી શકતી નથી. આ સરસ્વતી છે એવી બુદ્ધિથી તમે પાષાણને કે નદીને ન પૂજો, કારણકે સર્વ ( ઇંદ્રિયોના ) પ્રવાહ રોકયે છતે તે સરસ્વતી યોગ બુદ્ધિ વડે જાણી શકાય તેવી છે.

પોતાના ઘરના અજાણ અને પરની કથા કરવામાં તત્પર સર્વે વ્યાસો કથારૂપ નદીઓમાં મત્સ્યવત્ આચરણ કરે છે.*

જે આચાર્યો પોતાના આત્માને બોધ કર્યા વિના બીજાઓને બોધ કરે છે તેઓ જો કે બીજાઓને રસ્તે ચડાવે છે પણ પોતે ભ્રાંતિવાળા હોવાથી સંસારમાં ભમે છે. ઘણાં સિદ્ધાંતો જોયાં (વાંચ્યાં કે ભણ્યાં) છતાં જો સમભાવ પ્રાપ્ત ન થાય તો હાથી જેવી રીતે ( પોતાના ગંડસ્થળમાં ) મોતીનો ભાર માત્ર ઉપાડે છે તેમ તેઓ સિદ્ધાંતના જ્ઞાનનો માત્ર બોજો ઉપાડનારા છે ( પણ તેનો ઉપભોગ લેનારા નથી ).

અહીં જેમ શિયાળા અને ઉનાળામાં બહુ વિઘ્નો દેખાતાં નથી, પણ ઉત્તમ વૃષ્ટિ થવી તેમાં બહુ વિઘ્નો દેખાય છે; તેવીજ

---

* આ દુનિયાના ઘણા જીવો પોતાની આત્મશક્તિના અજાણ રહીને પુદ્ગળ સંબંધી કથા કરવામાં તત્પર રહેછે. વ્યાસજીએ જેમ અનેક પુરાણો બનાવી પરની કથા કરવામાં તે શાસ્ત્રો પરિપૂર્ણ કર્યા છે તેમ શાસ્ત્રકારોએ ફક્ત પરની કથાઓમાંજ તૃપ્ત ન થતાં પોતાના ગુણોનું શોધન કરવું જોઇએ, અને તેનું વર્ણન કરવું જોઇએ.

રીતે બીજા ( આઠ ) રસ પામવામાં વિઘ્ન આવતું નથી પણ શાંત રસ પામવામાં ઘણાં વિઘ્નો આવે છે. *

જેમાંથી અગ્નિ નીકળી શકે તેવા પથ્થરો પ્રાયે ઘણા મળી શકે છે, પણ જેમાંથી ચંદ્રની માફક શીતળતા નીકળે તેવા પથ્થરો મળવા પ્રાયે દુર્લભ છે. તેમ કષાયથી ભરપૂર એવા આ લોકમાં શાંત વૃત્તિવાળા ( મહાત્માઓ ) થોડાજ મળી આવે છે. મહેનત કર્યા શિવાય નીવાર (તૃણ ધાન્ય) પોતાની મેળે ઉગે છે, ત્યારે કમોદની પાછળ ઘણી મહેનત કર્યા છતાં પણ તેનો પાક ઉતારવામાં સંશય રહ્યા કરે છે; આજ દૃષ્ટાંત અન્યરસોમાં અને શાંતરસમાં લાગુ પડે છે. કારણકે કાંઇ પણ મહેનત કર્યા શિવાય બીજા રસો સ્વાભાવિક મળી આવે છે ત્યારે શાંતરસની પાછળ મહેનત કર્યા છતાં પણ તે સિદ્ધ થવામાં સંશય રહે છે. આ લોકમાં બાહ્યદૃષ્ટિવાળાઓ (સામાન્ય મનુષ્યો ) પણ શૃંગારાદિ રસોનું તો સેવન કરે છે પણ શાંતરસ રૂપ અમૃતનો ઝરો તો કુળવાન પુરૂષોને પણ દુર્લભ છે. અનાદિ ભવના અભ્યાસથી પશુ તુલ્ય બાળજીવો જે શૃંગારાદિ આઠ રસોનું સેવન કરે છે તે રસો, વિદ્વાન્ પુરૂષોથી પણ દુઃખે પામી શકાય એવા શાંતરસની સાથે શું સ્પર્ધા કરી શકશે ? અર્થાત્ નહીંજ કરી શકે. બીજા સર્વે રસોને વારંવાર સેવવાથી તેનું પરિણામ

* શિયાળો અને ઉનાળો એ બે ઋતુ નિયમાનુસાર આવ્યા કરે છે, તેમાં પ્રાયે વિઘ્ન સંભવતું નથી. પણ બરાબર વરસાદ થવો તેમાં અનેક વિઘ્નો આવ્યાં કરે છે;તેવીજ રીતે શાંત રસને મૂકીને બીજા શૃંગારાદિ રસોમાં પ્રાયે વિઘ્ન જણાતું નથી. પણ શાંતરસ પામવામાં તો પગલે પગલે વિઘ્નો જણાય છે.



વિરસ ( ખરાબ ) આવે છે ત્યારે શાંતરસનું અત્યંત સેવન કરવાથી તે મોક્ષ પર્યંત સુખનેજ આપે છે. આ શાંતરસ રસેંદ્ર છે એ સત્ય છે, કારણકે તે શાંતરસ (જેમ પારાને તે તે જાતના રસોની ભાવના આપવાથી તે અગ્નિથી ઉડી ન જતાં તેની ભસ્મથી સુવર્ણ સિદ્ધિ થાય છે તેમ ) તે તે જાતના ઉત્તમ વિચારોવડે ભાવિત કરવાથી કષાય રૂપી અગ્નિથી ન ઉડતાં મોક્ષસિદ્ધિનું કારણ થાય છે. બાહ્યદૃષ્ટિનો ત્યાગ કરીને પોતાના આત્માવડે પોતાને ભાવિત (વાસિત ) કરતાં ઉદ્યમવાન પંડિતો અનુક્રમે શાંતાવસ્થાને પ્રાપ્ત થાય છે. વન, વાવ, મંદિરાદિ જે બાહ્યવસ્તુઓ દેખાય છે તે વસ્તુઓના સ્વરૂપનું અંતરંગમાં જે ધ્યાન કરે છે તે તાત્ત્વિક ( તત્ત્વજ્ઞાની ) કહેવાય છે. *

પાછલી રાત્રિની બે ઘડી રહે ત્યારે અથવા પ્રથમ રાત્રિનો એક પ્રહર ગયા પછી નિદ્રા, તંદ્રા (આળસ )નો ત્યાગ કરી જે પોતાનો

* જે જે વસ્તુઓ બાહ્ય દેખવામાં આવે છે તે તે વસ્તુઓનાં દ્રવ્ય, ગુણ ને પર્યાય તથા ઉત્પાદ, સ્થિતિ ને વ્યય વિગેરેનો જે મનુષ્ય એકાગ્રતાપૂર્વક વિચાર કરે છે તથા હેય, જ્ઞેય અને ઉપાદેય એવી વસ્તુઓને ક્રમે કરી ત્યાગ કરે છે, જાણે છે અને આદરે છે તે તત્ત્વજ્ઞાની કહેવાય છે. કષાયથી મલીન આત્મા જ્યાંસુધી અનેક પ્રકારની ઇચ્છાને આધીન રહ્યા કરે છે ત્યાંસુધી અધ્યાત્મ પ્રાપ્તિની વાર્તા ( ઇચ્છા ) કરવી તે પણ નપુંસક પુરૂષથી પુત્રોત્પત્તિ ઇચ્છવાની માફક સર્દહવા લાયક નથી. વિવેકસુભટના આશ્રયથી દંભાદિ સુભટોનો નાશ કરીને જે મોહરાજાને જીતવાની ઇચ્છા રાખે છે તે વિદ્વાનોમાં અગ્રેસર છે.

અને પરનો વિચાર કરે (હું કોણ છું? અને આ દૃશ્ય વસ્તુ શી છે? એમ વિચારે ) તેને સાધક જાણવો. સાધકનાં લક્ષણો બતાવે છે— જે વાદ કરવામાં આદરવાળો ન હોય ૧. અહંકારી ન હોય ૨. કીર્ત્તિનો અભિલાષી ન હોય ૩. અને કોઇ પણ બાબતમાં ઉત્સુકતાવાળો (ઉતાવળીઓ) ન હોય ૪. આ ચાર બાબતો જેને ન હોય તે પોતાનું કહેલું ( ધારેલું) સિદ્ધ કરી શકે છે. જે કોઇની સાથે મિત્રતાની ઇચ્છા ન રાખતો હોય ૫. બીજા દેશના વેષ અને ભાષાદિકની પુછપરછ ન કરતો હોય ૬. જેને ગીતાદિક પ્રિય ન હોય ૭. અને જેને નેત્રની ચપળતા ન હોય ૮. તેને ખરે ખરો સાધક જાણવો. આક્રોશ કર્યાથી જે દ્વેષ ન કરે અને સ્તુતિ કરવાથી જે ઉન્મત્ત ન થાય એવો નિર્વિકલ્પ સમાધિમાં રહેલો સાધક સ્વસ્થતાને પામે છે. લવલેશ માત્ર અથવા મુહૂર્તાદિના ક્રમથી જે સંગમાં વર્ત્તે છતાં સંગરહિતપણાને માટે પ્રયત્ન કરે છે તેને હે વિદ્વાન્! તમે સાધક જાણો. 'હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું? મારા બાંધવો કોણ છે? મારા શત્રુઓ કોણ છે? હું ક્યાં જાઇશ? અને મારી પાસે શું ખરચી (ભાતું) છે?' એમ સાધક નિરંતર વિચાર કરે છે. આ દુનિયાના લોકોનાં ચરિત્રો( આચરણો ) વિસંસ્થુલ (વિપરીત) છે એમ તત્ત્વવેત્તા હોવાથી પોતે સમજે છે તોપણ બીજાની નિંદા કરીને પોતાનો ઉત્કર્ષ, સાધક કોઇ વખત કરતો નથી. આધ્યાત્મિક ધર્મ અને બાહ્યધર્મને વિષે પર્વત અને પરમાણુ જેટલું અંતર જાણતાં છતાં યોગી વચનથી પણ વ્યવહારને છેદતા ( ખંડન કરતા ) નથી.

યોગાભ્યાસમાં વધારો કરવાના ઉપાયો બતાવે છે:—યોગીએ સાંભળતા છતાં પણ બહેરા જેવા, દેખતા છતાં પણ ખરેખર આંધળા જેવા, બોલતા છતાં પણ મુંગાની જેવા અને વિદ્વાન્ છતાં પણ બાળકની જેવા થવું જોઇએ. યોગીએ પ્રથમ મનને કોઈ એક લક્ષ્ય (પ્રતિમાજી આદિ) ઉપર દૃઢ કરવું, ત્યારપછી લક્ષ્ય વિના પણ મનને દૃઢ રાખવું. આવી રીતે નિરંતર અભ્યાસવાળો તે બુદ્ધિમાન્ સુખે કરી ઉન્મનીભાવને પ્રાપ્ત થાય છે.*



(વિચારો ન કરવા વડે) મન શાંત થયાથી અને પોતાના ગ્રાહ્ય વિષયથી ઇંદ્રિયોનો સમૂહ નિવૃત્ત થવાથી પોતાને સ્થાને સ્થિર થએલ બુદ્ધિમાન પોતાના આત્માને વિષે આત્માને જુએ છે. જ્યારે આત્મા ત્રણ ધ્યાન (પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ) ઓળંગીને ચોથા રૂપાતીત ધ્યાનને પામે છે ત્યારે તે વિકલ્પરહિતપણે સ્વરૂપમાં સ્થિત થતાં પરમાત્મપણાને પ્રાપ્ત થાય છે.

વીવેચનઃ—જ્યાંસુધી મનની મલીનતા જતી નથી ત્યાંસુધી કોઈ પણ વિચાર કે ધ્યાન સ્થિરભાવને પામતાં નથી; અને આમ હોવાથી જે નિર્વિકલ્પઅવસ્થારૂપ સ્વાત્મભાવમાં રહેતાં પરમાત્મતાને પ્રાપ્ત થવાય છે તે અવસ્થા મનની સ્થિરતાના અભાવે, પ્રાપ્ત ન થવાથી સ્વસ્વરૂપ પામી શકાતું નથી. માટે તે નિર્વિકલ્પાવસ્થામાં પહોંચવા માટે અથવા તો મનની શુદ્ધિને માટે પહેલાં કાંઈક સાલંબન ધ્યાનની જરૂર છેઃ એટલે પ્રથમ આલંબનના આશ્રયથી મન એક વસ્તુ ઉપર સ્થિરતા કરતાં શીખે, એટલે ત્યાર પછી આલંબન વિના પણ સ્થિરતા રાખી શકે. આ હેતુથી પિંડસ્થાદિ ધ્યાનો આરંભમાં ઘણાંજ ઉપયોગી

---

* ઉન્મનીભાવ એ એક લય જેવી અવસ્થા છે, જેને નિર્વિકલ્પ સમાધિ કહીએ તોપણ કહી શકાય તેમ છે. (જુઓ યોગશાસ્ત્ર બારમો પ્રકાશ.)

છે. શ્રીમદ્‌હેમચંદ્રાચાર્યજીએ પણ આજ ક્રમ યોગશાસ્ત્રમાં રાખ્યો છે. પ્રથમ **રૂપસ્થધ્યાન**–એક બાજુએ સિદ્ધચક્રજીના મંડળ અથવા તો વીતરાગની શાંત મૂર્તિ સન્મુખ બેસી એકાગ્રતાથી તે જોયા કરવું, અને તેમાં લીન થવું; બીજી બાજુએ મનના વિકલ્પોને રોકવા અને તેજ એક રૂપસ્થધ્યેયમાં મનને એકાગ્ર કરવું એ રૂપસ્થધ્યાન કહેવાય છે. આ તો એકજ પ્રયોગ બતાવ્યો છે, પણ એવા પ્રશસ્ત અનેક ધ્યેયોનું ધ્યાન કરાય છે. તે સર્વે રૂપસ્થધ્યાન કહેવાય. **પદસ્થધ્યાન**–કોઈએક નિર્દોષ, પવિત્ર પરમાત્માના નામનું વાચકપદ લઈ તેનું વારંવાર રટણ કરવું, માનસિક જાપ કરવો તેમાં લય કરવો અને એકાગ્રતા કરવી તે પદસ્થધ્યાન કહેવાય. **પિંડસ્થધ્યાન**–ઉપર પ્રમાણે બાહ્યથી બાહ્યાકારવાળી મૂર્તિનું ધ્યાન અને પદનો જાપ દૃઢ થયા પછી તે રૂપોને અંદરથી લક્ષ કરી અથવા તો તેની નવીન કલ્પના કરી મનથી તે રૂપોને જોયાં કરવાં. પરમાત્માના મૂળ શરીરનો ચિતાર હૃદય સન્મુખ લાવી તેની વિરાગાવસ્થા વારંવાર મનમાં દૃઢ ઠસાવવી, તેની નિરાગી મૂર્તિ અથવા વિરાગી શરીરની આત્મપ્રતિની બાહ્ય ચેષ્ટા સંબંધી વિચારણા કરી દૃઢતાથી તેની શારીરિક મૂર્તિ જોયા કરવી, તેમાં લીન થવું અથવા સમવસરણની રચના, દેશનાનો સમય વિગેરે અનેક ચિત્રો જે આત્મિક સ્વરૂપને ઓળખાવે, સહાય આપે તેવાં ચિત્રો મનની કલ્પનાથી ઉત્પન્ન કરીને જોયાં કરવાં, તેમાં દૃઢ થવું, એકાગ્ર થવું તે પિંડસ્થધ્યાન કહેવાય, અને આ પ્રમાણે મન દૃઢ થયા પછી રૂપાતીતાવસ્થામાં પ્રવેશ કરી આત્મસ્વરૂપ–પરમાત્મતા પ્રાપ્ત કરી શકાય.

ભવ્ય અને અભવ્ય સ્વરૂપથી આ આત્માને બે પ્રકારે



જાણવો. જેને સિદ્ધિ પર્યાય પ્રાપ્ત થશે તે ભવ્યઆત્મા કહેવાય છે અને તેથી વિપરીત સ્વભાવનો તે અભવ્ય આત્મા કહેવાય છે. મોક્ષમાં જનારા ભવ્ય જીવોના પણ ત્રણ પ્રકાર છે. આસન્નસિદ્ધિક, મધ્યમ સિદ્ધિક અને દૂરસિદ્ધિક. જે જીવ અર્ધ પુદ્‌ગળપરાવર્તને અંતે સિદ્ધિ થવાનો તે દૂરસિદ્ધિક કહેવાય છે, જે જીવ અંતર મુહૂર્તમાં સિદ્ધ થાય તે આસન્નસિદ્ધિક કહેવાય છે અને આસન્નસિદ્ધિક દૂરસિદ્ધિકના વચલા કાળમાં જે જીવ મોક્ષે જાય તે મધ્યમ સિદ્ધિક કહેવાય છે. અહીં મધ્યમસિદ્ધિને લાયક કોઈએક ભવ્ય જીવનું વર્ણન કરવામાં આવશે. આ (પ્રબોધ ચિંતામણિ) ગ્રંથમાં મોહ વિવેકાદિનું જાતિની અપેક્ષાએ એકપણું ગણ્યું છે. અર્થાત્ તેને માટે એક વચન વાપર્યું છે.*

આ ગ્રંથમાં આત્મા અને ચેતના આદિને ભર્ત્તાર અને સ્ત્રીના શબ્દથી બોલાવવામાં આવશે તે સર્વ કલ્પિત સમજવું. આવી કલ્પના પણ (ઉપદેશાદિકમાં) કેટલેક ઠેકાણે કલ્યાણકારી નીવડે છે. કેમકે માછલાની અને માછીમારની, પાકાં પાંદડાંની અને નવાં કુંપળીયાંની આપસમાં જે ઉત્તમ (આલાપસંલાપવાળી) કથા† સૂત્રમાં રચવામાં આવી છે તે શું બીજાને બોધ કરવાને ઉપયોગી થતી નથી ? અર્થાત્ ઉપયોગી થાય છે. તેવી રીતે આ કથા પણ રચવામાં આવી છે.

---

* જોકે મોહના અનેક ભેદો છે તેમ વિવેકના પણ અનેક ભેદો છે. છતાં મોહ કહેવાથી મોહના ભેદોનો સંગ્રહ થઈ જાય છે, અને વિવેક કહેવાથી વિવેકના ભેદોનો સંગ્રહ પણ જાતિની અપેક્ષાએ થાય છે.

† પાકાં પત્ર અને કુંપળીયાંની કથા ઉત્તરાધ્યયન સૂત્રમાં છે.

કષાય ( સેનાના ) નાયક છે અને (આઠ) કર્મો શત્રુનું સૈન્ય છે એમ જણાવતું આગમ પણ આ પ્રબંધની રચનાના બીજપણાને (મૂળ કારણપણાને) પામે છે. આ ગ્રંથનું સમર્થન કરવામાં (રચવામાં) કોઈ ઠેકાણે સારોપા લક્ષણા (જે વસ્તુ ઉપર આરોપ મૂકીને કહીએ તેને સારોપા લક્ષણા કહીએ. જેમ મોહરાજા—અહીં મોહને વિષે રાજાનો આરોપ મૂકાયો છે) ની મુખ્યતા છે અને કોઈ ઠેકાણે સાધ્યવસાનિકા (આરોપ મૂક્યા વિના જે વસ્તુનું નામ હોય તેજ કહેવું તે સાધ્યવસાનિકા—જેમ ઘટને ઘટ કહેવો) ની મુખ્યતા છે.

આત્મજ્ઞાન સેવનાર જીવોને જ્વરાદિ રોગનો નાશ થાય છે, જરારૂપ રાક્ષસી દૂર રહે છે, લબ્ધિ અને સિદ્ધિના સમૂહ પ્રસન્નપણે પ્રાપ્ત થાય છે, (નીરાવરણી)જ્ઞાન પ્રગટ થાય છે, વચનાતીત આનંદનો અનુભવ થયે સતે પુણ્યપાપનો ક્ષય થાય છે અને મોક્ષ તો તેઓની મુઠીમાંજ આવીને રહે છે. માટે હે ભવ્યજીવો ! ફક્ત તે આત્મજ્ઞાન પામવાને માટેજ તમે પ્રયત્ન કરો.

શ્રીમત્ જયશેખરસૂરીશ્વરવિરચિત શ્રીપ્રબોધચિંતામણિ ગ્રંથને વિષે પરમાત્મવર્ણનરૂપ પ્રથમ પીઠબંધાધિકાર સમાપ્ત થયો.

## બીજો અધિકાર.

આત્માને નિશ્ચયથી જે સ્વરૂપે કહેલો છે તે, ( આત્મા ) સચેતન છતાં પણ તેનું માયાને વશ થવું, તેથી ( માયાને વિષે આત્માનું આસક્ત થવાથી ) અતિ દુઃખી થએલી સન્મતિનું ઉદાસીન થવું, માયાથી મોહ નામના પુત્રની ઉત્પત્તિ, માયા અને મનને વશ થવાથી અનેક દુઃખોનું સહન કરવું, નિવૃત્તિથી વિવેક પુત્રની ઉ-



ત્પત્તિ, મનનું તેને ( વિવેકને ) દેશનિકાલકરવાપણું, સર્વજ્ઞની સેવાથી તેને (વિવેકને) રાજ્યની પ્રાપ્તિ, મોહના આદેશથી કામનું ત્રણ લોકને જીતવાપણું, તેનાથી (કામથી) ત્રાસ પામીને વિવેકનું અર્હંતને શરણે જવું, તેની ( અર્હંતની ) સમક્ષ વિવેકે પોતાના વીરપણાનું દેખાડવું, દૃઢ પ્રેમવાળી કુમારી સંયમશ્રીની સાથે વિવેકનું પાણિગ્રહણ, તેથી બળની વૃદ્ધિ, યુદ્ધને માટે તેનું મોહની સન્મુખ જવું, યુદ્ધમાં સૂર્યની માફક વિવેકથી મોહાંધકારનું હણાવું, મોહના નાશથી દુર્બળ થએલ મનને વિવેકનો પ્રતિબોધ, મનનું ( શુક્લ ધ્યાનરૂપી ) અગ્નિમાં હોમાવું થતાં ચેતનાનું પોતાના પતિ ( આત્મા ) ને ઉત્સાહ પમાડીને તેને ત્રણ જગત્ના નાયક કરવાપણું—આ સર્વ હું વૃદ્ધ વાક્યોને અનુસારે આ પ્રબોધચિંતામણિ ગ્રંથમાં કહીશ. બાળક પણ મોટા પુરૂષના હસ્તાવલંબનથી અટવીનો પાર પામે છે તેમ અટવીની માફક ગહન એવા આ ગ્રંથની રચનાના પારને મહાન્ પુરૂષોના આશ્રયથી હું પામીશ. શ્રીપદ્મનાભ પ્રભુ ( આવતી ચોવીશીના પહેલા તીર્થંકર )ને ધર્મરૂચિ નામના શિષ્ય થશે. તેમના કથનદ્વારા ( ઉપર કહેલ ) સર્વ આત્માનું સ્વરૂપ સમજી શકાશે.

વિવેચનઃ—પદ્મનાભ તીર્થંકરને ધર્મરૂચિ નામે શિષ્ય થશે. તેમને એક ગામની નજીકમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થશે. તે અવસરે દેવોએ રચેલ સુવર્ણકમળ ઉપર બેસીને ધર્મદેશના આપતા એ મુનિને જોઇ તે ગામનો ઠાકોર ત્યાં આવશે. તે મુનિના મહાન્ અતિશય તથા જ્ઞાનથી આશ્ચર્ય પામીને તે તેને પૂછશે કે " હે ભગવાન્! તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? અને આ રિદ્ધિ કેવી

રીતે પામ્યા છે ?" આ પ્રશ્નના ઉત્તરમાં તે મુનિ જે જવાબ આપશે તેજ આ ગ્રંથની અંદર કહેલ હોવાથી તેનું ઉત્પત્તિસ્થાન તેજ છે. અર્થાત્ આ પ્રશ્નનો ઉત્તર તેજ આ પ્રબોધચિંતામણિ ગ્રંથ છે.

આ જંબૂ નામનો દ્વીપ છે. જે ગોળ આકારે શોભતા જંબૂદ્વીપની પરિધિને ઠેકાણે જગતી ( ગઢ ) છે, તુંબને ઠેકાણે મેરૂ પર્વત છે અને આરાઓને ઠેકાણે (આઠ) દિશાઓ છે. તેની (મેરૂની) જમણી દિશામાં રત્નના સમૂહની પ્રાપ્તિના લોભે કરીનેજ જાણે સમુદ્રની પાસે રહ્યું હોય તેવું ભરતક્ષેત્ર જયવંતુ વર્ત્તે છે. તે ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીના ત્રણ આરા ગયા બાદ ચોથા આરાને છેડે શ્રી વર્ધમાન જિનેશ્વર જન્મ્યા હતા. તે સાત હાથ ઉંચા હતા, સુવર્ણ જેવી તેમની કાંતિ હતી, તેમને સિંહનું લંછન હતું અને તે ચોથા અને પાંચમા આરાની મર્યાદાના સ્તંભવત્ શોભતા હતા. તેમના ચરણકમળની નિષ્કપટ સેવા કરવામાં ભ્રમરરૂપ અને નગરના લોકોને આનંદ આપનાર મગધ દેશનો શ્રેણિક નામે રાજા હતો; જે રાજગૃહેશ શ્રેણિકની સૌમ્ય દૃષ્ટિરૂપ અમૃતની વૃષ્ટિથી સિંચાએલી પ્રજા ઉત્તમ વરસાદથી અનાજની વૃદ્ધિની પેઠે વિસ્તાર પામી હતી. જે રાજા યુદ્ધરૂપશાળામાં નહીં અભ્યાસ કરેલી એવી પણ નાસી જવાની કળા ખડ્ગરૂપ સોટીવડે શત્રુઓને શીખવતો હતો. જેણે બળના સમુહે કરી નગરના લોકથી અરિ(શત્રુ) એવું નામ દૂર કરીને નિરાધાર એવા તે (અરિ) નામને કૃપાવડે રથના ચક્રમાં દાખલ કર્યું હતું. નીતિમાર્ગના ક્રમને પણ મૂકીને માછલાં પકડવાની



જાળ લઇ પાણીમાંથી માછલાં પકડતા મુનિને જોઇને પણ આ શ્રેણિક રાજા સદ્ભાવથી રહિત થયો નહોતો.*

નવાનવા છંદોના સમૂહે કરી જૈનપણાના ગુણોની સ્તવના કરતો આ શ્રેણીક રાજા ગાંધર્વોના ગર્વને પણ હરતો હતો. તેની કુમારાવસ્થા, સ્ત્રીઓનું પાણિગ્રહણ, રાજ્યની પ્રાપ્તિ, પુત્રોની ઉત્પત્તિ વિગેરે બીજા ગ્રંથોથી જાણી લેવું, કારણકે આ સ્થળે તેનો અધિકાર નથી. કેટલાક અક્ષરોવડે કવિ જેમ સ્પષ્ટ કાવ્ય બાંધે છે તેમ અરિહંતની ભક્તિ આદિ સ્થાનવડે આ શ્રેણિક રાજાએ તીર્થંકરનામકર્મ બાંધ્યું હતું.

સમ્યક્ત્વવાન્ જીવો વૈમાનિકદેવ શિવાય બીજી ગતિમાં જતા નથી (એ સત્ય છે). કેમકે કલ્પવૃક્ષ સ્વાધીન છતાં ખરાબ અનાજ કોણ

---

* ધર્મશ્રદ્ધામાં દૃઢ એવા આ શ્રેણિક રાજાની ઇંદ્ર પણ પ્રશંસા કરતા હતા. તેનો નિર્ણય કરવા અશ્રદ્ધાથી એક દેવ સાધુનું રૂપ કરી, જાળ લઈ માછલાં પકડતો શ્રેણિક રાજાની નજરે પડ્યો. ઘણા મનુષ્યો પોતાના ધર્મગુરૂનાં આવાં આચરણો જોઇ ધર્મથી ભ્રષ્ટ થઇ જાય છે; પણ આ ધર્મચુસ્ત મહારાજાએ વિચાર કર્યો કે 'આ કોઇ ભારેકર્મી જીવ સાધુધર્મ અંગીકાર કરીને તે પાળી ન શકવાથી આ પ્રમાણે ધર્મને વગોવે છે. આથી કાંઇ સર્વ મુનિઓ તેવા હોતા નથી. ચાલ, હું તેને શિખામણ આપી આ ખરાબ આચરણથી પાછો વાળું.' આ પ્રમાણે વિચાર કરીને તેને શિખામણ આપી ખરાબ આચરણ કરતાં અટકાવ્યો. ભાવાર્થ એ છે કે ધર્મભ્રષ્ટ મનુષ્યોને દેખીને પોતે સત્યધર્મથી ભ્રષ્ટ ન થતાં શ્રેણિકરાજાની પેઠે દૃઢ શ્રદ્ધાવાન રહેવું.

ખાય? આ પ્રમાણે નિયમ છે છતાં આ શ્રેણીક રાજા મરણ પામીને પહેલી નરકમાં ગયા. કારણકે સમ્યકત્વનો લાભ થયો તે પહેલાં તેણે નરકાયુષ્ય બાંધ્યું હતું. સમુદ્રના કલ્લોલ રોકી શકાય છે, અર્જુનનાં બાણો પણ રોકી શકાય છે, આકાશમાંથી પડતી વિજળીને પણ રોકી શકાય છે, પણ કર્મની રેખા રોકી શકાતી નથી. નરકમાં રહ્યા છતાં, હે આત્મા! તારાં પોતાનાં કરેલાં કર્મ ઉદય આવ્યાં છે, તેને હવે તુંજ સહન કર. આવી ભાવનાવાળો શ્રેણિક રાજા દુઃખોનો અનુભવ કરે છે છતાં (સમ્યક્તિ હોવાથી) તે અત્યંત વેદના ભોગવતો નથી. ચોરાશી હજાર વર્ષ ગયા પછી ખાડરૂપ આવર્તમાંથી હાથી જેમ નીકળે તેમ પહેલી નરકમાંથી તે શ્રેણિક રાજા નીકળશે. વિષ્ટામાંથી પણ સુવર્ણને અંગીકાર કરવાની માફક પૂર્વ ભવનું સ્મરણ કરતો શ્રેણીક રાજા નરકમાંથી નીકળતાં છતાં પણ તે (આગલા) ભવ સંબંધી મતિ, શ્રુત અને અવધિ–આ ત્રણ જ્ઞાનનો ત્યાગ નહીં કરે અર્થાત્ તે ત્રણ જ્ઞાન સહિત ગર્ભમાં ઉપજશે. જ્યારે શ્રેણિક રાજાનું નરકથી નીકળવું થશે ત્યારે ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી પૂર્ણ થઇ રહ્યા પછી ઉત્સર્પિણી કાળનો પહેલો આરો સમાપ્ત થયે છતે અને બીજો આરો શરૂ થયે છતે દગ્ધ થયેલી જમીન ઉપર કાળના સ્વભાવથી આ પ્રમાણેના વરસાદો પોતાની મેળે વરસશે. પ્રબળ અગ્નિની જ્વાળાએ કરી કેસુડાની માફક લાલ થએલી આખી પૃથ્વી પ્રથમ **પુષ્કરાવર્ત્ત મેઘની** વૃષ્ટિવડે શાંતતાને પામશે. ત્યારપછી **ક્ષીરમેઘના** વરસાદથી ઝરતા દુધના સમૂહે કરી સિંચાયેલી આ પૃથ્વીને તપસ્વીઓ જેમ પોતાના શરીરને તેજની સાથે જોડે છે તેમ આ વરસાદ પોતાના વર્ણની સાથે જોડી દેશે અર્થાત્ પૃથ્વીને



શ્વેતવર્ણી કરશે. ત્યારપછી પતિ જેમ નવીન પરણેલી સ્ત્રીમાં કોમળ વચનોવડે સ્નેહ દાખલ કરેછે તેમ યોગ્ય અવસરે **ઘૃતઘન** નામનો વરસાદ (ઘી સદૃશ) પાણીવડે પૃથ્વીમાં ચિકાશ (સ્નિગ્ધતા) દાખલ કરશે. ત્યારપછી **અમૃતના વરસાદની** ઉત્તમ ધારારૂપ હાથથી પૂજાએલી આ પૃથ્વી નાના પ્રકારના અંકુરોના મિષથી રોમોદ્ગમે કરી હર્ષવાળી દેખાશે. પછી જેમ કવિ પોતાની વાણીવડે કાવ્યોને વિષે અનેક રસો (શૃંગારાદિ)ને સંયોજિત કરે છે તેમ **રસ** નામનો વરસાદ પાણીવડે અનેક રસોને પૃથ્વીમાં સંયોજિત કરશે. પછી જેમ રાત્રિને વિષે તારાઓ પોતાની મેળે પ્રગટ થાય છે તેમ કાળના સ્વભાવથી પર્વતો, વેલો અને વનાદિ પદાર્થો પોતાની મેળે (અનેક પરમાણુઓ એકઠાં થઇ) પ્રગટ થશે. તે અવસરે આ ભરતક્ષેત્રમાં બીજાને ઉપકાર કરવામાં તત્પર, ન્યાયમાં નિપુણ અને વિલસિત ગુણવાળા સાત કુલકરો થશે. તેઓનાં મિત્રપ્રભ, સુભૂમ, સુપ્રભ, સ્વયંપ્રભ, દત્ત, સૂક્ષ્મ અને સુબંધુ એ અનુક્રમે નામ જાણવાં. ત્યાર પછી બીજો આરો પૂર્ણ થઇ ત્રીજો આરો શરૂ થયે સતે વૈતાઢ્ય પર્વતની નજીકના ભાગમાં આવેલા **શતદ્વાર** નામના શહેરમાં તે કુલકરોના વંશમાં સ્વભાવથીજ સુભગ આકૃતિવાળો અને બુદ્ધિમાં બૃહસ્પતિને પણ હઠાવે એવો **સુમતિ** નામે કુલકર ઉત્પન્ન થશે. તેને **ભદ્રા** નામે રાણી થશે, જેના સત્વરૂપી કસોટીના પથ્થર ઉપર થયેલા શિયલરૂપ સુવર્ણના સ્થિર લીસોટાઓને સત્પુરુષો વર્ણન કરશે. હવે શ્રેણીક રાજાનો જીવ **સીમંત** નામના નરકાવાસથી નીકળીને તે મૃગનયની ભદ્રાદેવીની કુક્ષિમાં અવતરશે. તે અવસરે હસ્તિ, વૃષભ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, સ-

રોવર, સમુદ્ર, ભુવન, રત્નરાશિ અને અગ્નિ આ ચૌદ સ્વપ્નને અનુક્રમે ધીરબુદ્ધિમાન જેમ સદ્‌વિદ્યાને જુએ તેમ દેવોને પુજનીક ભદ્રારાણી જોશે. સુમતિ નામે કુલકર આ સ્વપ્નનું ફળ જેટલામાં પોતાની બુદ્ધિને અનુસારે કહેશે તેટલામાં પ્રથમ દેવલોકનો ઇંદ્ર ત્યાં આવીને ભદ્રારાણીને નમસ્કાર કરી આ પ્રમાણે કહેશે—"હે દેવી! ત્રણ ભુવનને વિષે જેનાથી શ્રેષ્ઠ બીજું દૈવત નથી એવા દૈવતને કુક્ષિમાં ગર્ભપણે ધારણ કરતી તું દેવોથી પણ વંદાય છે. હે દેવી! આશ્ચર્ય છે કે ચિંતવ્યાથી અધિક ફળને આપવાવાળા ગર્ભરૂપ ચિંતામણિને ધારણ કરતું આ તારૂં ઉદર રત્નાકર ( સમુદ્ર )નો પણ પરાભવ કરે છે. હે સ્વામિની! આ કલ્પવૃક્ષના અંકુરાને ઉદરરૂપ ગુફામાં ધારણ કરતી તું મેરૂપર્વતનું આચરણ કરે છે. અન્ય સ્ત્રીઓનો સમૂહ તારી આગળ તૃણની ઉપમા બરોબર છે. આ સ્વપ્નોના મહાત્મ્યથી સુર અને અસુરોને સેવનીક એવો તારો પુત્ર પ્રથમ અરિહંત થશે." આ પ્રમાણે કહીને ઇંદ્ર વિરામ પામ્યે સતે વિકસિત મનવાળી અને રોમાંચિત થયું છે શરીર જેનું એવી તે સંકોચ(સલજ્જ)પણાને પામશે. પછી ધીમે ધીમે પગ સ્થાપન કરવાવાળી, જેના દોહદ પૂર્ણ થયા છે તેવી, અલ્પ પરિવારથી રહેનારી, પથ્ય આહાર લેનારી અને અલ્પ આભૂષણ ધારણ કરનારી તે ભદ્રારાણી ગર્ભને વૃદ્ધિ પમાડશે. ગર્ભ વૃદ્ધિ પામતો છતો પણ તે રાણીના ઉદરની વૃદ્ધિ કરશે નહીં. કેમકે જેની જે સ્થિતિ હોય તે સ્થિતિનો નાશ કરનાર આ સમર્થ પુરૂષ થશે નહીં. કૃષ્ણચિત્રાવેલીની માફક પ્રભુ વશ થયે સતે માતાને લક્ષ્મી તો વૃદ્ધિ પામશે; પણ રૂપ, સૌભાગ્ય, બુદ્ધિ અને ધૈર્યાદિ ગુણો પણ અતીશે વૃદ્ધિ પામશે. કાંઇક અધિક નવ મહિના



વ્યતીત થયા બાદ તેણી અદ્વૈત કાંતિવડે દિશાઓને પ્રકાશિત કરતા સૂર્ય જેવા પુત્રને જન્મ આપશે. તે વખતે હું પ્રથમ આંહી રહ્યો હતો એવો સ્નેહ વહન કરતા હોય નહીં તેમ તે ભગવાન પોતાના જન્મથી નરકને વિષે રહેલા જીવોને પણ (અલ્પ સમય) સુખી કરશે. લક્ષ્મી દેવીના વાસને માટે પૃથ્વીને કમળમય કરતા હોય તેમ દેવો પ્રભુના જન્મ અવસરે કુંભો ( એક જાતનું માપ ) પ્રમાણે કમળને વરસાવશે. પછી છપ્પન દિગ્‌કુમારીઓ આસન કંપવાથી જિનેશ્વર ભગવાનનો જન્મ થયો જાણી ત્યાં આવીને પોતપોતાનું કર્તવ્ય કરશે. તે દિગ્‌કુમારીના ગયા બાદ જિનેશ્વર ભગવાનનો જન્મોત્સવ કરવાની ઇચ્છાથી મેરૂ પર્વતના શિખર ઉપર ચોસઠ ઇંદ્રો મળશે. સૌધર્મ ઇંદ્રે ( મેરૂ પર્વતના શિખર ઉપર ) લાવેલા જિનેશ્વર ભગવાનને તેઓ ( એકઠા થએલા ઇંદ્રો ) પુષ્કરાવર્ત્ત મેઘની માફક ઘણા પાણીથી સ્નાન કરાવશે. ત્યારબાદ પૂજન કરી, સ્તવના કરી, જિનેશ્વર ભગવાનને પોતાના નગરમાં મુકી અને કોટી સુવર્ણની વૃષ્ટિ કરી જેમ આવ્યા હતા તેમ તે ઇંદ્રો પાછા સ્વસ્થાને જશે. પ્રભુના જન્મ સમયે પૃથ્વી ઉપર પદ્મની વૃષ્ટિ થશે તેથી **પદ્મનાભ** અને **મહાપદ્મ** એવાં બે નામ તે ધારણ કરશે. ત્યાર પછી પાંચ અપ્સરાઓથી પાલન કરાતા, અને અંગુઠાને વિષે સ્થાપન કરેલા અમૃતનું પાન કરવાથી પુષ્ટ થયું છે શરીર જેનું એવા તે પદ્મનાભ વૃદ્ધિ પામશે. એક ખોળામાંથી બીજા ખોળામાં જતા અને એક હાથમાંથી બીજા હાથમાં જતા આ બાળપ્રભુવિષયિક મનુષ્ય અને દેવો વચ્ચે ચાલતો વાદ કોઇ વખત શાંત થશે નહીં. ઘણા દેવો વારંવાર બાળ-

કનાં રૂપ કરીને પોતાને ધન્ય માનતા સતા તે પ્રભુને બાલ્યાવસ્થામાં ક્રીડા કરાવશે. જન્મથી જ્ઞાનવાળા અને અત્યંત બળથી શોભતા એવા પદ્મનાભ આઠ વર્ષના થયે છતે આનંદિત એવા સાત પિતા તેને રાજ્ય ઉપર સ્થાપન કરશે. યુક્તિવડે બળને વધારનાર રાજ્યને ઘીની માફક તે ભોગવશે; પરંતુ પથ્ય ભોજન કરનારની માફક યુવાવસ્થા, લક્ષ્મી અને સ્ત્રીના મોહરૂપ ત્રિદોષને તે ભોગવશે નહિં. દિગ્વિજય યાત્રાને વિષે ઉદ્યમવાન પદ્મનાભને **પૂર્ણભદ્ર** અને **માણિભદ્ર** નામના બે દેવો દંડનાયક થશે. બોલાવ્યા વિના, પ્રાર્થના કર્યા વિના તેમજ ધન આપીને રાખ્યા વિના આ બે દેવો પદ્મનાભ રાજાના ભાગ્યવડે યુદ્ધમાં શત્રુની સાથે યુદ્ધ કરવા પોતાની મેળે ઉઠશે. તે યુદ્ધ કરતા દેવોની સામે કોઇ પણ શત્રુ ઉભો રહી શકશે નહીં. કારણકે અસુરોના શત્રુ રૂપ દેવોને શું મનુષ્યો પરાભવ કરી શકે? અર્થાત્ નજ કરી શકે. આ કારણથી પદ્મનાભ **દેવસેના** એવું નામ સેવકો તરફથી પામશે.

એક દિવસે અગ્રેસર માવત પદ્મનાભને આ પ્રમાણે વિનંતિ કરશે કે 'હે મહારાજા! ચાર દાંતવાળો અને ચંદ્રમાની માફક ઉજ્વળ કોઇ એક નવીન હાથી આજે તમારા આંગણામાં ક્યાંકથી આવેલો છે? શું ઇંદ્રે ઐરાવણ હાથીને આપને ભેટણા તરીકે મોકલ્યો છે અથવા તમારા પુણ્યથી ખેંચાઇને દિગ્હસ્તીઓના સમૂહમાંથી કોઈ હાથી આવેલો છે? તે અમે જાણતા નથી. બેસવા લાયક અને લડાઇને લાયક આપને પહેલાના જે હાથીઓ છે તે સર્વ હાથીઓમાં આ હમણાં આવેલો હાથી પોતાના ગુણોએ કરી સ્વામીની માફક



આચરણ કરે છે. પુણ્યથી પામી શકાય એવા આ હસ્તીને એકવાર આપે સાક્ષાત્ જોવા યોગ્ય છે. કેમકે અપૂર્વ વસ્તુ જોવાથી આ નેત્રો પણ સફળ થાય છે. પદ્મનાભ રાજા માવતના કહેવાથી હાથીની શાળામાં આવી તે હાથીને જોઇને ઉપયોગ દઈ વિચારશે કે આ હસ્તીરત્ન ક્યાંથી પ્રગટ થયું? એટલે જાણશે કે વૈતાઢ્ય પર્વતની નજીકની અટવીમાં રહેનારો અને દાવાનળથી ત્રાસ પામેલો આ ઉત્તમ હસ્તી મારા પુણ્યથી પ્રેરાઇને અહીં આવ્યો છે. એ પ્રમાણે જ્ઞાનવડે નિર્ણય કરીને જેમ સૂર્ય કિરણના સમૂહને અંગીકાર કરી આકાશની મધ્યમાં આરૂઢ થાય તેમ તે પદ્મનાભ રાજા તે હાથી ઉપર આરૂઢ થશે; અને લોકોમાં ઈંદ્રના વાહનનો ભય પેદા કરતા તે હાથી ઉપર બેસીને ગ્રામ આરામાદિકને વિષે વિચરશે. તે વખતથી સ્વામી **વિમલવાહન** એવા નામથી દુનિયામાં પ્રખ્યાતિ પામશે. આ પ્રમાણે ફક્ત ભોગ્યકર્મ ક્ષય કરવાને માટેજ પ્રભુ રાજ્યમાં કેટલોક વખત રહેશે.

અન્યદા બ્રહ્મદેવલોકથી લોકાંતિક દેવો આવીને અવસરના જાણ સેવકોની માફક સ્વામીને વિનંતિ કરશે કે 'હે પ્રજાપાલ! પૃથ્વી ઉપર ધર્મતીર્થને પ્રવર્તાવો. મનુષ્યોને બંને લોકની લક્ષ્મી આપવામાં તમેજ જામીન છો.' પછી તે પદ્મનાભ તીર્થંકર એક વર્ષ પર્યંત સોનાની ધારાએ વરસાદ વરસાવીને ( સોનાનું દાન આપીને ) વર્ષાઋતુમાં વરસતા વરસાદને પણ જીતશે. અર્થાત્ ઘણું દાન આપશે. તે અવસરે વર્ષાઋતુ ક્ષીણ ( પૂર્ણ ) થયે સતે જેમાં માલતીની શ્રેણીઓ વિકસ્વર થઇ રહી છે અને ગંધથી ખેંચાયેલા ભ્રમરો આવી રહ્યા છે એવી શરદ્ઋતુ વિસ્તાર પામશે. જે ( શર-

દૃઋતુ)માં સરોવરો જળથી પૂર્ણ થએલાં છે, જળ વિકસ્વર કમળોથી શોભિત થઇ રહ્યું છે, કમળો પ્રસરતા તંતુથી શોભે છે અને તંતુઓને પણ હંસોએ મુખમાં ધારણ કર્યાં છે હંસો હંસીઓનું પડખું મૂકતા નથી, હંસીઓ લીલાસહિત પ્રાપ્ત થએલ વિષયોને ભજે છે અને લીલા વિલાસાદિને સ્ત્રીઓએ અંગીકાર કર્યાં છે. એવી શરદૃઋતુ શરદ્કાળમાં શું પ્રધાન નથી ? અર્થાત્ પ્રધાન છે. શેરડીમાં મીઠાશને, પાણીમાં નિર્મળપણાને, આકાશમાં પવિત્રપણાને અને રસ્તામાં કાદવની શુદ્ધિપણાને કરતી શરદૃઋતુ, સાધુઓના સમુદાયમાં ઉત્તમ ગુરૂ જે ગુણ કરે છે તે ગુણ આ લોકમાં કરે છે.

તે અવસરે ત્રીશ વર્ષની ઉમર થયે સતે અને માતાપિતા પંચત્વ પામ્યે સતે પદ્મનાભ ભગવાન સંયમ લેવાની ઇચ્છાથી પુત્ર ઉપર રાજ્યભાર સ્થાપન કરશે. પછી ઇંદ્રો સહિત દેવોએ દીક્ષાનો અભિષેક કર્યાથી અનંતર આગળ ત્રણ પ્રકારનાં વાજીત્ર વાગવા પૂર્વક દેવતાવડે આકાશને અને મનુષ્યોવડે પૃથ્વીને અવકાશ વિનાની બનાવતા, અને નગરલોકોથી ગુણ ગવાતા ભગવાન્ દિવ્ય શિબિકામાં આરૂઢ થઈ નગરની બહાર ઉદ્યાનમાં આવશે. પછી શિબિકાથી હેઠા ઉતરી પાંચ પ્રકારના અલંકાર ( ૧ કેશાલંકાર, ૨ વસ્ત્રાલંકાર, ૩ પુષ્પાલંકાર, ૪ આભરણાલંકાર, અને ૫ માલાલંકાર) નો ત્યાગ કરશે. પછી હાથ ઉંચો કરી ઇંદ્ર કોલાહલ નિવારશે એટલે પ્રભુ 'સિદ્ધ ભગવાન્‌ને નમસ્કાર થાઓ ' એમ કહીને યાવત્‌જીવ સર્વ સાવદ્ય (સપાપ) યોગો ( વ્યાપાર ) નો ત્યાગ કરવારૂપ ચારિત્ર અંગીકાર કરશે. ત્યારબાદ નિશ્ચળ, સંયમના સ્થાનથી પ-



તિત નહીં થનારા, પોતા અને બીજા ઉપર સમભાવવાળા, સર્વ જીવોના આધારભૂત, ધૈર્યવાન, (છ કાયનું) રક્ષણ કરવાથી મનોહર, શીત વાત અને તાપના સમૂહને પર્વતની માફક સહન કરનાર એવા પ્રભુ તપરૂપી અગ્નિના જોરથી કર્મરૂપ વનને બાળી નાંખશે. વ્રત અંગીકાર કર્યા પછી જયારે બાર વર્ષ અને સાડા છ માસ જશે, ત્યારે ભગવાન્ કેવલજ્ઞાન પામશે. તે અવસરે દેવોએ ત્રણ ભુવનને આભૂષણ તુલ્ય સમવસરણ કર્યે સતે સુવર્ણમય સિંહાસન ઉપર બેસીને ભગવાન્ જોજન પર્યંત વિસ્તાર પામતી અને સર્વ જીવો સમજી શકે તેવી વાણીવડે મદરહિત જીવો પ્રત્યે ધર્મદેશના દેવાનો પ્રારંભ કરશે. તે વખતે સદાચારરૂપ વૃક્ષને વૃદ્ધિ પમાડવાને પાણીની નીક તુલ્ય તીર્થંકરની વાણીવડે પ્રતિબોધ પામેલા ઘણા જીવો ચારિત્રરૂપ લક્ષ્મીને આદરસહિત અંગીકાર કરશે. બીજાઓ દેશવિરતિ ( શ્રાવકના વ્રત )ને અંગીકાર કરશે અને કેટલાએક વળી સમ્યક્ત્વને અંગીકાર કરશે. કારણકે કલ્પદ્રુમ મળ્યા છતાં યાચકો કાંઇ એક રૂચિવાળા હોતા નથી. પછી કુલીન શિષ્યોનો સમુદાય થયાથી તેમાંથી અગીઆર મુનિઓ ભગવાન્ પાસેથી ત્રિપદી ( ઉત્પત્તિ, સ્થિતિ અને વ્યયરૂપ ત્રણ પદ ) પામીને ગણધર થશે. પછી દેવોથી પણ ઉલ્લંઘન ન થાય એવા ( સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ) ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને પ્રભુ ભવ્ય જીવોરૂપ પૃથ્વીમાં સમ્યક્ત્વરૂપ બીજને વાવતા સતા બીજી જગ્યાએ વિહાર કરશે.

અન્યદા ક્રોધાદિકથી અદૂષિત અર્થાત્ ક્ષમાવાન્ **ધર્મરૂચિ** નામના તેમના કોઇએક શિષ્ય " મને કેવળજ્ઞાન કયાં થશે?" એમ

ભગવાન્‌ને પૂછશે. એટલે “ સુગ્રામ નામના ગામમાં તમને કેવળજ્ઞાન થશે.” આ પ્રમાણે ભગવાન્ કહેશે તેથી તે મુનિ ત્યાં જશે. કારણકે **આળસને આધીન થનારાઓને કોઇ વખત પણ સંપદા મળતી નથી.** તે ગામના વનમાં એક રાત્રિકી પ્રતિમાને અંગીકાર કરીને ધ્યાનની ધારામાં આરૂઢ થવાથી તે ધર્મરૂચિ મુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે. અનંત ગુણવાન્ એવા તે કેવળજ્ઞાની મુનિને નમસ્કાર કરવાને માટે આવેલા દેવતાઓ ઉંચે સ્વરે જય જયારવ કરશે. પછી દુંદુભિનો નાદ અને દિવ્ય ઉદ્યોત કરીને સુખી એવા દેવતાઓ તે મુનિની સન્મુખ બેસીને ધર્મદેશના સાંભળશે. ( આ દુંદુભિ આદિના શબ્દો સાંભળીને ) ત્યાં આવેલો તે ગામનો ડાહ્યો ઠાકોર, અગણિત દેવોના સમૂહ આવીને બહુ માન કરે છે છતાં કિંચિત્ પણ ગર્વ કરતા નથી એવા તે મુનિને જોઇને ઘણીવાર સુધી ચિત્તમાં વિસ્મય પામીને વિચાર કરશે કે “ અહો ! મહિમાના મંદિરરૂપ જૈનધર્મને ધન્ય છે! સ્વપ્નને વિષે પણ અમોને એક પણ દેવનું પ્રગટ દર્શન થતું નથી તેવા પ્રત્યક્ષ લાખો દેવો વગર બોલાવ્યે આ જૈનમુનિની સેવા કરે છે. ઠકુરાઇના થોડા લાભથી પણ અમે મિથ્યા અભિમાની થઇએ છીએ. ત્યારે અહો! દેવો પણ કિંકર છતાં આ મુનિ પ્રશાંત ચિત્તવાળા છે. નિરૂપમ રૂપ, વર્ણન કરવા લાયક લાવણ્યતા, અને નિવિડ યુવાવસ્થા છતાં પોતાના આત્માને આવા ઉદયના અર્થી મુનિએ વ્રતના કષ્ટમાં ક્ષેપન કર્યો છે.” આ પ્રમાણે મનમાં વિચાર કરીને ઉલ્લસિત પરિણામવાળો અને સ્થિર મનવાળો તે ઠાકોર અત્યંત સત્વવાળા તે મુનિને નમસ્કાર કરીને યથાયોગ્ય સ્થાને બેસશે. પછી એ મુનીંદ્રની નિર્દોષ દેશનાનું વારં-



વાર શ્રવણ કરવાથી તેને એટલો બધો સંતોષ થશે કે તે દેવોમાં અને પોતામાં કાંઈ પણ તફાવત નથી એમ માનશે. અર્થાત્ દેવો અમૃતપાન કરે છે તે કરતાં આ દેશનામૃત અત્યંત વિશિષ્ટ છે કે જેનું મેં પાન કર્યું છે તેથી દેવો કરતાં મારામાં કાંઇ પણ ન્યૂનતા નથી એમ તે માનશે. દેશનાને અંતે તે ઠાકોર મુનિરાજને પૂછશે કે “ હે મુનિશ્રેષ્ઠ ! તમને જોવાથી એક ક્ષણમાત્રમાં વચનથી કહી ન શકાય તેવું આશ્ચર્ય હું પામ્યો છું. પરંતુ હે મહારાજ ! તમે કોણ છો, કયાંથી આવ્યા છો અને આ લક્ષ્મી કેવી રીતે પામ્યા છો? આટલું તમારૂં વૃત્તાંત કહીને મારા જેવા જીવ ઉપર અનુગ્રહ કરો. કદાચ તમારી વાણીવડે હું પણ ઉત્સાહ પામું, કારણકે આ ( તમે પામ્યા તે ) લક્ષ્મી મેળવવા માટે ઉત્તમ પુરૂષોના ચરિત્રનું સાંભળવું એ ખરેખરૂં લાભદાયક છે.” આ પ્રમાણેનો પ્રશ્ન સાંભળીને તે શ્રેષ્ઠ મુનિ મોગરાની કળીઓ સદૃશ દાંતની દ્યુતિની સાથે વાસ કરનારી વાણીવડે કહેશે. “ હે સૌમ્ય ! તમે હમણાં મને જે પ્રશ્ન પુછયો તેનો ઉત્તર હું આપું છું. પરંતુ એ હેવાલ ઘણો મોટો છે, માટે શાંત ચિત્તવાળા થઈને સર્વ સાંભળો.”

**શ્રી જયશેખરસૂરિ વિરચિત પ્રબોધ ચિંતામણિ ગ્રંથમાં શ્રી પદ્મનાભ તીર્થંકરનું ચરિત્ર અને ધર્મરૂચિ મુનિના વર્ણન સહિત બીજો અધિકાર સમાપ્ત થયો.**

## ત્રીજો અધિકાર.

આદિ અને અંતવિનાની, અનંત જીવોથી શોભિત અને સ્થિર વાસ કરવારૂપ રસે કરી ઉલ્લસિત છે લોકો જેને વિષે એવી **સંસાર** નામની નગરી છે. જેને વિષે ઉત્તમ, મધ્યમ અને જઘન્ય લોકોને રહેવાને લાયક સ્વર્ગ, મૃત્યુ અને પાતાળરૂપ ત્રણ સ્થાન પાટક સદૃશ આવેલા છે. જે કોઇ દેશ, નગર, ગામ, ખાણ, નદી અને પર્વતો થઇ ગયા, વિદ્યમાન છે અને આગળ થશે તે સર્વે આ સંસારનગરીના ખુણાના એક ભાગમાં રહેનારાં છે. અર્થાત્ સંસાર નગરી ઘણી મોટી છે. આ નગરીમાં કુંથુઆથી લઈને ઇંદ્ર પર્યંતના જે કોઇ જીવો છે તે સર્વે આ નગરીમાં પ્રભુતા ભોગવવાના અધિકારી છે. અહો ! તે નગરીમાં સૌભાગ્ય સારપણું એવું રહેલું જણાય છે કે અનેક અકાર્યો તેમાં દેખાતાં છતાં પણ લોકો તેમાં રહેતાં ઉદ્વેગ પામીને નાસી જતા નથી. કલેશ ભોગવતાં છતાં પણ પોતાના ઘરને નહીં મૂકતા નિગોદના જીવો નગરના બીજા જીવોને પણ સ્વસ્થાને સ્થિર રહેવાનું શીખવે છે. બીજા નગરોને વિષે પ્રાયે ઘરોનો ક્ષય દેખાય છે; પણ જેમાં ઘરોનો ક્ષય થતો નથી એવી આ સંસારનગરીમાં લોકો નિઃશંકપણે વસે છે. વળી તે નગરીમાં સમુદ્રો કુંડોની માફક, મેરૂપર્વતો ક્રીડા કરવાના પર્વતની માફક, આકાશ ચંદરવાની માફક અને તારાઓ મોતીના લટકણીઆ માફક આચરણ કરે છે (દેખાય છે). તે નગરીનું ઇંદ્ર પણ જેને એકાએક દેખી શકતો નથી એવો કોઇ એક લોકવ્યાપક હંસરાજા પાલન કરે છે. આ હંસરાજાના જે ગુણો છે, તેમાં કેટલાક પ્રત્યક્ષ



છે અને કેટલાક પરોક્ષ છે. તે સર્વ ગુણોને પ્રગટ કહેવાને હજાર જીહ્વાવાળો ( શેષનાગ ) પણ અસમર્થ છે. કોટી ગ્રંથનો અભ્યાસ કરેલા અને નિર્જન સ્થળે તપ કરનારા ( મહાપુરૂષો ) પણ તેનું શુદ્ધ સ્વરૂપ નિરૂપણ કરવામાં પોતાના પ્રયાસને નિષ્ફળ માને છે. આંગળીએ મેરૂપર્વત ઉપાડવામાં અને બે હાથે સમુદ્ર તરવામાં જે શૂરાઓ છે તે સર્વ આ મહા પરાક્રમી હંસરાજાની શક્તિએ કરીનેજ બળવાન છે. એક સમયમાં ઉંચે અને નીચે લોકને અંતે જઇ શકવા જેટલો વેગવાન હંસરાજા તેની સાથે મિત્રાઈ કરવાને ઈચ્છતા પવનથી પણ લજ્જા પામે છે, અર્થાત્ તેની સાથે રહી શકતો નથી. જે બુદ્ધિ ચૌદ પૂર્વરૂપ સમુદ્રોને સુખે ઓળંગી જાય છે તે બુદ્ધિ સ્પષ્ટ રીતે આ હંસરાજાના માત્ર કેટલાક આત્મપ્રદેશના સ્ફુરવારૂપ છે. સર્વ શાસ્ત્રો આ હંસરાજાનાજ જ્ઞાનસમુદ્રના કલ્લોલરૂપ છે. તેમાં કેટલાએક કલ્લોલો ઉત્તમ બોધરૂપ મોતીથી ભરપૂર છે અને કેટલાએક ખરાબ બોધરૂપ મગરમચ્છોથી ભરપૂર છે. જે ( કેવળજ્ઞાન )ની આગળ આકાશમાં રહેલ સૂર્ય પતંગીઆ સરખો છે તે કેવળજ્ઞાન આ હંસરાજાનું સ્વાભાવિક તેજ ( સ્વરૂપ ) છે. સ્પર્શમાં, વર્ણમાં, રસમાં, ગંધમાં કે સંસ્થાનમાં કોઈપણ પ્રકારથી આ હંસરાજા ઓળખાતો નથી, અર્થાત્ આ હંસરાજામાં સ્પર્શ, વર્ણ, રસ, ગંધ કે સંસ્થાન છેજ નહીં. વળી તે બાળ, યુવાન, આર્ય, અનાર્ય, સ્ત્રી, પુરૂષ, સ્થાવર, ત્રસ, સૂક્ષ્મ કે બાદર એમ કોઇ પણ પ્રકારે કહેવાતો નથી. કેવળ તે એક રૂપવાળો છતાં પણ સ્ફટિક રત્નની માફક પોતાનાં કરેલ કર્મોથી ઉત્પન્ન થયેલ આશ્રયના ( શરીરના ) ભેદે કરીને ભિન્નતા ( અનેક રૂપો )ને

પામે છે ( સેવે છે ). તે કર્મસહિત હોય છે ત્યાંસુધી પૃથ્વી, સ્વર્ગ, જળ અને સ્થળમાં વિલાસ કરે છે અને કર્મરહિત થાય છે ત્યારે લોકાગ્ર ( સિદ્ધાવસ્થા )ને પામીને ફરી આ સંસારનગરીમાં આવતોજ નથી. જેમ કાષ્ઠમાં અગ્નિ, તલમાં તેલ, દહીંમાં ઘી, માટીમાં સોનું અને દૂધમાં પાણી રહ્યું છે તેમ તે શરીરમાં રહ્યો છે.

'હું' એવી પ્રતીતિથી જાણી શકાતો, ( સંસારી આત્મા ) ત્રણે કાળમાં સક્રિય ( ક્રિયા કરવાવાળો ), ઇંદ્રિયને અગોચર, અનંતપર્યાયવાળો, કર્મનો કર્તા અને તેનો ભોક્તા, જ્ઞાનમય, દેહથી જુદો, અસંખ્યાત પ્રદેશવાળો, આદિ અંત રહિત અને ( ઉત્તમ ) યોગીઓથીજ જાણી શકાય એવો સ્વરૂપથી આ આત્મા (હંસરાજા) છે. જેમ અંધારી રાત્રિએ દીપક ઘરમાં પ્રકાશ કરે છે, તેમ લોકને વિષે રહેલા સમગ્ર દ્રવ્યોને આ આત્મા પ્રકાશિત કરે છે. જેમ સેનાનો અધિપતિ સેનાના અંગને અને સુતાર રથના અંગને જોડે છે, તેમ તે ( આત્મા ) પાંચભૂતો ( પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ )ને યત્નપૂર્વક જોડે છે. જેમ નેત્ર વિના મુખ અને તેજવાન ચંદ્ર વિના આકાશ નિશ્ચે શૂન્ય લાગે છે, તેમ ચૈતન્યથી શોભતા આ હંસરાજા ( આત્મા ) વિના સર્વ જગત્ શૂન્ય છે.

સ્વામીના વિયોગદુઃખની અજાણ અને વિવિધ પ્રકારના રૂપે કરી સ્વામીને રંજન કરનારી આ ( હંસરાજા )ને **ચેતના** નામની રાણી છે. સંવિત્તિ, ઉપલબ્ધિ, સંવિત્, ચિદ્, ચેતના, પ્રજ્ઞા અને આત્મજ્યોતિ—આ સર્વે ચેતનાનાં એકાર્થ વાચક નામાંતરો છે. અંજન વિનાનું, ઉજ્વળ, ઉદ્દામ, અપ્રતિપાતિ ( આવ્યું ન જાય તેવું)



અને મનોહર એવું **કેવળજ્ઞાન** નામનું પહેલું નામ તે એ રાણીનું સ્વાભાવિક રૂપ છે. આ કેવળજ્ઞાન સ્વરૂપ ( રાણી ) પાસે છતાં હંસરાજા તેના સ્વરૂપને જાણતો નથી, કારણકે જ્ઞાનાવરણી કર્મે કરીને તે ( હંસરાજા ) નિરંતર ઢંકાયેલો છે, તે ચેતના રાણીનું **બુદ્ધિ** નામનું બીજું રૂપ સાંભળ્યું છે. પણ તે મુખ્ય રૂપથી પ્રભામાં અનંત ગુણહીન છે. આ હંસરાજા પ્રગટ કે છાની રીતે જે ભણે છે, સાંભળે છે, ખાય છે, જાય છે, સુંઘે છે કે બોલે છે. તે સર્વ કાર્યો તે બુદ્ધિ ( ચેતનાના બીજા રૂપ )ને સાક્ષી રાખીનેજ કરે છે. પાંચે દર્શનવાળાઓએ આ ચેતનાને પુરૂષથી પેદા થએલી માનેલી છે અને નાસ્તિક મતવાળા પાંચભૂતથી પેદા થએલી માને છે, છતાં પણ તેનું ખંડન કરતા નથી. ભવાંતરમાં જતાં પણ પોતાના સ્વામીનો આ ચેતના કોઈ વખત ત્યાગ કરતી નથી. તેટલા માટેજ તે સતીવ્રતની તીવ્રતાવડે હંસરાજામાં વિશ્રામ પામેલી છે. કઠિનતા એ પૃથ્વીનું એક લક્ષણ છે, છતાં મીઠી પૃથ્વી, ખારી પૃથ્વી એમ તેના અનેક ભેદો છે તેમ બુદ્ધિ એક જ્ઞાન સ્વરૂપ છે તોપણ સદ્બુદ્ધિ અને અસદ્બુદ્ધિ એમ તેના બે ભેદ છે. તે સદ્બુદ્ધિ અને અસદ્બુદ્ધિ બંને હંસરાજાની રાણીઓ થઈ છે, પણ સૂર્યની કાંતિ અને રાત્રિની માફક તે અન્યોન્ય ઈર્ષા કરે છે. હંસરાજા જ્યારે પહેલી સદ્બુદ્ધિ રાણીના કહેવાથી ઉત્તમ કાર્યનો પ્રારંભ કરે છે ત્યારે બીજી અસદ્બુદ્ધિ વચમાં આવીને તેમાં ઘણા પ્રકારના અંતરાય કરે છે. તે બંને રાણીમાં દુર્બુદ્ધિ ( અસદ્બુદ્ધિ ) રાજાને ઘણી પ્રિય થઇ પડી છે, કારણકે પ્રાયે શ્રીમંતો નદીઓના સમૂહની માફક નીચાં આચરણવાળા હોય છે. સુબુદ્ધિને વશ થઇને આ રાજા અમારો સર્વનો

નાશ ન કરો, એમ વિચારીને દુર્બુદ્ધિમાં આસક્ત થયેલા હંસરા-
જાની કર્મરૂપ સેવકો પ્રશંસા કરે છે. અનુક્રમે તેજ સંસારનગરીમાં
રહેનારી, કામણાદિ પ્રયોગની જાણ અને વિષયાદિ ભોગવવામાં
પ્રવીણ **માયા** નામની સ્ત્રી એ હંસરાજાની ભોગપત્ની ( રાખેલી
સ્ત્રી ) થઈ. માયા, કર્મપરિણતિ, પ્રકૃતિ, આઠમી વર્ગણા અને
આત્માને બાંધનારી નિકાચના નામે દોરડી–આ શબ્દો માયા સ્ત્રીના
નામાંતરો છે. કુતૂહુળ કરવાવાળી, શઠતાથી ભરપૂર, કલ્લોલની
માફક ચપળ, વિલાસરૂપ વેલડીના વન તુલ્ય અને કામની ઉત્પત્તિ
કરવામાં સોળ વર્ષની શ્યામા સરખી તે માયાએ નિરંતર મીઠાં
વચનોએ કરીને રાજાને એવો વશ કર્યો કે તે ક્ષણવાર પણ તેને પો-
તાથી દૂર કરતો ન હતો. સ્વાર્થ સાધવામાં તત્પર અને નિરંતર રા-
જાના શરીરમાં રહેવાવાળી તે માયા સ્ત્રી આંતરે આંતરે સદ્બુદ્ધિ
અને દુર્બુદ્ધિ બંનેના કહેવા અનુસારે વર્ત્તવા લાગી. જ્યારે તે સદ-
બુદ્ધિને મળે છે ત્યારે સાધુપણા ( ઉત્તમતા )ને પામે છે અને
જ્યારે દુર્બુદ્ધિને મળે છે ત્યારે તે દુષ્ટતાને પામે છે. જ્યારે તે
સુખસમાધિમાં રહે છે ત્યારે પુણ્યરૂપ સોનાની સાંકળે કરી ચેષ્ટા
કરે છે, અને જ્યારે દુઃખિતપણે રહે છે ત્યારે પાપરૂપ લોઢાની
સાંકળે કરી પોતાના સ્વામી સાથે ચેષ્ટા કરે છે. જ્યારે તે પુણ્યની
સાથે જોડાય છે ત્યારે ‘હું મહા કુલીન [ ઉત્તમ કુળવાન ]
છું, હું ધનાઢ્ય છું, હું રૂપવાન છું’ એમ કહીને રાજા અહંકાર કરે છે,
અને જ્યારે તે પાપની સાથે જોડાય છે ત્યારે ‘હું નીચ કુળનો છું, હું નપું-
સક છું, હું વિયોગી છું, હું રોગી છું’ એમ કહીને રાજા દીનપણાનું આલં-
બન કરે છે. ઘણો રાગ દેખાડતી, હસતી અને ક્રીડાના કારણભૂત



થતી તે માયાએ હંસરાજાને એવો બાંધી લીધો કે જેથી તે [ હં-
સરાજા ] તે [ માયાસ્ત્રી ]ના ઉપર કદિ પણ ક્રોધ કરતો નથી. પુણ્યબંધ
અને પાપબંધના અનંત દલીયાંવડે કરી હોંશે બંધાયેલો હોવાથી
તે પોતાનું આખું શરીર અત્યંત ભારે થયેલું જાણતો નથી. તેના
( માયા )થી દૃઢ બંધાએલો છતાં પણ તે પવનથી અધિક વેગવડે
પાતાળના તળીઆથી સિદ્ધિશિલા પર્યંત જવા આવવાનો વ્યવહાર
કરી શકે છે અને કિંચિત્ પણ ઉદ્વેગ નહીં પામતાં નિરંતર તેનું પો-
પણ કરે છે. આ કારણથીજ વિદ્વાનો તે ( માયા)ને કામણ કરવા
વાળી કહે છે. આ દુર્બુદ્ધિજ પ્રાયે પતિની પ્રીતિ અને વિશ્વાસભૂ-
મિકા છે એમ ધારીને કોઈ વખત સુબુદ્ધિને દૂર કરીને તે માયા દુ-
ર્બુદ્ધિનીજ સેવા કરતી હતી. તેથી આ માયા મારા અનુયાયે ચા-
લનારી છે એમ જાણીને દુર્બુદ્ધિ પણ તેનું પોષણ કરતી હતી. આ
પ્રમાણે તે બંને (દુર્બુદ્ધિ અને માયા )નો અરસપરસ પોષ્ય પો-
ષક ભાવ સંબંધ થયો હતો. આ પ્રમાણે માયાના કરેલા ઉન્મત-
પણાથી અને દુર્બુદ્ધિની પ્રેરણાથી રાજાએ સુબુદ્ધિને તણખલા મા-
ફક કરી નાંખી ત્યારે દુઃખી થયેલી સુબુદ્ધિ વિચાર કરવા લાગી કે
‘ બહારની માયા સ્ત્રીએ આવીને મારા પતિને મારો વૈરી કર્યો.
**પારકાના પ્રવેશથી ઘર નાશ પામે** એ લોકોની વાણી જુઠી
નથી. જે આ મારી બેન (દુર્બુદ્ધિ )તેને પણ આ (માયા )સ્ત્રીએજ
દુષ્ટ બનાવી છે. માયા વિના તે (દુર્બુદ્ધિ )નું બળ એવું નથી, પરં-
તુ ખેદની વાત છે કે હવે તે ( દુર્બુદ્ધિ )પણ મને મળવી ( મારી
સાથે એકત્ર થવી ) દુર્લભ છે. આ બંને દુષ્ટ સ્ત્રીઓના પાશમાં

આ મારો પતિ પડયો છે. અરે! હું મોટી આફતમાં આવી પડી છું. હું સમજુ છું છતાં આ વખતે શું કરૂં? સ્રીઓનાં ચરિત્ર સ્રીજ જાણે છે, સરલ આશયવાળો પુરૂષ જાણી શકતો નથી. તોપણ જો મને વખત મળશે તો બધી હકીકત પતિને જણાવીશ. નવા તાવ આવેલા માણસને વૈદ ઔષધ કહેતો [ આપતો ] નથી, નવા પાણીના પૂરને તરવાવાળો ઓળંગતો નથી, તેમ નવા કલેશને પંડિત પણ તાત્કાળિક રોકતો નથી; તેટલા માટે અવસરનું જાણપણું તેજ સત્પુરૂષોને યશ ઉત્પન્ન કરનારૂં છે.' [ તેથી મારે પણ અવસર વિના બોલવું ઠીક નથી. ]

હવે એવે અવસરે માયાએ મહાબળવાન **મોહ** નામના પુત્રને જન્મ આપ્યો. તે જન્મ્યો કે તરતજ સર્વ યોધ્ધાઓને દાસની માફક ગણવા લાગ્યો. મોહ, લોકપ્રવાહ, છાદ્મસ્થ, ગહનઆશય, અનુશ્રોત અને ગતિ—આ બધા મોહના નામાંતર શબ્દો છે. આ જગત્માં માયાએ મોહને અથવા મોહે માયાને જન્મ આપ્યો એવો નિશ્ચયનય બુદ્ધિમાન પુરૂષોને પ્રમાણ છે. પરંતુ શેરડીની ગાંઠમાંથી શેરડીની ઉત્પત્તિ, ગોઠલીમાંથી આંબાની ઉત્પત્તિ અને બગલીમાંથી ઈંડાની ઉત્પત્તિ થાય છે. તે ન્યાયથી વ્યવહારવૃત્તિએ ઉપર પ્રમાણે (માયાથી મોહની ઉત્પત્તિ છે )કહેવામાં આવ્યું છે. પોતાના ગુણોવડે મોહ દુર્બુદ્ધિને પણ અત્યંત પ્રિય થઇ પડયો. આશ્ચર્ય છે કે સખીઓનો (શોકપણીઓનો) સ્નેહ તેના પુત્રને વિષે પણ સંક્રમે છે. તેઓ (માયા અને દુર્બુદ્ધિ)બંને મોહને ઘણી વૃદ્ધિ પમાડવા લાગી; અને (મોહ ઉપર દુર્બુદ્ધિનો ઘણો સ્નેહ હોવાથી) આ માયાનોજ



પુત્ર છે એમ પંડિતો પણ જાણી શકયા નહીં. સ્વભાવથીજ મલિન અને વજ્રની માફક દૃઢ શરીરવાળો મોહ કારણ વિના લોકો ઉપર વેર ધારણ કરતો સતો પોતાના પિતાનો પણ દ્રોહ કરવા લાગ્યો. તે છતાં પણ બંને સ્રીઓને વહાલો હોવાથી તે પિતાને પણ વહાલો થયો, તેથી નિરંતર તેને ખોળામાં રાખીને હંસરાજા તેનું યત્નપૂર્વક પોષણ કરવા લાગ્યો. પામ (ખસ)ના રોગવાળો રોગથી આતુર થઇ (ખરજ ખણતાં મીઠી લાગે છે પણ) ખરજ ખણવાથી વિકારની વૃદ્ધિ કરે છે; તેમ આ મોહ પરિણામે ભયંકર દુઃખ દેવાવાળો છે છતાં પણ (તત્કાળ સુખરૂપ દેખાવાથી) હંસરાજા તેને સુખનેમાટે માનવા લાગ્યો. માયામાં આસક્ત થયેલા હંસરાજાએ પોતાનું છતું ઐશ્વર્ય દ્યૂતક્રીડામાં આસકત થયેલ રાજાની માફક અછતું કરી નાખ્યું અર્થાત્ નાશ પમાડયું. અનુક્રમે દિવસે દેખાતા ચંદ્રની માફક પોતાના તેજથી ભ્રષ્ટ થયેલ હંસરાજા સત્પુરૂષોને શોચ કરવા લાયક થયો. **ખરાબ આચરણવાળી સ્રીનો આદર કરીને મનુષ્યો શું શું અનર્થ ઉત્પન્ન નથી કરતા? અર્થાત્ સર્વ અનર્થ ઉત્પન્ન કરે છે.** સદ્બુદ્ધિવડે પોતાના સ્વરૂપનું સારી રીતે ચિંતવન નહીં કરતો તે (હંસરાજા)ઘેલાની માફક વિચાર વિના આમતેમ ફરવા લાગ્યો. તેથી મૂઢ, મંદ, આળસુ, મુંગો, પાંગળો, આંધળો અને બહેરો ઇત્યાદિ ખરાબ વાણીથી લોકો તેને બોલાવવા લાગ્યા. *

* જ્યારે આ જીવ સદ્બુદ્ધિને મૂકીને અસદ્બુદ્ધિ, માયા, મોહ વિગેરેને આધીન થઇ માઠાં કાર્યો કરી અનેક ગતિઓમાં ફરતાં નાના પ્રકારનાં દુઃખોનો અનુભવ કરે છે, ત્યારે લોકો તેને મૂઢ, આળસુ, મુંગો, આંધળો, બહેરો વિગેરે નામથી બોલાવે છે.

હું કોણ છું, શામાટે દોડાદોડ કરૂં છું, કયાંથી આવ્યો છું અને કયાં જઈશ ? ઇત્યાદિનો વિચાર કરનાર સદ્‌બુદ્ધિ, બ્રાહ્મણી જેમ ચંડાળનો સ્પર્શ ન કરે તેમ આ હંસરાજાનો કોઇ વખત પણ સ્પર્શ કરતી નહોતી. પર્વત, પાષાણુ, ધૂળ, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વિગેરે એકેંદ્રિયમાં અનંત ભવો પર્યંત આ માયા સ્ત્રીએ તેને ભમાવ્યો. પછી કૃમી, કોડા, કુંથુઆ, કીડી, ચર્ણણા, વીંછી ઇત્યાદિ વિકલેંદ્રિયોમાં પણ તે ( માયા સ્ત્રી ) ને વશ થઇને ઘણો કાળ ફર્યો. પછી ગધેડા, માછલાં, દેડકાં, સિંચાણા, કાગડા, સર્પ અને ગરોળી પ્રમુખ તિર્યંચ પંચેંદ્રિયને વિષે પણ તે (માયા) સ્ત્રીએ તેને ઘણો કાળ ભમાડ્યો. તેના આદેશથી પરાધીન એવો હંસરાજા નરકમાં પણ ગયો. ( સત્ય છે કે ) **વાયરાના ફેરવવાથી પાંદડું સમુદ્રને વિષે પણ પડે છે.** સદ્‌બુદ્ધિ અવકાશ મેળવીને હંસરાજાને મળી ન જાય તેટલામાટે જે જે ઠેકાણે તે જતો તે તે સર્વ ઠેકાણે તે ( માયાસ્ત્રી ) તેની પાસેજ રહેતી. જોકે હંસરાજાનું ઘણું પ્રેમબંધન તો છેલ્લી ( માયા સ્ત્રી ) માં હતું, અને સદ્‌બુદ્ધિમાં તો ( પ્રેમબંધન ) આંતરે આંતરે હતું, તોપણ ( અનુક્રમે ) ઉદ્વેગ કરવાવાળી માયાનું દુરાત્મપણું કાંઈક કાંઇક રાજાએ જાણ્યું. પણ રાજા વિદ્વાન્ હતો છતાં દુરાચારવાળી માયા સ્ત્રીને મૂકવાને સમર્થ થયો નહીં. ( સત્ય છે કે ) **સમુદ્રના પૂરમાં ડુબેલાને મૂકાવવામાં કોણ સમર્થ થાય ?**

આ પ્રમાણે અનેક ભવોને વિષે ભમી ભમીને વટેમાર્ગુની માફક થાકી ગયેલો હોય તેમ અન્યદા રાજાએ **માનવ** નામના



શહેરનો આશ્રય કર્યો, અર્થાત્ મનુષ્યપણું પામ્યો. આ **નગરમાં** પ્રવેશ કરતાંજ તેને કર્મના યોગથી **મન** નામના બાળકની સાથે અકસ્માત્ મેળાપ થયો, અને તેથી તેણે ઘણા સારા શુકન થયા એમ માન્યું. ઇંદ્રિયોએ ગ્રહણ કરેલા ભાવને આત્મામાં વ્યક્ત કરવાનું કારણ, જલ્દી ચાલવાવાળું, સંકલ્પ કરવાવાળું, પુદ્‌ગલોથી પેદા થયેલું, શરીરે સૂક્ષ્મ, ઘણાં દ્રવ્યોવાળું ( ઘણાં પરમાણુઓથી બનેલું ), આળસરહિત અને મહા બળવાન-એવા મનને ‘તે મારો પ્રધાન થશે’ એમ ધારીને હંસરાજાએ અંગીકાર કર્યું. પોતાના બળથી ગ્રહણ કરેલા લોકવ્યાપી ઔદારિક પુદ્‌ગલોવડે રાજાએ તે માનવ શહેરને અત્યંત વૃદ્ધિ પમાડવાનો આરંભ કર્યો.

આ માનવનગર પ્રાણાદિ ( પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન ) પાંચ વાયુના સમુદાયરૂપ કુટુંબીઓથી મિશ્રિત છે, નાના પ્રકારના વ્યાપાર કરવામાં પ્રવીણ એવી પાંચ ઇંદ્રિયોથી વ્યાપ્ત છે, તેમાં નિરંતર વહન થતી ઇડા અને પિંગલારૂપ રાજમાર્ગ ( ધોરી રસ્તા ) છે અને કેટલાક પુણ્યવાન્ જીવોથી જાણી શકાય તેવો સુષુમ્ણા નામનો એક સાંકડો રસ્તો પણ છે; તે અનુકૂળ લતાઓના આલેખ માટે નાભિરૂપ કુંડથી ઉપશોભિત છે, તેમાં નવ દરવાજા છે, ઘણા ક્લેશથી રક્ષણ કરવા માટે ભુજારૂપ અર્ગલાઓ જાગૃત છે, કેશરૂપ ધ્વજા તેમાં ફરકી રહી છે અને સાત ધાતુઓ ( રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્ય ) રૂપ પાડાઓ (મહોલ્લા) છે. આ પ્રમાણે તે તે વસ્તુઓને ભોગવવાને લાયક આ માનવનગર કેટલેક કાળે વિસ્તાર પામ્યું. રાજાથી સન્માન પામેલું મન પણ પર્યાપ્ત ( સમર્થ ) થયું અને અનુક્રમે દેદીપ્ય-

માન ચંચળતાના સ્થાનરૂપ યુવાવસ્થાને પામ્યું. પરંતુ માયાને વશ થએલો રાજા ક્રમે ક્રમે પોતાના શહેરનું રક્ષણ કરવાને પણ અસમર્થ થયો. ( સત્ય છે કે ) **રોગથી પીડાએલો સિંહ પણ નિર્બળ શિયાળની માફક આચરણ કરે છે.** પોતાના પતિની આવી દશા જોઇને સદ્બુદ્ધિ માયા ઉપર ખેદ પામી. ખેદની વાત છે કે (સ્ત્રી છતાં) શત્રુરૂપ થઇને આ માયાએ પતિના બળનો નાશ કર્યો. એક દિવસે પ્રેમ સંબંધી કલેશથી પતિથી જરા દૂર થયેલી માયાને જોઇને એકાંત હિત કરનારી સદ્બુદ્ધિ એકાંતે પોતાના પતિને કહેવા લાગી કે—"હે વિદ્વાન્! હે ઉત્તમ પુરૂષોમાં મુગટ તુલ્ય! આ દુષ્ટ સ્ત્રીના વ્યસનને શામાટે આદરો છો? આવી નીચ સ્ત્રીનો પરિચય કરવો તમને લાયક નથી. હે સ્વામી! કોઇ પણ વિદ્વાન્ પુરૂષ તો આ દુષ્ટ સ્ત્રી સાથે રાગ કરતો નથી. તમે આના ઉપર રાગ કરીને દુર્જન મનુષ્યોમાં અગ્રણીપણું કર્યું છે.( અન્યોક્તિથી સદ્બુદ્ધિ હંસરાજાને સમજાવે છે). હે સૂર્ય! નિર્મળ ઉદયને આપવાવાળી પૂર્વ દિશાને મૂકીને ઉત્તમ પુરૂષોને નિંદવા લાયક પશ્ચિમ દિશા તરફ તું જાય છે, પણ તેનું જે ફળ તને મળે છે તે ઠીકજ મળે છે. એ ફળ કહીને કયો પુણ્યવાન્ જીવ બીજાના ક્ષત ઉપર ખાર નાંખે? અર્થાત્ તે તું તારી મેળેજ સમજી લેજે.*

તૃષાથી પીડાતા મનુષ્યે પણ યોગ્યાયોગ્યની વિચારણા તો

*પૂર્વ દિશા સમાન ઉદય આપવાવાળી તો હું છું, અને પશ્ચિમ દિશા સમાન અસ્ત કરનારી આ માયા છે. સૂર્ય તુલ્ય તમે છો. માટે તે સ્ત્રીનો ત્યાગ કરીને મારો આદર કરો, નહીં તો અસ્ત દશાને પામશો.



કરવીજ જોઇએ. કેમકે અતિ તૃષા લાગ્યા છતાં પણ કયો મનુષ્ય ચંડાળના કુવાનું પાણી પીવે? ખરાબ આચરણવાળી આ માયા સ્ત્રી મોક્ષના અભિલાષી જીવોને પણ બંધનનું કારણ છે, કારણ વિનાની શત્રુ છે અને તરતા માણસને ડુબાડવામાં તત્પર છે. આ તમારી માયા સ્ત્રીને તમેજ પ્રગટ કરી છે, તમેજ વૃદ્ધિ પમાડી છે અને તમેજ પોતાની સ્ત્રી બનાવી છે; તમારાં આવાં આચરણથી જે નાસ્તિક મતનો આશ્રય કરવાવાળા છે તે આજે બળસહિત ગર્જારવ કરે છે. દ્વેષના સંગમાં જોડાએલી આ માયાને તમે તે નાસ્તિક મતમાંજ પુષ્ટ કરી છે. તે કુતરીને મારી સાથે સાધર્મ્યતાના ઘરરૂપ શામાટે કરો છો? અર્થાત્ તેને અને મને સરખી કેમ ગણો છો? આ ધૂતારી મધના બિંદુની ઉપમા તુલ્ય વિષય સંબંધી સુખ આપીને પાછી તમનેજ જોરથી નરકરૂપ કુવામાં ફેંકી દે છે તે તો તમે જાણતાજ નથી. હે મહા પરાક્રમી પુરૂષ! આ દુષ્ટ સ્ત્રી તમને બાંધીને ત્રણ લોકમાં ભમાવે છે. શું આથી પણ તમને શરમ નથી થતી? આ માયાનું તમે પ્રયત્નથી પોષણ કરો છો, ત્યારે તે તો ઉલટી તમને બાંધે છે. આના ઉપર ઉપકાર કરવાની તમારી ઇચ્છા સર્પને દુધનું પાન કરાવવા જેવી છે. સાપણ, અગ્નિજ્વાળા અને વિષવલ્લીની માફક વૃદ્ધિ પામેલી આ દુષ્ટ સ્ત્રી તેના વધારનારને અનેક પ્રકારની માઠી પીડા કરે છે. સરોવરથી જેમ દાવાનળની ઉત્પત્તિ, અમૃતના કુંડથી ઝેરની ઉત્પત્તિ, સૂર્યથી અંધકાર થવો, ચંદ્રથી જેમ અંગારાનું વર્ષવું, સમુદ્રથી જેમ ધૂળના ઢગલાની ઉત્પત્તિ અને પથ્ય ભોજનથી જેમ રોગની ઉત્પત્તિ તેમ પરબ્રહ્મ સ્વરૂપ એવા તમારાથી આ કર્મનો ઉપદ્રવ સંભવે છે.

વિવેચન—ઉપરનાં દૃષ્ટાંતોમાં ન થવાની વસ્તુની જેવી રીતે ઉત્પત્તિ બતાવી તેમ તમારાથી કર્મની ઉત્પત્તિ જે ન થવી જોઇએ તે થઈ છે.

સંસારના પ્રારંભથી અર્થાત્ અનાદિ કાળથી તમારી પાછળ લાગેલી અને સ્વચ્છંદે ચાલવાવાળી આ માયા વેરણની માફક તમને કરોડો અનર્થ ઉત્પન્ન કરે છે. તેને અનુસરતાં છતાં પણ તમે જાણતા નથી. આ માયા સ્ત્રીમાં અવશ્ય વશીકરણ કરવામાં કુશળપણું સંભવે છે. જો તેમ ન હોય તો એ! દુષ્ટ સ્ત્રીને પણ તમે હિતકારી કેમ માનો? કમળતંતુના જીવો, તૃણધાન્યનું ભોજન, રેતીનું ઘર, ખળ પુરૂષની પ્રતિજ્ઞા અને અસતીનો સ્નેહ—આ બધાં સ્થિરતા વિનાનાંજ હોય છે અર્થાત્ એમાં સ્થિરતા હોતી નથી. વેશ્યાની મહત્તરા ( અક્કા ) જેમ પ્રથમ મધુર આલાપ વડે લોભ પમાડીને અંતે ( જ્યારે પુરૂષ ધનથી ખાલી થાય ત્યારે ) વિડંબના પમાડે છે તેમ આ માયા સ્ત્રીએ (વેશ્યાની માફક) કયા ગુણવાન્ પુરૂષોને પણ વિડંબના નથી પમાડી? અર્થાત્ સર્વને વિડંબના પમાડી છે. અરે! ત્રણ ભુવનને રક્ષણ કરવામાં સમર્થ તમારૂં તે બળ કયાં ગયું? ઇંદ્રને પણ દુર્લભ એવું તમારૂં ઐશ્વર્ય કયાં ગયું? પ્રયત્નથી એકઠી કરેલી ગુણરૂપી લક્ષ્મી કયાં ચાલી ગઇ? હે સ્વામી! આ પાપી સ્ત્રીએ તે સમગ્ર વસ્તુઓનો નાશ કર્યો છે એમ તમે સમજજો. વળી (સ્ત્રીઓ કેવી છે?)

'સ્ત્રી કાષ્ઠ વિનાની અટવી છે, પાણી વિનાનો પ્રવાહ છે, નામ વગરનો રોગ છે, અગ્નિ વિનાનો તાપ છે, લોઢા વિનાની



આર છે, સાંકળ વિનાનું બંધન છે, ધૂળની વૃષ્ટિ વિનાનું આવરણ છે, દારૂ વિનાનું મદસ્થાન છે, રાત્રિ વિનાનો અંધકાર છે અને દોર વિનાનો પાશ છે.' સ્નેહથી ઘેલા થએલ પુરૂષોએ આદર કરેલી બીજી ( સામાન્ય ) સ્ત્રીઓથી પણ તેના બંને ભવ ( આભવ તથા પરભવ ) નાશ કરેલા દેખાય છે તો હે બુદ્ધિમાન્! આવી માયાસ્ત્રીનો આદર કરવાથી બંને ભવનો નાશ થાય તેમાં તો કહેવુંજ શું? આ (માયા) સ્ત્રીના ભયથી પ્રાયે હું તમારી પાસે રહેતી નથી; અને કદિ જો રહું છું તો માત્ર એક છાયાપણે રહું છું પણ પ્રગટપણે રહેતી નથી. આ માયાનો જે મોહ નામનો પુત્ર છે તે નિશ્ચે તમારો દ્રોહ કરનારો છે. હે સ્વામી! હું નથી જાણતી કે એના કયા ગુણથી તમે તેના ઉપર રાગી થાઓ છો? વળી આ માયાએ તમારી દુર્બુદ્ધિ નામની સ્ત્રીને વશ કરી છે, તે નિર્મળ મનને મલિન કરનાર દુર્બુદ્ધિનો પણ તમને સ્વીકાર કરવો ઉચિત નથી. સ્ત્રીને વિષે વેરણ તુલ્ય આ માયાનો તમે હજુ પણ ત્યાગ કરશો તો રાહુથી મુક્ત થએલ ચંદ્રની માફક તમારૂં તેજ તમે ફરીથી પાછું મેળવશો."

આ પ્રમાણે સદ્બુદ્ધિની શિક્ષારૂપ વાણીથી હંસરાજાને અસર તો થઇ પણ તે આપદાથી ભય પામી હોય તેમ અર્ધક્ષણ પણ સ્થિર રહી નહીં. તેથી મદોન્મત્ત હંસરાજાએ (ફરીથી) અંધકારરૂપ માયાનો સ્વીકાર કરવાથી ( રાત્રિને વિષે ) [૧]મૃણાલીની માફક સદ્બુદ્ધિ મ્લાન મુખકમળવાળી થઇ ગઈ.

---

૧ કમલ.

## હવે સદ્બુદ્ધિ પુરૂષોની નિંદા અને સ્ત્રીઓની સ્તુતિ કરે છે.

પુરૂષો વચન બોલવામાં કઠોર હોય છે, અને વળી હૃદયમાં નિર્દય હોય છે. જ્યારે તેઓ વધારે ક્રોધાયમાન થયા હોય, ત્યારે પ્રેમવડે અથવા સ્તુતિવડે પણ તેઓ રોકી શકાતા(શાંત કરાતા)નથી. સ્ત્રીઓ નિશ્ચે કોમળ હૃદયની હોય છે, અને પુરૂષો પ્રાયે રૂક્ષ (સ્નેહ વિનાના) હૃદયના હોય છે, એ વાત ખોટી નથી. જુઓ, નદીઓ સમુદ્રને સ્વાદિષ્ટ (મીઠું) પાણી આપે છે, ત્યારે સમુદ્ર નદીઓના મોંમાં ખારૂં પાણી નાખે છે. (ભરતી આવે છે ત્યારે નદીઓના મુખમાં ખારૂં પાણી થાય છે). જ્યારે આવો મોટા મનવાળો મર્યાદા મૂકે છે ત્યારે (એમ નિર્ણય થાય છે કે) પવિત્ર આચારવાળાઓને પણ તે ભવિતવ્યતા દુઃખે ઓળંગી શકાય તેવી છે. આ પ્રમાણે વિચાર કરીને સદ્બુદ્ધિ સપત્ની(શોક)ની શંકાથી અદૃશ્ય થઇ ગઈ; કેમકે ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો તે સદ્બુદ્ધિનું મુખ્ય લક્ષણ છે.

તે (સદ્બુદ્ધિ)ને નહીં દેખવાથી માયા ઉલટી(વધારે) ઉન્માદ કરવા લાગી. **સૂર્યની પ્રભા દૂર થવાથી શું રાત્રિ અહંકાર નથી કરતી?** અર્થાત્ કરે છે. પછી શંકારહિત માયાએ પોતાના સ્વામીના આખા શરીરને એવી રીતે આલિંગન કર્યું કે આ બંનેનો દૂધ અને પાણીની માફક બીલકુલ ભેદ રહ્યો નહીં. તે (માયા-સ્ત્રી)ના આલિંગનના સુખને પ્રગટ કરવાને તત્પર થયેલો હંસરાજા નિરંતર તેનાજ રાગની વિશેષ વૃદ્ધિને માટે પ્રવર્ત્તવા લાગ્યો. ‘આ માયા રાજાને અત્યંત પ્રિય છે’ એમ સારી રીતે નિર્ણય કરીને



બુદ્ધિમાનોમાં મુખ્ય એવા મને પણ તેનીજ સેવા કરવી શરૂ કરી. હવે મન નિરંતર બીજાં કાર્ય મૂકીને માયાની તુષ્ટિ, પુષ્ટિ, બળ અને તેજ જેમ વૃદ્ધિ પામે તેવા પ્રયત્ન કરવા લાગ્યું. મહાભક્ત મનને માયાએ પણ કેટલીક લક્ષ્મી આપી. **સેવકોને વિષે જે પુરૂષ બંધમુષ્ટીવાળા (કૃપણ) હોય છે તે શું સેવાને માટે લાયક છે?** અર્થાત્ નથી. માયાની પ્રેરણાથી હંસરાજાએ મનને પોતાનો પ્રધાન બનાવ્યો. **પ્રાયે સ્ત્રીના પક્ષના માણસોને ધનાઢ્યો વૃદ્ધિ પમાડે છે.**

હવે કોઈ અવસરે કામ(વિષય)થી આકુળ થયેલા મને સ્ત્રીને અંગીકાર કરવાની ઈચ્છા કરી. ( કોઇ શંકા કરે કે મન તો નપુંસક છે. તેનો ઉત્તર આપે છે કે )—મન એવો શબ્દ બોલવામાં નપુંસક લિંગે છે, પણ પરમાર્થથી મન નપુંસક નથી. મનની એવી ઇચ્છા થવાથી નિરંતર ભર્ત્તારની નજીક રહેવાવાળી દુર્બુદ્ધિએ ચપળ સ્વભાવવાળી **પ્રવૃત્તિ** નામની પોતાની પુત્રીને ચપળ મનની સાથે પરણાવી. પ્રવૃત્તિ [ મનપ્રધાનની સ્ત્રી ] નિરંતર મોહને વિષે સ્નેહની વૃદ્ધિનો વિચાર કરતી હતી, કારણકે માયા અને દુર્બુદ્ધિથી આ પ્રવૃત્તિ કાંઈ જુદા વિચારવાળી નહોતી. એક દિવસે હંસરાજાની પાસે આવેલી સદ્બુદ્ધિ આ ત્રણે સ્ત્રીઓ [ દુર્બુદ્ધિ, માયા અને પ્રવૃત્તિ ] ને જોઇને વિચારવા લાગી કે “ રાજાની અપૂર્વ ભક્તિ કરવાવાળો સરખા ગુણવાળી સ્ત્રીનો સમુદાય બરાબર મળ્યો છે. રાજાનું નિકંદન કરવાને માટે કાળના જોરથી ક્રૂર મધુરતાવાળી આ ત્રણે સ્ત્રીઓ પણ ભરણી, ભદ્રા અને યોગિનીની માફક એકઠી મળી છે. પોતાના સ્વરૂપને નહીં જાણનારો રાજા

મારી શિખામણ તો કોઈ દિવસ સાંભળતોજ નથી, અને આ સ્ત્રીઓના કામણ કરવાથી પોતાને [ ગુણોથી ] સંપૂર્ણ જુએ છે, જે અધિકારને મનપ્રધાન હમણાં અંગીકાર કરે છે તે [ મનપ્રધાન ]-ને પણ આ સ્ત્રીઓએ ચળાવેલ [ ફેડેલ ] હોવાથી આગામી કાળમાં તેનું સ્થિરપણું હું જોતી નથી. જ્યારે મારો ગૃહસ્થાશ્રમજ આવો થયો ત્યારે હું શું કરૂં? અને શું બોલું ? આ ઘરની છાની વાત વિચારતાં પણ મને લજ્જા આવે છે. આજ કારણથી જો મારાથી પેદા થએલ **નિવૃત્તિ** નામની મારી પુત્રીને આ મહા અમાત્ય [ મન ]-ની સાથે પરણાવું અને કદાચ તેને કોઇ પુત્ર થાય તો તે ક્લેશમાં ડુબેલા આ પોતાના માતામહ [ હંસરાજા ] નો ઉદ્ધાર કરવામાં સમર્થ થાય, અને તેજ આ ત્રણે સ્ત્રીઓના વેગને રોકવાને પણ સમર્થ થાય." આ પ્રમાણે વિચાર કરીને ' તું મારા સ્વામીને ઘણો વહાલો છે ' એમ પ્રધાનને કહીને સદ્‌બુદ્ધિએ **નિવૃત્તિ** નામની પોતાની પુત્રીની સાથે મનપ્રધાનનો વિવાહ કર્યો. ત્યારથી જેમ પૂર્વ અને પશ્ચિમ દિશા સૂર્યની સેવા કરે છે, તેમ જુદા જુદા સ્વભાવવાળી પ્રવૃત્તિ અને નિવૃત્તિ નામની બંને સ્ત્રીઓ વારાફરતી સ્વામીની સેવા કરવા લાગી. કરિઆણાંના વેપાર કરવાવાળા પુરૂષને જેમ પ્રાતઃસંધ્યા ક્રિયા [ દુકાન ખોલવી, કરિઆણાં બહાર કાઢવાં વિગેરે કાર્યો ] માં પ્રેરે છે અને સૂર્યાસ્ત સંધ્યા તે ક્રિયાની નિવૃત્તિ કરાવે છે તેમ પહેલી પ્રવૃત્તિ સ્ત્રી [ મનપ્રધાનને ] ક્રિયા કરવામાં પ્રેરે છે ત્યારે બીજી નિવૃત્તિ સ્ત્રી તે સર્વ વ્યાપાર બંધ કરાવે છે. અનુક્રમે પ્રવૃત્તિએ દુર્બુદ્ધિની સાથે અને નિવૃત્તિએ સદ્‌બુદ્ધિની સાથે



[ મન પ્રધાનનો ] મેળાપ કરાવ્યો ; અને કાકાક્ષિગોલક [ કાગડાની આંખના ગોળાનો ] ન્યાય પોતાના સ્વામીને શીખવ્યો.*

દુર્બુદ્ધિએ માયાની સારી રીતે ભક્તિ કરી, એટલે તે દાંભિકી માયાએ પોતાના પુત્ર મોહની સાથે પ્રધાનને મિત્રાઇ કરાવી અને તે [ પ્રધાન ] ને કહેવા લાગી કે—" હે પ્રધાન! તમે ભાગ્યવાન છો કે પ્રવૃત્તિ જેવી સ્ત્રી તમને મળી છે. કેમકે પ્રાયે ગુણવાન્ પુરૂષોને પણ સરખા ગુણવાળી સ્ત્રી મળવી દુર્લભ છે. વિલાસવાળી, ખુબસુરત અને કષ્ટયુક્ત કાર્યમાં પણ ખેદ નહીં પામનારી પ્રવૃત્તિના જેવી સ્ત્રી મેં પૃથ્વી ઉપર જોઇ નથી. હે સ્વચ્છ ! સદ્‌બુદ્ધિથી જન્મેલી જે આ નિવૃત્તિ કન્યા તમે પરણ્યા છો તે તો સ્વભાવથીજ આળસુ, ક્રિયારહિત અને દુનિઆથી વિલક્ષણ સ્વભાવની છે. તમે યુવાન છો, તેમજ બળવાન્ છો; માટે તે [ નિવૃત્તિ ]માં આદર કરવો એ તમને ઉચિત નથી. પૃથ્વીનો ભાર ઉપાડવામાં સમર્થ શેષનાગને [ શરીરનું ] ચક્રને આકારે મંડપ કરવામાં શું પ્રીતિ થાય ? અર્થાત્ નજ થાય. તમે [ પ્રધાનપણાની ] સર્વ મુદ્રા પામ્યા છો તો હવે સ્વજનવર્ગનું રંજન કરવાવાળા થાઓ. પોતાની સરખા ગુણ વિનાના માણસની સાથે આસક્તિ કરવી તે મહત્વના ભંગને માટે થાય છે. આ મોહ રાજબીજ છે. મેં તેને જન્મ આપ્યો છે. હું તેને તમને સોંપું છું. આ દુર્બળ છે તોપણ તમે અને તમારી સ્ત્રી બંને તેને

* કાગડાને આંખનાં છિદ્ર બે હોય છે, પણ જોવાની શક્તિવાળો ગોળો એક હોય છે; તેથી આંખોનો ગોળો જેમ ફેરવવો હોય તેમ ફરે છે. તેવીજ રીતે આ સ્ત્રીઓ જેમ મનપ્રધાનને ફેરવે છે તેમ તે ફરે છે.

વૃદ્ધિ પમાડજો [ શરીરે પુષ્ટ કરજો ]." આ પ્રકારની માયાની શિખામણથી મનપ્રધાન પ્રવૃત્તિ ઉપર ઘણો સ્નેહ રાખવા લાગ્યો, પરંતુ આંતરે આંતરે નવી પરણેલી નિવૃત્તિને પણ ભોગવતો હતો.

કાળાંતરે નિવૃત્તિને મહા વિચક્ષણ **વિવેક** નામનો પુત્ર થયો. તે પુત્ર સર્વ પદાર્થોના સદ્-અસદ્પણા [ છતાપણું-અછતાપણું-હિતપણું-અહિતપણું વિગેરે ]નો વિચાર કરવામાં સમર્થ થયો. વિવેકના જન્મથી ખેદ પામેલી માયા, દુર્બુદ્ધિ અને પ્રવૃત્તિ [ આપસમાં ] કહેવા લાગી કે આપણો નાશ કરવાને માટે આ વિષવૃક્ષનો અંકુર ઉત્પન્ન થયો છે; માટે જેમ તેમ કરીને આ વિવેકને રાજા અને પ્રધાનને મળતાં રોકો અને આપણે સર્વે માતા [ નિવૃત્તિ ] સહિત વિવેકને અહીંથી કાઢી મૂકવાનો પ્રયત્ન કરો. આ પ્રમાણે તે સર્વ સ્ત્રીઓ (આપસમાં) બોલે છે; તેટલામાં સદ્બુદ્ધિ ત્યાં આવીને 'આ વિવેકથી પરમઐશ્વર્યને તમે પામશો' એમ પોતાના સ્વામીને જણાવવા લાગી. ત્યારપછી હંસરાજા શાંત અને સુંદર શરીરવાળા તે વિવેક બાળકને ખોળામાં બેસાડીને નિરંતર લાડ લડાવવાની ઈચ્છા કરવા લાગ્યો, પરંતુ પેલી ત્રણ સ્ત્રીઓને વશ થયેલો રાજા ઘણાકાળ સુધી વિવેકને દેખવાને પણ સમર્થ ન થયો, તો પછી લાડ લડાવવાની તો વાતજ શી કરવી! આપસ આપસમાં વૈર ધારણ કરતા એવા મોહ અને વિવેક વનમાં રહેલ ક્રૂર અને શાંત સ્વભાવવાળા બાજપક્ષી અને પોપટની માફક રાજાની આગળ વૃદ્ધિ પામવા લાગ્યા. ત્યારપછી ચપળ ચેષ્ટાવડે પતિને ખુશી કરતી પ્રવૃત્તિએ માયાને અને પોતાની મા [દુર્બુદ્ધિ]ને આશ્ચર્ય ઉત્પન્ન કર્યું. ત્યારે શાંત અને ગંભીર વૃત્તિવડે સ્વામીને સંતોષતી નિવૃત્તિએ પણ તે



[પ્રધાન]ના અને રાજાના મહાન્ સુખમાં વધારો કર્યો. રાજા અને પ્રધાન નિવૃત્તિના સુખી કરવાથી આપણા ઉપર કદાચ વિરક્ત થશે, આ પ્રમાણે વિચાર કરીને માયા અને દુર્બુદ્ધિ પ્રવૃત્તિને એકાંતે કહેવા લાગી-હે પુત્રી! તારે તારા સ્વામીની સેવામાં આંતરૂં ન પાડવું અને તે તે[હિંસા પ્રમુખ] આરંભના સંબંધે કરી તારે તારા સ્વામીને નિરંતર તેવાં કાર્યોમાં પ્રેરવો, અર્થાત્ આરંભમાં મગ્ન કરવો. આ નિવૃત્તિનો (તારા સ્વામી પાસે જવાનો) અવસર તારે સાવધાન થઈને રોકવો. તે (નિવૃત્તિ) આપણી વેરણ હોવાથી તેનો વારો ઉલ્લંઘન થતો તારે બીલકુલ ન ગણવો. આ પ્રમાણે માયાને દુર્બુદ્ધિની શિખામણ પામીને સર્વ કામની જાણ એવી પાપણી પ્રવૃત્તિ સંકલ્પરૂપ સય્યા રચીને નિરંતર સ્વામીની સેવા કરવા લાગી; અને કોઈ વખત વિશ્રામ પામીને મારો સ્વામી રખેને નિવૃત્તિને મળી જાય, એ હેતુથી પ્રવૃત્તિ ઉપરા ઉપર જુદાં જુદાં કાર્યો કરવામાં સ્વામીને પ્રવર્ત્તાવવા લાગી. (તે કાર્યો બતાવે છે)—જીવોની હિંસા કરવામાં, અસત્ય બોલવામાં, ચોરી કરવામાં, પરસ્ત્રી ભોગવવામાં, મદ્યમાંસ વાપરવામાં, શિકાર કરવામાં, ચાડી કરવામાં, દ્રોહ કરવામાં અને મહારંભ કરવામાં સ્વામીને તેણે (પ્રવૃત્તિએ) એવીરીતે પ્રવર્તાવ્યો કે મનપ્રધાન (તેનો સ્વામી) નિવૃત્તિને દુર્ભાગિણી સ્ત્રીની માફક આંખથી પણ જોઈ ન શક્યો. પ્રવૃત્તિ ઘાણીના બળદની માફક નિરંતર મનપ્રધાનને એવી રીતે ભમાવતી હતી કે શિકારીના પછાડી પડવાથી જેમ હરણ કોઈ ઠેકાણે વિશ્રામ ન પામે તેમ તે (મનપ્રધાન) કિંચિત્પણ વિશ્રામ પામતો નહોતો.

હવે માયા વિચાર કરે છે કે—આ હંસરાજા પણ પોતાના સ્વ-

રૂપને ન જાણવાથી અમારામાં આસક્ત થયો છે; પણ પોતાના સ્વરૂપને જાણ્યા પછી નિશ્ચે અમારાથી વિરક્ત થશેઃ અથવા દુનિઆમાં શ્રીમાન્ પુરૂષો અસ્થિર મિત્રાઇવાળાજ હોય છે. પણ આ મહામાત્ય (પ્રધાન)થી અમને પગલે પગલે લક્ષ્મીની પ્રાપ્તિ થઇ છે, માટે તેની પ્રીતિ વધારવા યોગ્ય છે. આવો વિચાર કરીને માયા, પ્રધાન ઉપર વધારે ને વધારે પ્રીતિ ધરવા લાગી. તેથી 'જો હું વધારે વહાલો થાઉં તો મશ્કરી અને કૌતુકની ક્રીડાઓ પૂર્ણ થાય' એવા વિચારથી મંત્રી પણ રાજા ઉપર વૈર ધારણ કરતો માયાને સેવવા લાગ્યો. એટલે વાયુથી વ્યાપ્ત થયેલ અગ્નિ, દારૂ પીધેલ હાથી, શિકારીને આધીન થયેલ બાજપક્ષી, પાંખવાળો સર્પ, કુપથ્ય ખાવાથી પ્રાપ્ત થએલ રોગ અને ઝેર પાયેલ બાણ જેમ અત્યંત દુઃસહ થાય છે, તેમ માયાના મળવાથી મનપ્રધાન પણ અત્યંત દુઃસહ થઈ પડચો. પૃથ્વી ઉપર ચાલતાં તે થાકતો નથી, પાણીમાં ચાલતાં તે ડુબતો નથી, પર્વત ઉપર ચડતાં તેને શ્વાસ ચડતો નથી, અને અગ્નિમાં ભમતાં તે બળતો નથી. કોઇ ન દેખે તેમ ચાલનાર અને એક ક્ષણમાત્રમાં સ્થાવર અને જંગમ સર્વ વિશ્વમાં સંચરતો સતો સિદ્ધ વિદ્યાવાળા યોગીની માફક રાત્રિ દિવસ ચાલતાં તે કોઇ વખત ખેદ પામતો નથી. દોરડાં, નળ કે લોઢાની સાંકળોવડે પણ તે રોકી શકાતો નથી. આ વેગવાળા પ્રધાનની પાસે વાનર પણ (ચપળતામાં) નિર્બળ છે. સુંદર રૂપવાન સ્ત્રીઓ અને ધનના ઢગલા તેની આગળ મૂકીએ તોપણ પાણી વડે વડવાનળની માફક તેની તૃષ્ણા શાંત થતીજ નથી. તેવો કોઇ મંત્ર નથી, તેવું કોઈ મૂળીયું નથી, તેવું કોઇ મણિ નથી કે તેવું કોઇ કામણ નથી



કે જેણે કરી આ વિકારી પ્રધાનને પ્રસન્ન કરવાને સમર્થ થઇએ. જે તે ઉપાયે કરી રાજા તે (પ્રધાન)ને વશ કરે છે તો ફરી જે તે પ્રકારનો છળ કરીને પ્રેતની માફક તે (પ્રધાન) પાછો કોપાયમાન થાય છે. જેમ લાકડાથી દેદીપ્યમાન થએલ અગ્નિ લાકડાનેજ દુઃખ આપે છે તેમ જે રાજાથી અધિકાર મળ્યો તેનોજ તે (પ્રધાન) દ્રોહ કરવા લાગ્યો. માયાએ રાજાને બાંધ્યો હતો તોપણ પ્રધાને માયા સાથે વિચાર કરીને પાપરૂપ મોટા પાશે કરીને રાજાને સારી રીતે બાંધ્યો. જેમ ધૂમ્ર અને ધૂમાડ તેજવાન સૂર્યને કાંઇ પણ પ્રકાશ ન કરી શકે તેવી સ્થિતિએ પહોંચાડે છે તેમ વિસ્તાર પામતા મલિન સ્વભાવવાળા માયા અને પ્રધાને તેજ સ્વરૂપ હંસરાજાને કાંઇ પણ ન કરી શકે તેવી સ્થિતિએ પહોંચાડ્યો. મન પ્રધાન પોતાની મેળેજ આ જીવને સર્વસ્વ આપે છે અને વળી પાછું લઈ લે છે તેમજ તે પોતાની મેળેજ દેહધારીઓનો બંધ અને મોક્ષ વિસ્તારે છે. ક્રોડ વર્ષ પર્યંત અજ્ઞાનતપ કરવાવાળા અને દંભથી દુર્બળ શરીરવાળા પ્રાણીઓને આ પ્રધાને જોરથી સાતમી નરકમાં પહોંચાડ્યા છે. તેમજ ઘણા ભાગ્યથી (પાંચ ઈંદ્રિયોના) વષયોને પેદા કરી તેનાથી શરીરરૂપ યષ્ટિ (લાકડી) ને પુષ્ટ કરીને આ પ્રધાને કેટલાક જીવોને સર્વાર્થસિદ્ધિ વિમાન પ્રત્યે અને કેટલાક જીવોને મોક્ષ પર્યંત પહોંચાડ્યા છે. તપ, જપ, દયા અને દાનાદિ સદ્ગુણોને ગૌણ કરીને પ્રાણીઓને ફળ પ્રાપ્ત થવાને અવસરે મન પ્રધાન પોતાનું પ્રમાણપણું ઇચ્છે છે.

વિવેચન—તપ, જપ, દયા અને દાનાદિ કરવાના અવસરે મ-

નના શુભાશુભ પરિણામને અનુસારે તેનું ફળ મળે છે. તપ, જપ, દયા અને દાન તેના તેજ હોય છતાં તે કરવાના અવસરે મનના પરિણામ કલુષિત હોય તો તેનું શુભ પરિણામવાળું ફળ મળતું નથી, આજ કારણથી ઉપર કહેવામાં આવ્યું છે કે દાનાદિક દરેક કાર્યોના ફળમાં મન પોતાનું પ્રમાણપણું ઇચ્છે છે. અર્થાત્ પોતાનું ધાર્યુંજ થાય છે, એમ બતાવી આપે છે.

માયાથી મોહિત થયેલા પ્રધાનને તે (માયા) નો મોહ નામનો પુત્ર પ્રિય થયો. તે છતાં ઉપેક્ષા કરાયેલો પણ વિવેક વનના વૃક્ષની માફક વૃદ્ધિ પામ્યો. એક દિવસે પોતાની આગળ ક્રીડા કરતા મનોહર મુખવાળા વિવેક પુત્રને જોઇને એકાગ્રપણે વિચાર કરતાં વિસ્મૃત થએલ વિદ્યાની માફક તે (વિવેક)ની મા (નિવૃત્તિ)ને તે (મન) સંભારવા લાગ્યો. સ્મરણ કરતાંજ જુદા વેષને ધારણ કરતી નિવૃત્તિ દેવાંગનાની માફક પ્રગટ થઈ. વ્યગ્ર ચિત્તવાળો પણ પ્રધાન તેના દર્શનરૂપ અમૃતે કરી થોડો વખત શાંત થયો. તે નિવૃત્તિની સાથે આવેલી પોતાની પૂર્વ પત્ની સદ્બુદ્ધિનો હંસરાજાએ પણ દૃષ્ટિથી સ્પર્શ કર્યો; કેમકે દૃઢ બંધાયેલા રાજામાં તેને આલિંગન કરવાની શક્તિ તો ક્યાંથીજ હોય? અર્થાત્ તેટલી શક્તિ તેનામાં નહોતી. પરંતુ સ્મરણ શક્તિવાળો હંસરાજા સદ્બુદ્ધિએ આપેલી આગળની શિક્ષાને જેમ જેમ સંભારવા લાગ્યો તેમ તેમ આનંદરહિત થઇને તે પોતાને નિંદવા લાગ્યો. પછી તે વિલાપ કરવા લાગ્યો કે—"હે ગૌરશરીરવાળી! હે આદરકરવા લાયક! હે ગુણશાળી! હે ગંગાજળની માફક ઉજ્વળ! હે સદ્બુદ્ધિ! મને તારૂં દર્શન આપ. હે સદ્બુદ્ધિ! તને દૂર કરીને અને માયાને



અંગીકાર કરીને મેં મને પોતાનેજ વિડંબના કરી છે. અરે! ચિતામણિનો ત્યાગ કરી કાચને લેવાવાળો શું કોઇ પણ ઠેકાણે આનંદ પામે? અર્થાત્ ન પામે. હે સદ્બુદ્ધિ! તારા છતાં ત્રણ લોકનું અધિપતિપણું મેળવવું મને મુશ્કેલ નથી, અને તારા વિના અનાર્યોએ કાર્યપ્રસંગે કર્મરૂપ ઘરોને વિષે મને (હંસરાજાને) ફેરવવો (ભમાવવો) એ પણ મુશ્કેલ નથી. પૃથ્વીપતિનું વિલાસપણું તારા હોવાથી મેળવાય છે, અને તારા વિના તો ચોરની માફક બંધનો અનુભવ કરાય છે. સ્વામીપણું ને દાસપણું, સ્વર્ગ ને નરક, વૃદ્ધિ ને હાનિ, સુખ અને દુઃખ આ સર્વ તારી પ્રસન્નતા અને અપ્રસન્નતાનુંજ લીલાયિત છે. હે વલ્લભા! તારા વિયોગથી કોઈ ઠેકાણે હું રૂંધાણો, કોઈ ઠેકાણે બંધાણો, કોઇ ઠેકાણે શ્રાપિત થયો, કોઇ ઠેકાણે હણાયો, કોઇ ઠેકાણે અપ્રીતિવંત થયો, અને કોઈ ઠેકાણે પુષ્ટ થયો. તારા વિના કોઇ ઠેકાણે દાસ થયો, કોઇ ઠેકાણે પારકું અનાજ ખાવાવાળો થયો, કોઇ ઠેકાણે કિંકર થયો, કોઈ ઠેકાણે અનાજ ઘી તેલ વિગેરે વેચનારો થયો, અને કોઈ ઠેકાણે રસોઇ કરનારો થયો. હિતકારી વચનોથી તેં તો મારા વિષે ઉત્તમ સ્ત્રીને લાયક આચરણ કર્યું છે, અને તેનાથી પરાઙ્મુખ થવાને લીધે હું તો નીચ પુરૂષોની પંક્તિમાં બેઠો છું. મૂળથી મલીન આશયવાળી આ માયાએ નિવૃત્તિને અને પ્રધાનને, મને (હંસરાજાને) અને તને (સદ્બુદ્ધિને) તેમજ વિવેકની સાથે મને તથા પ્રધાન બંનેને મળતાં અટકાવ્યાં છે. પ્રકાશની વેરણ રાત્રિ જેમ કમલિની અને સૂર્યનો વિયોગ કરાવે છે તેમ હે સદ્બુદ્ધિ!

આ સમયલોકની વેરણ માયાએ આપણ બંનેનો વિયોગ કરાવીને શું સાધ્યું? અર્થાત્ તેને શો ફાયદો થયો? ઉચ્ચ સ્થિતિમાંથી ભ્રષ્ટ થવું એ અત્યંત દુઃખદાયી છે છતાં આ પ્રધાને પણ મને સ્વર્ગરૂપ મહેલના અગ્ર ભાગ ઉપર ચઢાવીને ત્યાંથી ફરી નરકમાં ફેંકી દીધો છે. હે પ્રિયા! આ પ્રધાને ક્ષણમાં લોભી તો ક્ષણમાં સંતોષી, ક્ષણમાં ક્રોધી તો ક્ષણમાં શાંત બનાવીને મને પોતાને ક્રીડા કરવાના પાત્ર રૂપ કર્યો છે. સર્વ જીવો સુખના અભિલાષી છે, કોઈ પણ દુઃખી થવાની તૃષ્ણા રાખતું નથી; પણ એકની વાત છે કે માયા અને મનને પરાધીન હોવાથી હું મારૂં પોતાનું હિત કરવાને સમર્થ રહ્યો નથી. બીજો પણ જ્ઞાનવાન પુરૂષ શરણે આવેલાની ઉપેક્ષા કરતો નથી; તો હે કૃપાળુ સ્ત્રી! આવી દુર્બળ દશા પામેલા મારા જેવાની તું શામાટે ઉપેક્ષા કરે છે? હે વ્હાલી સ્ત્રી! ટાઢથી પીડાએલા જીવો સૂર્યનાં કિરણને, સમુદ્રમાં પડેલા જીવો નાવને, આંધળા જીવો આંખને, રસ્તો ભુલેલા જીવો રસ્તાને, ધનરહિત જીવો ધનને, અંધકારથી અકળાયેલા જીવો દીપકને અને રોગી જીવો જેમ આરોગ્યતાને ઇચ્છે છે તેમ હું તને જોવાને ઉત્સુક થયો છું; હું કરૂણાને લાયક છું માટે મારાપર કૃપા કર અને તારૂં દર્શન આપ. આપદામાં આવી પડેલા પતિને જે સ્ત્રી ઉપકાર કરે છે તેજ સ્ત્રી પ્રશંસાને પાત્ર છે. સૂર્યનાં કિરણોથી ગ્લાની પામેલા ચંદ્રમાને રાત્રિ આવીને શું ઉલ્લાસ નથી પમાડતી? અર્થાત્ પમાડે છે; માટે હે સ્ત્રી! પ્રસન્ન થા, આપદામાં સીદાતો એવો જે હું તેનો ઉદ્ધાર કર. ઉત્તમ સ્ત્રીની હીલના કરવાનું ફળ આટલાથી મને મળી ચુકયું છે. ”

આ પ્રમાણે સદ્‌બુદ્ધિના ગુણોને સંભારી સંભારીને રાજા પશ્ચાત્તાપ કરે છે તેટલામાં મંત્રથી આકર્ષાયાની માફક કયાંઈથી અકસ્માત્ દુર્બુદ્ધિ આવી ચડી. તેના ભયથી સદ્‌બુદ્ધિ પોતાની પુત્રી સહિત ત્વરાથી નાસી ગયે સતે દુર્બુદ્ધિ આદિ ત્રણે સ્ત્રીઓ ફરીને એકઠી મળી આપસમાં વિચાર કરવા લાગી—‘ હે સખીઓ! દૈવયોગથી જો કે હમણાં આપણે આધીન ભર્ત્તારવાળી છીએ તોપણ સ્ત્રીજાતિ હોવાથી આપણે દુર્બળ છીએ. માટે આપણે ( પતિનો ) વિશ્વાસ ન કરવો. આપણે રાજાને બાંધ્યો છે, તોપણ આંતરે આંતરે તે સદ્‌બુદ્ધિનું ધ્યાન કરે છે; અને મંત્રીને વાર્યા છતાં પણ તે નિવૃત્તિને દેખવાની ઇચ્છા કરે છે. હવે પ્રવૃત્તિના ઉપદ્રવથી રાજા જ્યારે નિવૃત્તિને યાદ કરશે ત્યારે તત્ત્વદૃષ્ટિરૂપ દૂતીએ બોલાવેલી તે ( નિવૃત્તિ ) પ્રગટ થશે. તેમજ નહીં પામેલાને મેળવી આપનારી અને પામેલાનું રક્ષણ કરનારી સદ્‌બુદ્ધિ પણ તેની સાથે આવશે ત્યારે તેને દેખવાથી રાજા આનંદ પામશે. સુખનો અર્થી રાજા ફરીથી પણ પ્રધાનને મીઠાં વચનથી બોલાવશે, અને પ્રધાન પણ નિવૃત્તિને બોલાવશે. આમ થવાથી આપણો તો નાશ થયોજ તમે સમજો. તેટલા માટે ( આપણો બચાવ કરવાને ) નિવૃત્તિને દૂર કરવાનો ઉદ્યમ વિસ્તારવો જોઇએ. પોતાનો બચાવ કરવાને ઇચ્છતા પુરૂષોએ સાપણને દૂર કરવામાં આળસુ થવું ન જોઇએ.’ આ પ્રમાણેની વાત સાંભળીને તે અવસરે મદથી ઉદ્ધત થએલી પ્રવૃત્તિએ પ્રતિજ્ઞા કરી કે—હવેથી જો તમે નિવૃત્તિને અહીં ( સ્વામી પાસે ) દેખો તો હું તમારી દ્રોહ કરવાવાળી છું એમ સમજજો; અર્થાત્ નિવૃત્તિને હું મારા સ્વામી પાસે આવવાજ દઈશ નહીં.

પ્રવૃત્તિ કહે છે કે કાયિકી ૧ અધિકરણકી ૨ પ્રદ્વેષકી ૩

પરિતાપની ૪ પ્રાણીઘાતકી ૫ આરંભકી ૬ પરિગૃહકી ૭ માયિકી ૮ અપ્રત્યાખાનકી ૯ મિથ્યાત્વીકી ૧૦ દૃષ્ટિકી ૧૧ પૃષ્ઠિકી ૧૨ પ્રતીત્યકી ૧૩ સામંતોપનિપાતકી ૧૪ નૈસર્ગીકી ૧૫ સ્વહસ્તિકી ૧૬ વિદારણકી ૧૭ આજ્ઞાપનીકી ૧૮ અનાભોગીકી ૧૯ અનવકાંક્ષિકી ૨૦ પ્રયોગકી ૨૧ સમુદાયકી ૨૨ પ્રેમકી ૨૩ દ્વેષકી ૨૪ અને ઈર્યાપથિકી ૨૫—આ પચીશ ક્રિયાઓ મારા ઉપર એક ચિત્તવાળી મારી સખીઓ છે. તે પચીશમાંથી એક એક પણ તે નિવૃત્તિરૂપ વેલીને છેદવાને કુહાડાની માફક આચરણ કરે તેવી છે.

વિવેચન—આ પચીશ ક્રિયાઓ આશ્રવદ્વારમાં ગણવામાં આવી છે. તે કર્મને આવવાના મુખ્ય કારણરૂપ છે; એક એક ક્રિયા એટલી સબળ છે કે તે વિદ્યમાન છતાં નિવૃત્તિને અવકાશ મળવો અગર સ્થિરતા આવવી તે મુશ્કેલ છે. તેમાં પચીશમી ક્રિયા છે તે નિવૃત્તિને ઘણેભાગે મદદગાર છે પણ સંપૂર્ણરીતે નિવૃત્તિ પાળવામાં તો તે પણ અંતરાયરૂપ છે. આ ક્રિયાનો વિસ્તાર નવ તત્ત્વાદિથી જાણી લેવો.

છેલ્લી ઈર્યાપથિકી વિના બાકીની આ સર્વમાં મને નિશ્ચિત વિશ્વાસ છે. તે પચીશમી અહીં નથી માટે નિઃશંકપણે હું કહું છું કે મારી આગળ તે નિવૃત્તિ શું ગણતીમાં છે? અર્થાત્ કાંઈપણ ગણતીમાં નથી. હે મહત્તરા! આ નિવૃત્તિને પહેલાં પણ મારા સ્વામી પાસેથી પ્રાયે કાઢી મૂકયા જેવીજ મેં કરી છે; અને હવેથી તો તેનું આવવુંજ છેદી નાંખીશ.

આ પ્રમાણે કહીને સ્વામીમાં એકતાનવાળી પ્રવૃત્તિ ત્યારથી



વિશેષ પ્રકારે રાજયકારભારને વિસ્તારતી એક ક્ષણ પણ પોતાના સ્વામીનું પડખું મૂકતી ન હતી. દાસની માફક આધીન થએલા સ્વામીને જોઈને કાંઈક અંગોપાંગ સંકોચાયાની માફક થઈને પ્રવૃત્તિ તેને (મનપ્રધાનને) કહેવા લાગી કે 'હે નાથ! જો મારી વાત માનો તો હું તમને કાંઈક કહું.' તેના ઉત્તરમાં 'નિઃશંકપણે બોલ, ભય નહીં રાખ.' આ પ્રમાણે પ્રધાનના કહેવાથી તે (પ્રવૃત્તિ) કહેવા લાગી—"હે પ્રાણનાથ! આ નિવૃત્તિ નામની તમારી સ્ત્રી મારા ઉપર નિરંતર દુશ્મનની માફક આચરણ કરે છે. તેનું મુખ તો ગાયનું છે પણ તે વાઘણની માફક મને મારવાને ઇચ્છે છે. હું જે પ્રાણ ધારણ કરૂં છું તે કેવળ તમારોજ પ્રસાદ છે. હે સ્વામી! તમારા તેજ બળને પણ એ ઓછું કરવાને ઇચ્છે છે. તેથી એને આધીન થઈને એક પગલું પણ ભરશો તો તે સર્વ ખોટું છે. કારણ કે ક્રીડા કરવી, હસવું, ગાયન કરવું, સ્નાન કરવું, પાન કરવું તથા ભોજન કરવું વિગેરે યુવાવસ્થામાં યુવાન પુરૂષોને સારભૂત છે તે તો આ નિવૃત્તિને રૂચતુંજ નથી. તેની મા પણ દોષવાળી છે, કેમકે હંસરાજાએ પહેલાં તેનો ત્યાગ કરેલ છે. તેથી તેની પુત્રી આવી થાય તેમાં અણઘટતું શું છે? હે સ્વામી! તમારે વિષે તે નિર્ભર ભક્તિવાળી નથી તેથી તે આંતરે આંતરે તમે અવગણના કરેલા હંસરાજાનો તે નિરંતર આશ્રય લીધા કરે છે. તેનો વિવેક નામનો પુત્ર છે તે મારી સ્વામિનીના મોહ નામના પુત્ર પ્રત્યે જાતિ વૈરીની માફક વૈર ધારણ કરતો;સતો તે (મોહ) ના પ્રાણ લેવાને ઇચ્છે છે. એ બળવાન વિવેકના રોકવાથી જો આ મોહને ઉપદ્રવ થશે તો હે પ્રાણનાથ! તમે મને ફરીને જીવતી નહીં જોશો. અ-

ર્થાત્ હું મરણ પામીશ. હે લોકના સ્વામી! પૂર્ણ શરીરવાળી એવી હું તેની સાથે જો તમારે પ્રયોજન હોય અર્થાત્ મને ઇચ્છતા હો- તો શલ્યની માફક પુત્ર સહિત એ નિવૃત્તિને ઘરમાંથી કાઢી મૂકો. સાપણ મુખમાં વિષ રાખે છે, વિછણુ પુચ્છને છેડે વિષ રાખે છે, ક- રોળીઆઓ લાલમાંજ ઝેર રાખે છે પણ સપત્ની (શોક)તો આખી વિષ રૂપ છે.”

આ પ્રમાણે પ્રવૃત્તિના કહેવાથી તેણે જે પ્રમાણે કહ્યું તે પ્ર- માણે સર્વ પ્રધાને કર્યું. કવિ કહે છે કે આમ થવાથી સતી સ્ત્રી- ઓની જે દુર્દશા થાય છે તે પ્રગટ કહેવાને અમે સમર્થ નથી. સ્ત્રીઓને આધીન થએલા પુરૂષો એવું કયું અકાર્ય છે કે જે નથી કરતા અર્થાત્ સર્વ કરે છે. જુઓ, વાયરાથી પ્રેરાયેલો અગ્નિ આ- ખા નગરને બાળવાનો આરંભ કરે છે.

રાજા બંધાએલો છે. એમ જાણવાથી ખેદિત થયા છતાં પણ તેની પ્રસન્નતાનેજ આધીન થયેલી અને તે (રાજા)ની ઇચ્છા અને શક્તિથી પ્રેરાયેલી નિવૃત્તિ માર્ગને સુખેથી ઓળંગીને ચાલી ગ- ઈ. નિવૃત્તિ પરદેશ ગયે સતે તે (પ્રવૃત્તિ) નિરંતર નાચવા લાગી અને હમણાં શલ્યરહિત રાજ્ય પ્રાપ્ત થયું છે એમ જાણી તેનું મન ઉલ્લાસ પામવા લાગ્યું. તેમજ નિવૃત્તિ ન હોવાથી પ્રચંડ પ- વનના જોરથી હલાવેલ ધ્વજાના છેડાની માફક ચંચળ મન પ્રધા- નને તે દરેક દિશામાં ભમાવવા લાગી. દુર્બુદ્ધિથી પ્રેરાયેલો પ્રધા- ન (ખોટા) વિચારો કરે છે, માયા તેને બહુ માને છે, અને પ્રવૃત્તિ તેને દુષ્કર્મ કરવાને ઉદ્યમવાન કરે છે.

હવે એક દિવસે તેણે (પ્રવૃત્તિએ) પ્રધાનને વિનંતિ કરી કે



“હે નાથ! મોહ મહાબળવાન્ છે, તેમજ રથની ધોંસરી વહન કર- નારની માફક રાજ્યની ધોંસરી વહન કરવાને તે લાયક થયેલ છે. તેને માયાએ જન્મ આપ્યો છે અને તમારા અને મારા ખોળામાં સોંપેલો છે, માટે તેને રાજ્ય અપાવવાથી આપણે માયા સ્વામિનીના કાંઈક ઋણરહિત થઈશું. વળી સદ્બુદ્ધિ હમણાં દૂર છે, રાજા કાંઈ ન કરી શકે તેવો થયો છે, અને નિવૃત્તિ તો પુત્રસહિત નાસી ગઈ છે; માટે આવો અવસર ફરી કયારે મળશે? જો કાળના વશથી કોઇ પણ શત્રુ પ્રગટ થશે તો આપણને અવસરને નહીં જાણ્યાનો શોચ કરવો પડશે. આ મોહ પોતે પોતાના તે તે ગુણોવડે પૃથ્વીને વિષે ઐશ્વર્યપણું ભોગવશે. (કદાચ મોહ ખરાબ નીકળશે એમ તમને ભય રહેતો હોય તો તે વખતે) લોકો મોહનું ઉદ્ધતપણું અને ત- મારૂં શાણાપણું જણાવશે. (અર્થાત્ એમાં તમારૂં કોઇ ખરાબ બોલશે નહીં.) માટે હે સ્વામી! વિલંબ નહીં કરો અને તે (મોહ)- ને રાજ્ય આપો. આપણા તરફથી તેને રાજ્ય મળવાથી તે આપ- ણને ઘણી મોટાઇ દેવાવાળો થશે.” આવી રીતની તે ( પ્રવૃત્તિ )- ની પ્રેરણાથી જે તે બોલવારૂપ વાજીત્રના શબ્દોવડે શબ્દિત કરા- યેલ છે દિશાનો સમૂહ જેમાં એવું રાજ્ય પ્રધાને મોહને આપ્યું.

રાજ્ય પ્રાપ્ત થયેલ મોહના પ્રસરતા પ્રતાપે કરીને પ્રચંડ વાયરાવડે વેલડીની માફક ત્રણ ભુવન કંપવા લાગ્યાં. એક હુંકાર માત્રથી સા- ધ્ય થઇ શકે એવા ત્રણ જગત્ના સુભટોને પ્રહાર કરવાને હથિ- યાર લેતાં તેની ભુજા લજ્જા પામતી હતી. (અર્થાત્ શસ્ત્ર લેવુંજ ન પડ્યું). દેવ, માનવ અને તિર્યંચને વિષે એવો કોઇપણ નહોતો કે જે પડતા વજ્રની માફક તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકે. પ્ર-

ધાન તે (મોહ) ની માતાને માનનીય હતો, તેના પિતાનો મોટો અધિકારી હતો અને તેણેજ તે (મોહ) નું શરીર પુષ્ટ કરીને તેને રાજ્ય આપ્યું હતું; તેટલામાટેજ મોહ મનપ્રધાનને પોતાના પિતાથી ઘણુંજ વધારે માન આપીને ક્ષણવાર પણ તેને પોતાથી દૂર કરતો નહોતો.

આ પ્રમાણે શ્રી જયશેખરસૂરિએ બનાવેલા પ્રબોધ ચિંતામણી ગ્રંથમાં મોહ અને વિવેકની ઉત્પત્તિ અને મોહને રાજ્ય આપવું એ અધિકારવાળો ત્રીજો અધિકાર સમાપ્ત થયો.

---

## ચોથો અધિકાર.

હવે મોહ પોતાના મનમાં વિચાર કરે છે કે અહીં **અવિદ્યા** નામની જુની નગરી છે તેને સજ્જ કરીને રહેવું એ મને ઉચિત છે. મહાદેવના મસ્તક ઉપર, સમુદ્રને વિષે અને આકાશમાં એમ ત્રણ ઠેકાણે ચંદ્રમા જેમ ઇચ્છાનુસાર વિલાસ કરે છે તેમ રાજાઓની રીતિ પણ તેવીજ છે. (એટલે એક ઠેકાણે ન રહેવું તેજ યોગ્ય છે.) રાજા પણ જો અનેક સ્થાનની વ્યવસ્થા કરવામાં આળસુ હોય તો એક ઘરમાં રહેવાનો આગ્રહ કરનાર સામાન્ય લોકથી તે અધિક કેમ કહેવાય? એવો નિર્ણય કરીને રાજ્યનીતિના જાણ મોહરાજાએ છિદ્રો વિનાના ઘરોવાળી અવિદ્યા નામની નવી નગરી વસાવી. તેની ચારે બાજુ પાખંડીઓના મતરૂપ અનેક કાંગરાઓથી ઉપશોભિત અજ્ઞાનરૂપ કિલ્લો નાંખીને (બનાવીને) તે તેમાં રહ્યો. તે નગરીમાં સેંકડો લોકોના પેસવા અને નિસરવાથી થતા અન્યોન્ય સંઘર્ષની સાક્ષીભૂત, રાજમાર્ગ સરખી, ચાર ગતિ (દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક) જોવામાં આવે છે. તે નગરી ફરતી



નિપુણ બુદ્ધિવાળાને જેનો જળસમૂહ ગ્રહણ કરવા લાયક નથી એવી **તૃષ્ણા** રૂપી ખાઈ છે, અને સદ્ અસદ્ વસ્તુઓ રૂપ ઘર છે. તેમાં શીતળ છાયાથી મનોહર સ્ત્રીઓના ભોગરૂપ બગીચા ( શોભી રહ્યા છે) અને વેશ્યાઓના વિલાસરૂપ દુર્ગમ ક્રીડા પર્વતો આવી રહ્યા છે. વળી જ્યાં સ્મર (કામદેવ) આદિ મોહરાજાના પુત્રો ધનુર્વિદ્યાનો અભ્યાસ કરી રહ્યા છે એવું હૃદય અને નેત્રને જીવનતુલ્ય યૌવનરૂપી વન છે. હિંસાને પુષ્ટિ કરનારા ગ્રંથોરૂપ તળાવો છે, તેનો દ્વિજ (બ્રાહ્મણો અથવા પક્ષી) ના સમૂહરૂપ પરિવાર છે અને સમગ્ર ઉપદ્રવો જ્યાં અટકાવેલા છે એવી હઠવાદરૂપ મોટી પાળ છે. તે નગરીમાં સુંદર સંસ્થાનવાળી અને સ્તનરૂપ કોક પક્ષીથી, ત્રીવલીરૂપ કલ્લોલથી અને હાથપગરૂપ કમળથી ઉપશોભિત એવી સ્ત્રીઓના શરીરરૂપ ક્રીડા કરવાની વાવો છે. વળી સદાચારનો ત્યાગ કરવામાં તત્પર થયેલી, અન્યને દૂષિત કરવાના વિચારવાળી અને પરચક્ર (વિવેક) થી થતા ઉપદ્રવને સમાવનારી પાદરદેવતા છે. તેમાં અનેક ભવમાં ભ્રમણ કરવારૂપ અને સર્વ પ્રકારે મોહના સૈન્યને ચાલવા લાયક, ઉલ્લાસ પામતી ધૂળવાળા પહોળા રસ્તાઓ છે. વળી વિષયસેવનના ચોરાશી આસનરૂપ ચોરાશી બજારો છે તે આ નગરીમાં દુકાનની શ્રેણીથી શોભાને વિસ્તારે છે. તેમાં વિપરીત પરિણામરૂપ મોટાં ઘરો છે કે જેમાં **વ્યાસની** માફક અત્યંત આનંદી પ્રાણીઓ નિરંતર વસે છે. જે લોકો આ અવિદ્યા નગરીમાં નિવાસ કરીને રહે છે તે સર્વે સનેપાતવાળા, મદિરા પીધેલા અને ભૂત વળગેલા પ્રાણીની માફક મદથી ઉન્મત્ત થયેલા છે. થોડા લાભથી પણ તેઓ હર્ષિત થઇને ગાયન કરે છે અને હસે છે. તેમ

થોડો પણ નાશ થવાથી તે દુ:ખિત થઈને આક્રંદ કરે છે અને રૂદન કરે છે. તે નગરીમાં કેટલાએક લોકો કુદે છે તો કેટલાએક ફલંગો મારે છે; કેટલાએક વિવાદ કરે છે ત્યારે કેટલાએક બોલે છે; કેટલાએક સ્તુતિ કરે છે તો કેટલાએક નિંદા કરે છે; કેટલાએક યાચના કરે છે તો કેટલાએક વાંચે છે; કેટલાએક કોપ કરે છે તો કેટલાએક ગર્વ કરે છે અને કેટલાએક પોકાર કરે છે. એવીરીતે આ નગરીમાં મનુષ્યનો કોલાહલ કોઈપણ વખત શાંત થતોજ નથી.

તે નગરીમાં કુવાસનારૂપ મહેલમાં મૂર્ખ પુરૂષોની સોબતવાળી પર્ષદામાં અતીશેં બુદ્ધિની ભ્રષ્ટતારૂપ સિંહાસન ઉપર બેઠેલો, ખરાબ સંસ્કારવડે વિસ્તારવાળું અસંયમરૂપ છત્ર ધારણ કર્યું છે જેણે એવો, રતિ અને અરતિ નામની વેશ્યાઓએ ચપળતારૂપ ચામર વીંજેલ છે જેને એવો, પાખંડીરૂપ પ્રતિહારોવડે મોટા પુરૂષ પાસે લવાતો, પોતાના ભક્તજનોને સ્નેહવાળી અને ગંભીર દૃષ્ટિવડે ખુશી કરતો, અનેક પ્રકારની સંજ્ઞા ( આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની ઇચ્છા ) રૂપ નટીએ રચેલા નૃત્યને જોતો, કામી પુરૂષોરૂપ ગાંધર્વવડે ગુણગ્રામ ગવાય છે જેના એવો, ક્રિયાના તેર સ્થાનકોરૂપ વંઠ પુરૂષોએ પગચંપન કર્યું છે જેનું એવો, અલંકારરૂપ વચનની રચનાએ સર્વ શરીર વિભૂષિત કર્યું છે જેનું એવો, નિર્દયતારૂપ ખડ્ગલતાવડે શોભિત ભુજાવાળો, નાસ્તિકતારૂપ બાળમિત્રની સાથે ક્રીડા કરવાને કુતુહલી, ઘીથી સિંચાયેલ અગ્નિની માફક દેદીપ્યમાન અને રાજાઓના સમૂહે પાળી છે આજ્ઞા જેની એવો શ્રીમાન્ **મોહરાજા** રાજ્યને પાળે છે. યુવાવસ્થાએ કરી પુષ્ટ શરી-



રવાળી **જડતા** નામની તેને રાણી થઈ છે, કે જે પતિવૃતા રાણી પોતાના પતિના દ્વેષ કરવાવાળા પુરૂષો ઉપર કદિ પણ પ્રસન્ન થતીજ નથી. તેની કુક્ષિરૂપ ગુફાના મધ્ય ભાગથી કેશરીસિંહની માફક **મકરધ્વજ** ( કામ ) નામનો પુત્ર થયો છે કે જે પોતાના પ્રતાપરૂપ સૂર્યવડે વિશ્વને ક્ષોભ પમાડતો સતો વૃદ્ધિ પામેલો છે. તેને ધનની પ્રાપ્તિમાં **પ્રીતિ** અને અપ્રાપ્તિમાં **અપ્રીતિ** એ આદિ બીજી પણ અનેક સ્ત્રીઓ હતી. પરંતુ ભરથારના ભાગ્યથી આ સર્વ સ્ત્રીઓને આપસમાં શોક સંબંધી ઇર્ષ્યાભાવ નહોતો. તે સ્ત્રીઓને **રાગ, દ્વેષ** અને **આરંભ** પ્રમુખ હજારો પુત્રો થયેલા છે, કે જેઓની આજ્ઞા ઇંદ્ર અને ચક્રવર્તી આદિ પણ મસ્તક ઉપર ધારણ કરે છે. **અભિધ્યા** ( વિષય પ્રાર્થના ), **મારિ** ( મરકી ) અને **ચિંતા** વિગેરે પુત્રીઓ પણ તે ( મોહરાજા ) ને અનેક છે કે જે રણસંગ્રામના પુરૂષાર્થમાં ( લડાઈના મેદાનમાં પરાક્રમ દેખાડવામાં ) પોતાના ભાઈઓથી ઓછી ઉતરે તેવી નથી. તે મોહરાજાની યુવરાજપણાની ધુરા **વિપર્યાસ** નામના પુત્રે અંગીકાર કરી છે કે જેના વિદ્યમાનપણાથી મોહને રાજ્ય સંબંધી કાંઇ પણ ચિંતા રહી નથી. સર્વ કાર્યોને વિષે મર્મનો જાણ **મિથ્યાદૃષ્ટિ** નામે તે ( મોહ ) નો પ્રધાન થયો છે કે જેની મુદ્રા ( છાપ ) વડે લોકો ત્રણ જગત્‌ની અંદર અસ્ખલિતપણે પરિભ્રમણ કરેછે. ખરાબ મનના યોગરૂપ તેને સામંતો છે કે જેઓ સંપૂર્ણ રીતે તેને પગે ચાલનારા છે અને જેઓ પોતે શત્રુની સાથે યુદ્ધ કરી જીત મેળવીને સ્વામીના યશનો ફેલાવો કરે છે. વળી **ક્રોધ, માન, દંભ** અને **લોભ** નામના તેના માંડળીક રાજાઓ છે કે જેમાંના એકેકનું પણ પરાક્રમ ઘણુંજ અસહનીય છે.

તેને **પ્રમાદ** નામનો સેનાપતિ છે કે જેણે શત્રુની સેનાની સાથે લડાઇ કરતાં **શાંત મોહ** જેવા ( અગીઆરમે ગુણઠાણે રહેલા ) મહા સુભટોને પણ નીચા પાડી દીધા છે. જેનાથી ઉત્પન્ન થએલા વ્યવહારને પ્રાયે લોકો લોપતા નથી તેવા વેદરૂપી ( સ્ત્રીવેદ–પુરૂષનો અભિલાષ, પુરૂષવેદ–સ્ત્રીનો અભિલાષ, અને નપુંસકવેદ–બેઉનો અભિલાષ ) તેને પંચાતીઆઓ છે, જેઓ સર્વ જીવોને તપાવવામાં સદા તત્પર રહે છે. દેખવાથી પણ બીજાને ક્ષોભ પમાડનાર **ચંડભાવ** નામનો તેને કોટવાળ છે અને મહાજનના મનને પ્રિય **વ્યાક્ષેપ** નામનો નગરશેઠ છે. **અકુશળ કર્મ** (ખરાબ કર્ત્તવ્ય) રૂપ ભંડાર છે. **સંચય** નામનો ભંડારી છે અને સમસ્ત વસ્તુના સમૂહનો સાક્ષી **સંગ** નામનો દાણ લેવા વાળો છે. **પાખંડીઓના સંસ્તવ** ( પરિચય કરવા ) રૂપ વિઘ્નશાંતિમાં તત્પર પુરોહિત છે. **ગૌરવ** નામના ( રસનો ગર્વ, રિદ્ધિનો ગર્વ અને સુખનો ગર્વ કરવા રૂપ ત્રણ ગૌરવો) દયાને સ્પર્શ પણ નહીં કરનારા એવા બંદીખાનાનું રક્ષણ કરવાવાળા ગુપ્તિપાળો છે. તેને ઘણો વહાલો **આળસ** નામનો શય્યાનું રક્ષણ કરનાર છે, અને ક્રૂર બુદ્ધિવાળો તેમજ ઘડાનો સંગ્રહ કરવાવાળો **શ્રાપ** નામનો પાણીનો અધિકારી છે. અનેક પ્રકારના રસ ( શૃંગારાદિ )ની વૃદ્ધિ કરવામાં નિપુણ **કુકવિરૂપ** રસોઇયા છે, અને મુખથી રાગની જાગૃતિ કરતો **પ્રેમાલાપ** નામનો સ્થગીધર ( પાનબીડા દેવાવાળો ) છે. તે ( મોહરાજા )ની સભામાં **હર્ષ** અને **શોક** નામના બે મલ્લો આપસમાં યુદ્ધ કરે છે અને મર્યાદારહિતપણે પડવા અને ઉડવારૂપ કૌતુકના કારણભૂત છે. નિરંતર તેની પાસે રહેનારા દુષ્ટ **અધ્યવસાય** નામના સુભટો છે; જેઓ ચારે દિશાએ ફરીને મનુષ્યોને ઉન્માર્ગે લઇ જાય છે. **આત્મોત્કર્ષ**, **પરાક્ષેપ** એ આદિ તેના મુખ્ય ભાઇઓ છે, તેઓ જેમ વરસાદ વાયુને અનુસરીને વર્ત્તે છે, તેમ તે ( મોહ ) નેજ અનુસારે વર્ત્તન કરે છે.



આ પ્રમાણે મોહરાજાની નવી પ્રભુતા સાંભળીને નિવૃત્તિ ( વિવેક નામના ) પોતાના પુત્રસહિત પવન થકી પણ વેગવાળી થઇ. ( અર્થાત્ ઘણી ઉતાવળી દૂર જવા લાગી ). દોડવાપૂર્વક લાંબો માર્ગ ઉલ્લંઘન કરવાથી તે ઘણી થાકી ગઈ; તેથી તે વિશ્રામ લેવાની ઇચ્છા કરે છે એવામાં નજીકમાં એક યજ્ઞનો વાડો તેણે દીઠો.

મંત્રથી પવિત્ર કરેલ પાણીના સિંચવા (છાંટવા)થી પૃથ્વીતળ જ્યાં ઠંડું થયું છે, દેશાંતરના ઋત્વિજ (યજ્ઞના ગોર)ને અંદર લાવીને પગ ધોવાનું પાણી જ્યાં અપાય છે, અને અંદર સ્થાપન કરેલ યજ્ઞના સ્તંભની સાથે જ્યાં બકરાને બાંધ્યો છે એવા, યથાયોગ્ય શ્રુતિપાઠને માટે સાભિપ્રાય બ્રાહ્મણના સમૂહવાળા, અડદ ઘી પ્રમુખ હોમવા લાયક વસ્તુના ભાજનો (વાસણો)થી શોભિત, ઉદ્ધંઠ સ્વભાવવાળા બ્રાહ્મણોના બાળકો બકરાને મારવાના અવસરની પ્રાર્થના કરી રહ્યા છે જેને વિષે એવા, વષટ્કાર મહામંત્રના ઉચ્ચારણના કોલાહલથી આકુલ થયેલા અને નિરંતર સળગાવેલા ત્રેતા અગ્નિ (દક્ષિણાગ્નિ, હવનીયાગ્નિ અને ગાર્હપત્યાગ્નિ, એ ત્રેતા અગ્નિ કહેવાય છે) ના ધૂમના સ્પર્શે કરી ઉલ્લાસ પામતા મનુષ્યવાળા યજ્ઞપાટકની અંદર પ્રવેશ કરીને વૈરીની શંકાથી ચારે તરફ નજર ફેંકતી નિવૃત્તિએ મારવાને માટે બ્રાહ્મણવડે પ્રોક્ષણ કરાતા (મંત્ર ભણીને પાણી છંટાતા) બકરાઓને જોયા. તે જોઇને નિવૃત્તિ વિચાર કરવા

લાગી કે અરે ! આ નિરપરાધી પ્રાણીઓને અપરાધીની માફક આ બ્રાહ્મણો કેમ દુઃખ આપે છે? અહો ! આ યજ્ઞપાટકમાં મત્સ્યગળાગળ ન્યાય (નાના માછલાને મોટું માછલું ગળી જાય, તેને વળી તેનાથી મોટું ગળી જાય. આને મત્સ્યગળાગળ ન્યાય કહે છે.) પ્રવર્તવા લાગ્યો જણાય છે. અરે ! આ જગત્ ધણીવિનાનું છે. જો આ વેદ સંબંધી મંત્રોમાંજ અપૂર્વ શક્તિ છે, એમ આ બ્રાહ્મણો ઉદ્દ્ઘોષણા કરે છે તો મારવાના વ્યાપાર વિનાજ આ બકરાઓ પ્રાણથી મુક્ત થાઓ, અર્થાત્ તે માર્યા વિનાજ મરીજવા જોઈએ. વળીજો વેદ સંબંધીમંત્રોની શક્તિ પ્રમાણ સહિત હોય તો આ બ્રાહ્મણોથી મરાતા બકરાઓને કિંચિત્ પણ વેદના ન થવી જોઇએ. તેમજ જો વેદ સંબંધી મંત્રોમાં અતિશયવાળી શક્તિ છે તો શાંતિને માટે વાઘને હોમવાથી શામાટે દેવો તૃપ્ત થતા નથી? ઉત્સાહ વિનાની દૃષ્ટિવાળા અને બરાડા નાંખતા બકરાઓને નિર્દયપણે મારીને ધર્મ કરનારા આ યાજ્ઞિકો કસાઇને પણ ઓળંગી જાય છે. (કેમકે કસાઈ જીવને મારીને ધર્મ કહેતા નથી અને આ લોકો તો ધર્મ કહે છે.) વળી જો વેદના મંત્રવડે યજ્ઞમાં હોમાયલાં પ્રાણીઓ સ્વર્ગમાં જતાં હોય તો, ઇષ્ટ છે સ્વર્ગ જેને એવાં પોતાનાં વહાલાં માતપિતાઓવડે તે યજ્ઞ કરાવો જોઈએ, (અર્થાત્ વહાલાં માતપિતાઓને સ્વર્ગમાં પહોંચાડવા માટે તેમનો યજ્ઞમાં હોમ કરવો જોઇએ.) વેદના મંત્રવડે પરણેલી સ્ત્રીઓનું પણ વિધવાપણું જોઇને કયો વિદ્વાન્ પુરૂષ વેદનું નિર્દોષપણું માન્ય કરશે? કોઇ નહીં કરે. જ્યાંસુધી વેદના કહેવાવાળામાં રાગદ્વેષાદિના અભાવનો સુનિશ્ચય ન થાય



ત્યાંસુધી વેદવાકયમાં સત્ય પ્રતીતિ અમે તો રાખી શકતા નથી. જેઓ વેદને 'પુરૂષથી પેદા થયેલ નથી' એમ કહે છે તેઓ ઉલટા વેદ ઉપરથી વિશ્વાસ ઉઠાડી નાખનારા વેદના શત્રુઓ છે; કેમકે પ્રમાણિક પુરૂષોનાં વચનથીજ જગત્‌માં વિશ્વાસ પેદા થાય છે. પાંખ, નખ, દાઢા કે પગના બળ વિનાના બકરાઓને યજ્ઞમાં હોમીને યજ્ઞ કરવાવાળાઓ "દૈવ દુર્બળનો નાશ કરે છે" એ લોકમાં ચાલતી ખોટી વાતને સત્ય કરી બતાવે છે. યજ્ઞને માટેજ પશુઓને પેદા કરવામાં આવ્યાં છે એમ જો સ્મૃતિ કહેતી હોય તો તે (પશુ)ના માંસ ભક્ષણ કરનાર રાજાઓને તેઓ (સ્મૃતિના જાણનારાઓ) શામાટે અટકાવતા નથી? (અર્થાત્ માંસ નહીં ખાવાનો ઉપદેશ શામાટે આપતા નથી?) માંસ ભક્ષણ કર્યા શિવાય રાજાઓમાં પૃથ્વીનું રક્ષણ કરવાને લાયક બળ પ્રાપ્ત થતું નથી એમ જો તેઓ (સ્મૃતિના જાણનારા) કહેતા હોય તો તે કહેવું પણ યુક્ત નથી, કેમકે દૂધ અને ઘીવડે પણ તેવું બળ પ્રાપ્ત થઈ શકે છે. કેટલાક એમ કહે છે કે 'જીવોનો વધ કરવામાં દોષ છે; પણ માંસ વેચાતું લાવીને ખાવામાં દોષ નથી' આ કહેવું પણ દુર્બુદ્ધિ ભરેલું છે. કેમકે જો માંસ ખાવાવાળા ન હોય તો જીવોને કોણ મારે? તેટલામાટે હણવાવાળો અને ખાવાવાળો એ બેઉ પાપના સરખા ભાગીદાર છે. મનુ કહે છે કે—"અનુમોદના કરવાવાળો, ઠાર મારવાવાળો, હણવાવાળો, લેવડદેવડ કરવાવાળો, માંસ રાંધવાવાળો, પીરસનારો અને (માંસનો) ખાનારો આ સર્વ જીવના ઘાત કરવાવાળા છે." જે નિર્વિચાર બુદ્ધિવાળાઓ પોતાના સિદ્ધાંતના રાગથી હિંસાને પણ વેદ-

લાગી કે અજ્ઞાથી અહિંસા કહે છે, તેઓ નાસ્તિક મતવાળાને શાઆ બ્રાહ્મક્રોશ કરે છે? (કારણકે તેઓ પોતે પણ તેવુંજ આચરણ ત્સ્યગઃ) અરે! જેઓનું મન પંચેંદ્રિયના જીવોનો વધ કરવામાં તો કાતું નથી તેઓને કુંથુવા અને પુરા પ્રમુખ જીવોના વધમાં તો દયા ક્યાંથી હોય? જેઓને જીવોનો વધ કરવો એ ધર્મ છે, પાણી એ તીર્થ છે, ગાય નમસ્કાર કરવા યોગ્ય છે, ગૃહસ્થ ગુરૂ છે, અગ્નિ દેવતા છે અને કાગડો (દાન આપવા માટે) પાત્ર છે, તેઓની સાથે મારે પરિચય શું કરવો? અર્થાત્ નિવૃત્તિ વિચાર કરે છે કે તેઓની પાસે રહેવાથી મને કાંઈ ફાયદો નથી. (યજ્ઞમાં એકઠા થયેલ) આ સર્વે મારી શોક પ્રવૃત્તિના પક્ષપાતી છે તેમજ મોહની પુત્રી મારિ ( જીવોનો વધ કરવાને ) પણ અહીં છે, એમ વિચાર કરીને નિવૃત્તિ ત્યાંથી આગળ ચાલી.

ફરી પણ ચાલવાના શ્રમથી પીડાયેલી વિશ્રામને માટે આમ તેમ જોતી નજીકમાં યજ્ઞના દ્વેષી ભાગવત મતના સમુદાયને તેણીએ જોયો. લંગોટી માત્ર વસ્ત્ર છે જેનું એવા, ફક્ત દંડ અને કમંડળ છે ઉપગરણ જેનાં એવા અને રૂદ્રાક્ષની માળાયુક્ત આ ભાગવતનું અવલંબન કરીને નિવૃત્તિ જેટલામાં ત્યાં રહેવાની ઇચ્છા કરે છે તેટલામાં 'બ્રહ્મ વિના આ સઘળો પ્રપંચ મિથ્યા છે' આવો તે ભાગવતના મુખમાંથી નીકળતો શબ્દ તે [નિવૃત્તિ] ને કાને આવ્યો. તે સાંભળી વિવેક કહે છે—હે માતા! અહીં શામાટે વિલંબ કરો છો? તમે સાંભળો તો ખરાં! કાનમાં તપાવેલા સીસાના રેડવા તુલ્ય આ લોકો આમ કેમ બોલે છે? જો તેઓ પરબ્રહ્મ વિના સઘળું મિથ્યા કહે છે તો તૃષા લાગવાથી તેઓ નદીની શા



માટે પ્રાર્થના કરે છે? [ઇચ્છા કરે છે?] અને મૃગતૃષ્ણા [ જેને ઝાંઝવા કહે છે તે ]ની શામાટે ઇચ્છા કરતા નથી? [ કારણકે ઝાંઝવા અને પાણી એ બેઉ તેઓને મન મિથ્યા છે તો અઃ ઝાંઝવાથી તેઓનું કાર્ય કેમ સિદ્ધ થતું નથી?] જો આ લોકોનું 'પરબ્રહ્મ વિના સઘળું મિથ્યા કહે છે' તે [બોલવું] પણ પ્રગટ રીતે જુઠું છે તો તેઓના ઉપર આપણે ભરોંસો શો કરવો? જો તેઓ પરમાર્થ દૃષ્ટિવાળા થઇને એમ કહેતા હોય કે આ સઘળો પ્રપંચ મિથ્યા છે તે પરમાર્થ દૃષ્ટિથી અમે કહીએ છીએ. [ અને પરમાર્થ દૃષ્ટિએ આત્મા નિત્યમુક્ત છે ] તો તે ભાવશુદ્ધિ યુક્ત છે છતાં નદીને કિનારે જઇ નિરંતર શામાટે સ્નાન કરે છે? કેમકે શુદ્ધ આત્માને પવિત્ર થવા માટે કાંઈ પણ કરવા જેવું નથી. પાણીથી શરીરની પવિત્રતા, આહાર કરવાથી તૃપ્તિ, શાસ્ત્રોથી બુદ્ધિની પટુતા અને વચનો સાંભળવાથી બોધનું થવું—એ સર્વ જાણતાં છતાં આ લોકો શામાટે સર્વ વસ્તુનો અપલાપ ( ઓળવવું ] કરે છે? વળી તેઓ જળમાં દેખાતા ચંદ્રના દૃષ્ટાંતથી કહે છે કે 'આત્મા તો એકજ છે.' [ જેમ ચંદ્ર એક છે છતાં સેંકડોગમે પાણીનાં ભરેલાં વાસણોમાં તેનું પ્રતિબિંબ જુદું જુદું પડે છે તેમ આત્મા એકજ છે પણ તેનાં પ્રતિબિંબ અનેક શરીરોમાં જુદાં જુદાં છે.) પરંતુ તેઓનું આ કહેવું પણ ઠીક નથી કેમકે વિચાર રૂપ ઘરમાં તે પ્રવેશ કરી શકતું નથી, અર્થાત્ યુક્તિયુક્ત નથી.

તેજ બતાવે છેઃ—કેટલાક પ્રાણીઓ દેવપણે ઉત્પન્ન થાય છે તો કેટલાક નારકીપણે ઉત્પન્ન થાય છે; કેટલાક બ્રાહ્મણપણે તો કેટલાક મ્લેચ્છપણે ઉત્પન્ન થાય છે; કેટલાક પુરૂષપણે તો કેટલાક

સ્રીપણે ઉત્પન્ન થાય છે; કેટલાક ભોગને ભોગવે છે, તો બીજા દીનમુખવાળા થઇ રોગોને ભોગવે છે; કેટલાક બુદ્ધિમાં બૃહસ્પતિને પણ હઠાવે એવા હોય છે, ત્યારે બીજા કેટલાએક મૂર્ખ હોય છે. કેટલાક કૃમી કીડા, અને પંતગીઆ આદિ થાય છે ત્યારે બીજા કેટલાએક ઘોડા અને હાથી વિગેરે થાય છે. જો એકજ આત્મા હોય તો આવા પ્રકારનું વિશ્વનું વિચિત્રપણું કેમ ઘટી શકે ? વળી તેનીજ સિદ્ધિને માટે તેના પંડિતોએ જળ અને ચંદ્રનું જે દૃષ્ટાંત કહ્યું છે તે પણ બાળકના આલાપની માફક યુક્ત નથી. કારણકે તે યુક્તિથી સિદ્ધ થાય તેવું નથી.

જુઓ, આકાશમાં ચંદ્ર ઉદય પામે છે, અસ્ત થાયછે, ઢંકાઇ જાય છે, રાહુથી ગ્રસિત થાય છે, દુર્બળ થાય છે અને પુષ્ટ થાય છે. આ સર્વ (ઉદય, અસ્ત, ઢંકાવું, ગ્રસાવું, દુર્બળ થવું અને પુષ્ટ થવું ) જળના વાસણોમાં દેખાતા ચંદ્રને પણ થાય છે અર્થાત્ તેજ પ્રમાણે જળના વાસણમાં દેખાતો ચંદ્ર પણ ઉદય પામે છે, અસ્ત થાય છે, ઢંકાય છે, ગ્રસિત થાય છે, દુર્બળ થાય છે અને પુષ્ટ થાય છે. પરંતુ તેવીરીતે આત્માના સંબંધમાં કાંઇ થતું નથી; અર્થાત્ એક આત્મા મોક્ષે ગયો કે એક દુઃખી થયો તો તે પ્રમાણે સર્વ મોક્ષે જવા જોઇએ અગર સર્વ દુઃખી થવા જોઈએ. આ માંહેનું કાંઇપણ થતું નથી. માટે જળ અને ચંદ્રનું દૃષ્ટાંત બાળકના આલાપની માફક યુક્તિરહિત છે; અને કર્મની વિચિત્રતા સિદ્ધ હોવાથી અનેક આત્મા સિદ્ધ થાય છે. 'જેમ સમુદ્રમાં કલ્લોલો ઉત્પન્ન થાય છે અને અદૃશ્ય થાય છે (પણ સમુદ્ર તો એકજ છે) તેમ આ સર્વે એક આત્માના વિશેષો છે પણ તેનાથી તે જુદા નથી.'



એ પ્રમાણે તેઓ કહેતા હોય તો તે પણ યુક્ત નથી કારણ કે તે કલ્લોલો સમુદ્રના જેવાજ હોય છે (પણ તેનાથી જુદા રૂપના હોતા નથી) અને આ પક્ષમાં તો અમૂર્ત (અરૂપી) આત્માના મૂર્ત (રૂપી) વિશેષો કહેવા એ દુર્વચન છે, અર્થાત્ તે કહેવું પણ અસત્ય છે. આ ત્યાગી લોકો પણ જો આ પ્રમાણે અસમંજસ બોલેછે તો(વિવેક કહે છે કે હે મા ! ) હું એમ માનુંછું કે આ સર્વ લોકો મોહ રાજાના (મિથ્યાત્વ) પ્રધાનને આધીન છે. હે મા! મારી કુશળતાવડે કુશળ કાર્યમાં જો તારૂં મન સંતોષ પામતું હોય તો તું થાકી ગઈ છે તો પણ નદીના કિનારાની છાયાની માફક આ લોકોના આશ્રયનો તું ત્યાગ કર.

આ પ્રમાણે પુત્રની પ્રેરણાથી પરમૈશ્વર્યવાળી નિવૃત્તિ (તે આશ્રમનો ત્યાગ કરી) આગળ રસ્તે ચાલવા લાગી. ચાલતાં ફરી થાકી ગઈ, ત્યાં કોઇ એક ઠેકાણે તેને તાપસનું આશ્રમ માલમ પડ્યું.

તાપસના આશ્રમનું વર્ણન—પ્રયત્ન વિના મળી શકતા ખાખરાનાં પાંદડાંની ઝુંપડીમાં રહેવાવાળા, જટાને ધારણ કરવાવાળા અને વિષયોને ભોગવીને કલ્યાણની ઇચ્છાથી ભોગનો ત્યાગ કર્યોછે જેણે એવા તાપસોથી યુક્ત, બાળક ઋષિઓ પાણીના કુંભોથી નાનાં વૃક્ષને જ્યાં સિંચી રહ્યાછે એવા, પદ્માસનમાં બેઠેલા મુનિઓના ખોળામાં મૃગનાં બાળકો [બચ્ચાં] જ્યાં ક્રીડા કરી રહ્યાં છે એવા, વૃદ્ધ તાપસોના ચાલવાથી જ્યાં ઋષિઓની પર્ષદા (માન આપવા માટે) વ્યગ્ર થઇ રહીછે એવા, જ્યાં ઝુંપડીના આંગણામાં તૃણ ધાન્ય અને તંદુળ સુકાઇ રહ્યાં છે એવા તેમજ

જ્યાં પોપટને ભણાવાય છે અને રૂદ્રાક્ષની માળા ગુંથાઇ રહીછે એવા આશ્રમમાં એકદમ પ્રવેશ કરીને વિશ્રામ લેવાને માટે તે [નિવૃત્તિ] ચારે બાજુ જોવા લાગી તો તેઓનું બીજને સુકવવું, મૂલ, કંદ, ફળ અને છાલને જુદી પાડવી, વૃક્ષોને પાણીનું સીંચવું અને દર્ભનું છેદવું ઇત્યાદિ જોઇને તે [પોતાના મનમાં] બોલવા લાગી કે 'આ તાપસો મોહ રાજાના આરંભ નામના પુત્રના વિશ્વાસપાત્ર જણાયછે તેથી હું થાકી ગઇછું તો પણ ચોરના [આશ્રયભૂત] ઝાડની માફક મારે આ આશ્રમનો દૂરથીજ ત્યાગ કરવો યોગ્ય છે; આ પ્રમાણે વિચારીને તે આગળ ચાલવા લાગી. વળી નિરંતર ચાલવા વડે થાકી જવાથી કૌલમતવાળા [શાક્ત ઉપાસક] ને જોઇને ત્યાં રહેવાને માટે તે બહુ કાળ સુધી વિચાર કરવા લાગી.

કૌલમતની માન્યતાનું વર્ણન—જેવી રીતે દેડકાના શબ્દ વડે તૃષાતુર થએલું હાથીનું ટોળું પાણીના ખાબોચીયા પ્રત્યે આકર્ષણ પામેછે તેમ [અમુક પ્રયોગથી] કામ ઇત્યાદિની સિદ્ધિની ઉદ્ઘોષણા વડે મનુષ્યોના મનનું આકર્ષણ કરતું, મધની ધારાવડે માખીઓની માફક મનને ગમે તેવી ધાતુવાદાદિ [સુવર્ણાદિ ધાતુની ઉત્પત્તિ અગર પ્રાપ્તિ થાય તેવી] વાર્તા વડે કણ કણ અવાજથી આકુલ થએલા લોકોને વ્યગ્ર કરતું જેમ ધરીના ખીલાવડે રથ દઢ કરાયછે તેમ મુખથી નાથ, નાથ એમ બોલવા વડે સદ્ગતિને માટે આસક્ત એવા મન રૂપ રથને દઢ કરતું, ઇડા અને પિંગળા નાડીના વાયુો રોકીને પોતાના નાકમાં નાં પુંભડાં



રાખી સુષુમ્ણા નાડીના વાયુના સંચારને દેખાડતું, રાખથી શરીર ખરડતું અને અનેક પ્રકારનાં આસનના અભ્યાસ કરવાની ઇચ્છાવાળું આ કૌલમંડળ મારી વિશ્રામની ઇચ્છા પૂર્ણ કરવાવાળું છે એમ વિચાર કરીને તેની સન્મુખ જતાં તે મંડળના સભાસદોના મુખથી અભિમાનવાળા અને કઠોર આ પ્રમાણેના શબ્દો તેના શ્રવણગોચર થયા—"વિધવા થએલી અને ક્રોધથી દીક્ષિત થએલી એ ધર્મ સ્ત્રીઓ છે અર્થાત્ તેને ભોગવવામાં હરકત નથી. માંસ અને મદિરા જેમાં ખવાય પીવાયછે, ભિક્ષાવૃત્તિથી ભોજન કરાય છે અને ચામડાના કટકા શય્યા તરીકે વપરાય છે એવો કૌલધર્મ કોને રમણિક ન લાગે?" આ શબ્દો સાંભળતાં નિવૃત્તિ વિચાર કરવા લાગી કે અરે! આ તો મોહના મિત્ર ચાર્વાક [નાસ્તિક]ના નાનાભાઇ છે તેની સોબત કરવી એ મને યોગ્ય નથી. આ પ્રમાણે બોલીને ચપળ સ્વભાવવાળી નિવૃત્તિ ત્યાંથી ચાલી નીકળી.

ત્યાર પછી જેઓ ક્ષણ ક્ષયી સર્વ ભાવને કહે છે એવા બૌદ્ધ લોકોને વિષે પણ તેની વિશ્રામ લેવાની ઇચ્છા ન થઇ. કેમકે જેમને પોતાને બીલકુલ સ્થિરતા નથી તેઓ બીજાને સ્થિરતા આપવાવાળા કેવી રીતે થાય? સ્તંભ પોતેજ પડવાની તૈયારીમાં હોય તો તે સભાને આધાર દેવા વાળો કેવી રીતે થાય? (બૌદ્ધની માન્યતા ઉપર નિવૃત્તિ આક્ષેપ કરે છે અથવા (વતર્ક કરે છે) જે માણસે કર્મ કર્યું તે માણસનો નિરન્વય નાશ થવાથી બીજા ક્ષણે બીજો નવો ઉત્પન્ન થયો; તો તે પહેલાં માણસનું કરેલું કર્મ કેમ ભોગ-

વે? બીજા માણસે સ્ત્રીની સાથે વિવાહ કર્યો, (તે ક્ષણમાં નષ્ટ થવાથી) તેને ભોગવવાવાળો બીજો થયો, પુત્રનો જન્મ આપનાર બીજો થયો અને તેનો પિતા પણ જુદોજ કહેવાય આ કેવી વાત? અપરાધ બીજા માણસે કર્યે સતે તેનો દંડ બીજા જુદાજ માણસને અપાય. આ પ્રમાણેની બૌદ્ધ લોકોની ન્યાયની નવીન કલ્પના આશ્ચર્યકારક છે અથવા ખેદદાયક છે. ખાવાથી તૃપ્તિ થવી, ચાલવાથી થાકીજવું અને ઔષધથી રોગની શાંતિ થવી આ સર્વ વ્યવહાર આત્માની સ્થિરતા ( ક્ષણક્ષણમાં આત્માનો ક્ષય ન થાય એવી માન્યતા કર્યા ) વિના બની શકે તેમ નથી— તે આત્મા ક્ષણવિનશ્વર હોય તો પછી પુણ્યપાપ શું? સ્વર્ગ અને નરક શું ? અને મોક્ષ શું? આ સર્વ જગત્ શૂન્યજ થઇ જશે—અરે! આ તો મોહની સ્ત્રી જડતાના ભક્તો છે. અહીં આવેલી મને રખેને તેઓ દેખે. આ પ્રમાણે નિવૃત્તિ વિચાર કરે છે તેટલામાં તેઓના ગુરૂનું કથન કરેલું શ્રુત સંબંધી વાક્ય ત્યાં તેણે સાંભળ્યું—" કોમળ શય્યામાં સુવું, પ્રાતઃકાળમાં ઉઠીને દુધ પીવું, મધ્યાન્હે અનાજ ખાવું, છેલ્લા પ્રહરમાં પીવાલાયક પદાર્થનું પાન કરવું , દ્રાક્ષ અને સાકર મધ્ય રાત્રિએ ખાવાં. આ પ્રમાણે કરવાથી અંતે શાક્ય પુત્રે (બુદ્ધે ) મોક્ષ દીઠો છે અર્થાત્ (બૌદ્ધ કહે છે કે આ પ્રમાણે વર્ત્તનાર મોક્ષને પામે છે. )"

આ વચન સાંભળી દુઃખી થયેલી નિવૃત્તિ વિચાર કરવા લાગી—" અરે ખેદની વાત છે કે સર્વોત્કૃષ્ટ મોક્ષતત્ત્વને આ લોકો વિડંબિત કરે છે. મોક્ષના અભિલાષીઓને આવી (કોમળ શય્યામાં



સુવું વિગેરે ) શીખામણ આપવી તે કર્પૂરની ઇચ્છાવાળાને લવણ (મીઠું) આપવા બરોબર તેઓએ કર્યું છે. કારણ કે ઉપર કહ્યા પ્રમાણે (કોમળ શય્યામાં સુવું વિગેરે) કરવાથી નિશ્ચે ઇંદ્રિયોનું પોષણ થાય છે, અને ઇંદ્રિયોની પુષ્ટિ થવાથી સંસારરૂપ સમુદ્રની વૃદ્ધિ થાય છે. દિશાઓના વિભાગને પણ નહીં જાણનારા પુરૂષોએ બીજાને માર્ગનું નિરૂપણ કરવું ( રસ્તો બતાવવો ) એ જેવી રીતે અનુચિત છે તેમ મોક્ષ અને સંસારનો ભેદ નહીં જાણનારાઓએ ગુરૂપણું ધારણ કરવું એ અયોગ્ય છે. મોક્ષને નામે ભોળા લોકોને સંસારરૂપ કુવામાં ફેંકતા આ ધૂર્ત લોકોનો વિશ્વાસ કરવો તે મને ઉચિત નથી. " એમ વિચાર કરીને તે (નિવૃત્તિ) ત્યાંથી ચાલવા લાગી. આગળ ચાલતાં કાપાલિક, નાસ્તિક, નીલપટ, કુંભચટક અને આરાહમાણક વિગેરે જે જે મતો તેણે જોયા તે સર્વે મોહરાજાના મિત્ર છે એમ જાણી વૈરીના પક્ષપાતીઓનો પણ વૈરીની માફક તેણે દૂરથીજ ત્યાગ કર્યો.

આ પ્રમાણે ભમી ભમીને ઘણી થાકી ગયેલી અને વિશ્રામની ઇચ્છાવાળી નિવૃત્તિને દુરાત્માઓથી દુઃખે પામી શકાય ( ખરાબઆચરણવાળાઓને ન પામી શકાય ) તેવું **પ્રવચન** નામનું શહેર મળ્યું; જેમાં મનોહર **ચારિત્ર** નામના મહેલ ઉપર રહેલા ધર્મધ્વજો ( રજોહરણ) જોવા માત્રથી પણ મનુષ્યોના પરિશ્રમને શમાવે છે. જ્યાં પવિત્ર આશયવાળા ઉત્તમ પુરૂષો ઉપદેશના મિષથી પાપકર્મરૂપ ચંડાળનો અંદર પ્રવેશજ અટકાવે છે. જ્યાં મધ્ય ભાગની અંદર સાધુ લોકો રહે છે અને બહારના ભાગમાં સમ્યગ્

દૃષ્ટિ જીવો રહે છે, જેની સાથે ઇંદ્રો પણ મિત્રતા કરવાની અભિલાષા રાખે છે. નિરંતર તાત્ત્વિક ( આત્મ સંબંધી ) સુખનેજ ભોગવતા એવા તેમાં વસતા લોકો દેવ સંબંધી સવિકલ્પીક સુખને તૃણની માફક પણ માનતા નથી; અર્થાત્ દેવ સંબંધી સુખને તૃણથી પણ હલકું માને છે. કારણકે રાજ્યની પ્રાપ્તિવાળાને જેમ ભંડાર દુર્લભ નથી તેમ જેનું નામ સાંભળવાથી પણ પ્રાણીઓને મહા સુખ થાય છે એવી મોક્ષનગરી તે **પ્રવચન** શહેરમાં રહેનારા લોકોને દુર્લભ નથી.

પોતાને લાયક સ્થાનના લાભની ચિંતાથી પીડાએલી નિવૃત્તિએ તે શહેરમાં શાંતિના કારણભૂત **અક્ષદમન** ( પાંચે ઈંદ્રિયોને વશ કરવી તે ) નામનું વન દીઠું; જ્યાં સાધુઓના મુખરૂપ કુંડથી પેદા થએલું અને કર્ણરૂપ નીકની સાથે મળેલું અર્હત્ ભગવાનનાં વચનરૂપ અમૃત, ઘણા ભવભ્રમણથી ખેદ પામેલા જીવોને સુખ આપે છે; અને જ્યાં ધર્મશ્રુતિરૂપ લતા (વેલી ) થી પેદા થએલ ઉત્તમ કાવ્યરૂપ પુષ્પોના અર્થરૂપ મકરંદ (પુષ્પના રસ ) નું પાન કરીને યોગીના મનરૂપ ભમરાઓ આનંદિત થઇ રહ્યા છે. તે પવિત્ર વનમાં પરિશ્રમ દૂર કરવા માટે વિશ્રામ લેતી નિવૃત્તિએ, નજીકમાં ત્રણ ભૂમિવાળા ઉંચા યોગ ( જ્ઞાન, દર્શન અને ચારિત્ર ) રૂપ મહેલમાં રહેનાર, સ્નિગ્ધ અને ગંભીર દૃષ્ટિના પાતથી પાપના સમૂહનો નાશ કરનાર, કોમળ અને દેદીપ્યમાન આકૃતિ વડે પોતાને અલૌકિક જણાવનાર, સર્વ વિદ્યાનું રક્ષણ કરનાર, પાપી જીવોને ભય ઉપજાવનાર અને દેખવાથીજ આનંદ આપનાર કોઇ એક દિવ્ય-આકૃતિ-



વાળા મનુષ્યને જોયો. તે વખતે હર્ષના ઉત્પન્ન થવા વડે રોમાંચથી ઉલ્લસિત શરીરવાળી અને પોતાને સુખી માનતી નિવૃત્તિએ તીર્થની માફક તેને નમસ્કાર કર્યો. તે પુરૂષથી પણ સુખે આવવા પ્રમુખ પ્રશ્ન પૂર્વક કોમળ શબ્દોથી બોલાવાયેલી ( નિવૃત્તિ ) એ મેઘથી સીંચાયેલી જમીનની માફક પૂર્વનો સઘળો તાપ દૂર કર્યો. પછી નિવૃત્તિએ પુછ્યું કે 'હે બુદ્ધિના નિધાન! તમે કોણ છો? આ વનમાં શા માટે રહો છો? અને શું શું જાણો છો? તે જો બીજાનું હિત કરવાની તમારી ઇચ્છા હોય તો મને સાચે સાચું કહો.' તે પુરૂષે કહ્યું કે 'કલ્યાણી! સાંભળો. માયા રહિત પુરૂષોને કાંઇ પણ ગોપવવા યોગ્ય હોતું નથી. મારૂં નામ **વિમળબોધ** છે અને હું પ્રસિદ્ધી પામેલો સિદ્ધપુરૂષ છું. નજીકમાં આવેલા આ પ્રવચન શહેરના મુખ્ય અધિપતિ અર્હંત નામના રાજાએ તે તે જાતના વૃક્ષોના સ્થાનરૂપ ઇંદ્રિયદમન નામના આ વનનું રક્ષણ કરવાને માટે મને નીમ્યોછે. આ [યોગ નામના] મહેલની પહેલી ભૂમિકામાં રહીને હું આ વનનું રક્ષણ કરૂં છું અને સંતોષ તથા પુષ્ટિ કરવાવાળા આ વનના ફળોવડે આજીવિકા કરૂંછું. આ અર્હંત પ્રભુની મારા ઉપર કોઇ અતિશયવાળી પ્રસન્નતા છે કે તેણે કરીને પરોક્ષ વસ્તુઓને પણ પ્રત્યક્ષની માફક જોઉં છું". આ પ્રમાણે સાંભળીને પ્રેમથી નમ્ર થએલી નિવૃત્તિ હાથ જોડીને તેને કહેવા લાગી કે "હે સમગ્ર જગતને ઉપકાર કરવાવાળા! કોઈ પુણ્યના ઉદયથી મેં તમને જોયાછે. અરે! સ્ત્રીપણું, પતિ તરફથી પરાભવ, પુત્રની બાલ્યાવસ્થા અને ઘણા વખતથી ભટકવું ઈત્યાદિ મારા દુઃખ-

સમૂહનું તમારી આગળ હું કેટલું વર્ણન કરૂં? હે કરૂણાની ખાણ! હે પિતા! હમણાં અકસ્માત્ તમારૂં દર્શન થવાથી મારાં સર્વ દુઃખોનો આજે નાશ થયોછે. હવે હે સૌમ્ય! મારા ઉપર પ્રસન્ન થઇને તમે સ્પષ્ટ કહો કે કાંઇ પણ પ્રભુતા [ઠકુરાઈ]ને પામીને સુખી થએલા મારા પુત્રને હું ક્યારે જોઇશ?" તે [વિમળબોધ] પણ તે વિવેક બાળકને પોતાના ખોળાનો સંગી કરીને [પોતાના ખોળામાં બેસાડીને] તેના દોષ રહિત સર્વ લક્ષણોને જોઈ નિવૃત્તિને આ પ્રમાણે કહેવા લાગ્યા કે "હે ભાગ્યવાન સ્ત્રી! મારૂં કહેવું તમે માનો તો હું તમને તેનો ઉપાય કહું છું, કારણ કે પ્રમાણિક પુરૂષનાં વચનનું ઉલ્લંઘન ન કરવું તેજ ઇષ્ટસિદ્ધિનું કરવાવાળું છે. જુઓ! **સન્માર્ગણા**(ઉત્તમ માર્ગની ગવેષણા) નામની મારી સ્ત્રીની કુક્ષીથી પેદા થયેલી અને પંડિત પુરૂષોને વર્ણન કરવા લાયક **તત્વરૂચિ** નામની મારે એક કન્યા છે. હે મૃગલોચના! યૌવનાવસ્થાને પામેલી તે તત્વરૂચિને જો તમારો પુત્ર પરણે તો આ તમારા પૂછેલા પ્રશ્નનો સાર હું કહું. આ વિવેક સકળ ઉત્તમ આચારવાળો છે, અને આ તત્વરૂચિ પણ જન્મથીજ પ્રકાશિત છે. આ બેઉનો મેળાપ ચંદ્રમા અને પૂર્ણિમાની માફક યોગ્ય છે." આ પ્રમાણેનાં વિમળબોધનાં વચન સાંભળીને અને કન્યાને પૂર્વોક્ત ગુણવાળી જોઇને રોમાંચથી વિકસ્વર શરીરવાળી નિવૃત્તિ તેને કહેવા લાગી કે "હે ઉત્તમ પુરૂષ! અનુભવ કરેલ પરાભવરૂપ વ્રણ(ગુમડા)ને રૂઝાવવાને સંરોહિણી ઔષધી સમાન અને પુત્રના પાણિગ્રહણની ચિંતારૂપ સમુદ્રને તરવાને હોડી સમાન તમારી વાણી જયવાન થાઓ.



(અર્થાત્ તમારાં વચન મારી બંને ચિંતા દૂર કરનારાં છે). અહો! મારૂં ભાગ્ય! અહો મારૂં ભાગ્ય! કે મને રહેવાના સ્થાનનો પણ સંશય હતો ત્યાં અકસ્માત સાક્ષાત્ લક્ષ્મીના સરખી વહુ પ્રાપ્ત થઈ. કલ્યાણની ઇચ્છાવાળી હું તમારાં વચનની અવગણના કરૂં એ નજ બની શકે. જીવવાની ઇચ્છાવાળો કયો માણસ મળેલા અમૃતનો આદર ન કરે? અર્થાત્ સર્વ આદર કરે." આ પ્રમાણે સાંભળી વિમળબોધ સિદ્ધ પુરૂષ કહે છે કે "હે પંડિતા! જો એમજ છે(અર્થાત્ મારૂં વચન તમે માન્ય કરોછો) તો હવે વિલંબ શામાટે કરોછો? પૂછ્યા વગરજ આ મુહૂર્ત આવ્યું છે કે જ્યાં આપણા બંનેનો સમાગમ થયો છે." ત્યાર પછી પોતાના મનના ઉલ્લાસને ઉચિત મહોત્સવ કરેલ છે જેણે એવા વિમળબોધે તત્વરૂચિ નામની પોતાની પુત્રીને તત્કાળ વિવેકની સાથે વિવાહિત કરી. પછી પુત્રીને યોગ્ય સ્થાને આપવાથી હર્ષિત થએલો અને જગતનું હિત કરનારો સિદ્ધ પુરૂષ નિવૃત્તિને કહેવા લાગ્યો કે "હે મહાભાગ! તમે સાંભળો—જેમ ચંદ્રમાની વૃદ્ધિ અને હાનિ થાય છે તેમ સંપદા અને વિપદા મહાન્ પુરૂષોનેજ પ્રાપ્ત થાય છે. સંગ્રામને વિષે શસ્ત્રના પ્રહાર અને રાજાના ગૃહાંગણમાં સોનાનાં આભૂષણ એ બેઉ જાતિવાન્ ઘોડાનેજ પ્રાપ્ત થાય છે, પણ મહાપુષ્ટ એવા ગધેડાને પ્રાપ્ત થતાં નથી; મહાન પુરૂષો આપદાને વિષે પણ પોતાના સ્વાભાવિક ધૈર્યનો ત્યાગ કરતા નથી. જુઓ, મોટા વાયરાના આઘાતથી પણ મેરૂ પર્વત ચલાયમાન થતો નથી. પુણ્યવાન જીવોને આપદા લાંબો વખત રહેતી નથી. ઉત્તમ આચારવાળો (ગોળાકાર વાળો) ચંદ્રમા રાહુના મુખમાં ગયો

હોય તોપણ શું થોડા વખતમાં મુક્ત થતો નથી? અર્થાત્ મુક્ત થાય છે. હે નિવૃત્તિ! આ તમારો પુત્ર વિવેક હવે સર્વ આપદાનો બીજો (સામો) કિનારો પામ્યો છે. (અર્થાત્ સર્વ દુઃખોને હવે ઓળંગી ગયો છે). હવેથી તે પોતાના પુણ્યવડેજ નિરંતર વૃદ્ધિજ પામશે.

આ પ્રવચન નામના નગરમાં અનિવાર્ય ભુજાના પરાક્રમવાળો અને અંતરંગ શત્રુઓના બળને જીતવાવાળો અર્હત્ નામનો રાજા છે. તેની કૃપાથી ભુક્તિ (ભોજન) તો દૂર રહો [એ તો મળી શકેજ] પરંતુ મુક્તિ [મોક્ષ] પણ નજીક છે. આજ કારણથી તેની સાથેની સરખામણીમાં કલ્પવૃક્ષ પણ હીન ઉપમાનું સ્થાન છે. તે [અર્હત્]ના મસ્તક ઉપર ધારણ કરાતાં જગત્ના સાક્ષીભૂત અને ત્રણ લોકના ઐશ્વર્યને સૂચવવાવાળા ત્રણ છત્રોને કોઈ પણ નિવારણ કરી શકતું નથી. [ધર્મદેશના અવસરે] સોના અને મણિમય જે ત્રણ ગઢની ઉપર તેનો નિવાસ છે તે ગઢના સોમા ભાગની પણ શોભા દેવોના મહેલમાં નથી. પૃથ્વીમાં પર્યટન કરતાં સોનાના કમળો પગની શોભાથી જાણે પરાભવ પામ્યા હોય નહીં તેમ અકસ્માત્ તેમના પગની નીચે આવીને રહે છે. તે જ્યારે ઉંચે સિંહાસન ઉપર બેસે છે ત્યારે કંકેલી વૃક્ષ (અશોક) કાલવેદી સેવકની માફક નિરંતર સારી રીતે છાયા કરે છે. તેનું એકે એકના સ્વામીપણું આશ્ચર્યવૃક્ષના મૂળ જેવું છે, અને ઈંદ્રાદિ પણ તેની આગળ વગર પગારના સેવક સરખા છે. તેની વાણી સાંભળવાની ઇચ્છાવાળા સુર, અસુર, મનુષ્ય અને તિર્યંચો



જાતિવૈરનો ત્યાગ કરીને તેની પર્ષદામાં બેસે છે. તેને નમસ્કાર કરવાને દેવોનો સમૂહ જતું આવતું કરતો હોવાથી સ્વર્ગથી નરક [પાતાળ] પર્યંતનો માર્ગ કોઈ વખત પણ શૂન્ય થતો નથી. આકાશમાં રહેતું અને પ્રભુની આગળ ચાલતું ધર્મચક્ર સૂર્યના કિરણની માફક બીજા નાયકો [મિથ્યા ધર્મવાળા]ના દર્પરૂપ અંધકારનો નાશ કરવાને માટે શોભે છે. તેને જીતવાની ઈચ્છાથી આવેલા શત્રુના સમૂહને ચપળ વસ્ત્રના છેડાવડે કરીને કંપનને સૂચવતો ઈંદ્રધ્વજ તેમની આગળ શોભી રહ્યો છે. દુંદુભિનો શબ્દ, સુગંધી જળની વૃષ્ટિ અને પુષ્પના ઢગલા પ્રમુખ તેના સર્વે અતિશયો બીજાને સ્વપ્નને વિષે પણ દુર્લભ છે. જેમ સિંહે આક્રમણ કરેલ ક્ષેત્રમાં શિયાલણી પ્રવેશ કરી શકતી નથી તેમ તેમણે (અર્હંતે) આક્રમણ કરેલા ક્ષેત્રમાં સાત જાતની ઇતિ [ઉપદ્રવ], દુકાળ, રોગ, અગ્નિ, ગ્રહપીડા અને લડાઈથી પેદા થતી વ્યથા વિગેરે ઉપદ્રવો પ્રવેશજ કરી શકતા નથી. તે [અર્હંત] દેદીપ્યમાન કેવળ જ્ઞાનવાળા અને કરૂણાના સમુદ્ર છે; તેટલામાટેજ જગત્ના જીવોની પીડા જાણવાને અને દૂર કરવાને તે સમર્થ છે. તેથી સ્થિર ચિત્ત રાખીને આ મારો જમાઇ જો પ્રયત્નથી તેની સેવા કરશે તો થોડાજ વખતમાં શત્રુને હણીને નિશ્ચે તે રાજ્યને પામશે."

આ પ્રમાણે તે [વિમળબોધ]નાં કહેલાં વચનો રૂડે પ્રકારે સાંભળીને ઉત્પન્ન થએલા કૌતુકવાળી અને સંદેહ રહિત થએલી નિવૃત્તિ શાંતિ પામી. પછી પોતાના હિતની આશાથી પુત્ર સહિત વહુને સાથે લઇને તે પ્રવચનપુરમાં જવાને માટે મનપ્રધાનની સ્ત્રી

[ નિવૃત્તિ ] ત્યાંથી ચાલવા લાગી. ત્યાં પાણીના ખાબોચીયાના બગલાઓની જેવા તે પ્રવચનપુરની નજીકમાં રહેવાવાળા નિર્દય, કપટી અને લોભી પાખંડીઓને તેણીએ જોયા. જેમ પારધીઓ કપટક્રિયાવડે હરિણને જાળમાં રોકી લે છે તેમ અર્હંતની પાસે જતા મનુષ્યને આ પાખંડીઓ અસદ્વચનના પ્રપંચવડે રોકી રાખે છે. જેમ સૂર્ય ચિત્રા નક્ષત્રને પામીને અધિક તેજવાન્ થાય છે તેમ તત્ત્વરૂચિ સ્ત્રીને પામીને અધિક શોભાયમાન્ થએલા વિવેકને વશ કરવાને માટે તેઓ આ પ્રકારનાં વચનો કહેવા લાગ્યા–" હે પુત્ર! અહીં આવ, અહીં આવ. નકામું ઝાંખું મોઢું ન કર. અમે તારો ઉદ્ધાર કરીશું. તારા શરીરે આવી દુર્બળતા શોભતી નથી. તું આગળ ક્યાં જાય છે? ત્યાં તું અધિક શું પામીશ? આ અર્હંત સાંભળવા માત્રજ રમણિક છે, કેમકે તેનું સેવન કરવાથી સંસારનો વૈભવ બધો નાશ પામે છે. [ વિતરાગ હોવાથી ] તુષ્ટ થવાથી તે કાંઈ આપતો નથી અને ક્રોધી થવાથી કાંઈ ખેંચી લેતો નથી, તેથી તે આકાર માત્રજ પુરૂષ છે. વાર્ત્તાવડે [ તેનાં કહેલાં વચનો વડે ] જ તેના બળનો તું નિશ્ચય કર. આ અમારા મનમાં તો જગત્‌ને બનાવનાર, પાલન કરનાર અને તેનો નાશ કરનાર બ્રહ્મા, હરિ [ વિશ્નુ ] ને હર [ મહાદેવ ] આદિ ડાહ્યા પુરૂષને સ્તવવા લાયક દેવો છે, જેને આધીન ત્રણ જગત્ છે. આ દેવો તુષ્ટ થવાથી ઠકુરાઇ [ પ્રભુતા ] આપે છે અને ક્રુદ્ધ થવાથી બધું ખેંચી લે છે. તેથી ભક્તિ અને અભક્તિનું ફળ આ પ્રમાણે સાક્ષાત્ જોતો છતો તે [ અર્હંત ] ને વિષે મોહ ન પામ. ધનુર્વેદ, કામશાસ્ત્રનું તત્ત્વ, વૈદક



અને જ્યોતિષ વિગેરે આ હરિહરાદિ દેવો કહે છે અને લોકોની ચિંતા પણ કરે છે. પણ અર્હંત તો આમાંનું કાંઇ પણ કહેતા નથી તેમ લોકોની ચિંતા પણ કરતા નથી. આ દેવો લીલામાત્રમાં [ વગર મહેનતે ] મુક્તિ આપે છે અને જિનો તો ઘણા કષ્ટથી મુક્તિ આપે છે. આમ હોવાથી સુખે સાધ્ય થઈ શકે તેવા અર્થમાં કયો વિદ્વાન્ પુરૂષ ફોગટ કષ્ટ કરે? જે નાયકની પાસે રહેવામાં ખાવાનું, વાજીંત્રનું, યુદ્ધનું, નાટકનું, હાસ્યનું, ગાયનનું અને કથાના રસનું કાંઈ પણ સુખ નથી ત્યાં [ તે વિનાનું સુખ તે ] પશુપણાને સૂચવવાવાળુંજ સુખ છે. જેને પોતાના સ્વાર્થમાં પણ ઉદાસીનપણું છે તેનાથી જે લાભની ઇચ્છા રાખવી તે ઈચ્છા આકાશના ફુલથી પોતાના મસ્તકના મુગટની રચના કરવા જેવી અસંભવિત છે. આ હરિહરાદિના ભક્ત તો સર્વ જગત્ છે અને એ અર્હંતના ભક્તો તો ઘણા થોડા છે. માટે હે વિવેક! મહાન્ (ઘણા) પુરૂષો જે રસ્તે ચાલ્યા તેનો તું કેમ આશ્રય કરતો નથી?"

આ પ્રમાણે શિયાળની માફક તેના ખરાબ શબ્દો સાંભળીને સિંહની માફક પરાક્રમવાળો અને જગત્‌ના સ્વામીની સેવાનો અર્થી વિવેક તેઓને [ તેમના પૂછેલા પ્રશ્નનો ] ઉત્તર આપે છે કે "અરે! તમે મને શામાટે બોલાવો છો? જેવે તેવે ઠેકાણે મને સુખ થતું નથી. વાયરાવડે જેમ પર્વત ક્ષોભ પામતો નથી તેમ જેની તેની વાણીથી હું ક્ષોભ પામવાનો નથી. તત્ત્વરૂચિને પ્રાપ્ત થએલ [ હમણાજ તેની સાથે પરણેલ ] એવો જે હું તેના મુખ ઉપર ઝાંખાશ હોયજ નહીં, અને કદાચ હોય તો તમારા જેવાની વિપરીત યુક્તિથી તેનું નિવા-

[ નિવૃત્તિ ] ત્યાંથી જેમ ધુમાડો દેખવાથી તે ઠેકાણે અગ્નિ છે એમ ગલાઓની જેવા છે તેમ જેનામાં દેવપણું ઘટે છે તેવા ઉત્તમ દેવોને પટી અને લો અને જેનામાં દેવપણું ઘટતું નથી તેવા કુદેવોને પ્રકા- કપટક્રિય ...થી તમારામાં મિથ્યા બોલવાપણું નિર્ણિત કરાય છે. મ... આધીન થએલા તમે મારો ઉદ્ધાર નહીં કરી શકો, કારણકે મિથ્યા ભાષણ કરવું તેજ મોહ કહેવાય, અને તે તો તમારે વિષે પ્રકાશિત છે. મનમાનતો [ ઇષ્ટ ] સ્વામી નહીં મળવાથી મારા શરીરે ઘણા કાળથી આ દુર્બળતા થઇ છે, તે ત્રણ જગત્‌ના નાથની સેવા કરવાથી નિવર્તન થશે. તે દેવાધિદેવ [ અર્હંત ]ની જે સેવા કરે છે તેના ઉપર તમે શામાટે કોપ કરો છો? કેમકે મણિ ગ્રહણ કરવાવાળાની નિંદા કરતો કાચને ગ્રહણ કરવાવાળો પોતેજ નિંદાને પાત્ર થાય છે. પીતળ અને સોનું, કાચ અને મણિ, ખજુઓ અને સૂર્ય, ઘાસની [ ખરાબાની ] પૃથ્વી અને વૃક્ષની પૃથ્વી એઓ વચ્ચે જેટલું અંતર છે તેટલુંજ અંતર કુદેવ અને સુદેવ વચ્ચે છે. સુવર્ણસિદ્ધિના અર્થી જેમ પારાની સેવા કરે છે તેમ વિદ્વાન્ પુરૂષ દૂષણરહિત, પ્રગટ ગુણવાળા, દેદિપ્યમાન અને ઉજ્વળ સ્વભાવવાળા દેવનેજ સેવે છે. [ માટે ] તમે પક્ષપાત મૂકી દો, ગુણવાન ઉપર સ્નેહવાળા થાઓ. પોતાના મિથ્યા શાસ્ત્ર ઉપરજ વિશ્વાસ ન રાખો. એક અર્ધો ક્ષણ મનને નિર્મળ કરીને વિચાર કરો. હે આર્યો! હું તમારા સંબંધી બધું જાણું છું કે ઇંદ્રિયોને દમન કરવી, સમભાવ રાખવો, સમતા રાખવી અને સત્ય બોલવું એ આદિ ઉત્તમ ગુણની શ્રેણી અને અન્યવસ્તુનો અભિલાષ, વિષયની ઇચ્છા,



અહંકાર, અસત્ય બોલવું, કલેશ કરવો અને કપટ કરવું એ આદિ દોષોનો પ્રપંચ— આ ગુણો અગર દોષો સર્વ પ્રકારે કોની અંદર છે? શું જિનેશ્વર [ અર્હંત ]ને વિષે છે કે બીજા જે હરિ હરાદિને વિષે છે તેનો તમે પોતેજ વિચાર કરો. જેનામાં કામ સંબંધી પ્રપંચ નથી, કલેશ સંબંધી દોષ નથી, ઇંદ્રિયોનો ઉપદ્રવ નથી; તૃષ્ણાના કલ્લોલો નથી, કપટ કરવામાં પ્રવિણતા નથી, ક્રોધાગ્નિનો તાપ નથી, અહંકારનો વિકાર નથી, કોઇનો પરાભવ કરવાપણું નથી અને વિલાસ સંબંધી માઠી આશાઓ નથી તે દેવનેજ નિશ્ચયે મોક્ષપદની ઇચ્છાવાળા ઉત્તમ પુરૂષોએ પૂજવા જોઇએ. આ જગત્‌માં નિર્દોષતાના યશને વહન કરવાને અસદ્દશ પરાક્રમવાળા વીતરાગ દેવ વિના બીજો કયો [1]ગેહેનર્દી દેવ સમર્થ છે? (તેમનાં શાસ્ત્રોથી અને તેમની પ્રતિમાથી તેમનું સદોષપણું બતાવે છે.) જુઓ, અન્ય દેવો પાસે સ્ત્રી રાખે છે તેથી તેઓ રાગી છે એમ જણાય છે; [જો રાગી ન હોત તો સ્ત્રી શામાટે પાસે રાખે?] રૂદ્રાક્ષની માળા રાખે છે તેથી તેઓ હજી મોહવાળા છે એમ નિશ્ચય થાય છે, શસ્ત્રો રાખવાથી તેઓમાં ક્રોધ છે એમ નિર્ણિત થાય છે. [કારણકે શસ્ત્રો બીજાને મારવામાંજ ઉપયોગી થાય છે અને ક્રોધ વિના બીજાને મરાય નહિ.] જાપ કરે છે માટે તેઓ હજુ અધુરા છે એમ જણાય છે.] જો પૂર્ણ જ્ઞાની હોય તો જાપ કરવાનું શું પ્રયોજન? કાંઇક મેળવવાની ઇચ્છાથીજ જપ કરાય છે ]અને તેઓને અવતાર લેવા પડે છે તેથી હજુ તેઓ સંસારીજ છે. જો તેઓ મુક્ત થયા હોય તો તેઓએ

૧ ઘરમાં શૂરો.

અવતાર શા માટે લીધો ? જો તેઓ જ્ઞાની છે તો દૈત્યોને શામાટે બનાવ્યા? [કે ફરી તેઓને મારવા માટે પ્રયત્ન કરવો પડ્યો.] જો તેઓ શાંત છે તો ક્રીડાઓ શામાટે કરવી પડી? અને જો તેઓ પ્રમાણિક છે તો કપટ શામાટે કરવું પડ્યું? [કેટલાકનું કહેવું એમ થાય છે કે] દેવના ચરિત્રનો વિચારજ ન કરવો અર્થાત્ તેઓ ગમે તેમ ચાલે, આ તેમનું કહેવું ડહાપણવાળું નથી. કેમકે પૃથ્વી ઉપર મહા પુરૂષોએ આશ્રય લીધેલો માર્ગ કોને પ્રિય હોતો નથી? [અર્થાત્ સર્વને પ્રિય હોય છે] અને આમ હોવાથી જ્યારે મહા પુરૂષોનો સમુદાય નિર્મર્યાદપણે ઇચ્છાનુસાર ચેષ્ટા કરશે ત્યારે તેમના શિષ્યોની સમિતિ અને ધૃતિ ધૃષ્ટતા ધારણ કરશેજ. માટે ખેદની વાત છે કે આ પ્રમાણે બોલવું એ તેઓનું નિર્લજ્જપણું બતાવે છે. અરે! મનુષ્યપણું પામ્યા છતાં પણ જેઓ તત્ત્વ [સત્ય ધર્મ] ની પરીક્ષા કરવામાં ઉદાસીનતા રાખે છે તે મૂર્ખ પુરૂષો શું પશુગતિમાં ગયા પછી ત્યાં તત્ત્વ (સત્ય ધર્મ) ની પરીક્ષા કરશે ? અથવા તમે સરલ અને જડ પરિણામી હોવાથી સત્ય ધર્મની પરીક્ષામાં આળસુ મનવાળાછો, એમ જો કહેતા હો તો રત્ન, વસ્ત્ર, ધાન, સુવર્ણ, અનાજ, ઘી અને પાણી પ્રમુખની પરીક્ષામાં શામાટે આળસુ સ્વભાવ રાખતા નથી ? જેનાથી અલ્પ માત્ર સુખ પ્રાપ્ત થાય તેવી વસ્તુઓમાં પણ જ્યારે મનુષ્યો પરીક્ષા કરે છે ત્યારે સર્વ સુખને દેવાવાળા ધર્મતત્ત્વની પરીક્ષા તો વિશેષ પ્રકારે કરવી જોઈએ. આ (હરિહરાદિ] દેવો તેના [તત્ત્વના] અંશ છે અને જે તત્ત્વ છે તે તો નિરંજન



અને જુદું છે એમ જો ધીર પુરૂષો કહેતા હોય તો તેઓને અમે પુછીએ છીએ કે તે તત્ત્વ મુખ્ય વૃત્તિથી ભિન્ન છે કે અભિન્ન છે ? જો ભિન્ન હોય તો તેઓથી અમારી માફક મુક્તિ નહીંજ થાય અને જો અભિન્ન હોય તો તેઓના દોષોનું આરોપણ તે તત્ત્વ ઉપર થશે; ને બંને માનશો તો તો દ્વંદ્વ દોષો પૂર્વની જેમ દુર્ઘટ નથી. જો આ તત્ત્વ શક્તિમાન, જ્ઞાની અને જગત્રક્ષક હોય તો તે સર્વવ્યાપી છતાં શામાટે કોઇ કોઇ ઠેકાણે ધર્મ રહિત પુરૂષો ધાર્મિક પુરૂષોનો તિરસ્કાર કરે ? જે દોષ સહિત છે તે કપટ રહિત હોતા નથી અને જે કપટ સહિત હોય છે તે સત્ય વચનવાળા હોતા નથી; આવા દોષવાન ઉપર જે વિશ્વાસ રાખે છે તેઓ પોતાનાં કર્મથી હણાયેલા છે. સ્ત્રીસંગ, જપમાળાજાપ અને શસ્ત્રપ્રમુખ દોષોથી રહિત જિનેશ્વરમાં હે વિદ્વાનો ! તમે કહો કે કઈ યુક્તિથી દોષોનું કહેવાપણું ઠરે છે! (અર્થાત્ દોષોનું કહેવાપણું ઠરતું નથી.) જેની દૃષ્ટિ (ભ્રકુટીની) મધ્યસ્થ છે, મુખ શાંત છે, ધ્રુવ પદ્માસન છે અને શાંત પરિકર છે તેવા દેવને વિષે દોષની ઉત્પત્તિ ક્યાંથી હોય ? [હે વાદીઓ !] ત્રણ જગત્માં જગત્ની રચના કરવી, પાલન કરવું અને સંહાર કરવો એ બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવને આધીન છે, એ તમારૂં કહેવું એક વચનની ચપળતા માત્ર છે. કેમકે આ જગત્ બનાવવા પ્રમુખમાં વિપરીતપણું પ્રગટ દેખાય છે [તે બતાવે છે.] સત્ પુરૂષોનેજ બનાવવા અને તેઓનીજ અહીં સ્થિરતા કરાવવી તેમ દુર્જનોનોજ સંહાર કરવો. આ પ્રમાણે જો આ લોકમાં અમે જોઇએ તો

તે બ્રહ્મા પ્રમુખની નિપુણતાની અમે સ્તવના કરીએ ( પણ તેમ તો દેખાતું નથી. ) વળી આત્મા, દિશા, આકાશ અને કાળ એ આદિ કેટલીક વસ્તુઓ અકૃત્રિમ માને છે તો ( સર્વ જગત્કર્ત્તા બ્રહ્મા છે એવો જે ) સર્વ કર્તૃત્વવાદ તો તેનો અર્ધખંડિત થઇ જાય છે; અને દુઃખ, વ્યાધિ, જરા, મૃત્યુ, નરક અને ગર્ભાવાસપણું એ આદિ બનાવતાં તે બ્રહ્માદિને પ્રગટ રીતે લોકોના ઉપર શત્રુતા છે ( એમ સિદ્ધ થાય છે. ) કદિ શુભ અશુભ કર્મની અપેક્ષાએ તે બ્રહ્માદિ પ્રાણીઓને ફળ આપે છે એમ જો તમે કહેતા હો તો તે કર્મો તો અમારે પ્રમાણ છે. ત્યાર પછી તે ( શુભાશુભ ) કર્મોનું સુખ જોનારા બ્રહ્માદિકનું શું પ્રયોજન છે? અર્હંત ભકતો ઉપર તુષ્ટમાન થતા નથી અને અભકતો ઉપર ક્રોધાયમાન થતા નથી ( એ સત્ય છે ), પણ તેની ભક્તિથી પુણ્ય અને અભક્તિથી પાપ બંધાય છે અને તે પુણ્યપાપની પરિપકવતાએ મનુષ્યોને સુખ ને દુઃખ થાય છે માટે અર્હંતને પણ ઉપચારથી કર્ત્તા કહો તો કાંઇ અડચણ નથી. કરેલું કર્મ [ભોગવ્યા વિના] ઉલ્લંઘન થઇ શકતું નથી. એ પ્રમાણે કહેનારા તમારે પણ તે કર્મજ કર્ત્તા તરીકે પ્રમાણ છે; માટે તત્ત્વથી બ્રહ્માદિ કોઇ કર્તા છેજ નહિ. જો તે બ્રહ્માદિ ભકતોને સંપદા આપવામાં અને અભકતોની સંપદા હરી લેવામાં સમર્થ હોત તો તેમના સર્વ ભકતો ઇંદ્ર જેવા થવા જોઇએ અને તેમના અભકતો સર્વ દરિદ્ર થવા જોઇએ. વળી વૈદક પ્રમુખનો ઉપદેશ આપવાથી તેઓ [ બ્રહ્માદિ ] વિદ્વાન્ પુરૂષોને બહુ માન કરવા લાયક નથી, કેમકે તેનો ઉપદેશ લીધા



વિનાના પણ યવનાદિ લોકમાં જીવે છે. જો રણસંગ્રામમાં શૂરવીર હોવાથી અને શત્રુઓના સમૂહનું નિકંદન કરવાથી તેઓમાં દેવપણું ઇચ્છતા હો તો તેવા શૂરવીર રાજાઓમાં પણ તે (દેવપણું ) શા માટે ન માનવું? તે રાજાઓ મુક્તિ દેવામાં સમર્થ નથી માટે તેઓને દેવ તરીકે ન માનવા એમ જો તમે કહેતા હો તો આ બ્રહ્માદિક પણ મુકિત આપવાવાળા છે એમ માનવું સત્પુરૂષોને ઇષ્ટ નથી; કેમકે આ દેવોમાં [આગળ બતાવ્યા પ્રમાણે] દોષોનો સમૂહ દેખાય છે. ક્રીડા કરવાને એકઠાં થએલાં બાળકોમાં એક બાળક જેમ બીજા બાળકને બોલવા માત્રજ એક દેશનું રાજ્ય આપે છે પણ તાત્વિક રીતે તેને કાંઇ મળતું નથી, તે ઉપમાની બરોબર તપ અને ધ્યાનથી જે મુકિત સિદ્ધ થઇ શકે તેને લીલામાત્રમાં આપવી તે છે. તે દેવો સર્વ વસ્તુથી ઉત્તમ જે મુકિત તેને વગર મહેનતે આપે છે તે બનવું અશકય છે. અથવા ઉત્તમ વસ્તુનું ફોગટ આપવાપણું દેવાવાળાની ધૂર્તતા પ્રગટ કરે છે. જે મૂઢ પુરૂષો મુક્તિને ગોપીપ્રિય (કૃષ્ણ) ની દાસી કહે છે તેઓએ મુક્તિને ગોવાળણોથી પણ હલકી ગણી જણાય છે. શ્રાપ દેવો, અનુગ્રહ કરવો, અસત્ય બોલવું, પરને ઠગવું, ક્રીડા કરવી, અહંકાર કરવો, વાજીત્ર વગાડવાં, નાટક કરવું અને હાંસી કરવી ઇત્યાદિ ઉપદ્રવો તેમજ જળમાં, વૃક્ષ ઉપર અગર સ્મશાનમાં રહેવું, અને (તેમના સેવકોએ) આકડા પ્રમુખનાં પુષ્પોથી તેમની પૂજા કરવી અને હાંસી થાય તેવી સ્તુતિ કરવી—આ સર્વ હરિહરાદિ દેવોનાં કર્ત્તવ્યો તેમના ક્ષુદ્ર દેવપણાને સૂચવે છે. (અર્થાત્ તેવું કરવાથી તેમનામાં ઉત્તમ દેવ-

પણું નથી એમ સિદ્ધ થાય છે.) અસુરોને ઋદ્ધિ આપીને પછી તેનો નાશ કરવો, પરસ્ત્રીની સાથે અનાચાર કરવો, અત્યંત નાટકનું કરવું, ઘણું હસવું, માયાથી બીજાને મોહ પમાડવો—આવી નિર્લજ ચેષ્ટાઓવડે કરીને તેઓએ બીજા દેવોની સાથે પોતાનો અમુક તફાવત ( હલકાપણું ) હતો તે તો દૂર કર્યો; પણ બાળકો, વિટ, નટ, ભાંડ અને ધૂર્તોની સાથેનો પોતાનો તફાવત પણ દૂર કર્યો.

( અર્હંતનું વર્ણન)—મસ્તક ઉપર ત્રણ છત્ર, પ્રતિમાની નીચે સર્વ ગ્રહોનું રહેવું, પુષ્પમાળ અને ચામર ધારણ કરવાવાળા દેવોયુક્ત સિંહાસન ઉપર બેસવું, પ્રાયે શહેરની અંદર રહેવું, અમૃતને વર્ષાવનારી શાંત દૃષ્ટિ, વળી તેમના મંદિરમાં ૧૦૮ મંડપ, સુવર્ણ અને માણિક્યનાં આભૂષણો, ( અવસ્થા વિશેષની અપેક્ષાએ પ્રતિમા ઉપર ધારણ કરાવાય છે તે )ઉત્તમ પુષ્પો અને પલ્લવથી થતી પૂજા, કાલાગુરૂ ચંદન પ્રમુખનો ધૂપ, કેસર આદિનું વિલેપન અને પર્ખદાના લોકોએ વિકથા, વૈર, હાસ્ય અને વિકારનું તજવું—આ સર્વ અર્હંતની પ્રભુતા જોઈને વિદ્વાનો કહે છે કે તેનું ઐશ્વર્ય ઉત્કૃષ્ટ હદને પામેલું છે.

ખાવાના પદાર્થો, વાજીંત્રો, યુદ્ધ અને નાચવા પ્રમુખનો રસ વિશ્વથી વિલક્ષણ એવા જિનમાં બીજા રાજાઓની સમાન નહીં હોવાથી તેઓ કોઇક પરમ અતિશયવાળા છે. જેઓ હિંસા કરવામાં અને વિષયમાં આસક્ત છે તેઓ અન્ય દેવોના આશ્રય કરવાવાળા ભલે થાઓ, પણ સમાધિ અને ધ્યાનથી પવિત્ર થયેલાને તો વીતરાગ દેવજ પ્રિય છે. (તેથી તેઓ તો તેમાંજ આ-



શ્રય કરશે ). રસ્તામાં ઠગારાને મળેલો આંધળો માણસ જેમ તેનું સ્વરૂપ નહીં જાણવાથી તેની સાથે જાય છે તેમ જો સારી આંખોવાળો (દેખતો) પણ વિચાર વિના તેને અનુસારે ચાલે તો તે દોષ નિશ્ચે તેના ભાગ્યનોજ છે. વળી ઉત્તમ દેવની અવજ્ઞા કરીને કોણ કુદેવની સેવા કરે ? ક્ષીરસમુદ્ર વિદ્યમાન છતાં બુદ્ધિમાન ક્ષારસમુદ્રમાં સ્નાન નજ કરે, માટે અર્હંતની પાસે જતાં મને ઠપકો આપવાને તમે લાયક નથી. ગામડાના વાણીઆઓથી જેમ શહેરનો વણિક ન છેતરાય તેમ તમારા જેવાઓથી હું છેતરાઉં તેમ નથી.”

આવાં વચનોવડે તે પાખંડીઓને જીતીને વિવેકે નગરમાં પ્રવેશ કર્યો, અને ત્યાં નિવૃત્તિ સાધુ (ઉત્તમ)પુરૂષોના આશ્રયે નિર્ભયપણે રહેવા લાગી. પછી ગુપ્ત રીતે ચાલવાથી નહીં દેખાય તેવો મનપ્રધાન સ્ત્રીના સ્નેહથી છાનીરીતે પ્રવચનપુરમાં આવીને આંતરે આંતરે નિવૃત્તિને મળી જવા લાગ્યો. એક દિવસ મનપ્રધાન નિવૃત્તિને કહે છે કે “હે તન્વી ! (તું ક્રોધ નહીં કર.) તું પણ મારી સ્ત્રી છે, પણ તું આળસુ છે અને પ્રવૃત્તિ તો સ્વભાવેજ ચતુરાઈથી ભરપૂર છે; તેટલા માટેજ તેના ઉપર મારો આદર વધારે છે. પરંતુ તારો પુત્ર જે જે નવાં કાર્યનો પ્રારંભ કરશે તે સર્વ કાર્યમાં હું જલદી ચાલવાવાળો હોવાથી સાક્ષીરૂપે થઈશ. તેના વિવાહના સમયે પણ હું તેની પાસેજ હતો. જો કે તમે દૂર આવ્યા છો તોપણ હું વેગવાળો હોવાથી મને દૂર જવું આવવું બીલકુલ દુષ્કર નથી. આ શૂરવીર વિવેકનું અદ્ભુત ચરિત્ર મારા દ્વારાજ સાંભળીને રાજા પણ તેનાં બંધન ઢીલાં થવાથી સુખ પામશે. પરંતુ સુખ પામ્યા છતાં-

પણ હમણાં તે મોહનો નાશ કરવાને સમર્થ નહીં થાય. કારણકે એક તો તે તેનો પુત્ર છે, તેમજ તેનાં મૂળ ઉંડાં બંધાયેલાં છે (મજબુત પક્ષવાળો છે) માટે એકદમ તેને સાધી શકાશે નહીં. તું રોષની ભૂમિકા ન થઇશ. હે સ્ત્રી! તારા પક્ષમાં પણ હું વર્તું છું, માટે પુત્રને આગળ કરીને તું તારૂં ઇષ્ટ સાધન કર." આ પ્રમાણે પ્રધાને નિવૃત્તિને કહ્યું. તે સાંભળીને સ્વભાવથીજ ગંભીર એવી નિવૃત્તિ પણ પતિના પૂર્વે કરેલા પરાભવને ભૂલી ગઇ, અને પોતાની ગંભીર વાણીવડે તેની પરમ પ્રીતિપાત્ર થઈ.

એક દિવસ નિવૃત્તિ પુત્રને કહેછે કે "હે પુત્ર! હે અદ્વિતીય હિતકારી! જેમ પાકો ઘડો પાણી ભરવાને યોગ્ય છે તેમ તું હિતોપદેશને યોગ્ય છે; માટે મારી વાત સાંભળ. પ્રાયે પૃથ્વી ઉપર જેવા તેવા પુરૂષોને ગુરૂનાં વચનો રૂચતાં નથી, કેમકે જેવા તેવા પુરૂષો રત્નનો સંગ્રહ કરવાને સમર્થ થતાજ નથી. જ્વરવાળા પુરૂષને જેમ ક્વાથ કડવો લાગે છે પણ પરિણામે ગુણ કરે છે, તેમ ગુરૂનાં વચનો કદાચિત સાંભળવા માત્રમાં કટુક હોય તો પણ અંતે ગુણ કરવાવાળા સમજવાં. જેઓ ગુરૂના ઉપદેશને નહીં માનનારા, સ્વેચ્છાચારી અને નિરંકુશ છે તેવા વેષરૂપ પડદામાં છુપાએલા બકરાઓનો જન્મ નિરર્થક છે. હિતોપદેશનાં વચનો પુણ્યવાન જીવોના કાનમાંજ પ્રવેશ કરેછે. શું કામધેનુ કોઈ વખત પણ ચંડાળના પાડા (મહોલ્લા) માં પ્રવેશ કરે છે? નથી કરતી. માટે હે પુત્ર! હું જે વાત કહુંછું તે તું પરમ આદરથી સાંભળ; કેમકે અનાદરવાળા પુરૂષોને વિષે વૃદ્ધ વાણી ક્ષાર (ઉષર) જમીનમાં



થતી વૃષ્ટિની માફક નિરૂપયોગી થાયછે. હે પુત્ર! હે સ્વચ્છ બુદ્ધિવાળા! નીચ સ્ત્રીની પ્રેરણાથી સ્વામીએ (મનપ્રધાને) આપણા બેઉને માથે જે કર્યુંછે તે બોલતાં પણ લજ્જા આવે છે. ઝેર, સર્પ અને અગ્નિ આદિને શાંત કરવાના ઉપાયો છે પણ સપત્ની (શોક) ને શાંત કરવાનો ઉપાય પ્રાયે મેં કોઇ ઠેકાણે જોયો નથી. શોક મહા દુષ્ટ છતાં અને સ્વામી ક્રોધાયમાન થયા છતાં આપણે આપણાં ઉત્તમ આચરણોથીજ જીવતાં રહ્યા છીએ. કહ્યું છે કે જ્યાં ધર્મ ત્યાં જય છે. હે પુત્ર! પ્રીતિવાળી દૃષ્ટિવડે મારી આગળ ક્રીડા કરતાં તને હું જોઉં છું તેથી સ્થાનભ્રષ્ટતાનો અને સ્વામીની અવહીલનાનો કાંઈ પણ શોચ હું કરતી નથી. ખરચ કરવાથી સર્વ પ્રકારના નિધાનનો ક્ષય થાયછે. પણ પવિત્ર ચરિત્રવાળો પુત્ર એ ગૃહસ્થોનું અક્ષય (ખુટી ન શકે તેવું) નિધાન છે. જેને એક પણ ઉત્તમ ચરિત્રવાળો પુત્ર છે તે સ્ત્રી પોતાને શામાટે નિંદે? કેમકે જાતિવાન્ રત્નની પ્રગટ થયેલી ખાણ કોને હર્ષ માટે ન થાય? હે પુત્ર! તું ભાગ્યવાન્ છે કે પિતા અને ઓરમાન માતાના મુખમાંથી નીકળ્યો છે, અને આ પવિત્ર કન્યાને એક લીલામાત્રમાં પામ્યો છે. તારી ચિંતા તારો પિતા આંતરે આંતરે આવીને નિશ્ચે કરશેજ, કેમકે પ્રવૃત્તિની પ્રેરણાથીજ તારો પિતા તારે વિષે શત્રુતા રાખે છે પણ સ્વભાવથી તે પોતે તેવો નથી. મહા પરાક્રમવાળા તારાવડેજ હું સ્ત્રીઓને વિષે પુત્રવતી થઇ છું, તેટલામાટે તું મોટા આયુષ્યવાળો થા; આ સિવાય મને બીજું પ્રાર્થના કરવા લાયક શું છે? હે કુલીન! હે કુળનો ભાર ઉપાડનાર! તું માતાના મનના સંતા-

પને શમાવવાને માટે હિંમતવાન છે, માટે વિદ્વાનો પણ તારી સ્તવના કરે છે. સ્ત્રીઓને શોકના પરાભવ (અપમાન)થી જેવો સંતાપ થાય છે તેવો સંતાપ કરવાને સૂર્ય અને અગ્નિ પણ સમર્થ થતા નથી. મિત્રનો ઉદ્ધાર કરવામાં અને શત્રુનો સંહાર કરવામાં રાજાની શક્તિ હોય છે; બીજાની હોતી નથી. કેમકે કમળને વિકસ્વર કરવામાં અને અંધકારનો નાશ કરવામાં સૂર્ય વિના બીજો કોણ સમર્થ છે! માટે આ નગરીમાં રહેલા નિરંજન રાજાની સેવા કર, કે જેની પ્રસન્નતાનો એક લેશ પણ સર્વસિદ્ધિનું કારણ છે. આ (અર્હંત) એકલા પણ મોહ રાજાનો નાશ કરવાને સમર્થ છે; અને તેના જે સેવકો છે તે પણ તે વૈરીનો નિગ્રહ (નાશ) કરવાના આગ્રહવાળા છે. આ રાજાને સોનું, ઘોડા અને હાથી પ્રમુખની ભેટો પ્રીતિ દેવાવાળી થતી નથી; ફક્ત આત્મજ્ઞાનીના હૃદયની નિર્મળતાએ કરીને તે સંતોષ પામે છે. તેની સેવાનું ફળ અપ્રમાદી ચિત્તવાળાને પ્રાપ્ત થાય છે. કેમકે તેમની સેવા અને પ્રમાદ એ બંનેને ગાય અને વાઘની માફક જાતીવૈર છે. તેના લાખો સેવકોને પ્રમાદે બંદીવાન કરી જોરથી મોહરાજાના નગરમાં લઈ જઈને દાસ બનાવ્યા છે. હે કુળનો ભાર વહન કરનાર! આ કારણથી તું પ્રમાદને કિંચિત્ પણ અવકાશ આપીશ નહીં. તેનો સર્વ વૃત્તાંત અવસરે હું તને નિવેદન કરીશ."

આ પ્રમાણે માતાની શીખામણ સાંભળીને હર્ષથી વિકાસ પામેલા નેત્રવાળા વિવેકે કહ્યું કે "હે માતા! તમારી આજ્ઞા મારા મસ્તક ઉપર [હો) ચડાવું છું. ગર્ભ ધારણ કરવાથી અને તેનું પોષણ કરવાથી માતાપણું ધારણ કરવું તે તો પશુઓની સાથે સમાન છે;



પણ પુત્રને આ પ્રકારનો બોધ આપવાવાળી હોવાથી સ્તુતિ કરવા લાયક માતા તો તું એકજ છે. હે માતા! તારા ઉપદેશનું એક એક વાક્ય ક્રોડ સુવર્ણવડે પણ મળવું દુર્લભ છે, તો હું તારા સર્વ ઉપદેશનો અનૃણી (ઋણ રહિત) કેમ થઇ શકીશ? હે માતા! આજે તમે મને હિતોપદેશને માટે લાયક ગણ્યો તેથી જાણે મેં અમૃતના કુંડમાં સ્નાન કર્યું હોય, દિવ્ય ફળોનું ભોજન કર્યું હોય, કામધેનુ ગાયનું દુધ પીધું હોય, નંદનવનમાં બેઠો હોઉં, ચંદનના રસનું વિલેપન કર્યું હોય અને ત્રણ ભુવનનો વૈભવ પ્રાપ્ત થયો હોય તેમ મને જણાય છે, અર્થાત્ તેટલો મને આનંદ થાય છે. પ્રથમ નહીં દેખેલી કન્યાના હસ્તસ્પર્શના વિષથી વ્યાકુળ થયેલા જે મનુષ્યો માતાની અવગણના કરે છે તેઓ મહા બુદ્ધિવાનને શોચવા યોગ્ય છે. પ્રગટ સર્વાંગ લક્ષણવાળી માતા એવું હિત કરે છે કે જેનાથી પેદા થયેલ પ્રતીતિનો સમૂહ કોના મનને જાગૃત નથી કરતો? આ પ્રમાણે કહીને માતાનાં ઉત્તમ વચનોરૂપ શુકન થવાથી નિર્મળ સ્વભાવવાળો વિવેકકુમાર જગત્‌ના સ્વામીની સભામાં ગયો. ત્યાં યોગીશ્વરોને જાપ કરવા લાયક, ધીર પુરૂષોને ધ્યાન કરવા લાયક અને સુર તથા અસુરોને સેવવા લાયક, દેખવા માત્રથીજ નમસ્કાર કરવાવાળાની સમસ્ત આપદાનો નાશ કરનાર, ત્રણ કાળના જાણ, ત્રણ લોકના વામી, ત્રણ છત્રથી શોભિત અને સિંહાસન ઉપર બેઠેલા જ્યોતિર્મય જિનેશ્વરને તેણે જોયા.

હવે વિવેક જિનેશ્વરની સ્તુતિ કરે છે—"અનાદિ કાળના રાગાદિક અત્યંત દુઃખે દૂર થઇ શકે તેવા દોષોના ક્ષયથી પ્રગટપણે

આપ્ત (પ્રમાણિક) નામને પામેલા અને આત્મિકસુખના અનુભવથી સંસારમાં રહેલાં દુઃખોને અતિક્રમ કરનારા હે ભગવન્! હું તમને નમસ્કાર કરૂં છું. દેવ એ નામ સાધારણ છતાં હે દેવ! બીજા દેવોને વિષે તમેજ અધિકતા ધારણ કરો છો. જુઓ! ધાતુપણું સાધારણ છતાં સર્વ ધાતુને ઓળંગીને સોનું અધિક સ્ફુરાયમાન્ થતું નથી? અર્થાત્ થાય છે. હે જિનેશ્વર! દયારૂપ ખડ્ગ તમારા હાથમાં વર્ત્તે છે, નિરંતર ધર્મને વિષે જોડાવારૂપ બાણ છે અને સાધુઓ (ઉત્તમ પુરૂષો) રૂપ ચક્ર (સમૂહ) નિરંતર તમારી પછાડી ફરે છે; તેટલા માટેજ આ મોહાદિક શત્રુઓ તમારી સન્મુખ આવીશકતા નથી. સંસારમાં અનાદિ કાળથી પરિભ્રમણ કરી રહેલા પ્રાણીઓને હે પ્રભુ! તમે કલ્પવૃક્ષ પ્રાપ્ત થયા છો. છતાં દુર્બુદ્ધિ મનુષ્ય કલ્પવૃક્ષનો ત્યાગ કરીને કાંટાવાળા કેરડામાં જેમ આસક્ત થાય તેમ તમારો ત્યાગ કરીને અન્ય દેવોમાં આસક્ત થાય છે. હે પરમાત્મા! તમારી સેવા વિનાના પ્રાણીઓને હિંસા, અસત્ય, ચોરી અને કુશીલતા આદિ દોષો ભેટે છે (પ્રાપ્ત થાય છે), અને (તમારી સેવા કરવાવાળાને) તે સેવાનાં પવિત્ર રૂપો તરીકે દયા, ઇંદ્રિયોનું દમન, ઉદારતા અને શમાદિ પ્રાપ્ત થાય છે. હે દેવાધિદેવ! દયા અને ઇંદ્રિયોનું દમન વિગેરે શાસ્ત્રમાં રચીને (દાખલ કરીને) તમે મનુષ્યના સુખને માટે મિત્ર થયા છો; ત્યારે અન્ય દેવોએ હિંસાથી મલિન સિદ્ધાંતો બનાવીને લોકોને વિષે શત્રુતાનો ફેલાવો કર્યો છે. હે પ્રભુ! જેમ સૂર્યની આગળ ઘુવડ, મયૂરની આગળ સર્પ અને મંત્રવાદીની આગળ ભૂતાદિ દોષો ટકી શકતા નથી, તેમ



ભય આપવાવાળા કુતીર્થીઓના વાદો પણ તમારી આગળ ટકી શકવાને સમર્થ નથી. અકર્મતા, નિષ્કલતા, નિવાર્ણરૂપ પંચમ કલ્યાણકતા, વિશ્વથી વિલોમતા, નિર્માનતા અને અકિંચનતા વિગેરે સર્વે દોષો કહેવાય છે, છતાં પણ હે પ્રભુ! તમારા ગ્રહણ કરવાથી તે સર્વ ગુણતાને પામે છે (અર્થાત્ દોષો બદલાઈને ગુણરૂપ થઈ જાય છે.)

નોટ: **અકર્મી**—દુનિઆમાં આ એક દોષ ગણાય છે. કારણકે કોઈ માણસને અકર્મી કહીએ તો તેને દુઃખ લાગે છે. પણ તેજ દોષ જ્યારે પ્રભુનો આશ્રય કરે છે ત્યારે અકર્મી એટલે કર્મરહિત થવું એ ગુણને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે બીજા ગુણો માટે સમજવું.

**નિષ્કલતા**—કળારહિતપણું એટલે કોઈ પણ જાતના ધંધા, વ્યાપારાદિમાં અજાણપણું આ દોષ ગણાય છે. પણ જ્યારે તે દોષ પ્રભુનો આશ્રય કરે છે ત્યારે તે નિષ્કલતા એટલે કોઈ પણ જાતના શરીરના અવયવરહિતપણું એ ગુણને પ્રાપ્ત થાય છે. **પાંચમું કલ્યાણક** એટલે મરણ પામવું એ અન્ય પક્ષમાં દોષ, તે પ્રભુપક્ષમાં મોક્ષરૂપ થવાથી ગુણ. **વિશ્વવિલોમતા**—દુનિઆથી વિપરીત ચાલવું તે દોષ. પ્રભુપક્ષમાં દુનિઆથી જુદો સંસારથી વિમુખ થવાનો રસ્તો એ ગુણ. **નિર્માનતા**—એટલે કોઈ પણ જાતની ચાનક ન ચડવી—નિર્માલ્યતા જણાવવી એ દુનિઆમાં દોષ ગણાય છે તેજ જિનેશ્વરમાં ગર્વરહિતપણું ગણાવાથી ગુણ. **અકિંચનતા**—નિર્ધનતા એ દોષ, તેજ પ્રભુપક્ષમાં અપરિગ્રહી,

નિર્મળ, નિઃસ્પૃહી એ રૂપ થવાથી ગુણ.

હે પ્રભુ! ઇંદ્રથી કુંથુવા પર્યંત જીવો ઉપર કૃપાના રસથી ભીંજાયેલા અને શત્રુ તથા મિત્ર ઉપર સમભાવ રાખનારા એવા જે તમે તેના વિષે અર્પણ કર્યો છે આત્મા જેણે એવો હું જગત્‌ના દુઃખોથી થતા દાહને દૂર કરીને શાંતતાને પામીશ." આ પ્રમાણે (જિનેશ્વરની) સ્તુતિ કરીને મહાભક્તિપૂર્વક પૃથ્વીતળ ઉપર પંચાંગ સ્પર્શ કરી તેણે નમસ્કાર કર્યો. પછી ઉત્કંઠાપૂર્વક સ્વામીના સન્મુખ જોઇ રહ્યો, એટલે તે અવસરે જગત્‌સ્વામીએ કહ્યું કે "હે પર્ષદાના લોકો! તમે સાંભળો. જે આ ઉત્તમ વીર પુરૂષ મને નમસ્કાર કરે છે તે નિશ્ચે ભાગ્યની ભૂમિકા છે. (અર્થાત્ મહાભાગ્યવાન્ જીવ છે.) દેવાદિક સદ્ અસદ્ (સત્ય, અસત્ય અથવા વિદ્યમાન્ અવિદ્યમાન્) ભાવની પરીક્ષા કરવાની ઇચ્છાવાળો જે મનુષ્ય આ વિવેકની થોડો વખત પણ સોબત કરશે તે વિદ્વાન્ થશે. જેમ નાયક વિના લશ્કર જય મેળવતું નથી તેમ સર્વ અવયવો (વિભાગ)થી સુંદર ધર્મ અગર કોઇ પણ પ્રકારની ક્રિયા આ વિવેક વિના લોકમાં ફળ મેળવી શકતી નથી. તે (વિવેક) એકેંદ્રિયોને વિષે નથી, તેમ વળી બેઇંદ્રિયાદિમાં નથી, અસંજ્ઞી જીવોમાં નથી અને પશુ નારકી અને દેવમાં પણ પરિપૂર્ણ નથી. (સેજસાજ છે.) કોઇકજ છીપના પુટસંપુટમાં જેમ મોતી હોય છે (છીપો ઘણી હોય છે, પણ મોતી તો કોઇક છીપમાંજ હોય છે) તેમ મનુષ્યોમાં પણ ઉત્તમ કુળ, સારો આચાર, શ્રદ્ધા અને આરોગ્યતા આદિના સંભવવાળા થોડાજ મનુષ્યોમાં તે સ્ફુરાયમાન (પ્રગટ) થાય છે. (વિવેકના ગુણો) વિવેકને



લક્ષ્મી પ્રાપ્ત થયા છતાં તેનો અહંકાર નથી, કૃપણતા નથી અને કટુભાષીપણું નથી; દુઃખી અવસ્થામાં પણ આધિ (મનની પીડા) નથી, પરના વૈભવ ઉપર દ્વેષ નથી અને નિર્દયપણું નથી; પંડિતપણું પ્રાપ્ત થયા છતાં પણ સ્વોત્કર્ષ કરવાપણું નથી, બીજાનો પરાભવ કરવાપણું નથી, અને કુકાવ્યનું રચવાપણું નથી; અને અલ્પ જાણપણામાં પણ લજ્જાનું ઘટવાપણું નથી, સિદ્ધાંત ઉપર અરૂચિ નથી, અને ખરાબ બુદ્ધિ નથી, સુખમાં આસક્તિ (ગૃદ્ધિ) નથી, વિષયમાં અભિરૂચિ નથી, દુઃખમાં દીનતા નથી, બીજાને સંતાપ કરવાપણું નથી, આખા જીવિતવ્યમાં યશનું વિરોધી કર્મ કરવાપણું નથી તેમજ મરણ પામ્યા પછી દુર્ગતિરૂપ કિલ્લામાં વસવાપણું નથી, લક્ષ્મીની પ્રાપ્તિમાં, દુઃખી અવસ્થામાં, સિદ્ધાંતની પ્રાપ્તિમાં, વધારે અગર થોડા સુખ દુઃખમાં અને જીવવામાં કે મરણમાં તે વિવેકજ સત્પુરૂષોને પ્રિય છે. દ્વેષરૂપ કલ્મષથી રહિત એવો વિવેક (દુનીઆના જીવોને) નિષ્કારણ ઉપકારી છે. તે મારા રાજ્યનો ઘણો વિસ્તાર કરીને અત્યંત યશ મેળવશે. હે સભ્યો! પ્રતાપરૂપ અગ્નિમાં બળતા શત્રુરૂપ પંતગીયાવાળી લક્ષ્મી મેળવવી તે સુલભ છે; અને મનોહર શરીરવાળી સ્ત્રીઓ મેળવવી તે પણ સુલભ છે, પણ આ વિવેકનો સમાગમ થવો દુર્લભ છે. જેને આ વિવેક વલ્લભ છે તેને હું પણ વલ્લભ છું, જે આનો ભક્ત છે તે મારો પણ ભક્ત છે; અને જેને આ દ્વેષ કરવા લાયક છે તેને હું પણ દ્વેષ કરવા લાયક છું. આ બાબતમાં કાંઇ પણ સંશય જેવું નથી. તે વિવેક મારી પાસે આવ્યો છે એટલે તે કાંઇ પણ ગૌરવ કરવાને યોગ્ય છે, તેથી

તે સમગ્ર ગુણ રૂપ મંડળ (પ્રાંત અગર પરગણું પક્ષે ગુણના સમૂહ) નો આગેવાન થાઓ. (અર્થાત્ તેને ગુણરૂપ દેશનો આગેવાન કરવામાં આવે છે.)"

એ પ્રમાણે ભગવાનના પ્રસાદને પ્રાપ્ત થવાથી આદર પૂર્વક શહેરના લોકો પણ વિવેકની સ્તુતિ કરવા લાગ્યા. પછી વિવેકે પણ એ પ્રવચનપુરમાંજ નિરંતરનો વાસ કર્યો. એક દિવસે અવસર જોઈને તેણે (અર્હત) રાજાને વિનંતિ કરી કે હે વિશ્વના ઐશ્વર્યની ધુરા ધારણ કરવામાં શ્રેષ્ઠ! તમે જે શત્રુને જીત્યા છો તેમાં પ્રચંડ તીક્ષ્ણ હસ્ત રૂપી દંડવડે શત્રુના આડંબરને ખંડિત કરતો, અવિદ્યાનગરીના કિલ્લાની સહાયથી નિરર્ગલ (અત્યંત) ભુજાબળવાળો, પુત્ર પૌત્રાદિ પરિવારના વિસ્તારથી વડવૃક્ષના વિસ્તારને વિડંબના પમાડતો અર્થાત્ વડવૃક્ષ કરતાં પણ વધારે વિસ્તરેલો, કોતરાના અગ્નિ અને રેશમના તાંતણાની જેવો પાતળો, ત્રણ જગત્‌ના લોકને વશ (તાબે) કર્યા છે જેણે એવો, ઘણાં રત્ન, રથ, ઘોડા, હાથી અને સુભટોની શ્રેણિથી ભયંકર, અસંખ્ય સંખ્યા પ્રમાણ ઉત્સાહને વધારતો, સાહસનો એક નિધાન, ઇંદ્ર અને ચક્રવર્ત્તીના પરાક્રમને પણ તૃણ અને આકડાના તુલની માફક ગણતો, તપસ્વીના તપનો નાશ કરતો, મહાત્માઓને વિઘ્ન કરતો અને વિદ્વાનોના માનને પણ મર્દન કરતો **મહામોહ** નામનો શત્રુ હાલમાં મદવાન્ થયો છે અને વળી નવીન પટુતાને પામ્યો છે; એ મહા પરાક્રમી મોહની પાસે ઘોડા, હાથી, સિંહ, અષ્ટાપદ, સર્પ અને વેતાલ એ કાંઇ ગણતરીમાં નથી. હે મહારાજા! તે પાપીની પાસે ભૂત કે વ્યંતર, દેવો કે દાનવો અને ઇંદ્ર કે ચક્રવર્ત્તીનું કાંઇ પણ ચાલતું નથી. તે પ્રચંડ બુદ્ધિવાળાની આગળ કુળવાન્ કે કળાવાન્, સ્માર્ત્ત કે ઋત્વિજ, યોગી કે યોગીશ્વર એ સર્વે સરખા છે. હે સ્વામી! મોટી ઋદ્ધિવાળા ઇંદ્રાદિક હમણાં તમારી સેવા કરે છે પણ અહીંથી બહાર ગયા પછી તે સર્વે પણ તે (મોહ) નીજ સેવા કરે છે. શૂન્ય અરણ્યમાં રહેવાવાળા જેઓ અત્યંત તપસ્યા કરેછે તેઓ પણ મોહથી બીતા હોય નહીં તેમ તેનો પક્ષપાત છોડતા નથી. જે મહર્ષિઓ હર્ષથી તમારા નામના મંત્રનો જાપ કરી રહ્યા છે તેઓનાં પણ મન તેના હુમલાથી અત્યંત ભયવાળાં થઇ રહ્યાં છે. જે ઉત્પાતોથી એક ક્ષણમાં બીજાનું રાજ્ય નાશ પામે છે તેજ ઉત્પાતોવડે તેનું રાજ્ય ઉચ્ચ સ્થિતિને પામે છે. નિમિત્તનો જાણનાર પણ આ ઠેકાણે શું કરે? હિંસા કરવી, ચોરી કરવી, અસત્ય બોલવું, બ્રહ્મચર્યનો નાશ, કુબુદ્ધિ, સાત વ્યસનો અને બાળહત્યા વિગેરે—તેની પાસે રહેનારાની નિરંતરની વૃત્તિ (પ્રવૃત્તિ અથવા આજીવિકા) છે. તેમાંના કેટલાએક (નાગપંચમીને દિવસે) જીવ રહિત સર્પોને (સર્પની મૂર્તિને) નમસ્કાર કરે છે અને જીવતા સર્પોને તેજ નિર્દયો પાછા હણે છે, અને કેટલાએક તો દાવાનળ લગાડવાથી પુણ્ય માને છે. આવા મૂર્ખ મનુષ્યો તો દૂર રહો પણ અનેક શાસ્ત્રના જાણકાર મનુષ્યોની પણ તેના યોગે નિર્વિચાર પ્રવૃત્તિ દારૂડીઆના જેવી દેખાય છે. (તેજ બતાવે છે). તેઓ ઉંબરાનાં ઝાડ અને ખાંડણીયા પ્રમુખને દેવની માફક પૂજે છે; અને અગ્રપિંડ (તૈયાર થયેલ રસોઇનો પહેલો ઉપરનો ભાગ) દેવાને માટે કાગડાઓને પણ પાત્ર ગણે

છે, જેઓ પારધીના પાશથી પોતાનું પણ રક્ષણ કરવાને અસમર્થ છે તેઓ તેતર નામના પક્ષી સરખા પરમેશ્વર કહેવાય છે. જેઓ પરાધીનપણે સ્ત્રીઓની કુખમાં વારંવાર ઉત્પન્ન થાય છે તેવા દેવો પાસેથી મૂર્ખ પુરૂષો અપુનર્ભવ (મોક્ષપદ)ની અભિલાષા કરે છે. જેઓને સ્ત્રી, ધન અને ગાયરૂપ પરિગ્રહ છે તેઓ ગુરૂપણું ધારણ કરીને ઘણા જીવોને સંસારથી તારવાનો પ્રયત્ન કરે છે. (તે કેવું કરે છે તે બતાવે છે). પોતે બીલકુલ (સંસાર તરવાને) પ્રયત્ન કરતા નથી અને તેવીજ રીતે પ્રયત્ન નહીં કરનારા બીજા ગુરૂ થઇ બેઠેલાઓને (સંસાર તરવાની ઇચ્છાથી) પોતાની વહાલી વસ્તુ આપીને જેઓ ભવસમુદ્ર તરવાની ઇચ્છા કરે છે તેઓ, એક આંધળો માણસ બીજા આંધળા માણસને રસ્તે ચડાવવાને જેમ ખેંચે છે, તેમ કરેછે. આ દુનિયામાં અગ્નિના જેવું બીજું કોઇ શસ્ત્ર નથી (કેમકે તે સર્વ વસ્તુને બાળીને ભસ્મ કરી નાંખે છે અને ચોધારૂં શસ્ત્ર કહેવાય છે) એમ સઘળા મનુષ્ય જાણે છે તોપણ તેને લાકડાંવડે નિરંતર વૃદ્ધિ પમાડવામાં ધર્મબુદ્ધિ માનવામાં આવે છે. (આ પણ તેઓની મૂર્ખતા છે). જે અગ્નિને વિષ્ટાદિક વસ્તુઓ પણ ખાવા લાયક છે (અર્થાત્ વિષ્ટાદિક વસ્તુઓ પણ અગ્નિમાં બળી જાય છે) અને મુખાદિ સાફ કરવાને પાણી પણ જેને રૂચતું નથી તેને દેવોનું સુખ છે એમ માનવામાં આવે છે. ચામડી માત્રને સ્પર્શ કરવાવાળું પાણી બહારના મેલને દૂર કરવાને પ્રગટ રીતે સમર્થ છે પણ જેમાં જીવોનું મર્દન થાય છે તેવા પાણીના સ્નાનથી પાપનો ક્ષય થાય છે એમ તેઓ માની બેઠેલા છે. જેનાથી સંસા-



રની વૃદ્ધિ, આરંભની બાહુલ્યતા અને પાપની બુદ્ધિ થાય છે તેવા કન્યાના વિવાહને (કન્યાદાનને) તેઓએ અગણ્ય પુણ્યવાળો પોતાનાં શાસ્ત્રોમાં કહેલો છે. શુક નામના યોગીના સુંદર ચરિત્ર રૂપ અમૃતનું પાન કરીને (અર્થાત્ શુક યોગીનું સુંદર ચરિત્ર સાંભળીને) પણ કેટલાએક બોલે છે કે ગૃહસ્થાશ્રમ ઉપરાંત બીજો ઉત્તમ ધર્મ નથી, એ પણ એક આશ્ચર્યની વાત છે. "અહિંસા પરમો ધર્મઃ" અર્થાત્ 'જીવની હિંસા ન કરવી એ ઉત્તમ ધર્મ છે.' આ પ્રમાણે સભામાં બોલનારા પંડિતો પણ અજ્ઞાનીની માફક ધર્મને અર્થે બકરાં પ્રમુખને હણે છે. માખીઓના મોઢાનું થુંક અને જંતુઓની હિંસાથી પેદા થએલ મધને પંડિતો દેવોના સ્નાનાર્થે ઉપયોગમાં લે છે તે પણ એક ખેદની વાત છે ! પોતાના સ્વામીને છોડીને બીજા પાસે જવાવાળી સ્ત્રી દુષ્ટ કહેવાય છે એ ન્યાયમાર્ગ છે, છતાં કોઇ પણ ઠેકાણે પુણ્યબુદ્ધિથી બ્રાહ્મણોને પુરંધ્રી (બહુ કુટુંબ અને પતિપુત્રવાળી સ્ત્રી) નું દાન કરાય છે. વિવેકરહિત એવી પશુ રૂપ જે ગાય પોતાના પુત્રની સાથે પણ મૈથુન સેવે છે અને અપવિત્ર વસ્તુ (વિષ્ટાદિક) નું ભક્ષણ કરે છે તેને તેઓ પરમ દૈવતરૂપ માને છે. સ્વર્ગલોક વિદ્યમાન છતાં મૂત્ર તથા છાણથી ભીંજાયેલ અને નિંદનીક ગાયના પૂંછડાના મૂળમાં મૂર્ખ પુરૂષો દેવોને વસાવે છે (અર્થાત્ ગાયના પૂંછડામાં તેત્રીશ કરોડ દેવતાનો વાસ છે એમ કહે છે.) કોઇ વખત દેવોની યાત્રામાં યાત્રાળુ પ્રાણીનો વધ, તેનો બુંબારવ અને સુરાપાન આ સર્વ એકાકાર કરે છે. ઉત્પન્ન થતા જંતુસમૂહના ઘાતના કારણભૂત વૃક્ષોને છાયાના ક્ષણિક સુખને ઇચ્છ-

નારા પુરૂષો ધર્મને માટે આરોપણ કરે છે. જેની લાખ પાપનું કારણ છે, ફળ ક્રમીથી વ્યાપ્ત છે, અને જેનું મૂળ એક જાતિના કીડાવાળું છે એવા પીપળાના ઝાડને પિતૃઓને તૃપ્તિનું કારણ હોય એમ તેઓ માને છે. જેમ પાણી વડે ગાય પ્રમુખની તૃપ્તિ (ઇચ્છાની શાંતિ) થાય છે તેમ બગલાં આદિ જીવોવડે માછલાનો નાશ પણ જ્યાં થાય છે એવું સરોવર ધર્મ કરવાવાળું છે એમ તેઓનું માનવું છે. 'દેહથી કરેલાં કર્મ દેહનેજ ભોગવવાં પડે છે' એવો નિશ્ચય છે છતાં કેટલાક ધનના લોભીઆઓ (ગુરૂ થઈ બેઠેલાઓ) પૈસાનું દાન કરવાથી પાપનો ક્ષય થાય છે એમ તેના સેવકોને આદેશ કરે છે. 'ગોળની, તલની અને સોનાની બનાવેલી ગાય મંત્રવડે સજીવન થાય છે અને તે તમારા પાપનો નાશ કરે છે' આ પ્રમાણે બોલવાવાળા લોભીઆ (તેમ કરાવીને) તેને ભાંગી કરીને પોતે વહેંચી લે છે. પંખીઓ માર ખાતાં ક્ષેત્રમાંથી બે ત્રણ કણ ખાવા પામે છે, તો આવા કર્ષણના આરંભથી આટલામાંજ મુક્તિ મળે (એમ કહે છે) એ આશ્ચર્યની વાત છે. 'સૂર્યનાં કિરણ સ્પર્શવાથીજ સર્વ વસ્તુ પવિત્રતાને પામે છે' એ પ્રમાણે સ્મૃતિનું વચન છે છતાં કેટલાએક રાત્રે ભોજન કરે છે. ગંગાનદીનું પાણી પણ રાત્રિએ પાપ હરણ કરી શકતું નથી તો રાત્રે ખાવાવાળા આચમનના પાણીથી કેમ શુદ્ધ થાય? કર્મની ભિન્નતાથી જીવો પણ પ્રગટપણે જુદી જુદી ગતિમાં જનારા હોય છે છતાં 'ધણીની સાથે બળી મરવાથી ફરીને તેનો સમાગમ થાય છે' એવાં મૂર્ખ પુરૂષોનાં વચનોવડે સ્ત્રીઓ ધણીની સાથે બળી મરે



છે. એમ સમજો કે પિતા એક જુદા ઘરમાં રહે છે તે અવસરે પિતાને નિમિત્તે પુત્રે આપેલું દાન તેને મળતું નથી (તો પરભવમાં ગયેલ પિતાને તે ક્યાંથી મળશે? એમ જાણે છે) તોપણ અન્ય ભવમાં ગયેલા પિતાને પુત્રો પિંડદાન આપે છે. 'સ્ત્રી જાર કર્મ કરવાથી દૂષિત થતી નથી' એવી જેઓના ધર્મશાસ્ત્રની વાણી છે તેઓને પોતાની સ્ત્રીના રક્ષણ માટે કલેશ પામતાં જોઈને લોકો તેની હીલના કરે છે. પરસ્ત્રીના સંગમાં મહા અવગુણ છે એમ બોલનારા પણ મહાદેવે ઋષિપત્નીઓને, કૃષ્ણે ગોપીઓને અને ઈંદ્રે તાપસી ( અહલ્યા ) ને ભોગવી છે. વિવેકરહિત તિર્યંચોના (વાછડા વાછડીના) અને સંજ્ઞારહિત વૃક્ષો (તુલસી પ્રમુખ) ના વિવાહ કરતાં. તેઓ પોતાનેજ અચેતન (અજ્ઞાની) જણાવે છે. અટવીમાં રહેવાવાળા, સુકા ઘાસ પ્રમુખનો આહાર કરવાવાળા અને વાયુનું પાન કરવાવાળા હરિણાદિ નિરપરાધી જીવોને મારનાર જીવો કુતરાની જેવી આજીવિકાને કરવાવાળા છે. 'માંસ વિનાનું ભોજન રાજાઓને ન હોય' એ પ્રમાણે બોલનારા કેટલાક વાચાળ પુરૂષો પોતાના સ્વામીને (રાજાને) પણ સંસારઆવર્તમાં ડુબાવે છે. કેટલાએક આત્માને અવિદ્યમાન માને છે અર્થાત્ આત્મા (જીવ) છેજ નહીં એમ માને છે, કેટલાએક આત્માને સર્વવ્યાપક માને છે, કેટલાએક તેને ક્ષણે ક્ષણે નાશ થતો માને છે અને કેટલાએક આત્માને શરીર સાથે લેપાયેલો માને છે અર્થાત્ એકરૂપ માને છે. હે મહારાજ! આ મોહનું રાજ્ય ઉત્કૃષ્ટ બળવાન્ છે એ વાત **વિચાર** નામના મારા મિત્રે ચારે બાજુ ચરવૃત્તિએ તપાસ કરીને

એકાંતમાં આવીને મને કહી છે. હે સ્વામી! તમે ત્રણ લોકના નાયક છો અને મોહ પણ પોતાને ત્રણ લોકનો સ્વામી કહેવરાવે છે, તો શું એક મ્યાનમાં બે તરવાર હોઇ શકે? લોકો તમને સ્વામી તરીકે માને છે પરંતુ તે ઉત્કૃષ્ટ આજ્ઞાવાળો મોહ આંતરે આંતરે અહીં આવી લોકને જોરથી દબાવીને પોતાની આજ્ઞા ગ્રહણ કરાવે છે. હે જગન્નાથ! એ રાજ્યના સંકટથી દુઃખી થએલા અને 'હવે શું કરવુ" એ વિચારમાં વ્યાકુળ થયેલા લોકોનો તમે ઉદ્ધાર કરો અને આ દ્વિવિધ ભાવનું નિરાકરણ કરો."

વિવેકે કહેલ સર્વ વૃત્તાંત સાંભળીને ભગવાને આ પ્રમાણે કહ્યું કે "હે વત્સ! હે સ્વચ્છ બુદ્ધિવાળા! તું સાંભળ, તેં જે વાત કહી છે તે સર્વ અમે જ્ઞાનથી જાણીએ છીએ. પણ શું કરીએ! કર્મના સંબંધથી મોહરાજા બળવાન્ છે. વીર પુરૂષોએ યુદ્ધને વિષે તેને પરાભવ પમાડયોછે છતાં પણ તે દુર્વા (ધ્રો)ની માફક વૃદ્ધિ પામે છે. મોહજ શત્રુ છે, મોહજ મહાખલ પુરૂષ છે, મોહજ વ્યાધિ છે અને મોહજ મહાવિષ છે. (તેના જોરથી ) જે મદોન્મત્ત સ્ત્રી મદનથી આતુર થયેલા બીજા જાર પુરૂષની સાથે જારકર્મ કરી ધારણ કરેલ ગર્ભને શત્રુની માફક ક્ષાર અને ઉગ્ર તૈલાદિવડે મારવાને ઇચ્છે છે; કદાચ જન્મ થાય છે તો તેને મળની માફક તજે છે અને જે સ્વાર્થ સાધવામાં પૂર્ણ તથા એક નિષ્ઠાવાળી છે તે છતાં તે (માતા) અત્યંત હિત કરનારી છેએમ કેટલાક અજ્ઞાની કહે છે. મોહની આ ચેષ્ટાને ધિક્કાર હો! પુત્રપણું ( સર્વ પુત્રોમાં )સરખું છે છતાં પણ પિતા જે પુત્ર બળવાન, વ્યાપાર કરવાવાળો અને લક્ષ્મીના સમૂહને એ-



કઠી કરવાવાળો હોય તે પુત્ર ઉપર ઘણો સ્નેહ રાખે છે, બીજામાં તેવો સ્નેહ રાખતો નથી; જે પિતા ઉત્તમ પુત્ર પાસેથી ધનના ભાગની ઇચ્છા રાખે છે, (જો તે નથી આપતો તો) તેને શ્રાપ આપે છે, આક્રોશ કરે છે અને દ્વેષ કરે છે તેવા પિતાને (અજ્ઞાનીઓ) સ્નેહે કરીને ઉજ્વળ પિતા તરીકે માને છે. મોહની આ ચેષ્ટાને પણ ધિક્કાર હો! જે સ્ત્રી દેખવા માત્રથી પણ મનનું હરણ કરનારી, વિવાહ કરવામાં આદર કરવાથી ધન હરનારી, સ્પર્શ કરવાથી પ્રાણ (બળ) હરનારી, સ્વાર્થનો લાભ થાય ત્યાંસુધીજ સ્વામીની સેવા કરનારી, દુઃખે રક્ષણ થાય તેવી, ભયનું કારણ, ચપળ દૃષ્ટિવાળી, શંકાનું સ્થાન અને માયાની ભૂમિકા છે—તેવી સ્ત્રીઓને પામીને પણ મનુષ્યો (હર્ષથી) નાચે છે. મોહની આ ચેષ્ટાને ધિક્કાર હો! જે પુત્ર ગર્ભમાં રહ્યા સતો માતાને પીડા કરવાવાળો અને યોવનનું હરણ કરનારો છે, માતાને મળ, શ્લેષ્મ, વિષ્ટા અને મૂત્રથી દૂષિત કરે છે, તેનું શરીર તેવડે લિંપે છે, યુવાવસ્થામાં સ્ત્રીને આધીન થઈને માતાપિતાને જેમ તેમ બોલે છે અને વૃદ્ધ માતાપિતાનો પરાભવ કરીને તેની એકઠી કરેલી લક્ષ્મીને પોતે ભોગવે છે તેવા પુત્રને મનુષ્ય સુખને અર્થે ઇચ્છે છે. મોહની આ ચેષ્ટાને ધિક્કાર હો! જે ભાઇઓ પ્રયાણ સમયે (જન્મ્યો ત્યારે) સાથે આવ્યા નથી, સાથે ચાલવાના નથી, જન્મ, જરા તથા મરણાદિ વિપદા છેદવામાં અને ઈષ્ટ દેવામાં અસમર્થ છે, અને પૃથ્વી, ઘર તથા ધનને અર્થે એકદમ જોરથી ભાઈઓની સાથે કલેશ કરે છે ( વઢે છે ) તેવા ભાઈઓમાં આસક્ત થએલા તેને બહુ માને છે; પણ સુકૃતને બ-

હુ માનતા નથી. મોહની આ ચેષ્ટાને ધિક્કાર હો! જે શરીર મજ્જા (ચરબી), મળ, મૂત્ર અને માંસથી મલિન છે, પાણીવડે ધોવાથી પણ જે શુદ્ધ થતું નથી, નિરંતર ઘણા રોગરૂપી શત્રુને રહેવાને સ્થાન આપે છે (અર્થાત્ રોગનું ઘર છે) અને યત્નપૂર્વક પાલન કર્યા છતાં (મરણને સમયે) એક પગલું પણ આત્માની સાથે ચાલતું નથી તેવા આપદાના ઘરરૂપ શરીરને માટે અનેક પ્રકારનાં પાપ કરાય છે. મોહની આ ચેષ્ટાને ધિક્કાર હો! અનેક પ્રકારના આરંભનું કારણ, શરીર અને મનના કલેશથી પેદા કરેલું, ભાઈઓમાં પણ વેર કરાવવવાળું, દંભ, લોભ, અસત્ય અને મોહાદિ પાપનું સ્થાન, રાજા, અગ્નિ અને ચોરથી ભય પ્રાપ્ત થવાના સંભવવાળું અને સમુદ્રના કલ્લોલની જેમ ચપળ એવું જે ધન તેને સાત ક્ષેત્રમાં ખરચીને (અજ્ઞાની) ખુશી થતો નથી, તેનો સંગ્રહ કરી રાખી મૂકે છે. મોહની આ ચેષ્ટાને ધિક્કાર હો! સર્વે મા, બાપ, પુત્ર, ભાઇ વગેરે આવા ખરાબ હોતા નથી તોપણ બુદ્ધિવાનોએ નિશ્ચે તેઓથી શંકાતા તો રહેવુંજ જોઇએ. જેમ સઘળાં દરોમાં કાંઈ સર્પ હોતા નથી, તોપણ દર જોઈને ભય રખાય છે. પ્રચંડ વાયરાથી ઉછળતા કલ્લોલથી ભરપૂર સમુદ્ર પણ સુખે તરી શકાય, સૂકા વનની અંદર દેદીપ્યમાન થયેલા દાવાનળને પણ સુખેથી સમાવી શકાય, ક્ષુધાથી દુર્બળ (ખાલી) થયેલા પેટવાળા રાક્ષસથી પણ પોતાનું રક્ષણ કરી શકાય, સત્પુરૂષોને એ સઘળા કરતાં એક મોહ અત્યંત દુઃખે દૂર કરી શકાય તેવો છે. સ્વામીના ગુણ વડે તેના સર્વે સેવકો (રાગ દ્વેષ—વિષયકષાયાદિ) પણ દુઃખે મરી શકે તેવા છે; તેઓને હણ્યાં



છતાં પણ નારકીના જીવોની માફક તેઓ ફરી ફરીને જીવે છે. આ મોહ સર્વ જીવોમાં રહેલો છે, પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંત છે; કોઈ વ્યક્તિની (અભવ્યની) અપેક્ષાએ અનંત છે અને કોઈ વ્યક્તિની (ભવ્યની) અપેક્ષાએ અંતવાળો પણ છે; પરંતુ અનાદિ તો સર્વની અપેક્ષાએ છે. હે વત્સ વિવેક! તું કોઈ ઠેકાણે (સિદ્ધમાં) પ્રવાહની અપેક્ષાએ આદિ અંત વિનાનો છે, અને કોઇ વ્યક્તિની અપેક્ષાએ આદિવાળો અને અંતવાળો પણ છે. તું વિચાર કર. આ મોહ અને તેના જે ભકતો છે તે સર્વે અનેકરૂપ ધારણ કરવાવાળા છે, તેથી તે મહા શત્રુઓ દરેક પ્રાણીની પાછળ એક એક રૂપે લાગેલા છે. હે વિવેક! તું અને જેઓ તારા ભકતો (સદ્‌ગુણો) છે તે પણ બહુરૂપ ધારણ કરવાવાળા છો. પરંતુ તમે સમ્યગ્‌દૃષ્ટિઓની સંગાતેજ સંબંધ ધરાવનારા છો, બીજા (વિભાવ ધર્મવાળા)ની સાથે સંબંધ ધરાવતા નથી; તેટલા માટે મોહના પક્ષવાળાને તારા પક્ષવાળા કરતાં સિદ્ધાંતને વિષે અનંત ગુણો કહ્યા છે. હે વિવેક! તું બળવાન્ છે, તો પણ આ સર્વેને કેવી રીતે જીતી શકીશ? માટે હે ઉત્તમ! સર્વ જીવોની ચિંતાથી સર્યું; તું તારો સ્વાર્થ સાધ અને તે તારો સ્વાર્થ તારે શરણે આવેલાઓનું રક્ષણ કરવા શિવાય બીજો શો છે? અર્થાત્ શરણે આવેલાનું રક્ષણ કરવું એજ તારો સ્વાર્થ છે. હું જાણું છું કે મોહથી કદર્થના કરાતા આ જગત્‌ના સર્વ જીવોને જોઈને એ સર્વ આપદાના મૂળ મોહનેજ ઉખેડી નાખવાને તું ઇચ્છે છે પરંતુ તેને ઉખેડી નાંખ્યો હોય તો પણ ગળોના વેલાની માફક તે ફરીને પાછો સજીવન થાય છે, તે છતાં પ્રાણીઓની પીડા શમા-

વવાનો કાંઈક ઉપાય હું તને કહું છું તે સાંભળ— આ લોકના અંત ભાગમાં આવેલું એક **નિર્વાણ** નામનું શહેર છે. તેની પ્રાપ્તિને માટે કયા કયા પુરૂષો વિવિધ પ્રકારના કલેશોને સહન કરતા નથી? અર્થાત્ તે શહેરની પ્રાપ્તિનેમાટે ઘણા પ્રાણીઓ મહેનત કરે છે. પરંતુતે શહેરમાં ભવ્ય જીવોમાંથી પણ ઘણાજ થોડા નિવાસ પ્રાપ્ત કરી શકે છે, કેમકે સર્વ મણિનો સમૂહ કાંઇ સુવર્ણનો સંયોગ પામી શકતો નથી. (નિર્વાણ શહેરનું વર્ણન) તે શહેરમાં જન્મ, જરા અને મરણ નથી; વિપદા નથી; ગર્ભવાસની પીડા નથી; લક્ષ્મી, સ્ત્રી, પુત્ર પુત્રી અને બંધનની પરાધીનતા નથી; ઇંદ્રિયોની ચપળતા નથી; મન સંબંધી પીડા, શરીર સંબંધી પીડા, વિયોગ, શોક અને પરાભવ નથી; દુઃખ અને દાસપણું નથી; ભય નથી; ક્ષુધા નથી; તૃષા નથી; ઈર્ષાવાળી વાણી નથી; પીડા નથી અને ટાઢ કે તાપ પણ નથી; ફક્ત એક કેવળજ્ઞાન યુક્ત અમૃતના ભોજનથી ધરાયેલાની માફક આહ્લાદથી ભરપૂરપણે અનેક જીવો તે શહેરને વિષે નિરંતર રહે છે. જેમ આવે તેમ (નિર્વાણને માટે) દોડતા મોહથી ભય પામેલા જીવો પણ તેને મેળવવાના આશયવાળા છતાં રસ્તાને નહીં જાણનારા વટેમાર્ગુની માફક મોહ નગરીમાંજ રહે છે. વળી તે (નિર્વાણ શહેર)નો માર્ગ નહીં જાણતાં છતાં પણ કેટલાક ઠગારાઓ તેનો માર્ગ(નિર્વાણ શહેરનો રસ્તો) કહીને (બતાવીને) વિશ્વાસી મનુષ્યને ભવારણ્યમાંજ ભમાડે છે. વૈરાગ્ય સહિત સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ક્રિયા એજ તેનો માર્ગ છે. જે પ્રાણીઓ અમારાં વચનોમાં વિશ્વાસ રાખે છે તેજ તે (નિર્વાણ)ના માર્ગને પામે છે. મુક્તિની લગભગ પહોંચેલા પણ સ્વામી વિનાના જીવોને



મોહ પાછા વાળે છે. સમુદ્રને કિનારે આવેલા વહાણને પણ શું વાયુ ભમાવતો નથી? અર્થાત્ ભમાવે છે. માટે હે વિવેક! જે કોઇ મોહથી ભય પામ્યા હોય અને તે (નિર્વાણ)શહેરમાં જવાની ઈચ્છાવાળા હોય તેવા વટેમાર્ગુઓનું રસ્તામાં રક્ષણ કરવા માટે તું એકલો દીક્ષિત (પ્રયત્નવાન) થા. તું પાસે હોવાથી શત્રુઓથી નિર્ભય થઈને તે લોકો મોક્ષને પ્રાપ્ત થાઓ. ગરૂડ ઉપર ચડેલાને શું સાપ સંબંધી ભય હોય? અર્થાત્ ન જ હોય; તેમ વિવેક પાસે હોવાથી જીવોને મોહ સંબંધી ભય ન હોય. પહેલાં પણ તારી માફક અનેક વિવેકો મારી પાસે આવ્યા હતા, અને આજ રસ્તે તેઓએ પણ પોતાની સ્વાર્થસિદ્ધિ મેળવી હતી."

ઉપર પ્રમાણે ભગવાને આદેશ કર્યો. તે વિવેકે અંગીકાર કર્યો. કારણકે બલીષ્ટ ભુજાવાળાનું સત્ત્વ (બળ) વજ્રની માફક ન અટકાવી શકાય એવા વિસ્તારવાળું હોય છે. તે(વિવેક)ના વીર ચરિત્રથી તુષ્ટમાન થયેલા ત્રણ લોકના સ્વામીએ તેને **પુણ્યરંગ** નામના નગરનું અધિકારીપણું (ઐશ્વર્ય) આપ્યું. પછી અર્હંતે કહ્યું કે—"હે વિવેક! જે **વિમળબોધ** (નિર્મળજ્ઞાન) નામનો તારો સસરો છે તેનેજ તું તારા (પુણ્યરંગ નામના) નગરમાં કોટવાળ કરજે; અને તારા કેટલાએક સેવકો હમણાં જે મોહની પાસે છે તેઓની મુક્તિ સ્વભાવથીજ અનેક રૂપ કરવાવાળી (અનેક ભવ કર્યા પછી) છે એમ તું જાણજે. માટે આ વિમળબોધ મારા વનનું પાલકપણું ન મૂકતાં તારા નગરનું કોટવાળપણું પણ સારી રીતે કરશે." ભાવાર્થ એ છે કે તારા સેવકો જે મોહની પાસે છે તેઓને હજી ઘણા ભવ

કરવાના છે, માટે તેની ચોકસી કરવાની અત્યારથી જરૂર નથી. તેથી સામાન્ય રીતે વિમળબોધને બંને કામ સોંપવામાં આવે છે; નહિતો એકજ કામ તેને સોંપવામાં આવત.

પછી તેમના (જિનેશ્વરના) આપેલા કેટલાએક ભવ્ય સુભટોનાજ પરિવારવાળો, દેવના ધ્યાનરૂપ ધ્વજાના પ્રકાશથી પોતાના આગમનને સૂચન કરતો, ગુરૂના ઉપદેશરૂપ વાજીંત્રના ધ્વનિવડે આકાશને વાચાલિત (શબ્દિત) કરતો, આનંદિત દૃષ્ટિએ વારંવાર માતા (નિવૃત્તિ)થી જોવાતો, પ્રેમરૂપ વૃક્ષોના વનની પૃથ્વી તુલ્ય તત્વરૂચિ નામની સ્ત્રી સહિત યાચકોને યાચના પૂરતું લીલા માત્રમાં દાન આપતો, મહાત્મા પુરૂષોની સ્ત્રીઓથી ગુણગ્રામ ગવાતો અને વિદ્યાસિદ્ધ પુરૂષની માફક કોઇએક રૂપથી સ્વામી અર્હંતની સભાને નહિ મૂકતો (અર્થાત્ એકરૂપથી અરિહંતની સભામાં પણ રહેલો) વિવેક ધર્મના નિધાનરૂપ જિનેશ્વરનો આદેશ પામીને ક્ષણમાત્રમાં પુણ્યરંગ નામના નગરને પ્રાપ્ત થયો. તે નગરમાં રહેલા મહાજનોથી આનંદથી થયેલા વિકસ્વર ચક્ષુવડે આશ્ચર્ય પૂર્વક જોવાતા વિવેકે પોતાના પરિવાર સહિત નગરમાં પ્રવેશ કર્યો. પછીત્યાં વિવેક રાજાએ પોતાના સસરા વિમળબોધને તરતજ તેના નગરના કોટવાળપણે સ્થાપન કર્યો. ઉત્તમ પુરૂષો સ્વામીનાં વચનનું કદિપણ ઉલ્લંઘન કરતા નથી. જેમ ઘરનો સ્વામી જાગ્રત હોવાથી શ્વાન ઘરમાં પ્રવેશ કરી શકતો નથી તેમ આ વિમળબોધ કોટવાળ જાગ્રત હોવાથી દયા રહિત, દાંડ, દગાખોર, દંભ કરવાવાળા, બીલાડાની માફક પારકાપરજ આજીવિકા કરવાવાળા, અને



તીવ્ર બુદ્ધિવાન્ છતાં બગચેષ્ટાવાળા પાપાચારી જીવો તે નગરમાં પ્રવેશ કરી શક્યા નહિ. હવે મોક્ષના માર્ગની સંભાળ કરતો અને ઉત્તમ આચરણરૂપ અમૃતે કરી માતાને સંતોષ ઉત્પન્ન કરતો વિવેક ત્યાં રાજ્યને ભોગવે છે. જ્યારે જ્યારે આ ઉતાવળે ચાલનાર અને સ્નેહિત મન-મોહને અથવા વિવેકને સાક્ષીભૂત (સહાયકારી) થાય છે ત્યારે ત્યારે મોહનું અથવા વિવેકનું રાજ્ય વૃદ્ધિ પામે છે.

આ પ્રમાણેની વિવેક પુત્રની ભાગ્યકળાનો વિચાર કરતો મનપ્રધાન અંતઃકરણમાં અત્યંત આશ્ચર્ય પામ્યો; અને તેના ઉદયથી માયા, કુબુદ્ધિ અને પ્રવૃત્તિ —એ ત્રણે સ્ત્રીઓએ પોતાનું મુખ મલિન કર્યું. પરંતુ એ ત્રણે સ્ત્રીઓ ગ્લાની પામવાથી સુમતિ (સદ્‌બુદ્ધિ) અત્યંત નિરોગીપણું (આનંદ) પામી, અને હંસરાજા પણ પોતાના બંધન ઢીલાં થવાથી સદ્‌બુદ્ધિના આશ્લેષ (આલિંગન)નું સુખ ઘણા કાળે પામ્યો.

આ પ્રમાણે શ્રીમત્ જયશેખરસૂરીએ રચેલ પ્રબોધ ચિંતામણિ ગ્રંથમાં મોહને રાજ્યનીપ્રાપ્તિ, વિવેકનું તત્વરૂચિ સાથે પાણિગ્રહણ અને તેને રાજ્યની પ્રાપ્તિના વર્ણનવાળો ચોથો અધિકાર સમાપ્ત થયો.

## પાંચમો અધિકાર.

હવે અવિદ્યાનગરીમાં રહેલ મોહરાજા (નાસ્તિક નામના) મિત્રની સાથે એકદા રાજ્યતંત્રના સંબંધમાં વિચાર કરે છે. મિત્ર કહે છે કે 'હે મોહ! નિવૃત્તિના પુત્ર રાંક વિવેકને મૂકીને બીજો બધો બંધુવર્ગ તારે આધીન છે' તે સાંભળી પૂર્વે અનુભવેલા વિવેકના બાહુબલના અનુભવથી સેનાના સમૂહને એકઠી કરતો મોહ જેની સર્વ વસ્તુનો નાશ થયો હોય તેની માફક નિસાસો નાખી મિત્રને કહે છે કે 'હે ચાર્વાક! તે (વિવેક) રાંક નથી; તેની આગળ હું રાંક છું;' જેમ વાઘ હરણને દુઃખ આપે છે તેમ તેણે ઘણીવાર મને દુઃખ આપ્યું છે. મનપ્રધાન્ ખરેખર મૂર્ખ છે કેમકે તેણે તે (વિવેક)ને જીવતો મૂકી દીધો. પોતાનો પુત્ર પણ વિષમ (વિપરીત ચાલવાવાળો) હોય તો અંતઃકરણવાળા પુરૂષો તેને મારી નાખે છે. જે મનુષ્યને એક પણ શત્રુ જીવતો હોય તેને સુખ ક્યાંથી હોય? જેના શરીરમાં એક પણ રોગ સ્થાયી (નિરંતર રહેવાવાળો) હોય તેના શરીરમાં સુખ ક્યાંથી હોય? જેને માથે શત્રુ હોય છતાં જે મૂઢ પ્રાણીઓ સુખે નિદ્રાએ સુવે છે તેઓ ઘરની અંદર આગ લાગ્યા છતાં સુઇ રહેનારની માફક મરેલાજ સમજવા. હે મિત્ર! આ ક્ષુદ્ર (નાનો) છે એમ વિચારીને શત્રુનો તું વિશ્વાસ કરીશ નહીં. કેમકે મચ્છર નાના શરીરવાળો હોવા છતાં પણ મોટા હાથીને મારી નાખે છે, તેથી નાના સરખા શત્રુની થોડી પણ ઉપેક્ષા સર્વ



વસ્તુના નાશ કરવાવાળી થાય છે. જુઓ, એક નાનો પણ વૃક્ષનો અંકુરો કાળાંતરે શું મોટા મહેલનો નાશ નથી કરતો? કરે છે. દુઃખી અવસ્થામાં આવી પડેલા શત્રુની પણ વિદ્વાન્ પુરૂષોએ શંકા રાખવી. કેમકે પત્થરથી ચૂર્ણ કરાએલું ઝેર પણ પ્રાણનો નાશ કરેછેજ. કેટલાએક સંતો પણ કોઇ કોઇ ઠેકાણે કહે છે કે જેઓને હું અપ્રિય છું તેઓ પણ તે (વિવેક) ની સાથે મળી જવાથી ગૂઢ પરાક્રમવાળા થશે. શૂરવીર પુરૂષ તો દૂર રહો પણ જેમ ઘણા તાંતણાના સમૂહવાળા વસ્ત્રમાં વણાયેલો વાળ દુઃખે ગ્રહણ કરાય છે તેમ અલ્પ પરાક્રમવાળો પણ ઘણાની સાથે મળવાથી દુઃખે ગ્રહણ કરી શકાય છે. તેથી આ વિવેક કદાચિત પ્રવચન નામના નગરમાં ગયો તો પછી ગુફાની અંદર રહેલા સિંહની માફક કયા પુરૂષથી તે ગ્રહણ કરી શકાશે? અર્થાત્ તેને કોઇ પણ પકડી શકશે નહીં. કદાચિત્ તે (પ્રવચન) નગરના સ્વામી અર્હતના કહેવા મુજબ તે ચાલશે તો પછી અમૃત પીધેલા દૈત્યની માફક તેને કોણ મારી શકશે? અર્થાત્ કોઇ મારી શકશે નહીં. 'શત્રુને પોતાના હાથે મારવો એજ શ્રેષ્ઠ છે' એ એક ઉત્તમ રાજનીતિ છે. ત્યારે આ તો પોતાના ઘરમાંથીજ પેદા થએલો અને પરના ઘરમાં જઇ રહેલો શત્રુ છે તેથી તેની તો ઉપેક્ષા કરાયજ નહીં, માટે જ્યાંસુધી જીવતા અગર મરેલા વિવેકની ખરી ખબર મળશે નહીં ત્યાંસુધી સંદેહરૂપ શલ્યવાળો આ મોહ સુખ ક્યાંથી પામશે? તેથી ચરપુરૂષોને મોકલીને ચરાચર (જંગમ અને સ્થાવર) સર્વ પૃથ્વી જોઇને જો વિવેકના સમાચાર મેળવું તો હું સમાધિવંત થાઉં, અર્થાત્ સુખી થાઉં.'

આ પ્રમાણે વિચાર કરીને કાર્યના જાણ મોહે ખરેખરા સ્વામીભક્તો અને વિચક્ષણો દંભ, પાખંડ અને કુશ્રુત (અજ્ઞાન) આદિ શણાઓને આદેશ કર્યો કે "હે સ્વામીના ખરા ભક્તો! આ પૃથ્વીમાં ફરી ફરીને વિવેકની તપાસ કરો અને તેના સમાચાર મેળવવાને દૃઢ આગ્રહવાળા થાઓ. અર્થાત્ વિવેક હાલ ક્યાં છે તેના સમાચાર લઇનેજ આવો." મોહરાજાનો આ પ્રમાણેનો આદેશ પામીને ભુજાબળથી ગર્વિત એવા તે સુભટો જેમ વાંદરા મોટા વનમાં ભમે તેમ ઘણી પૃથ્વી ઉપર ભમ્યા. જ્યાંસુધી વેદ (શાસ્ત્રજ્ઞાન), ઉદંત (સાધુ) અને તેના માણસની પાછળ તેઓ જોડાયા ત્યાંસુધી તેઓએ પગલે પગલે તે (વિવેક)ની ગવેષણા કરી. તોપણ મહાત્મા વિવેકની શુદ્ધિ (ખબર) તેઓને મળી નહીં કેમકે થોડાએક સાધુઓના હૃદયરૂપ ખૂણામાં રહેવાવાળાને કોણ (બાહ્ય દૃષ્ટિવાળો) ઓળખી શકે? ત્યારપછી હાથમાંથી પડી ગયેલા ખાણવાળા પુરૂષની માફક વ્યાકુળ ચિત્તવાળા તેઓ પુણ્યરંગપુરની બહારની ભૂમિ સુધી ગયા. ત્યાં ખરાબ આશારૂપ ખાઇને આશ્રયે તેઓ (દંભ પ્રમુખ) સ્થિર થઈને બેઠા, તેટલામાં **વિમળબોધ** ગોવાળનાં ઉદ્ઘોષણા કરાતાં આવાં વચનો તેઓએ સાંભળ્યાં. "અરેસમ્યકત્વ, સુશીલ અને સમાધિ પ્રમુખ સુભટો! તમે બીલકુલ પ્રમાદ કરો નહીં અને આદરવાળા થઈને જુઓ, જુઓ. આ મિથ્યાત્વરૂપ ધૂતારો આવે છે તેને ઉત્તમ સિદ્ધાંતરૂપ તલવારથી અટકાવો, અને આ ઉન્માદ (વિષય ઇચ્છા) રૂપ ચોર નગરમાં પ્રવેશ કરવાની ઇચ્છા કરે છે તેનો વધ કરો. આ દુર્ભાવ નામના દુર્જનને વધ કરવાની ભૂમિ પ્રત્યે લઈ આવો. એ છુપી રીતે ચાલનાર વૈરી છે તેથી તેને શૂળીએ ચડાવ્યા વિના મૂકશોજ નહીં. આ સર્વે સુભટો એ રીતે મોહનીજ સેવા કરવામાં તત્પર છે માટે વિવેક નામના આપણા સ્વામીએ તે સર્વેને મારવાનો હુકમ કર્યો છે તેથી તેમાં વિલંબ શામાટે કરો છો?" આ પ્રમાણેનાં કોટવાળનાં વચનો સાંભળવાવડે વિવેકની શુદ્ધિનો લાભ થવાથી અને (મોહના સુભટોને મારવાના) કોટવાળે કહેલા શબ્દોથી દંભ વિગેરે એક સાથે હર્ષ અને વિખવાદથી વિડબંના પામ્યા. (અર્થાત્ વિવેકની શુદ્ધિ મળવાથી હર્ષિત થયા અને પોતાને મારવાનો હુકમ સાંભળવાથી વિખવાદ પામ્યા.) કોટવાળના શબ્દો શાંત થયા છતાં પણ તે મલિનોએ ભયથી દુરિચ્છારૂપ ખાઇનો આશ્રય ન મૂકયો; કેમકે પર રાજ્યની જમીન પરાભવને માટેજ થાય છે. પછી બળતા વનમાં મૃગ ન રહી શકે તેમ ત્યાં રહેવાને અસમર્થ થવાથી તેઓ ઉતાવળે પાછા ફરીને મોહરાજાની સભામાં આવ્યા. ત્યારપછી સમુદ્રનો કિનારો પામવાવાળા (સમુદ્રમાં ડુબતા માણસ)ની માફક પોતે જીવતા છે, એમ માનવાવાળા તે દીન સુભટો સ્વામીને નમસ્કાર કરીને જેટલામાં કાંઈ બોલે છે તેટલામાં મોહેજ કહ્યું કે "રે! રે! કાંઇ બોલશો નહીં, કાંઇ બોલશો નહીં. તમારૂં મોઢુંજ કહી આપે છે કે તમે કૃતાર્થ થઇને (જે કાંઈ કરવા ગયા હતા તે કરીને) આવ્યા નથી; પણ **દંભ** નામનો સુભટ જે તમારી સાથે હતો તે કેમ દેખાતો નથી? તેને ન દેખવાથી મારૂં મન કંપે છે, અરે! મારૂં સર્વ ઐશ્વર્ય તેને આધીન છે. તે મારો

જમણો હાથ છે. તે વીર સુભટની દુર્દશા કોઇ રીતે ન સાંભળું તો વધારે સારૂં."

(નોટ)અહીં સમજવાનું છે કે દંભની સાથે મોહનું નિરંતર રહેવાપણું છે. જ્યાં દંભ હોય ત્યાં મોહ અવશ્ય હોય છે અને દંભનો નાશ થવાથી મોહનો નાશ ઘણી સહેલાઈથી થાય છે માટે ધાર્મિક તેમજ વ્યવહારિક કાર્યમાં દંભ (કપટ)નો તો અવશ્ય ત્યાગજ કરવો યુક્ત છે.

વળી મોહ કહે છે કે—"કોઈ ઉત્પાત તો થયા નથી, ખરાબ સ્વપ્ન પણ મેં જોયું નથી, છતાં મારા રાજ્યનું સર્વસ્વ—દંભ દેખાતો નથી, તેથી મારૂં મન વિસ્મિત થાય છે." આ પ્રમાણેનાં મોહરાજાનાં વચન સાંભળ્યા પછી પાછા આવેલા સુભટોએ અહીંથી ગયા ત્યારથી તે પાછા આવ્યા ત્યાં સુધીનું પોતાનું સર્વ વૃત્તાંત મોહને કહીને પછી મહા આરંભવાળા દંભનું વૃત્તાંત કહેવા લાગ્યા કે "હે મહારાજ! જ્યારે અમોને કોટવાળથી ભય થયો ત્યારે દંભે અમને કહ્યું કે—હે સુભટો! તમે પાછા ચાલ્યા જાઓ. કેમકે થોડો પણ પરિવાર અન્ય રાજ્યના માર્ગમાં ભયને માટે થાય છે,(ભય આપનાર થાય છે.) અને હું તો વિવેકના નગરમાં પ્રવેશ કરીને કોઇ પણ રીતે તપાસ કરી તે (વિવેક) ની મૂળથી ખબર મેળવી લાવીશ. જો હું આ કોટવાળના ભયથી કાર્ય કર્યા વિના એમને એમ પાછો ફરૂં તો મોહ જેવા સ્વામીના ઉત્તમ પ્રસાદનો અનૃણી કેવી રીતે થાઉં ?" આ પ્રમાણેના દંભના સમાચાર સાંભળીને મોહરાજા વિલખો થયો, અને આકાશમાં નજર બાંધી (ઉંચું જોઇ)ને ગળગળો થઇ કહેવા



લાગ્યો કે "હે અનેક પ્રકારની બુદ્ધિના આધારભૂત! હે મારા સ્વતંત્ર રાજ્યરૂપ ઘરના સ્તંભરૂપ! હે આરંભના સંરંભમાં સફળતા પામનાર દંભ! તું વિજયવાન થા. હે શત્રુના સમૂહને વિષે સિંહ તુલ્ય દંભ! તું આવ, તું આવ, મને દર્શન આપ, તું તો મારા પ્રસાદના ઋણ રહિતજ છે. આ તું શું બોલ્યો? (અર્થાત્ આવો વિચાર તારા મનમાં ક્યાંથી આવ્યો?) વૈરીથી ભય પામીને મારા સેવકોનો સમુદાય જ્યારે શિયાળ જેવો થઇ ગયો ત્યારે હે સત્ત્વને ધારણ કરનાર દંભ! તેં એકલેજ તે વૈરીને વિષે સિંહની માફક આચરણ કર્યું છે. ઉત્તમ સેવકો સ્વામીને અર્થે પોતાના પ્રાણ પણ તૃણની માફક ગણે છે. આવી સેવાની રીતિ બીજા સર્વ સેવકોએ સાંભળી છે પણ તારે વિષે તો તે રહેલી છે. હે દંભ! તનેજ અવલંબીને રાજાઓ યુદ્ધમાં શત્રુના સમૂહને જીતે છે. તારા વિના લોક સંબંધી કોઈ પણ કાર્યની સિદ્ધિ થતી મેં કોઈ ઠેકાણે જોઇ નથી. યુદ્ધમાં, રાજકુળમાં, અરણ્યમાં, દુકાનમાં, નાટકમાં, જળમાં અને સ્થળમાં તને એકનેજ આગળ કરીને મનુષ્યો સંપદા (લક્ષ્મી) મેળવે છે. હે વીર પુરૂષ! અત્યંત તેજવાળા વચલા મણિ વિના મોતીની માળા જેમ પ્રભારહિત દેખાય છે તેમ તારા એક વિના આ મારી સભા આજે પ્રભારહિત થઇ ગઈ છે."

આ પ્રમાણે મોહરાજા શોકાતુર થયે સતે મહા સત્ત્વવાળા ક્રોધાદિ સુભટો પોતાની મેળેજ દંભની ખબર મેળવવાને માટે દોડ્યા. તે સુભટો વિવેકના નગરની નજીકની ભૂમિમાં આવી પહોંચ્યા, પણ સમુદ્રની માફક તે નગરીમાં પ્રવેશ કરવાને સમર્થ થયા

નહિ; ત્યારે તેઓ એકઠા થઇને વિચાર કરવા લાગ્યા કે-'આમ ને આમ (દંભની તપાસ કર્યા વિના) પાછાં વળતાં તો આપણને લજ્જા આવે છે માટે કાંઈપણ કરીને જઈએ તો ઠીક.' એ પ્રમાણે અભિમાનના સ્ફુરવાથી કેટલાક વિવેકના માણસોને તેઓએ બંદીવાન કર્યા. કુરૂટી (કુરડ ને ઉકુરડ) આદિ સાધુઓને ક્રોધે, બાહુબળી સરખાને માને, કેસરી પ્રમુખ સાધુઓને લોભે અને રથનેમિ આદિ સાધુઓને કામસુભટે પકડી લીધા. આ પ્રમાણે તેઓના પકડવાથી ગર્વ કરતા અને પાછા ફરતા ક્રોધાદિ સુભટોના હાથમાંથી બાહુબલી સરખા વીર પુરૂષો તો નાસીને પાછા પોતાને ઠેકાણે આવી પહોંચ્યા, એટલે બીજા કુરૂટી સરખાઓને તેઓએ વિશેષ પ્રકારે બાંધ્યા અને તે મહા ભયવાળા (કુરૂટી આદિ)ઓને તેઓ મોહરાજાની આગળ લઈ ગયા. આ શત્રુના પક્ષમાં રહ્યા હતા એ કારણથી મોહરાજાએ તત્કાળ દુર્ગતિરૂપ બંદીખાનામાં નાખીને તેઓને મહા કલેશના ભોગવનાર કર્યા; તોપણ મોહરાજાને દંભ સંબંધી શોક ઓછો ન થયો. કેમકે પત્થરના લાભથી કાંઈ રત્ન ખોવાયાનું દુઃખ નાશ પામે છે? નથી પામતું. તેથી ફરીને પણ પૂર્વની માફક શોકથી ઘેરાએલો મોહરાજા બોલે છે, તેવામાં અકસ્માત્ સભાના લોકોએ દંભને ત્યાં આવેલો જોયો. જેમ વર્ષાઋતુમાં આકાશ અનેક વર્ણોથી સંકીર્ણ (મિશ્રિત) થાય છે તેમ દંભને જોઇને મોહરાજા હર્ષ, વિતર્ક, સ્નેહ અને ઉત્સુકતા આદિ ભાવો વડે સંકીર્ણ થઇ ગયો. પછી નમસ્કાર કરતા દંભને રાજાએ સંભ્રમપૂર્વક ઉઠાડીને દૃઢ આલિંગન કરી સ્વાગત (તું સુખે આ-



વ્યો ઇત્યાદિ) અને શરીરની કુશળતા સંબંધી પૂછ્યું. દંભ કહે છે કે "સ્વામીભક્ત એવો જે હું તેને દુઃખનો સંભવ હોયજ નહીં. ચંદ્રમાએ અંગીકાર કરેલ મૃગને શું સિંહથી કલેશ થાય? અર્થાત્ ન થાય. હે સ્વામી! હવે જે પ્રમાણે ત્યાંનો ઇતિહાસ છે અને જે પ્રમાણે મેં ત્યાં જોયેલ છે તે પ્રમાણે હું કહું છું તે તમે સાંભળો. જે વખતે કોટવાળના ભયથી મેં આ સુભટોને પાછા વાળ્યા તે વખતે નગરને સારી રીતે રક્ષણ કરાએલું અને કોટવાળની તીવ્રતા જોઈને નગરમાં પ્રવેશ કરવાને માટે મેં અનેક પ્રકારના ઉપાયો ચિંતવ્યા, પણ બીજો કોઇ ઉપાય ન જણાયાથી અને તત્કાળ બુદ્ધિ ઉત્પન્ન થવાથી હું તે નગરમાં રહેવાવાળા ઘણા ધાર્મિક પુરૂષોના જેવો વેષધારી ધાર્મિક થયો. પછી કોઇ ઠેકાણે મેં સાધુનો વેષ લીધો, કોઈ ઠેકાણે શ્રાવકનો વેષ લીધો, એમ નિઃશંકપણે જેમ ગૃહસ્થ પોતાના ઘરમાં ફરે તેમ હું તે આખા નગરમાં ફર્યો. તે નગરમાં ચારિત્ર ભાવનાથી રહિત મનવાળા અને ચારિત્ર ધારણ કરનારના વેષમાં રહેલા મેં કેવળ આજીવિકાને માટે કેટલાંએક વ્રત સંબંધી દુઃખો સહન કર્યાં. કોઇ વખત આચાર્યની મુદ્રા (પદવી)થી સભામાં ઉંચા આસન ઉપર બેઠેલો હું બંદીવાનોથી બોલાતા મારા ગુણોને સાંભળીને મારા હૃદયમાં મારા (ખરાબ) ચરિત્રથી હસતો હતો. તીર્થાદિકમાં એકાંતે ખાઇને 'હું ઉપવાસવાળો છું' એમ બીજાને કહેતો હતો. હું પોતે અજ્ઞ (મૂર્ખ) હતો છતાં કોઈ ઠેકાણે જઇ કોઈને પુછીને (હું ભણેલો છું એમ જણાવવા માટે) તે જ્ઞાનને બીજાની આગળ વિસ્તારથી જણાવી આપતો હતો. અવશ્ય કરવાનાં

(પ્રતિક્રમણાદિ) કાર્યો રાત્રે તો હું જેમ તેમ કરતો, પણ લોકમાં તો હું કીર્તિવાન થાઉં એ કારણથી દિવસે તો વિધિપૂર્વક વિશેષ પ્રકારે કરતો હતો. અંતઃકરણમાં તો મત્સરથી ભરેલો હતો છતાં સભામાં બંને આંખોને સંકોચિત કરતો સંસારથી ભય પામેલા જીવોની માફક સમતા રસની દેશના આપતો હતો. બીજા સાધુને મારવાને હું ઉદ્યમવાન થયેલો હોઉં તેવામાં માણસોને આવતાં જોઈને 'હે મુનિ! મારૂં કહેવું તું માન અને આવી આકરી તપસ્યા તું કર.' આમ (અપરાધ છુપાવવાને) કહેતો હતો. દિવસે ધર્મધ્વજ (ઓઘો-રજોહરણ) ધારક થઈને શ્રાવકના સમુદાય પાસે વંદાવતો હતો અને રાત્રિએ માથે પાઘડી પહેરીને નીચ સ્થાનોમાં ફરતો હતો. કોઈ વખત વેર લેવાને માટે સાથળની નીચે ગુપ્ત શસ્ત્ર રાખતો હતો અને ગુરૂની આગળ ભણતો ભણતો તેના પગમાં લોટતો હતો; છતાં હું તો શઠજ રહ્યો હતો. ભાવવાળો થયો નહોતો. કોઈ વખત શ્રાવકનો વેષ લઈ ખોટા તોલા માપાદિ રાખનારની નિંદા કરીને મારી દુકાને વિશ્વાસ પામેલા ગ્રાહકોને હું લુંટતો હતો. કોઈ વખત મુખે નવકાર મહામંત્રનો જાપ કરતો કરતો સાધુના ઉપાશ્રયે જતો અને રાત્રિએ સાધુઓની ઉપધી અને ધનાઢ્યના ધનની ગ્રંથી ચોરી લેતો હતો. ધોએલાં શ્વેત વસ્ત્ર પહેરી, મુખકોષ ધારણ કરી, મંદિરમાં જઈ, પાષાણની મૂર્ત્તિની પૂજા કરીને હું ધાતુની પ્રતિમા ઉપાડી જતો હતો. એક દિવસે કપટી શ્રાવક જે હું તેને કેટલાક સાધર્મિકો (એક ધર્મવાળા) પોતાના મકાનમાં લઈ ગયા અને (સાધર્મિકજાણીને) તેઓએ



મને ઘણું માન આપ્યું, ત્યારે મેં રાત્રિએ તેઓનું સર્વ ધન લુંટી લીધું હતું. મેં કોઈ વખત લોભથી ધનને માટે 'મારા ભાઈઓને બંદીવાન કર્યા છે' (તેને છોડાવવાને માટે ધન જોઈએ છીએ, કોઈ આપો) એમ કહીને જુઠી રીતે ભિક્ષુક થઈ ઘર ઘર પ્રત્યે ધન માગ્યું હતું. એમ વિચિત્ર પ્રકારના વેષ ધારણ કરીને તે નગરમાં નિર્ભયપણે ક્રીડા કરતાં મેં જેવી રીતે આખું નગર જોયું છે તે પ્રમાણે તમને જણાવું છું. લોકોનું રક્ષણ કરવાને માટે તે નગરને નિયમ બંધન (શૌચ, સંતોષ, તપ અને સ્વધ્યાયાદિ) નામનો ઉંચો અને ઉત્તમ વ્રતરૂપ કાંગરાથી શોભિતો કિલ્લો છે. તેની ફરતી વ્યાપ્ત થએલી, લક્ષ્મીવડે સુંદર શોભાવાળી, ઘણા ઉંડાણને લીધે માપી શકાય નહીં તેવી અને શત્રુઓથી ઓળંગી ન શકાય તેવી પુણ્યવાસના નામની ખાઈ છે. તે કિલ્લાને આજ્ઞા વિચય, અપાય વિચય, સંસ્થાન વિચય અને વિપાક વિચય (એ ચાર ધર્મધ્યાનના પાયા-ભેદ) નામના નગરીની લક્ષ્મીના મુખ હોય તેવા ચાર દરવાજા છે. તે નગરમાં સાધુઓને રહેવા માટે શુભ ભાવનારૂપ ચુનાથી ઉજ્વળ કરેલા અને ઉચ્ચ ઉચ્ચતર ભૂમિકાવાળા સત્પરિણામ રૂપ આવાસો છે. બ્રહ્મચર્યના અઢાર ભેદરૂપ અઢાર વર્ણો મર્યાદાવડે તે નગરમાં વ્યવસ્થાપૂર્વક રહે છે, અને ઇંદ્રાને પણ માનનીક સંઘરૂપ મહાજન ત્યાં છે. યોગીઓને લાયક આસનોરૂપ દુકાનો પુણ્યરૂપ કરિઆણાંના સમૂહથી ભરેલી છે. અને પોતાને તથા પરને વિષે સરખાપણાવાળા સમતારૂપ નિર્મળ રસ્તાઓ છે. છાયાથી મનોહર આરામો અને બાહ્ય ગુણરૂપ

અનેક મુકામો ત્યાં છે, જેમાં અત્યંત પુણ્યના ભોગી પુરૂષો ઉત્તમ સ્ત્રીઓની સાથે ક્રીડા કરે છે. ત્યાં રસથી ભરપૂર ગ્રંથોની શ્રેણીરૂપ કુપિકાઓ ઘર ઘર પ્રત્યે છે; અને ઉચ્ચ સ્થિતિમાં આરૂઢ કરવાવાળા દશ પ્રકારના વિનયરૂપ ક્રીડા કરવાના પહાડો છે. વળી વિકસ્વર કમળોવાળુ અને હંસોને સુખ દેવાવાળું બ્રહ્મચર્યરૂપ સરોવર નવ ગુપ્તિરૂપ નવ કોટવાળોએ પાણી પીવાને માટે ચારે બાજુથી ઘેરેલું છે. નિરંતર યતનાના આવાસરૂપ **વિરતિ** નામની તે નગરીની અધિષ્ઠાતા પાદ્ર દેવી છે, જે બળવાન્ પુરૂષોએ આરાધન કરવાથી તેના સર્વ કલેશનું નિવારણ કરવાને સમર્થ છે. તે કિલ્લામાં કોઇ ઠેકાણે અમારિ ઘોષણા (કોઈ જીવને ન મારવો–દુઃખ ન આપવું ઈત્યાદિ ઉદ્દઘોષણા) થાય છે તો કોઈ ઠેકાણે સાધુઓને નિમંત્રણા કરાય છે. કોઈ વખત જિનમંદિરમાં ત્રણ પ્રકારનાં વાજીંત્રો વાગતાં હોય છે તો કોઇ વખત ગુરૂના ગુણની સ્તુતિ કરાતી હોય છે. કોઇ ઠેકાણે સિદ્ધાંતની વ્યાખ્યા થતી હોય છે તો કોઈ ઠેકાણે સદ્દગુરૂથી દેશના દેવાતી હોય છે. કોઈ વખત (ભણતા સાધુઓના) સ્વાધ્યાયનો નિર્ઘોષ સંભળાતો હોય છે તો કોઈ વખત ભૂલી ગયેલાંને સંભારી અપાતું હોય છે, અને ખોટાં કાર્યોનો નિષેધ કરાતો હોય છે. આ પ્રમાણે હે દેવ! કોલાહલથી વ્યાપ્ત થએલા આખા નગરમાં તમારી અવિદ્યાનગરીનું તો નામ પણ મેં કોઈ ઠેકાણે સાંભળ્યું નહીં. હે મહારાજા! તમારી નગરીની માફક તે (પુણ્યરંગ) નગરનો ઘણો વિસ્તાર નથી પણ ઈંદ્રના નગરની માફક શોભા તો અલૌકિક છે. અર્થાત્ આપણા નગરની તેવી શોભા નથી.



(હવે મોહની અવિદ્યાનગરીની સાથે વિવેકના પુણ્યરંગ નગરનું વર્ણન મેળવે છે.) આ અવિદ્યાનગરીમાં અનંતા જીવો સ્ત્યાનર્દ્ધિ (એક જાતની નિદ્રા છે જેમાં પ્રાણીઓ ગાઢ નિદ્રિત હોય છે.) નિદ્રામાં સુતેલા છે ત્યારે તે પુણ્યરંગ નગરમાં લોકો દેવોની માફક સુતા નથી પણ તેઓ નિરંતર સચેતન (જાગ્રતજ) છે. અહીં એક નાના કાર્યમાં પણ લોકો પ્રાયે કલેશ કરવામાં ઉત્સુક છે ત્યારે ત્યાં સત્યુગની માફક કલેશનું નામ પણ મેં સાંભળ્યું નથી. અહીંઆં લોકો બાંધવું, રોકવું, હણવું, આક્રોશ કરવો અને લુંટવું એવા કર્ત્તવ્યવાળા પ્રાયે હોય છે ત્યારે ત્યાં તો યુગલીઆની ભૂમિની માફક કોઇ પણ કોઈને બાંધતું કરતું નથી. અહીંઆં આક્રંદ રૂદન અને દીનવચનાદિકથી લોકો જ્યારે દુઃખી દેખાય છે ત્યારે ત્યાંના લોકો જાણે અમૃતનું પાન કરતા હોય નહીં તેમ સર્વે સમાધિને ભજે છે. આ નગરીમાં રાજા જ્યારે (પ્રજા પાસેથી) બધી વસ્તુ લેવાની ઇચ્છા કરે છે ત્યારે લોકો કાંઈ પણ દેવાને ઇચ્છતા નથી, ત્યારે ત્યાં તો રાજા અને પ્રજા એ સર્વેનાં એક ચિત્ત છે. ધન અને ઠકુરાઇને ઘણા કલેશથી ઉપાર્જન કરીને અહીંના લોકો સુખની અભિલાષા રાખે છે ત્યારે ત્યાંના રહેવાવાળા કલેશરહિત અને મહાસુખવાળા લોકો (કલેશથી ધન અને ઠકુરાઇને ઉપાર્જન કરવાવાળા) આપણા નગરના લોકોની ઘણી હાંસી કરે છે. આપણા નગરના લોકોનું પૃથ્વીની અંદર દાટેલું ધન નાશ પામે છે ત્યારે તે નગરીના લોકોનું જિનેશ્વરના મંદિર બનાવવાના મિષથી ખુલ્લું રાખેલું ધન કદિ પણ નાશ પામતું નથી. અહીં ઘણા

કષ્ટથી પાલન કરેલા પુત્રો પણ માબાપના શત્રુ થાય છે, ત્યારે ત્યાં આવેલા પરદેશીઓની સાથે પણ ત્યાંના લોકો સગા ભાઇઓની માફક રહે છે. આ નગરીમાં મહેનત કરતાં છતાં પણ લાભ થવો એ સંશયવાળો છે ત્યારે તે નગરમાં થોડી પણ મહેનત કરી હોય તો નિશ્ચે તેઓને લાભ મળે છે. આ નગરીમાં બમણો લાભ થવાથી જ્યારે વેપારીઓને ઘણો હર્ષ થાય છે ત્યારે ત્યાં થોડા પ્રયત્નથી અનંતો લાભ મળવા છતાં તે લોકો બીલકુલ અભિમાન કરતા નથી. તે નગરમાં ગ્રાહકથી જે લાભ થાય છે તેને હું કોની સાથે ઉપમિત કરૂં? (અર્થાત્ તે લાભને કોની ઉપમા આપું?) કેમકે અડદના બાકળા જેટલું ગ્રાહકો (સુપાત્ર સાધુઓ) ને આપવાથી (બંધાયેલ પુન્યથી) દેદીપ્યમાન કરોડો સોનૈયાનો લાભ થાય છે. હે મહારાજા! તમારા રાજ્યમાં અધિક મહત્વવાળા ઇંદ્ર અને ચક્રવર્ત્યાદિક જે છે તેઓ તે નગરમાં રહેલા અલ્પ ઋદ્ધિવાળાનું પણ દાસપણું કરવાને ઇચ્છે છે.

આ પ્રમાણે તે નગરની શોભા જોવાવડે નેત્રને આનંદિત કરતો હું (દંભ) એક વખત રાજસભામાં ગયો અને ઉભો રહ્યો તો ત્યાં સદ્ભાવરૂપ મહેલની અંદર સાધુઓની સોબતરૂપ પર્ષદામાં **સત્ત્વ** નામના સિંહાસન ઉપર બેઠેલા, મહાન્ કાંતિમંડળવાળા, હૃદયની પટુતાવડે ગુરૂના આદેશરૂપ શ્વેત છત્ર ધારણ કરેલ છે જેણે એવા, લક્ષ્મી અને લજ્જારૂપ વારાંગનાઓ પાંચ આચારરૂપ મનોહર ચામર વિંજે છે જેને એવા, કર્મ વિવરરૂપ છડીદારથી મહાજન જેની પાસે લવાયેલ છે એવા, આત્મજ્ઞાનના જાણ ગાયન



કરવાવાળાઓ જેના ઉજ્વળ ગુણવૃંદ ગાઇ રહ્યા છે એવા, શુભ લેશ્યારૂપ નટીએ રચેલા નાટકને જોવાની ઇચ્છાવાળા, નિશ્ચય અને વ્યવહારરૂપ નેત્રના પાત (જોવા) થી ત્રણ જગત્ (નું સ્વરૂપ) જાણેલ છે જેણે એવા, બુદ્ધિના આઠ ગુણરૂપ વંઠ પુરૂષોએ ઉત્કંઠાપૂર્વક જેના ચરણનું સેવન કર્યું છે એવા, ગુણરૂપ આભરણના સમૂહથી ઉત્પન્ન થયેલ કાંતિથી દેદીપ્યમાન, આચાર્યના છત્રીશ ગુણની સ્મૃતિરૂપ છત્રીશ પ્રકારના આયુધમાં પરિશ્રમ કરેલ છે જેણે એવા, અતિ તીક્ષ્ણ અને દેદીપ્યમાન ખડ્ગ દંડરૂપ ભુજાદંડ છે અલંકાર જેનું એવા અને **વિચાર** નામના બાળમિત્રની સાથે જાણે ઐકયતાને પ્રાપ્ત થયેલ હોય તેવા પ્રિય દર્શનવાળા **વિવેક** રાજાને મેં જોયો. તેમજ નિરંતર પવિત્ર એવી **તત્ત્વરૂચિ** નામની તેની પટ્ટરાણી કે જેનું મુખ સ્નેહથી તે (તત્ત્વરૂચિ)ને ઘણો વહાલો વિવેકરાજા પગલે પગલે જોયા કરે છે તે પણ જોયું."

આ પ્રમાણેનાં દંભનાં વચનો સાંભળી મોહ બોલ્યો—"કાર્યના પ્રારંભમાં જે સ્ત્રીનું મુખ જુએ તે શું પુરૂષ કહેવાય?" આમ ઉપહાસ (મશ્કરી)થી બોલીને તેણે દંભને કહ્યું કે—"કહો હવે આગળ શું થયું?" દંભ કહે છે કે "તે (વિવેકરાજા)ને **ભવવિરાગ** નામનો ન્યાયવાન પ્રથમ (મોટો) પુત્ર છે, જેણે પિતાની સહાયથી કયા બળવાન જીવોને જીત્યા નથી? અર્થાત્ ઘણાને જીત્યા છે. તેને બીજા પણ **સંવેગ** અને **નિર્વેદ** નામના શત્રુને જીતવાવાળા બે પુત્રો છે કે જેમાંનો એક એક પુત્ર આ જગત્‌ની સૃષ્ટિ (રચના)ને મૂળથી ઉન્મૂલન કરવાને સમર્થ છે. ઉપરાંત પરાક્રમમાં જાણે

વીરરસની અધિષ્ઠાતૃ (દેવીઓ) હોય નહીં તેવી તેને **દયા, મિત્રતા, મુદિતા** અને **ઉપેક્ષા** એ નામની ચાર પુત્રીઓ છે. **સમ્યગ્દૃષ્ટિ** નામનો તેને મહાઅમાત્ય (પ્રધાન) છે, જેની સત્પુરૂષો પ્રશંસા કરે છે, અને જેના દર્શન વિના પ્રસન્ન કરેલો વિવેકરાજા પણ વૃથા છે. તે (વિવેકરાજા) ના સામ્રાજ્યરૂપ વંશને ટેકો આપવાને રજ્જુ (દોરડા) સમાન **માર્દવ, આર્જવ, સંતોષ** અને **પ્રશમ** નામના ચાર સામંત રાજાઓ છે. તેને **સાત તત્ત્વ** (જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ) ના અવબોધરૂપ સપ્તાંગ રાજ્ય છે અને **દાનાદિ** (દાન, શિયળ, તપ અને ભાવ) ચાર ધર્મના ભેદોરૂપ ચતુરંગ સેનાનું બળ છે. તેને **વિમળબોધ** નામનો કોટવાળ, **ઉત્સાહ** નામનો દંડનાયક, **સદાગમ** નામનો ભંડાર અને **ગુણસંગ્રહ** નામે કોઠાર છે. તેને **ક્ષયોપશમિકભાવ** નામનો દાણ લેનાર દાણી છે અને સર્વ મનુષ્યને પ્રિય **ન્યાયસંવાદ** નામનો નગરશેઠ છે. પાંચ પ્રકારના **વ્યવહાર** (આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, આજ્ઞાવ્યવહાર, ધારણાવ્યવહાર અને જીતવ્યવહાર) તે તેના કારણિયા (પંચાયત કરનારા) પુરૂષો છે, અને સામાયિક આદિષટ્કર્મના અનુષ્ઠાન કરાવનાર **ષડાવશ્યક** (સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદનક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન) નામે તેને પુરોહિત છે. નવ રસના જાણનાર એવા તે (વિવેક)ને રસોયા તરીકે **ધર્મોપદેશકો** છે અને પાપની શુદ્ધિ કરનાર **પ્રાયશ્ચિત્ત** નામનો જળાધ્યક્ષ (પાણીખાતાનો ઉપરી) છે. તેને શય્યાપાલ તરીકે **સમાધિ જનનભાવ** (સમાધિ ઉત્પન્ન કરનાર ભાવ) છે અને **ધર્મરાગવિવર્દ્ધન** (ધર્મના રાગની વૃદ્ધિ કરનાર) નામે સ્થગીધર (પાનબીડા આપનાર) છે. વળી **શુભ અધ્યવસાય** નામના બળથી ગર્વિત એવા કરોડો તેના સુભટો છે કે જેઓના બળનું વર્ણન કરવાને સંત પુરૂષો પણ સમર્થ નથી. આ સર્વે પણ હુશિયાર, પ્રસિદ્ધ, યુદ્ધમાં નહીં ધરાય તેવા, સત્ય બોલવાવાળા અને કોઈ પણ પ્રકારની આજીવિકા (પગાર) લીધા વિના સ્વામીની પાછળ ચાલનારા છે. આ પ્રમાણે વિવેક રાજાની સભામાં હું જોતો હતો તેવામાં વિમળબોધ નામના કોટવાળે ત્યાં આવીને આ પ્રમાણે પોકાર કર્યો—"હે પ્રભુ! હું નજીક હતો છતાં પણ મોહરાજાની સેનાના માણસો, જેમ બગલાં માછલાંને લઇ જાય તેમ અકસ્માત્ આપણા નગરનાં કેટલાંક માણસોને લઈ ગયા છે. તેમાંથી કેટલાંએક પાછાં વળી આવ્યાં છે અને કેટલાંએકને તો તેઓએ બાંધી લીધાં છે. અહો! સાહસિક પુરૂષોએ આરંભેલી ક્રિયા નિષ્ફળ થતી નથી. માટે હે પ્રભુ! કોઇને આદેશ કરો કે જે તેમને પાછા વાળી લાવે." આ વચનો સાંભળતાંજ કોપથી કંપાયમાન ઓષ્ઠપલ્લવ થયેલ છે જેના એવો શૂરવીર વિવેક રાજા બોલવા લાગ્યો કે—"અરે! શું શત્રુથી પરાભવ? શું ધ્યાનરૂપ ભુજાઓ ભાંગી ગઇ છે? વિધાતાએ આ પ્રભુતા પરથી પરાભવ પામવાને માટેજ શું કરી છે? કે જ્યાં શત્રુરૂપ વિષધર (સર્પ)ની આશંકા નિર્વતનજ થતી નથી. પાપના ઘર સમાન તે મોહરાજા મારો મોટો શત્રુ છે. તે ત્રણ જગત્‌ને ભોગવે છે છતાં પણ મારા નાના રાજ્યને લઇ લેવાની ઇચ્છા

રાખે છે, તે દુર્બળ હતો ત્યારે પણ વાઘના બચ્ચાની માફક મને મારવાની ઈચ્છાવાળો હતો તો હમણા તો તે વળી મોટાઈ પામ્યો છે ત્યારે તો મારી વૃદ્ધિને તે હવે કેમ સહન કરશે? રાજ્ય છે અને શત્રુ પણ છે. આ બે વસ્તુ વિરૂદ્ધતા પામે છે, કેમકે સંપૂર્ણ અંધકારનો નાશ કર્યા વિના શું સૂર્ય ઉદય પામે છે? તે મહાશત્રુ છતાં (હું રાજા છું એવી) મારા ઐશ્વર્યની કથા વૃથા છે, કેમકે જેના માથા ઉપર મુદ્દગર ઉગામેલો છે એવો માટીનો ઘડો કેટલા વખત સુધી ટકી શકવાનો છે? માટે હે મહાઅમાત્ય! હે જાતિવાન રત્નની માફક ઉજ્વળ! શુદ્ધ બુદ્ધિના નિધાન! અને રાજ્ય રૂપ વલ્લીના વિશ્રામમંડપ! તું મારી વાત સાંભળ—તું કાંઈક એવો ઉપાય કર કે જેથી આ રાજ્ય ઘણાકાળ પર્યંત વિસ્તાર પામે, અને ભય દેવાવાળા વૈરીના વંશને હું મૂલથી ઉન્મૂલન કરી નાંખું.” રાજાના આવા આદેશથી એકાંત હિતકારી **સમ્યક્ત્વ** નામના પ્રધાને ગુરૂરૂપ જ્યોતિષી (જ્યોતિષ જાણનાર)ને રાજ્યની વૃદ્ધિ અને શત્રુકુળનો ક્ષય થવાનું કારણ પુછયું. જ્યોતિષી કહે છે કે “હે રાજાને ગૌરવ કરવા લાયક પ્રધાન! આ વાત હિતની ઈચ્છાએ વૃદ્ધ પુરૂષો પાસેથી પામેલા શ્રુતજ્ઞાનથી પહેલાં પણ હું જાણતો હતો, હવે સાંભળો—**પ્રવચન** નામનું શહેર પ્રથમ તમારૂં જાણેલુંજ છે, તેનું દાતા, ઉદયવાન્ અને દયાવાન્ સર્વજ્ઞ મહારાજા પાલણ કરે છે. તેને કેવળ શ્રી (સંપૂર્ણ—કેવળજ્ઞાન) નામની નિરંતર સાથે રહેવાવાળી રાણી છે, જેની દૃષ્ટિથી તે લોકાલોકના વૃત્તાંતને જુએ છે. તે (કેવળશ્રી)ની સાથે એકાંતે નિરંતર સુખ



ભોગવવાની ઈચ્છાથી પોતાના રાજ્યની સર્વ સ્થિતિ તે મહારાજાએ વિવેકને સોંપી છે. પરંતુ જ્યાંસુધી ભવસ્થિતિ છે ત્યાંસુધી સર્વજ્ઞ મહારાજને અને વિવેકને આ સર્વ પર્ષદાના લોકો સિદ્ધ વિદ્યાવાળા પુરૂષોની માફક બે રૂપ કરીને સેવે છે. તે સર્વજ્ઞ મહારાજને અનંત પરાક્રમવાળો **સંવર** નામનો એક સામંત છે. તે એકલો પણ સંગ્રામમાં સૈન્યસહિત મોહરાજાનો નાશ કરવાને સમર્થ છે. તેને સ્ત્રીના ગુણોવડે મુખ્યતાને પામેલી **મુમુક્ષા** (મોક્ષની ઈચ્છા) નામની સ્ત્રી છે, જેનું સ્વરૂપ અને સૌંદર્યતા જે યોગીંદ્રો હોય છે તેજ જાણી શકે છે (બીજાઓ જાણી શકતા નથી). તે સંવર અને મુમુક્ષાને વિશ્વને હિતકારી અને મહા પરાક્રમવાળી, **સંયમશ્રી** નામથી પ્રસિદ્ધ પામેલી એક પુત્રી છે જે દેવોને પણ દુર્લભ છે. જ્યારે તે નિર્દોષ શરીરવાળી સંયમશ્રીને વિવેક પરણશે ત્યારેજ નિમિત્તના જાણકારોએ તે (વિવેક)ના શત્રુકુળનો ક્ષય (જ્ઞાનમાં) દીઠો છે. આ સંયમશ્રીને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ (ઈર્યા, ભાષા, એષણા, આદાનભંડમત્તનિક્ષેપણા અને પારિષ્ઠાપનિકા; મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ) નામની આઠ સખીઓ છે જેઓ તેને નિરંતર આધીન છે. તેમાંથી એક એક પણ મોહના રાજ્યારોહને હસી કાઢે તેવી છે.

(તે આઠ સખીઓનું પરાક્રમ દૃષ્ટાંત દ્વારા બતાવે છે—)

**ધર્મરૂચિ** મુનિની ઈર્યા સમિતિ (સંયમની અને આત્માની વિરાધના ન થાય તે માટે રસ્તે યુગ પ્રમાણ દૃષ્ટિ કરી જોઈને ચાલવું તે) એ અને યક્ષમંદિરમાં રહેલા **કરકંડુ** ઋષિની ભાષા સ-

મિતિ (કાર્યપ્રસંગે નિર્દોષ, સત્ય, હિતકારી અને પ્રિય ભાષા બોલવી તે) એ, મોહનો નાશ કર્યો છે. **વજ્રસ્વામી**ની એષણા સમિતિ (બેંતાળીશ દોષ રહિત આહાર, પાણી, વસ્ત્રપ્રમુખ લેવાં ) દેવની પરીક્ષામાં અને ચોથી આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિ (વસ્ત્ર, પાત્રાદિ દૃષ્ટિથી દેખી, રજોહરણથી પુંજી નિર્જીવ જગ્યાએ લેવાં મુકવાં તે) વલ્કલચીરીની ઝાડની છાલનાં વસ્ત્રોની પ્રત્યુપેક્ષણા (પડિલેહણા)માં અખંડિતપણાને પામી છે. મળેલા મોદકનું ચૂર્ણ કરતાં ઢંઢણા રાણીના પુત્ર **ઢંઢણકુમાર** મુનિને પાંચમી પારિષ્ઠાપનિકા સમિતિ (સદોષ તથા સજીવ આહાર પાણી, ખેળ, પરિશ્રવણ, ઉચ્ચારાદિ નિર્જીવ પ્રાસુક જગ્યા ઉપર તજવું તે) મોહનો નાશ કરવાને હેતુભૂત થઈ છે. કર્મની મલિનતાની નિંદા કરતાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને મનોગુપ્તિ (મનને કાંઇપણ વિચાર કર્યા શિવાય સ્વાભાવિક સ્થિતિમાં નિર્વિકલ્પપણામાં રાખવું અથવા દુર્વિચારથી રોકી સદ્વિચારમાં પ્રવર્તિત કરવું), ક્રૌંચપક્ષીના (જવ ચણવાના) અપરાધને જાણતાં છતાં (તેનો બચાવ કરવાને માટે) નહીં બોલવાવાળા મેતાર્યમુનિને વચન ગુપ્તિ (કાંઇપણ ન બોલવું– મૌન રહેવું )અને આપદાને વિષે પણ (કીડીઓએ શરીરને ચાલણી જેવું કર્યું છતાં પણ) કાયોત્સર્ગ ધ્યાનથી ચલાયમાન નહીં થતાં સ્થિર રહેનારા ચિલાતીપુત્ર મુનિને કાયગુપ્તિ (સ્થિર આસન, હાલવું ચાલવું નહીં તે) મોહને હણનારી થઇ છે. જેની સખીઓ પણ શત્રુનું ચૂર્ણ કરી નાખવામાં સમર્થ છે તે સંયમશ્રીનું બળ સાંભળીને દેવો પણ (આશ્ચર્યથી) મસ્તક ધુણાવે છે તે ખરેખર યુ-



ક્તજ છે. તેના પરણવાના પ્રારંભથીજ દંભાદિકની સાથે મોહ, ઉદ્ધઇ લાગેલા વૃક્ષની માફક (ઉદ્ધઈ લાગવાથી જેમ વૃક્ષ હળવે હળવે નાશ પામે છે તેમ) ક્ષણેક્ષણે નાશ પામશે. નિમિત્તિઆએ પ્રધાનને આ પ્રમાણે કહેલું સાંભળતાંજ બે સ્ત્રી કરવાના ભયથી આતુર થયેલો વિવેક બોલવા લાગ્યો કે " હે તાત! ( હે તાત! એ એક જાતનું સંબોધન છે પણ પિતાવાચક નથી. ) હું સ્વભાથીજ કોમળ છું માટે આ (બે સ્ત્રી કરવાની) વાત સાંભળીશ પણ નહીં. જેના ઘરમાં સતી અને પુત્રવાળી એક સ્ત્રી વિદ્યમાન્ છે છતાં તે સ્ત્રીના મનને શલ્ય સરખી બીજી સ્ત્રી જે પુરૂષ અંગીકાર કરે છે તે પુરૂષ પાપથી લેપાય છે. જે પુરૂષને બે સ્ત્રીઓ છે તેના બંને ભવ (આ ભવ અને પરભવ) એક બીજી સ્ત્રીઓના અપરાધને એક બીજી પાસે નિરંતર છુપાવતાં, અવશ્ય ભ્રષ્ટ થાય છે. (અર્થાત્ આ ભવનું કે પરભવનું સાધન તે કરી શકતો નથી. ) કારણ વિનાનો કલેશ કરવાને બીજી સ્ત્રી કૃષ્ણચિત્રક (કાળો ચિતરો કહેવાય છે તે એક જાતની વનસ્પતિનું મૂળ છે કે જેનાથી વગર નિમિત્તે મનુષ્યોને આપસમાં કલેશ થાય છે) ના મૂળ સરખી છે અને સ્વામીનું સુખ હરી લેવામાં બાવળની શૂળ છે. જેમ કામળીને માટે ગ્રહણ કરેલો ઘેટો ચીર ચાવવાને ઉભો થાય છે તેમ સુખને માટે સ્વીકાર કરાયેલી બીજી સ્ત્રી સુખના નાશને અર્થે થાય છે; એક સંધ્યા (પ્રાતઃસંધ્યા) પામીને બીજી સંધ્યા (રાત્રિ સંધ્યા)પ્રત્યે જતો સૂર્ય તેજથી ભ્રષ્ટ થાય છે, અને એક દ્વિતીયા (શુકલપક્ષની) મૂકીને બીજી દ્વિતીયા ( કૃષ્ણપક્ષની )ને પ્રાપ્ત થતો

ચંદ્રમા ક્ષય પામે છે. તેવીજ રીતે બીજી સ્ત્રી પરણવાથી મારા તેજથી ભ્રષ્ટ થાઉં માટે મારે બીજી સ્ત્રી કરવી નથી.” આ પ્રમાણે બોલતા વિવેકને જોઇ કાંઈક હસીને તત્ત્વરૂચિ બોલવા લાગી—“હે હૃદીશ! સદ્ભાવને ઠેકાણે આવી કૃત્રિમ ભીરૂતા (ભય) શામાટે રાખો છો? ઘણી સ્ત્રીઓવાળા ભર્ત્તારને વિષે પણ ઉત્તમ સ્ત્રીઓ પોતાની ભક્તિનો ત્યાગ કરતી નથી. જુઓ ઘણી નદી (નદીરૂપ સ્ત્રીવાળા)-ઓવાળા સમુદ્રને વિષે ગંગાનદી મંદ આદરવાળી નથી. સ્ત્રીઓના ધર્મ (ફરજ–કર્ત્તવ્ય–સ્વભાવ–લક્ષણ–વ્યવહાર–લાયકાત) જુદા છે અને પુરૂષોના ધર્મ પણ જુદા છે, કેમકે વૃક્ષોના અને લતાના ધર્મ એક સરખા હોતા નથી. વૃક્ષની સાથે બંધાયેલા હાથીઓ ઉભા રહે છે, પણ વલ્લી(વેલડી)ની સાથે બંધાયેલા હાથીઓ ઉભા રહેતા નથી. તેમ પુરૂષો સર્વ કામને માટે લાયક છે અને સ્ત્રીઓ તો માત્ર વિલાસ કરવામાંજ એક રસવાળી હોય છે. જો સમુદ્રની માફક મર્યાદાનું ઉલ્લંઘન ન કરે તો ઘણી સ્ત્રી કરતો છતો પણ પુરૂષ અપરાધી નથી. વિકલ દેહવાળો (આંધળો, લુલો, અશક્ત વિગેરે) સ્વામી મળ્યા છતાં પણ સ્ત્રીએ તેના આધારે રહેવું જોઇએ. જુઓ, તળાવ સુકાયે સતે માછલી મ્લાની પામે છે અથવા મરણ પામે છે. હું સ્વામી તરફથી માન મેળવવાની અર્થી નથી પણ સ્વામીના હિતની અર્થી છું માટે જેનાથી તમારો જય થાય તે સ્ત્રીને મારે તેના ગુણને માન આપીને સેવવીજ જોઈએ.”

પોતાની રાણીનાં આવાં વચન સાંભળીને વિવેક કહે છે કે “હવે સર્વ શત્રુઓને મેં જીતી લીધાજ, કેમકે આ પ્રમાણે શોકો પ-



ણ આપસમાં સ્નેહવાળી જેના ઘરમાં છે ત્યાં ન્યૂનતા શી હોય? માટે હે મંત્રી! હવે વિલંબ ન કરો. વિશિષ્ટ, હિતકારી અને શોભન અધ્યવસાય નામના પુરૂષોને જિનેશ્વરની પાસે મોકલો. કેમકે તે જિનેશ્વર મારા ઉપર પ્રસન્ન છે, તેથી શત્રુના વંશનો ઉચ્છેદ કરવામાં કુહાડી તુલ્ય સંયમશ્રી કુમારિકા તે મને અપાવશે. ત્યાર પછી પ્રધાન જિનેશ્વરની પાસે મોકલવાને પોતાના માણસોને તૈયાર કરતો હતો, અને હું (દંભ) તે સમગ્ર વૃત્તાંત જાણીને તમારી પાસે આવ્યો છું, માટે હે મોહ! યુદ્ધ કરવામાં હું હુશીઆર છું અને સર્વ સામગ્રી પામ્યો છું એમ ધારીને (મારી જીત થશે એવો) તમે વિશ્વાસ ન રાખતા. દેદીપ્યમાન થયેલા (મરવા–ઓલાવાને દીપેલા) દીવાની દશાની માફક તમારી પોતાની દશા પણ ક્ષીણ થઈ છે એમ તમે જાણજો; કારણકે વિસ્તારવાળું રાજ્ય, ઉત્તમ પરિવાર, લક્ષ્મી, પુષ્કળ બળ (લશ્કર) અને પરિપૂર્ણ ભંડાર–આ સર્વ જે પ્રમાણે વિવેકને છે તે પ્રમાણે તમારે નથી. વિવેકનું રાજ્ય દૃષ્ટિગોચર થયે સતે પંડિત પુરૂષો તમારા રાજ્યને, જેમ ઇંદ્રના શહેરની પાસે ભીલના મુકામને માને, તેમ માને છે. અહીં રહેલા જે બાળકો, યુવાનો, પુરૂષો અને સ્ત્રીઓ છે તે સર્વે વિવેકની પાસે જવાથી જાતી વૈરીની માફક તમને મારવાને તૈયાર થશે (એમ સમજજો). તેના કેટલાક માણસો મહામંત્રનો જપ કરે છે, કેટલાક રાતદિવસ શ્રમ (તપસ્યા) કરે છે, કેટલાએક ઉપવાસાદિ શસ્ત્રોને તિક્ષણ કરે છે અને કેટલાએક શત્રુનો વિનાશ કરવામાં ઉપયોગી એવા યંત્રો લખે છે. આ પ્રમાણે તેના રાજ્યમાં તેના સર્વ મનુષ્યોનો ઉદ્યમ તમારા વધને

માટેજ છે, અને તમારી નગરીમાં રહેવાવાળા લોકોને સુખની વાર્તા વડે લોભ પમાડીને તેઓને મોક્ષનગરમાં નિવાસ કરાવવાનું વિવેક હમણાં ઇચ્છે છે; પરંતુ હે નાથ! નિગોદ નગરીમાં વસવાવાળા જીવો ઘણા હોવાથી તમારો આ વાસ ખાલી થાય છે તેની તમને ખબર પડતી નથી.”

આ પ્રમાણે દંભ પાસેથી બધા સમાચાર સાંભળીને મોહ રાજા ‘હવે શું કરવું ?’ તેના વિચારમાં જડ થઇ ગયો, અને શાખાથી ભ્રષ્ટ થયેલા વાંદરાની માફક થોડીવાર તો નિશ્ચળ શરીર રાખી રહ્યો. આ વખતે અવસરનો જાણ **પંચશર** (કામદેવ) નામનો તે (મોહ) નો પુત્ર શત્રુના વંશના વિસ્તારની ચિંતાથી મલિન મુખવાળા થયેલા મોહરાજાને વિનંતિ કરવા લાગ્યો કે “હે તાત! હું એક તમારા નાના સરખા ચાકર જેવો જીવતો છું છતાં આ પ્રમાણે તમે ખેદ શામાટે કરો છો ? તમારા શત્રુઓનો સમૂહ કે જેને મેં બંદીવાન કરેલ છે તે ખેદ પામો. પુત્ર છતાં પણ જો પિતા ચિંતાથી મુક્ત ન થાય તો નિશ્ચે તેનો હેતુ પુત્રનું દુર્બળપણું અથવા પિતાનું અજ્ઞપણું છે (પુત્રની યોગ્યતા અયોગ્યતાને કે તેના બળાબળને તે જાણતો નથી.) જેમ મોતી છીપના નાશ માટે થાય છે તેમ કેટલાએક પુત્રો પણ પિતાનો નાશ કરવાવાળા થાય છે, અને સૂર્યની સાથે જેમ શનિ તેમ કેટલાએક નિસ્તેજ પુત્રો પિતાની સાથે વૈર કરવાવાળા પણ થાય છે. જેમ કમળ સરોવરની શોભાને માટે થાય છે તેમ હું પિતાની શોભાને માટે થઇશ, પણ જેમ મેલ શરીરને કલેશને અર્થે થાય છે તેમ હું પિતાને કલેશને



અર્થે થઇશ નહીં. જો કે હું અનંગ (શરીર વિનાનો—લૌકિક કહેવત છે કે કામદેવને મહાદેવે બાળી નાંખ્યો છે માટે તે અનંગ કહેવાય છે.) છું તોપણ હે પિતાજી ! તમારા પ્રસાદથી આ જગત્‌ને જીતવાને સમર્થ છું. જેમ શરીર વિનાની ઠંડી (શીતને શરીર વિનાનું કહેવું એ સ્થૂળ વ્યવહારથી છે ) પણ કાળવિશેષથી ( શિયાળાની ઋતુની સહાયથી ) કોને કંપાવતી નથી ? જેમ વડવાનળ અગ્નિ સમુદ્રને ગ્રસી જાય છે, તેમ વચનની રચનાથી શોભતા શત્રુબળને હું શસ્ત્રની શ્રેણીથી ગ્રસી જઇશ અર્થાત્ નાશ કરીશ.”

કામનાં આવાં અભિમાનવાળાં (પોતાને સહાય મળી શકે તેવાં) વચનો સાંભળીને ‘હે બુદ્ધિમાન્! બહુ સારૂં, બહુ સારૂં’ આ પ્રમાણે કહી તેની સ્તુતિ કરતો મોહ તેને કહેવા લાગ્યો કે “હે વત્સ ! આવા પરાક્રમે કરીને તું વંશને ઉદ્યોતિત કરે છે અને સાંભળવાવાળાની સભાને વિષે પણ પિતાના સંદેહને તું હણે છે (દૂર કરે છે). આ રાજ્યની ધુરા કોના ખભા ઉપર સ્થાપન કરીને હું સુખી થઇશ ? એ પ્રમાણે ચિંતારૂપ સમુદ્રમાં ડુબેલો એવો જે હું તેનો ઉદ્ધાર કરવાને તારી વાણી વહાણની માફક આચરણ કરે છે. જેમ ઘુણ લાકડાની, ધૂમાડો અગ્નિની, વ્યાધિ શરીરની, બુધ ચંદ્રમાની, લાખ વૃક્ષની અને કાદવ પાણીની શોભાનો નાશ કરે છે, તેમ કુપુત્ર પિતાની શોભાનો નાશ કરે છે, અને જેમ તેજમતુરીને સોનું, પાષાણને બિંબ (પાષાણની ઘડાયેલી મૂર્તિ), કાદવને કમળ, સર્પને મણિ અને માટીને ભરેલો ઘડો શોભાને માટે થાય છે તેમ સુપુત્ર પોતાના પિતાની શોભાને માટે થાય છે.

હે પુત્ર! આ સંપૂર્ણ શત્રુના મંડળને તું નિશ્ચે કરી જીતીશ, કેમકે આ તારો **મકરધ્વજ** (ચિન્હ) દૂરથી દેખતાં પણ ભયને માટે થાય છે. (ભય ઉપજાવવાવાળો થાય છે). આ તારો વહાલો સારથિ **વસંતઋતુ**, એકલો પણ અવસર પામીને સંપૂર્ણ વિશ્વને ચેતનાના ગુણથી નિર્ધન કરવાને સમર્થ છે. બાળપણાથી તારો વહાલો આ **ઉન્માદ** નામનો મિત્ર દારૂ પીધેલાની માફક જગત્‌ને ક્ષણવારમાં પરવશ કરે (તેવો) છે. ભમરાઓ જેની અંદર રહેલા છે એવા, ધનુષ સહિત, તારાં પુષ્પરૂપ બાણો જાણે વિષથી યુક્ત હોય નહીં તેમ સ્પર્શવડે પણ ચેતનાને હણે છે. હે પુત્ર! **કુવિકલ્પો** તને સહાય કરવાવાળા છે. તેને પ્રાણાયામ અને આસનાદિકથી નિવારણ કર્યાં છતાં પણ તે મનુષ્યના હૃદયમાં પ્રવેશ કરીજ જાય છે. સર્વ રસોમાં શ્રેષ્ઠ આ **શૃંગારરસ**, તારા સૈન્યની બેઉ બાજુએ સંભોગ અને વિપ્રલંભ (લોભાવવું અગર ભોળવવું) એવાં બે રૂપ ધારણ કરીને સૈન્યનું રક્ષણ કરવાને રહ્યો છે. આ **મિથ્યાદર્શન** નામનો પ્રધાન તારી સાથે લઇ જવા જેવો છે; કેમકે જે દેવાદિ (આદિ શબ્દથી ગુરૂ, ધર્મ વિગેરે લેવું)થી તારો મહોદય થવાનો છે તેનેજ (હરિહરાદિકને) દેવાદિકપણે આ પ્રધાન કહેશે. નિરંતર પ્રીતિવાળી **રતિ** અને **પ્રીતિ** નામની આ બેઉ તારી સ્ત્રીઓ છે. તેઓ સ્નેહની દૃષ્ટિએ જોઇને યુદ્ધમાં તારા બળનો વધારો કરશે. સેનાની આગળ ચાલનારી કામની દશ અવસ્થારૂપ જે તારી દશ પુત્રીઓ છે તેઓ શું બ્રહ્માનો પણ પરાભવ નથી કરતી? અર્થાત્ કરે તેવી છે. અંતરથી અશુદ્ધ અને બહારથી શિ-



તળ કિરણોને મૂકવાવાળો તેમજ ખોળામાં ચપળ મૃગવાળો તારા સૈન્યમાં રહેલો ધૂર્ત **ચંદ્રમા** કયા (વિરહી) સ્ત્રીપુરૂષને વિહ્વલ કરતો નથી? સ્ત્રીની સાથે ગોષ્ઠી (મિત્રાઇ, વાતચિત, આલાપ, વગેરે) કરવી તદ્રુપ **યોગિની** તારા રાજ્યની વૃદ્ધિને માટે કામણટુમણાદિ કરવાવાળી છે; અને વિકથા (સ્ત્રી સંબંધી કથા, ભોજન સંબંધી કથા, દેશ સંબંધી કથા અને રાજ્ય સંબંધી કથા આ ચાર વિકથા) રૂપ કથા ગ્રહણ કરી છે જેણે એવી તે યોગિની કોને મૂર્છા પમાડતી નથી? અર્થાત્ સર્વને પમાડે છે. કાનને અને નેત્રને પ્રિય આ ગીતકળા અને નાટ્ય કળારૂપ ઠગારીઓ (ધૂતારીઓ) જગત્‌ના મનુષ્યોનો નાશ કરવાવાળી તારી સાથે છે. જેની ગંધ પણ બીજાઓ સહન કરી શકતા નથી એવો આ **રાગસાગર** નામનો તારો ભાઇ કે જેણે મોટા સંગ્રામોના સમૂહનો નિર્વાહ કર્યો છે તે પણ તારી પાછળ ચાલનાર છે. શણગાર અને અતિ સ્નિગ્ધ આહારાદિ રૂપ, વૈરીનું નિર્લોઠન કરવામાં ઉત્કંઠાવાળા, વંઠ પુરૂષો શું તારી પાસે નથી? અર્થાત્ તેવા અનેક વંઠ પુરૂષો તારી પાસે છે. આ **મદિરા** (દારૂ) નામનો તારો યોદ્ધો તો અપૂર્વ છે કે જે પ્રથમ મનુષ્યને નિર્ધન કરે છે, ત્યાર પછી ઘૂર્ણિત કરે છે અને અંતે વિશ્વ (દારૂપીનાર) ને અચેતન કરી નાંખે છે. પાશ (પાસા) રૂપ હાથ જેણે વિસ્તારેલ છે એવો અને કોલાહલથી વ્યાકુળ ઠગારાઓથી સારી રીતે સેવાતો આ **દ્યૂત** (જુગાર) નામનો તારો સુભટ જગત્‌ને જીતવાવાળો છે. કુતુહલ જેને પ્રિય છે એવો **હાસ્યરસ** નામનો આ તારો વિદુષક છે કે જે નિર્લજ થઇને રાજાઓ-

ને પણ અત્યંત વિડંબના પમાડે છે. લાજરહિત, નિરંતર નવી-
ન દેવોને રોળતી (રઝળાવતી) અને નિરંતર નવી આ તારી **ક્રીડા**
નામની દાસી કોનાથી રોકી શકાય તેવી છે? અભ્યંગ (તેલ વગેરે
નું ચોળવું), સવન (એક જાતનું સ્નાન) અને ઉદ્વર્ત્તન્ (લેપન કર-
વું) એ આદિ આ તારા સ્નેહી લોકો દુગંચ્છનીક એવા આ દેહ-
ની પણ શોભાના સમૂહને વિસ્તારે છે. કાનને આનંદ આપે તેવા
અને સાંભળતાં શરમ થાય તેવાં વચનો રૂપ તારાં વાજીંત્રો છે, જે-
ના ધ્વનિથી વજ્રઘાતની માફક શત્રુનું સૈન્ય ક્ષોભ પામે છે, અભિ-
માનરૂપ બખતર તારા મિત્રરૂપ થઈને યુદ્ધમાં તારી યોગ્યતા જણાવે
છે. નિર્લજપણારૂપ તારૂં શિરસ્ત્રાણ (માથાનું રક્ષણ કરનાર લોહનો
ટોપ) શત્રુના વચનરૂપ બાણના ભયને ભેદવાવાળું છે. લીલા (વિલા-
સ)થી હળવે હળવે પગ સ્થાપન કરતાં આઠ મદરૂપ તારા હાથી-
ઓ ભુજાદંડરૂપ સુંઢ ઉંચી કરી છે જેણે એવા સતા ગર્જારવ કરી
રહ્યા છે. ઇચ્છારૂપ નદીના કિનારા ઉપર આળોટવાથી વૃદ્ધિ પા-
મેલા અને સર્વ ઇંદ્રિયોના વિષયનું ચૂર્ણ કરનારા ઇંદ્રિયોના વ્યા-
પારરૂપ આ તારા ઘોડાઓ છે. નિર્લજતા રૂપ વાઘના ચામડાથી
બાંધેલા, અસ્ખલિત ગતિવાળા અને પૃથ્વીને કંપાવતા **પાપમ-
નોરથ** રૂપ આ તારા રથો છે. **પ્રેમ** રૂપ દંડાધિપના આશ્રયે ર-
હેલા અને શત્રુની સાથે યુદ્ધ કરવાને તૈયાર થયેલા અઢાર બ્રહ્મચ-
ર્યના ભેદરૂપ પદાતીઓ તારા સૈન્યમાં છે. જેને ભ્રકુટીરૂપ ધનુષ્ય,
તૃષ્ણારૂપ બાણ, લાંબી વેણીરૂપ ખડ્ગ, વિલાસરૂપ ભાલા, હારરૂપ
પાશ, કંકણરૂપ ચક્ર, બરાબર બાંધેલા કંચુકરૂપ બખતર અને કેશના



સમૂહરૂપ શિરસ્ત્રાણ (માથાનો ટોપ) છે એવી સાત્વિકભાવને ધારણ
કરતી સ્ત્રીઓરૂપ યોદ્ધા તારે છે. હે પુત્ર! આ સેનાવડે શત્રુઓને
જીતાયેલાજ તું જાણ. કેમકે પાત્ર, તેલ અને દીવેટના યોગે દી-
વો મહા અંધકારને પણ હણે છે; તોપણ હે રાજનીતિના જાણ!
તું કોઇનો પણ વિશ્વાસ કરીશ નહીં. કારણકે તેજવાન્ સૂર્ય પ-
ણ વિશ્વાસ રાખવાથી રાહુના મુખમાં પડ્યો છે. બુદ્ધિમાન્ પુરૂ-
ષોને તું આધીન નથી અને તું બુદ્ધિ ગ્રહણ કરવાવાળો, પ્રયત્નવા-
ન્, થોડું બોલવાવાળો તેમજ ઘણું કરવાવાળો છે માટે જલદી ત્રણ
જગત્ની જીત મેળવ. વળી નગ્ન રહેનારાઓ, કાપાલિકો, ભિક્ષુ-
કો, મૂર્ખો, જટાધારીઓ, યોગીઓ, સ્ત્રીઓ, તપોવનમાં રહેનારા-
ઓ અને બ્રાહ્મણો—એ કોઇ ઉપર હે પુત્ર! તું દયા કરીશ નહીં. ક-
હ્યું છે કેઃ—

**ह्रीरर्थिनि क्षमा क्षत्रे तुष्णीकत्वं च वादिनि ।**
**वेश्यायां प्रेम कारुण्यं जिगीषौ नेष्टसिद्धये ॥**

"યાચકને વિષે લજ્જા, ક્ષત્રીઓને વિષે ક્ષમા, વાદીને વિષે
મૌનપણું, વેશ્યાને વિષે પ્રેમ, જીતવાનીઇચ્છાવાળાને વિષે કરૂણા એ
ઇષ્ટ સિદ્ધિને અર્થે થતાં નથી." તેમજ વળી.

**गुणा अपि क्वापि भवंति दोषा, दोषा अपि क्वापि गुणा भवंति ।**
**स्नानक्षणे दूषकरी विभूषा, चिरायुषे चानृजुता महाद्रोः ॥**

"ગુણો પણ કોઇ ઠેકાણે દોષરૂપ થાય છે અને દોષો પણ કો-
ઈ વખત ગુણરૂપ થાય છે. સ્નાન કરવાને અવસરે આભૂષણ દ્વેષ-

ને માટે થાય છે અને મોટા વૃક્ષની વાંકાઇ ઘણા આયુષ્યને માટે થાય છે, અર્થાત્ વાંકું વૃક્ષ ઘણો વખત ટકી રહે છે; વાયરાથી એકદમ સીધા વૃક્ષની માફક તે ભાંગી જતું નથી.”

વળી મોહ કહે છે કે—“હે કામ ! પ્રવચનપુરના રાજ્યનું પાળન જે અર્હંત કરે છે (તેનો તો તારે ત્યાગ કરવો); તેની દૃષ્ટિ બીજાઓને કલ્યાણકારી છે, પણ આપણા સમુદાયવાળાઓને તો ભય આપનારી છે. તે એક પ્રવચન નગર વિના આપણા રાજ્યમાં શું ન્યૂનતા છે ? ઝાડને એક પાંદડું ન હોય તો શું તેની ઉત્કૃષ્ટ છાયા ચાલી જાય છે ? અર્થાત્ નથી જતી. તું સુવાન છે, શૂરવીર છે, તોપણ (અમુક) સ્થાન પ્રત્યે જવાની (પોતાની) યોગ્યતા જોવી જોઇએ. કેમકે (દંતુશળ મારવાના સ્થાનની યોગ્યતા જોયા વિના દંતુશળથી) પહાડ તોડવાને ઉદ્યમવાન થયેલ હાથીના દાંતના કુશળ સમાચાર ન હોય; માટે આપણી યોગ્યતાને લાયક સ્થળે આપણે જવું.”

આ પ્રમાણે પિતા તરફથી શિખામણ પામીને મહાન ભુજાના વૈભવવાળો મનોભવ (કામ) જયલક્ષ્મી પોતાની અંદરજ ગુપ્તપણે રહેલી છે, એમ માનવા લાગ્યો. (હવે કંદર્પ જગત્જય કરવાને ચઢાઈ કરે છે). પછી તેને ચાર્વાકે શુદ બીજે ચંદ્રમાનો ઉદય થાય ત્યારે ચાલવાનું મુહૂર્ત્ત આપ્યું. તે મુહૂર્ત્તે બેનોએ જેને આશીર્વાદ આપ્યો છે એવો, માતાએ જેને કપાળમાં તિલક કર્યું છે એવો, પિતાથી આજ્ઞા અપાયેલો, બંધુઓથી બહુ માન કરાયેલો, સ્ત્રીઓથી ઉત્સાહિત કરાયેલો, મિત્રોથી સ્નેહની દૃષ્ટિવડે જોવાયેલો, કુ-



ળવૃદ્ધા સ્ત્રીઓવડે વેગથી ધવલ મંગળ ગવાયેલો અને પાપશ્રુતરૂપ ભાટોથી ગુણના સમૂહનું વર્ણન કરાયેલો મકરધ્વજ (કામ) અપયશવાળા શબ્દરૂપ ઘંટાના ટંકારના આડંબરવાળા કુમિત્રની સોબતરૂપ હાથી ઉપર બેસીને નીકળ્યો, અર્થાત્ પ્રસ્થાન કર્યું. ભુખ્યા થયેલાની માફક ત્રણ જગત્‌ને ગ્રસન કરવાની (ખાવાની) ઇચ્છાવાળા, હાથી, અશ્વ, રથ અને પદાતી વેગથી તેની પછવાડે ચાલવા લાગ્યા. ક્રોધથી લાલ નેત્રવાળા અને જયલક્ષ્મી વરવાની ઇચ્છાવાળા, ગર્વથી ‘હું પહેલો હું પહેલો,’ એમ બોલતા સર્વે યોદ્ધાઓ તેની પાછળ ચાલવા લાગ્યા. આ પ્રમાણે આ પૃથ્વીચક્ર ઉપર કામદેવનું ચતુરંગ સૈન્ય ગતિ કરતે સતે પર્વતની ઉંચી ઉંચી ચૂલિકાઓ સહિત કઇ કઈ વસ્તુઓ લાંબા વખત સુધી કંપાયમાન થઇ નહીં ? અર્થાત્ સર્વ કંપાયમાન થઇ. આ પ્રમાણે કામના પ્રયાણ કર્યા પછી યુદ્ધના પ્રારંભમાંજ જે શૂરવીરો, જે લક્ષ્મીવાળા, જે ચરટાઓ અને જે સુભટો આ જગત્‌માં હતા, તેની સાથે સ્ત્રીરૂપ યોદ્ધાઓએ યુદ્ધ કરીને તેઓને તો વેગથી જીતી લીધા. (હવે તે સ્ત્રીરૂપ યોદ્ધાઓએ કેવી રીતે યુદ્ધ કરીને આ વિશ્વ જીતી લીધું તે બતાવે છે) કેટલાકને દેખવાથી, કેટલાકને સ્પર્શ કરવાથી, કેટલાકના ખોળામાં બેસીને ક્રીડા કરવાથી, કેટલાકને આલિંગન દેવાથી અને કેટલાકને મુખચુંબનથી તેમજ કેટલાકને સ્તનસ્પર્શ અને હાથપગના આઘાતથી એમ સ્ત્રીઓએ આખા જગત્‌ને વશ કરી લીધું. વળી ભ્રકુટીના વિભ્રમથી, નેત્રના વિલાસોથી, હાકાર હુંકાર કરવાથી, હસવાથી, ઉપાલંભ દેવાથી અને રૂદનથી સ્ત્રીઓ-

એ વિશ્વને વશ કર્યું. તેમજ કોઇ વખત શક્તિથી, કોઇ વખત ભક્તિથી અને કોઈ વખત મીઠાં વચનોથી તથા ગીત નૃત્ય અને વિલાપથી તેમજ કૃત્રિમ ભ્રાંતિ ભય અને રોષથી તે સ્ત્રીઓએ દુનિયાને વશ કરી. દેવાંગનાઓની સાથે દેવોએ, સ્ત્રીઓની સાથે પુરૂષોએ, માછલીની સાથે માછલાંઓએ, નાગણીની સાથે નાગોએ, પંખીણીની સાથે પક્ષીઓએ, હાથણીની સાથે હાથીઓએ, હરણીની સાથે હરણોએ અને સિંહણ સાથે સિંહોએ વિષયસુખની સાધના કરી. વધારે શું કર્યું ! તે સ્ત્રીઓએ એકેંદ્રિયોને પણ જીતી લીધા. કહ્યું છે કે—**पादाहतः प्रमदया विकसत्यशोकः** ઇત્યાદિ. (યુવાન સ્ત્રીવડે પગથી લાત મરાયેલું અશોકવૃક્ષ વિકસ્વર થાય છે ઇત્યાદિ).

જ્યારે દરેક પુરૂષની સાથે એક એક સ્ત્રીયોદ્ધો લાગુ થઇ ગયો ત્યારે તે સ્ત્રીયોદ્ધાઓનું સામર્થ્ય જોઇ ઘણાઓ આશ્ચર્યપૂર્વક કહેવા લાગ્યા કે શું આ સ્ત્રીયોદ્ધાઓનું યુદ્ધમાં કુશળપણું છે? જેની આજ્ઞા દેવોને પણ પાળવા લાયક છે એવા ઇંદ્રને પણ ભયંકર વાંકી ભ્રકુટીવાળી ઇંદ્રાણીએ કરોડો ખુશામતનાં વચનો (બોલતાં) શીખડાવ્યાં (અર્થાત્ એવા સામર્થ્યવાળો ઇંદ્ર પણ અપ્સરાઓની પાસે ખુશામતનાં અનેક વચનો બોલે છે.) જેના ચરણને રાજાઓનો સમુદાય મસ્તક ઉપર ધારણ કરે છે એવા ચક્રવર્તીને પણ સ્ત્રીરત્ને એકાંતમાં પોતાના પગનું મર્દન કરનારા દાસ બનાવ્યા. દુનિયામાં પ્રસિદ્ધિ પામેલા અને પ્રતાપથી શત્રુઓને દબાવ્યા છે જેણે એવા જે રાજાઓ હતા તેઓ પણ કામથી વ્યાકુળ થઇને



સ્ત્રીને શરણે ગયા. જે અભિમાની પુરૂષોના મસ્તકને ઇંદ્ર પણ નમાવી શક્યો નથી એવા અભિમાનીઓને સ્ત્રીઓએ પોતાના પગમાં નમતા અને પોતે રૂષ્ટમાન થઈને હઠથી તેનું અપમાન કરાતા કરી દીધા. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ અને કળાભ્યાસની રૂચિવાળા પવિત્ર બ્રાહ્મણો પાસે વેશ્યારૂપ સ્ત્રીઓએ મદ્ય પીવાનાં સ્થાન સાફ કરાવ્યાં. પોતાની શક્તિથી હાથી અને સિંહાદિના ઉપદ્રવોને રોકવાને સમર્થ એવા તપસ્વીઓના તપનો તે સ્ત્રીઓએ એક વચન માત્રથીજ ત્યાગ કરાવ્યો, અર્થાત્ આવા ઉગ્ર તપસ્વીઓને પણ સ્ત્રીઓએ ભ્રષ્ટ કરી નાંખ્યા. જપમાળા ફેરવવાની વૃત્તિવાળા અને બ્રહ્મનું પ્રતિપાદન કરનારા સંન્યાસીઓને પણ સ્ત્રીઓએ ચોરી કરવાનું અને વિષય સેવવાનું શીખવી દીધું. ટુંકામાં શ્રુતવાળાનું શ્રુત, ધીર પુરૂષોનું ધૈર્ય, બુદ્ધિવાનોની બુદ્ધિ અને બળવાનોનું બળ—આ સર્વ સ્ત્રીઓએ બદલાવી નાખ્યું.

આ પ્રમાણે સ્ત્રીરૂપ યોદ્ધાઓના બળથી યુદ્ધ કરીને ત્રણ જગત્‌ને જીતતો કામદેવ વેદની શ્રુતિના શબ્દને સાંભળતો સતો બ્રહ્મલોકમાં પહોંચ્યો. (બ્રહ્મલોકમાં બ્રહ્મા રહે છે આ વાત લૌકિકશાસ્ત્રાનુસાર તે લોકોની માન્યતા પ્રમાણે જણાવી છે. જૈનશાસ્ત્રાનુસાર તે વાત નથી.) ચાર મુખવાળા અને વેદને કહેનારા પ્રજાપતિ (બ્રહ્મા) પુરાણમાં પુરાણ (જુનામાં જુના) અને જગત્‌જનક એવા નામથી આ બ્રહ્મલોકના સ્વામી કહેવાય છે. તેની પાસે રહેવાવાળા કરોડો તેજસ્વી બ્રાહ્મણો છે. (ત્યાં કામને આવતો જોઈને) 'અહીં તારે ઉદ્યમ કરવો તે યુક્ત નથી કેમકે બ્રાહ્મણો સર્વત્ર નિર્ભય હોય છે.'

આ પ્રમાણે બીજાઓએ વાર્યાં છતાં પણ કામ જોર કરીને ત્યાં પેઠો. કામને વારવાથી તે ઉલટો સામો થાય છે એ મનુષ્યોની કહેવત શું ખોટી છે? અર્થાત્ ખોટી નથી. (જે બીજાઓ કામને બ્રહ્મા પાસે જતાં મના કરે છે તેને તે કાંઈક ઉત્તર આપતો જાય છે) બ્રહ્મા તો નામ માત્રથી બળવાન્ હો (અર્થાત્ બોલવામાંજ માત્ર સાત્વિક હો) અને બ્રાહ્મણો નામ માત્રથી તેજસ્વી હો. કેમકે તેઓ અતિ બળવાળી અને ભયવાળી મારી ભ્રકુટીએ કરીનેજ નષ્ટ થશે તો મારા બળથી તો શું નહીં થાય? અર્થાત્ મારી ભ્રકુટીથીજ તે નમી જશે, બળ કરવાની તો જરૂર પડશેજ નહીં. આ પ્રમાણે કહીને સ્ત્રીરૂપ યોદ્ધાઓને જેટલામાં યુદ્ધ કરવાને માટે તે પ્રેરે છે તેટલામાં દૂતરૂપ થઈને રાગ ત્યાં આવ્યો અને પ્રજાપતિ (બ્રહ્મા) પાસે જઈને કહેવા લાગ્યો કે 'હે બ્રહ્મા! તમે અકાળે મરો નહીં, આ સ્મર (કામદેવ) વિશ્વનું ભક્ષણ કરનાર છે, અને મોહની આજ્ઞા બળવાન્ છે તેથી હમણાં કોઈપણ તેનાથી છુટી શકવાનું નથી. હે પિતામહ! સૈન્યવડે યુદ્ધ કરીને તેને જીતવાને તમે સમર્થ થઈ શકશો નહીં; માટે માન મૂકીને તે કામના એક **સાવિત્રી** નામના યોદ્ધાને તમે પાસે રાખો. અને તેને ખોળામાં બેસાડીને તેમજ ભોગવીને ઘણા કાળ સુધી જીવો અને સુખી થાઓ. બળવાન્ પુરૂષે દબાવ્યા સતા પોતાના હિતના અર્થીઓ કદિપણ ગર્વ કરતા નથી.' આ પ્રમાણે રાગનું વચન બ્રહ્માએ માન્ય કર્યું અને સાવિત્રીને અંગીકાર કરી. પછી તેવીજ રીતે સર્વે બ્રાહ્મણોને પણ એક એક બ્રાહ્મણીની સાથે બાંધી લીધા, અર્થાત્ કામદેવની આજ્ઞાથી



રાગે બ્રાહ્મણોને પણ એક એક સ્ત્રી રખાવી. પછી જયવાળો કામદેવ વિકસ્વર મુખને ધારણ કરતો અને વસંત નામના મિત્રની સામું જોતો ત્યાંથી આગળ ચાલ્યો. ત્યાં નજીકમાં એક અદ્ભુત પુરૂષને તેણે જોયો. તેને જોઈને 'રામચંદ્રના જેવી કાંતિવાળો અને અરિષ્ટ રત્નોથી બનેલા કૃષ્ણની જેવો તેમજ લોકાધિક આકૃતિવાળો યમુના નદીને કિનારે આ કોણ ક્રીડા કરે છે?' આ પ્રમાણે કામદેવે પૂછવાથી (પાપશ્રુત નામનો) માગધ (ભાટ) કહે છે કે "હે મહારાજ! સાંભળો. શત્રુઓથી દુઃખે દેખી શકાય એવો આ **વૈકુંઠ** નામનો લોક છે, તેના સ્વામી વેદના પારને પામેલા આ **નારાયણ** છે. બીજા પુરાણવાળા લોકોએ તેના અનેક અવતારો કહ્યા છે. તેમણે કાચબાનું અને વરાહનું રૂપ ધારણ કરીને પૃથ્વીને ધારણ કરી હતી અને નરસિંહનું રૂપ ધારણ કરીને હિરણ્યકશિપુ રાક્ષસનું હૃદય ભેદી નાંખ્યું હતું. બ્રાહ્મણનું રૂપ લઈને બળીરાજાને બાંધીને પૃથ્વીતળીએ ફેંકી દીધો હતો અને ભ્રગુ ઋષિના પુત્રપણે થઈને પૃથ્વીને ક્ષત્રીના અંકુશરહિત કરી હતી, અર્થાત્ પૃથ્વીને નક્ષત્રી કરી હતી. તેણે દશરથરાજાના પુત્રપણે જન્મીને રાવણને માર્યો હતો. તેજ આ કૃષ્ણ એવા નામથી હમણાં યાદવકુળને વિષે અવતરેલ છે. આ નારાયણ કંસ, કાળ (જરાસંધનો પુત્ર), કાળી નાગ અને કેશીરાક્ષસને હણવાવાળો અને પૂતના રાક્ષસી, અરિષ્ટરાક્ષસ, ચાણુરમલ્લ અને યમલાર્જુનને તર્જના કરવાવાળો છે જેમ વાયરાથી વૃક્ષો કંપે છે, તેમ સર્વ દાનવો આ નારાયણના નામથી કંપે છે, અને ચૈતન્યની કળા(અંશ)વડે સર્વ ભૂતોને વિષે તે રહેલ

છે. દેવો અને રાજાઓનું મથન કરનાર આ નારાયણે સમુદ્રનું પણ મથન કર્યું છે, અને તેના ઉદરરૂપ ઘરમાં ચૌદ ભુવનો પક્ષીના માળાનું આચરણ કરે છે. વળી એ પંચજન્ય શંખના શબ્દથી આકાશ અને પૃથ્વીના મધ્યભાગને ભરે એવા સામર્થ્યવાળો તેમજ ચાર ભુજાવાળો છે અને તે ચારભુજામાં ચક્ર, ગદા, સારંગ ધનુષ્ય અને ખડ્ગ ધારણ કરવાવડે ભયંકર છે. માટે હે કામ! જેને કોઇપણ ઉપમા ન આપી શકાય એવા આ નારાયણને વિષે તું તારૂં ભુજાનું બળ ન દેખાડ. શું લોઢાનું તીક્ષ્ણ ટાંકણું પણ વજ્રને કાંઇપણ કરવાને સમર્થ છે? અર્થાત્ નથી. (તેમ લોઢાના તીક્ષ્ણ ટાંકણારૂપ તું વજ્રરૂપ નારાયણને કાંઇ પણ કરી શકીશ નહીં."

પગનો સ્પર્શ થવાથી જેમ સર્પ કોપાયમાન થાય તેમ પાપશ્રુતનાં આ પ્રમાણેનાં વચનોથી કોપાયમાન થએલો કામ અહંકારથી હુંકાર શબ્દ કરતો કૃષ્ણનેજ કહેવા લાગ્યો કે "હે ગોષ્ટશિષ્ટ (ગાયોમાં રહેનારા ગોવાળોમાં શ્રેષ્ઠ) હે પયપુષ્ટ! (દુધથી પુષ્ટ થએલા) હે ગોપાળ! (ગાયનું રક્ષણ કરનાર) હે મધૂસૂદન! (મધૂ નામના રાક્ષસને મારનાર) ઉભો રહે, ઉભો રહે, મેં તને દેખ્યો છે, હવે તું અક્ષત કેમ જઇશ? હે મૂઢ! હે વાતૂલ! તું બીજાઓથી ખોટી પ્રશંસા કરાવાવડે મદોન્મત્ત થયો છે; પરંતુ તેને લીધેજ તું આજેજ મારી અસિ (તરવાર)ના પ્રહારને મેળવીશ." કામે આ પ્રમાણે કહ્યા પછી જેમ સમુદ્રના કલ્લોલો દ્વીપને ઘેરી લે તેમ કામદેવથી સંકેત કરાયેલા ગોપીઓરૂપી હજારો યોદ્ધાઓએ તે (કૃષ્ણ)ને ચારે બાજુથી ઘેરી લીધો, અને તે ગોપીઓ કૃષ્ણને કહેવા લાગી



"હે દામોદર! મદને મૂકી દે અને દર (ઉદર ગુફા)ને સેવ. હજુસુધી તું નિશ્ચે બાળક છે, કેમકે અમારૂં બળ તું જાણતો નથી. જે કામદેવને ઇંદ્રો કબુલ કરે છે, દેવો સેવા કરવામાં તૈયાર રહે છે, જેનું પ્રિય બોલવાવાળા ચક્રવર્ત્તીઓ છે, અને રાજાઓ જેની પાસે પોતાના જાનુ (ઢીંચણ) ધરનારા (નમસ્કાર કરનારા) છે તે કામદેવના વિશ્વને જીતવાવાળા અમે યોદ્ધાઓ છીએ. તેથી જો તમે બળનો મદ રાખતા હો તો દ્વંદ્વ યુદ્ધ કરવાને માટે તૈયાર થાઓ. પણ હે કૃષ્ણ! તું એક છે, અમે ઘણી છીએ. તું કોમળ છે, અમે કઠોર છીએ. તું બાળક છે, ને અમે પ્રૌઢા છીએ; તો અમારી સાથે તારી સ્પર્ધા શું ગણતરીમાં છે? અમારા દૃષ્ટિરૂપ બાણથી વીંધાયેલો, ભુજારૂપ પાશથી બંધાયેલો, વચન રૂપ ભાલાથી જર્જરિત થયેલો અને સાથળરૂપ સાણસાથી દબાએલો તું અમારી આગળ શું હિસાબમાં છે? (અર્થાત્ અમારી આગળ તારૂં કાંઇ જોર ચાલવાનું નથી.) જેઓ અમારા કહ્યાથી વિપરીત ચાલે છે તેવા મનુષ્યોને અમે અમારૂં શરીર અસાર, અશુચિ અને બીભત્સ બતાવીએ છીએ. વળી અમે કપટ કરવાના યોગોને પણ જાણીએ છીએ, માટે હે ગોપ તું શું જાણે છે? માટે હે કૃષ્ણ ક્યાં તો અમારી સાથે આવીને મળ; અથવા તપનું સેવન કરવાને [કોઇ સ્થળે અથવા મહાત્મા પાસે] જા, પણ સ્ત્રી વિના ઘરને વિષે તો તારો નિવાસ અમે સહન કરીશું નહીં." આ પ્રમાણે તે સ્ત્રી યોદ્ધાઓનું ઘણું બળ દેખીને તેઓનાં વચન માત્રથીજ ગ્લાનિ પામેલા પદ્મનાભ [ કૃષ્ણ ] સ્થિર રહેવાને અથવા નાસી જવાને સમર્થ ન થયા. એટલે પછી

હંસાદિનો નાશ કરવાથી પ્રાપ્ત થયેલી પોતાની પ્રસિદ્ધિ ફોગટ છે એમ હૃદયમાં વિચાર કરતો ચક્ર અને ધનુષ્ય ધારણ કરવાવાળો કૃષ્ણ તત્કાળ તે સ્ત્રીઓની સાથે સારી રીતે મળી ગયો. ત્યાર પછી તે સ્ત્રી રૂપ યોદ્ધાઓ પોતાની ઇચ્છા પ્રમાણે રાજમંડળના નિયંતા કૃષ્ણને નાટ્ય હાસ્ય અને ક્રીડા કરાવવા લાગ્યા, તોપણ તેણે તેઓની સાથે જરા પણ અભિમાન કર્યું નહીં. તે ગોપીઓના ઘણા વખતના પરિચયથી નિર્ભય થયેલા કૃષ્ણ પણ તેઓનાં વસ્ત્ર ખેંચવા, વસ્ત્રનો છેડો ઉપર નાખવો, હાથથી મારવું અને પગથી મર્દન કરવું વિગેરે કરવા લાગ્યા. ચંદ્રમાનાં કિરણોથી પવિત્ર શરદ્દકાળની રાત્રિમાં યમુના નદીને કિનારે જ્યારે ગોપીઓ એકઠી મળીને ગાવા લાગી ત્યારે કૃષ્ણ (તેઓની વચમાં રહીને) નાચ કરવા લાગ્યા, પણ તેઓનાથી વિપરીતપણું બીલકુલ બતાવ્યું નહીં, અર્થાત્ તે ગોપીઓને અનુસરીનેજ ચાલવા લાગ્યા. એકદા જળમાં ઉત્પન્ન થયેલાં અને સ્થળ ઉપર ઉત્પન્ન થયેલાં બંને પ્રકારનાં કમળોની સુગંધ સાથે લેવાની લોભી ગોપીઓને જાણીને તેઓની સાથે કૃષ્ણ યમુના નદી તરીને વૃંદાવનમાં ગયા. ત્યાં વનમાંથી પોતાની મેળે લાવેલાં પુષ્પોવડે, દેવની પૂજા કરવાવાળો જેમ (દેવને) મસ્તકે મુગટ રચે છે તેમ કોઇએક ગોપીને માથે તે મુગટ સ્થાપન કરે છે, કોઇએક ગોપી વળી વૃક્ષના ઉંચા ભાગથી પોતાની મેળે પુષ્પ લેવાની ઇચ્છાથી નિસરણીની માફક તેમના ખભા ઉપર પગ મૂકે છે, વનના વિહારથી થાકી ગયેલી બીજી કોઈ ગોપીને એકાંત વત્સલ અને બળવાન્ કૃષ્ણ પાણીની કાવડની માફક ઉપાડીને ઘેર લઇ જાય છે, ર-



સ્તામાં ભારના ભયવાળી કોઈ ગોપી પોતાનું ઓઢવાનું વસ્ત્ર કૃષ્ણને (ઉપાડવા) આપે છે ત્યારે "પહેરવાનું હેઠલું વસ્ત્ર પણ શામાટે આપતી નથી?" એ પ્રમાણે હસીને કૃષ્ણ તેને કહે છે. ગોપીના ગુપ્ત અંગ જોવાને માટે ઉત્કંઠિત થયેલા કૃષ્ણ પાસે લાજરહિત એવી કોઈ ગોપી સખીની માફક પોતાની નીવી (નાડી) બંધાવે છે. આ પ્રમાણે સ્ત્રીયો દ્ધાઓયો કૃષ્ણને વશ કર્યાથી મારી કોઈ પણ ઠેકાણે હાર થવાની નથી એવો કામ સુભટે નિશ્ચય કર્યો.

પછી કંસના શત્રુ (કૃષ્ણ)ના બળનો સંહાર કરવામાં ભુજાદંડની ઉગ્રતાને સ્ફુરાયમાન કરવાવાળા અને આગળ પ્રયાણ કર્યું છે જેણે એવા કામદેવે નજીકમાં એક મોટો પર્વત જોયો. તેને જોઈને કામદેવે પૂછ્યું કે "અરે! આ ઉંચા શિખરવાળો કયો પર્વત છે અને આનો સ્વામી કોણ છે?" આ પ્રમાણે તેના પૂછવાથી સ્વામીને આધીન કરેલ છે શરીર જેણે એવો મિથ્યાદૃષ્ટિ પ્રધાન કહેવા લાગ્યો કે "હે મહારાજ! આકાશમાં ચાલતી વિદ્યાધરીઓને હાથમાં પકડ્યા વિનાના આરિસાતુલ્ય કેવળ સ્ફટિક પથ્થર (રત્ન)નો આ **કૈલાસ** નામનો પર્વત છે. જેમ અંધકારનો અતિશયપણે નાશ કરનાર સૂર્ય પૂર્વાચલ ઉપર શોભે છે તેમ આ (કૈલાસ)ના શિખર ઉપર રહેલા અંધક શત્રુનો નાશ કરનાર શંભુ (મહાદેવ) તેથી પણ વધારે શોભે છે. આકાશથી ઉતરતી ગંગા પૃથ્વીને ડુબાવી ન દે તેટલામાટે જટારૂપ શિખરથી શોભિત મસ્તક ઉપર તેમણે તે (ગંગા)ને ધારણ કરી છે. અહીં સમુદ્રને

મથન કરવાથી પેદા થયેલ ઝેરને ખાવાની ઇચ્છાવાળા મહાદેવને વિષે ત્રણ ભુવનમાં ભયંકર એવા સર્પો ભુષાપણાના ભાવને પામ્યા છે (અર્થાત્ ઘરેણાંને ઠેકાણે સર્પો છે): આ વિદ્વાન્ સ્વામી (મહાદેવ)નું ત્રીજું નેત્ર એક જ્વાળાવડે આખા જગત્‌ને બાળવાને અર્થે અગ્નિના કુંડની માફક આચરણ કરે છે. જે શૈવો (શિવધર્મીઓ) ભસ્મ (ચોળવા) થી શત્રુઓની આંખને અંધપણું વિસ્તારે છે તે શૈવો, દેવથી નિર્ભય એવા મહાદેવનો કઠોર વાણીવાળો પરિવાર છે. આ મહાદેવ સમગ્ર વિશ્વનો સંહાર કરનાર છે, એમાં કાંઇ આશ્ચર્ય નથી; કેમકે ભાર્ગવ (પરશુરામ) નામના તેના શિષ્યે પણ ક્ષત્રીઓના વંશનો ક્ષય કર્યો હતો. ધનુષ્ય, ત્રિશૂળ અને ખટ્વાંગ ધારણ કરવામાં વ્યગ્ર ભુજાવાળા આ મહાદેવે તને પણ શક્તિરહિત કરેલો છે એમ મેં કોઈ ઠેકાણે સાંભળ્યું છે. માટે હે કામ! સર્પ સહિત રાફડાની માફક આ પર્વતને તું દૂર છોડી દે કેમકે જે યુદ્ધ કરવામાં જશ અથવા ધર્મ ન હોય તે યુદ્ધ નથી પણ કદાગ્રહ છે." આ પ્રમાણેનાં પ્રધાનનાં વચનો સાંભળીને અતિ છેડાયેલા સિંહની માફક કોપાયમાન થયેલો કામ બોલ્યો કે "હે મંત્રી! મને મન્મથને તું બીવરાવ નહીં. જો હું કપાલી (મહાદેવ)ને વિષમ (દુઃખે જીતી શકાય તેવો) જાણીને આજે મુકી દઉં તો હા ઇતિ ખેદે! મોહના કુલની શૂરવીરપણાની કથાનો વિસ્તાર નાશ પામે. માટે આ પાંચ મુખવાળો મહાદેવ કુશળપણાને મૂકીને ત્રણ ભુવનમાં વ્યાપ્ત થએલા મારા પ્રભાવરૂપ અગ્નિમાં પતંગીઆની માફક આચરણ કરો."



આ પ્રમાણે કહીને કામદેવે અકસ્માત્ બાણોની સાથે ધનુષ્ય ખેંચ્યું; કેમકે વધ્ય કોટીને પ્રાપ્ત થયેલા શત્રુને મારવામાં શૂરવીર પુરૂષો વિલંબ કરતા નથી. ધનુષ્ય ઉપર પણછ ચડાવીને તેનાવડે **મોહન** નામનું બાણ મુકયાથી તપસ્યા અને ધ્યાનયુક્ત શરીરવાળો પણ મહાદેવ કંપાયમાન્ થઇ ગયો. એટલે માર (કામદેવ) ઉંચે સ્વરે કહેવા લાગ્યો કે "હે ખંડપર્શુ (મહાદેવ)! પાખંડનો ત્યાગ કર. જગત્‌ને જીતવાવાળો હું ક્રોધિત થવાથી ધ્યાન શું અને તપસ્યા પણ શી? આ મોટો પર્વત આજે મરણથી તારૂં રક્ષણ નહીં કરે પણ મારી આપેલી મૃગના જેવી આંખોવાળી સ્ત્રીને અંગીકાર કરવાથી તારૂં રક્ષણ થશે."

(કામનાં આવાં વચનો સાંભળીને) હર (મહાદેવ) કહે છે કે "હે શ્રીમન્મોહરાજપુત્ર! આવી બુદ્ધિ મને પછી આપજે પણ પ્રથમ મારી ઋદ્ધિ તમે સાંભળો–પ્રેતની માફક પ્રેતવન (સ્મશાન) માં મારો નિરંતર નિવાસ છે અને ભિક્ષુકની માફક ટાઢી અને લુખી ભિક્ષાથી ભોજન કરૂં છું. કાપાલિકની માફક હાથમાં માથાની ખોપરી એ મારૂં ભાજન છે અને ગધેડાના આળોટવાની માફક મારા શરીર ઉપર રાખનું ચોળવાપણું છે. જીર્ણ વૃક્ષની માફક લટકતા વિષધરો (સર્પો) મારાં આભુષણ છે અને સિંધ દેશમાં રહેનારા નિર્ધનની માફક વૃદ્ધ બળદ મારૂં વાહન છે. હું આવી અવસ્થાવાળો છું છતાં સ્ત્રીને કેવી રીતે અંગીકાર કરૂં? કારણકે જેમ નદીઓ સમુદ્રને યોગ્ય છે તેમ સ્ત્રીઓ શ્રીમાન(ધનાઢ્ય)નેજ યોગ્ય છે. વળી

જેમ અરણ્યથી હરિણી ત્રાસ પામે તેમ જટાને ધારણ કરવાવાળા, વિરૂપ આંખવાળા, અને રૂંડમાળા લટકાવવાવાળા મારાથી સ્ત્રીઓ ત્રાસ પામે છે. તેમજ શાલિ (ભાત), દાળ, ઘી, છાશ, વડાં અને પકવાન્નને માગનારી આ સ્ત્રીઓ ભિક્ષાભોજન કરવાવાળા મને ખેદ પમાડે છે. ચંદન, અગર, કપૂર, કસ્તુરી અને કુંકુમઆદિની યાચના કરતી આ (સ્ત્રીઓ) રાખમાં લોટવાવાળા મને ખેદ પમાડે છે. સોનું, પ્રવાલ, માણેક અને આભૂષણના સમૂહની યાચના કરતી આ (સ્ત્રીઓ) સર્પથી શોભતા મને ખેદ પમાડે છે. દુકૂલ વસ્ત્ર અને રેશમના વસ્ત્રોની યાચના કરતી આ (સ્ત્રીઓ) ચામડાના વસ્ત્ર પહેરવાવાળા મને ખેદ પમાડે છે. કેશના માર્ગમાં (માથાના વાળના મધ્ય ભાગમાં–સેંથામાં) સિંદુર નાખેલો છે જેણે એવી આ સ્ત્રીઓ ધુમાડા સહિત અગ્નિ હોય તેવી જણાય છે. તેને વિષે અજ્ઞાની પુરૂષ જો આસક્ત થાય તો તે બળીને ભસ્મ થઈ જાય છે. વાઘણ અને સર્પણ શ્રેષ્ઠ છે કે જે (કરડવાથી) એકજવાર મરણ પમાડે છે; પણ નિરંતર મરણથી અધિક કલેશ કરવાવાળી સ્ત્રી સારી નથી (કેમકે તે અનેક ભવોમાં મરણ પમાડે છે). ત્રીવલી રૂપ તરંગોવાળી અને હાસ્યરૂપ ફીણવાળી સ્ત્રીઓ એક નવી નદી તુલ્ય છે. જેમાં સ્તનરૂપ તટ (કિનારા) સાથે અથડાતું યુવાન્ પુરૂષોની દૃષ્ટિરૂપ નાવ ડુબી જાય છે. એક કે બે નેત્રવાળાનેજ રાત્રિ પ્રકાશની હણનારી થાય છે પણ આ સ્ત્રીરૂપ રાત્રિ તો કોઈ નવીન છે કે જેમાં હજાર આંખવાળો (ઇંદ્ર) પણ મોહ પામે છે. ચપળ ચિત્તરૂપ વાંદરાવાળી અને કામરૂપ ભીલ્લોવાળી આ સ્ત્રીરૂપી એક નવીનજ અટવી છે કે જેમાંથી ઉત્પન્ન થયેલ રાગરૂપ અગ્નિ દેખવાવાળાનું પણ સર્વસ્વ બાળી નાંખે છે. ભવરૂપ અટવીમાં મોહરૂપ શિકારીએ સ્ત્રીરૂપ જાળ વિસ્તારી છે કે જેમાં ભોળા મૃગો તો દૂર રહો પણ પંડિતો પણ બંધાઇ જાય છે. જેનો મધ્ય ભાગ (હૃદય) ન જાણી શકાય તેવી અને અંધકાર (અજ્ઞાન)ના ઘર તુલ્ય સ્ત્રીરૂપ ગુફા છે કે જ્યાં વિલાસરૂપ અજગર મહાન્ પુરૂષોને પણ ચાવી જાય છે (ગળી જાય છે). તેટલામાટે એ સ્ત્રીઓથી હું બીઉં છું. માટે મને તપસ્વીને મૂકી દે. શું ઇંદ્ર, ઉપેંદ્રાદિકથી તારી યુદ્ધ કરવાની હોંશ પૂરી થઈ નથી?"



આ પ્રમાણેનાં શિવનાં વચનોથી કૃપા ઉત્પન્ન થઇ છે જેને એવો સ્મર (કામદેવ) કહેવા લાગ્યો કે "હે શૂલિન્(મહાદેવ)! તું કાયરપણું ન કર. કેમકે તું મખને ભેદનારો અને કાળ નામના દૈત્યનો ઘાત કરવાવાળો છે. (અર્થાત્ આવો શૂરવીર થઇને આ પ્રમાણે કાયરપણું શામાટે કરે છે?) માટે સતી અને વારંવાર પુત્રાદિકનો પ્રસવ ન કરે તેવી એક હિમાચળની પુત્રી પાર્વતીને સ્ત્રી તરીકે તું અંગીકાર કર. આટલાથીજ હું તને મૂકી દઉં છું." કામદેવનું આ વચન કબુલ કરીને મહાદેવે તે પ્રમાણે (પાર્વતીનું પાણિગ્રહણ) કર્યું. પછી અવસરે પુત્રનો જન્મ થવાથી ભિક્ષાભોજનથી ઉદ્વેગ પામેલી પાર્વતી મહાદેવને કહેવા લાગી કે "હે શ્રીકંઠ (મહાદેવ)! ભિક્ષાવૃત્તિ કરવી તે તો ભિક્ષુકોનેજ શોભા માટે

હોય પણ ગૃહસ્થીઓને ન હોય, માટે શરીરના નિર્વાહ યોગ્ય મને ભોજન આપો. ઉત્તમ સ્ત્રીની માફક ઉત્તમ ભોજનવડે મનુષ્યોનો જન્મ પ્રશંસવા લાયક ગણાય છે, માટે હે પ્રિય! તેવા ભોજનને મેળવવા યત્નકરો. આળસુ મનુષ્યોનો ઉદય ક્યાંઇ પણ થતો નથી, માટે શ્રીકૃષ્ણ પાસે પૃથ્વીની, કુબેર પાસે બીજની, બળભદ્ર પાસે હળની અને યમરાજા પાસે પાડાની પ્રાર્થના કરો. બળદ તમારી પાસે છે અને ત્રિશુળમાંથી ફાળ ( રાંફ )બનાવો. તમારૂં અન્નપાન તૈયાર કરવામાં હું સમર્થ છું અને સ્કંદપુત્ર બળદનું રક્ષણકરવામાં સમર્થ છે. માટે હે હર( મહાદેવ)! ભિક્ષાના ભોજનથી હું બળી રહી છું તેથી તમે ખેડ કરો. (આવું પાર્વતીનું વચન તમારૂં રક્ષણ કરો). " આ પ્રમાણેનાં પાર્વતીનાં વચનો સાંભળીને મહાદેવ વિચાર કરે છે કે " અરે! જે મેં અગાઉ કહ્યું હતું તેજ આગળ આવ્યું. પાણીની માફક ફેલાવો પામેલી સ્ત્રીઓ કોને ભેદતી નથી? અર્થાત્ સર્વને ભેદે છે. ગુફાની જેવા મોટા ઉદરવાળી આ પાર્વતી છે અને પુત્ર છ મુખવાળો છે. આ બેઉનું પોષણ મારે કેવી રીતે કરવું ? મને ધિક્કાર થાઓ! કામે શસ્ત્ર વિના મારો વધ કર્યો છે. અથવા હું પુત્રનો તો જેમ તેમ નિર્વાહ કરીશ પણ કોઇ રીતે જેની ઇચ્છા પૂરી થાય નહીં તેવી સ્ત્રી તો મુશ્કેલીથી પોષણ થાય તેવી છે. અરે! અત્યંત પીડારૂપ સમુદ્રમાં હું ડુબી ગયો છું. હવે શું કરૂં? " આ પ્રમાણેની વિચારણા કર્યા પછી બુદ્ધિ ઉત્પન્ન થઈ છે જેને એવો અને બે પેટ ભરવામાં અસમર્થ એવો



શંભુ (મહાદેવ)વિરહ નહીં સહન કરી શકવાનું બાનું કાઢીને પાર્વતીની સાથે અભિન્ન (એક) શરીરવાળો થઇ ગયો, અને ઉદ્વેગ પામેલા મારા પિતાને વંશની વૃદ્ધિથી દુઃખ થાય છે (માટે મારે તેને દુઃખી ન કરવા )એમ વિચારીને તેના પુત્રે (સ્કંદે) બ્રહ્મચારીપણું અંગીકાર કર્યું.

આ પ્રમાણે શીવને વશ કર્યા પછી પાણીને પવિત્રતા આપનાર, સર્વ દેવોની પૂજાના પ્રવર્તાવનાર, અંધકારના સમૂહનો નાશ કરનાર, સર્વ કાર્યોના સાક્ષી, નિશાચર (ચોર)ને જીતનાર, નેત્રની રચનાને સફળ કરનાર, મહાદેવને પૂજનીક, લોકને પ્રકાશ કરનાર, કાદવનું શોષણ કરનાર, પોતાને ઇષ્ટ(સૂર્યવિપ્રકાશી) કમળોને શોભા આપનાર અને ચક્રવાક પક્ષીના શોકને ટાળનાર—એવા સૂર્યને પણ પોતાના સ્ત્રીયોદ્ધા પાસે વિહ્વળ કરાવીને કામદેવે ઉલ્લેખિત (ઉજાડેલ) કર્યો. દેવોમાં મુખ્ય એવા બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ અને સૂર્ય પ્રમુખને જીત્યે સતે પોતપોતાને ઠેકાણે રહેલા ભૃગુ, વત્સ, વશિષ્ઠ આદિ મહર્ષિઓને મન્મથે (કામે) કંપાવ્યા. કામના મારથી ભય પામેલા અને બીજો કોઇ માર્ગ નહીં દેખવાથી તે સર્વ મહર્ષિઓએ એક એક સ્ત્રીરૂપ સુભટનું શરણ અંગીકાર કર્યું. આ પ્રમાણે સ્વર્ગથી પાતાળ સુધી આખા જગત્‌ને વશ કરીને પુણ્યરંગપુરના નાશને માટે પ્રતિજ્ઞા કરી છે જેણે એવા કામસુભટે તે નગર ઉપર ચડાઈ કરી.

(કામસુભટના આવ્યા પહેલાં) તે પુણ્યરંગનગરનો કાંગરાઓ

સહિત કિલ્લો આગામી કાળમાં થવાવાળા નગરભંગના ભયથી અતિશે કંપાયમાન થવા લાગ્યો અને પોતાના અધિકારથી પતિત થવારૂપ દુઃખસમુદ્રના બિંદુની ઉપમાવાળાં મોટાં મોટાં આંસુઓથી અધિષ્ટાતા દેવી ખુલ્લી રીતે રોવા લાગી. વિશ્વમાં વ્યાપ્ત થયેલ સ્મર (કામ)રાજાના પ્રતાપની ગરમીથી હણાયા હોય નહીં તેમ અકસ્માત્ સર્વ આરામો શોભારહિત(સુકાઇ ગયેલાં) થઈ ગયાં. ભવરૂપ અરણ્યમાં રહેવાવાળાં ખરાબ આશય(અભિપ્રાય)રૂપ શશલાં, મૂઢતારૂપ હરિણો અને નિર્દયતારૂપ સુવરો વિગેરે નગરમાં ચારે બાજુ ભમવા લાગ્યાં. મિથ્યાદૃષ્ટિને વિષે રાગરૂપ લોહીના બિંદુઓ પ્રગટ થયાં અને મનુષ્યોના માથાના મુગટ ઉપર લોક અપવાદરૂપ કાગડા બેસવા લાગ્યા. અગ્નિખુણાના વાયરાથી જેમ મોટા સમુદ્રમાં ક્ષોભ ઉત્પન્ન થાય તેમ શાંતિવાળા નગરમાં પણ આ (ઉપર કહેલ)ઉત્પાતોથી સર્વ ઠેકાણે ક્ષોભ ઉત્પન્ન થયો.

હવે આ બધું જાણીને વિવેક વિચાર નામના મિત્રની સાથે વિચાર કરે છે કે—"આપણો મહાન્ શત્રુ સ્મર(કામ) આપણી ભૂમિ વધારે વધારે દબાવતો આવે છે. મોહરાજા પણ પુત્રના પ્રેમથી તેના બળમાં વધારો કરે છે. આનો પરિવાર પણ ઉષ્ણ છે અથવા પોતાની મેળે પણ આ કામ જગત્‌ને જીતવાવાળો છે, માટે હમણા તેની સાથે હું યુદ્ધ શરૂ નહીં કરૂં; કેમકે શત્રુના વાહન અને આસન વિગેરે જાણીને પછી યુદ્ધ કરવામાં આવે છે, તોજ જીતવાની ઇચ્છાવાળાને જય મળે છે. જુઓ ! પ્રાતઃકાળમાં સૂર્ય અંધકારને ભેદીને રાજાની માફક ઉદય પામે છે. પરંતુ આશ્ચર્ય છે કે તેજ સૂર્ય રાત્રિ ને અંધકાર પુષ્ટ થવાથી ચોરની માફક નાશી જાય છે, (અસ્ત પામે છે.) માટે જે અવસર જાણે છે તેનેજ ઇષ્ટાર્થની સિદ્ધિ થાય છે, કેમકે શાળ (ચોખા)વાવવાના કાળમાં ઘઉંને સારી રીતે પાણી પાયું હોય તોપણ ફળ ગ્રહણ કરી શકાશે નહીં. ગાયન, નાટક, લક્ષ્મી, સ્ત્રી, આભુષણ, ભોજન, પાણી, અને સાકર—આ સર્વે વસ્તુ અવસરવિના પ્રીતિરૂપ વેલડીને કાપવાને પર્શુપણું ધારણ કરે છે(કુહાડાનું કામ કરે છે). પથ્થર, રાખ, ઘાસ, તૂલ, ધૂળ, અંધકાર, અગ્નિ અને ઝેર—આ સર્વે વસ્તુ અવસરે પ્રીતિની વૃદ્ધિ કરનાર થાય છે. માટે હમણાં તો હું અર્હંત સ્વામીને શરણે જઇશ અને તેમની ભક્તિથી **સંયમશ્રી** કન્યાને પરણીશ. તેનો સ્વીકાર કરવાથી હું અને સર્વે પરિવાર પણ કપટપણાનો ત્યાગ કરીને શત્રુનું વિદારણ કરવામાં દક્ષતા પામશું. ગુરૂરૂપ નિમિત્તિઆનું કહેલું વચન મારા હૃદયમાં હજી પણ અતિશય શબ્દ કરે છે, તેથી તેના ઉપદેશથીજ શત્રુને દુર્બળતા પમાડીશ. (આમ નાશી જવાથી) કેટલાએક મને ડાહ્યો(અવસરનો જાણ છે એમ) કહેશે અને કેટલાએક મને બીકણ પણ કહેશે, પરંતુ ખુલ્લા મુખવાળા લોકોનાં કેટલાંક વચન હૃદયમાં ધારણ કરીએ ? ચક્રવાક પક્ષી આનંદ પામો અને આનંદ વિનાના ઘુવડો નિંદા કરો તોપણ સૂર્ય પોતાની સ્વાભાવિક ગતિ છોડતો નથી. અરે મિત્ર! પોતાની પત્નીનો ત્યાગ કરતાં નળરાજાની અને પોતાનું સ્થાન મૂકતાં કૃષ્ણની મનુષ્યોના અસંબંધ વ-

ચનોથી સ્ખલના થઈ છે તે શું તું જાણતો નથી? (માટે આપણે આ વખતે લોકોના બોલવા ઉપર ધ્યાન આપવાની જરૂર નથી). હે વિચાર મિત્ર! મારા ગયા પછી તું નગરના લોકોને ત્યાં (પ્રવચનપુરમાં) લાવજે, કેમકે પાછળથી (મારા જવા પછી)આપણો પક્ષપાતી કોઇપણ તે કોપાયમાન્ થયેલા કામના ફાંસામાં આવી ન પડે."

(આ પ્રમાણે વિચારને ભલામણ કરે છે) તેટલામાં (સંયમશ્રીને માટે અર્હંત પાસે) જે ઉત્તમ પુરૂષોને મોકલ્યા હતા તે આવી પહોંચ્યા અને મસ્તકે હાથ જોડી નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે— "હે સ્વામિન્! તે અર્હંત ભગવાન્ તમારા ઉપર અત્યંત પ્રસન્ન થયા છે, અને કોઈપણ જાતની વાતચિતમાં ગુણોના આધારભૂત એક તમનેજ કહે છે. હે ગુણવડે ઉજ્વળ! તમારા શિવાય બીજો કોઇ તેને ગૌરવ કરવા લાયક નથી. તેને જોવાથીજ તમારી ઈષ્ટાર્થની સિદ્ધિ થઈ એમ સમજજો. એમાં કાંઈપણ સંશય નથી." આ પ્રમાણેનાં તેઓનાં વચનને ઉત્તમ શકુન તરીકે માનીને વિવેકરાજા ત્યાંથી નીકળ્યો, અને સુખે સુખે પ્રવચનપુર પહોંચ્યો. વિવેકના વિયોગને સહન કરવાને અસમર્થ વિચાર પણ નગરના દુઃખી લોકોને પોતાની આગળ કરીને તે (વિવેક)ની પછવાડે દોડવા લાગ્યો. અનુક્રમે તેઓ સર્વે અર્હંતની નગરીમાં આવ્યા અને ઘણો આનંદ પામ્યા. કેપકે તેમની દૃષ્ટિજ વૈરીના સમગ્ર ઉપદ્રવનું નિવારણ કરવાવાળી છે.

હવે મકરધ્વજ (કામદેવ)સ્વામી વિનાના પુણ્યરંગનગરમાં આ-



વ્યો. તેણે પ્રથમ ચારે બાજુથી નગરને ઘેર્યું, પછી તપાસ કર્યો, પછી લુંટ્યું અને તેનો નાશ પણ કર્યો. અર્હંતની પાસે જવામાં આળસુ થઈને જે લોકો ત્યાં (પુણ્યરંગનગરમાં)જ રહ્યા હતા તે જીવતા છતાં મરણ પામ્યા જેવા અને જડ લોકોને તેણે (મકરધ્વજે) બંદીવાન્ કર્યા. તે રાંકડાઓને પકડવાથી અંતઃકરણમાં ગર્વ કરતા કામદેવે બાહ્યવૃત્તિએ પુરૂષાર્થને વિષે અગ્રગામીપણું ધારણ કર્યું અને કહેવા લાગ્યો કે "મારૂં નામ સાંભળીનેજ નાશી જનારા વિવેકે આજે ક્ષત્રીકૂળના આચારની કથારૂપ કંથા ઢીલી કરી નાંખી છે, પરંતુ એ વિવેક તો પ્રધાનનો પુત્ર છે અને હું તોરાજાનો પુત્ર છું માટે મારાથી એ નાશી ગયો તેજ યુક્ત છે; કેમકે ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલા પુરૂષ વિના બીજામાં તેવું શૂરાતન ક્યાંથી હોય? પહેલાં મારા પિતા(મોહ)ના ભયથી વિવેકે જે નાશી જવાનો અભ્યાસ કર્યો છે તે સારી રીતે શીખેલાની માફક હજુસુધી પણ તે બુદ્ધિમાન્ ભૂલ્યો નથી. પણ એવી રીતે આ મહાબળવાન્ વિવેકના નાશી જવાથી મારી ભુજાદંડને યુદ્ધ કરવાની ખરજ મટાડવાને હવે વૈદ કોણ થશે ? (અર્થાત્ વિવેકવિના મારી યુદ્ધ કરવાની હોંશ પૂરી કરવાને બીજો કોઈ સમર્થ નથી). અથવા આ વિવેક જિનેશ્વરનો ભક્ત છે અને તે (અર્હંત)તદ્દન મદરહિત હોવાથી તે પણ મદરહિતજ હો. આ વાત યુકત છે કે સ્વામીનો સ્વભાવ ઉત્તમ સેવકમાં સંક્રમિત થાય છે. આ અર્હંતની સમીપે (હિંસક સ્વભાવવાળા) સિંહાદિક પણ અલ્પ મદવાળા થઇ જાય છે તે બરોબર

છે; કેમકે ઠંડા પાણીની સોબતથી અગ્નિની ઉષ્ણતા તત્કાળ શાંત પામે છે. હું વિષમ શસ્ત્રવાળો છું એમ કવિઓએ પણ મારી ખ્યાતિ કરી છે. ને તે પ્રમાણે ન હોત તો એ (વિષમાસ્ત્ર) નામની ખ્યાતિ કયાં થાત? શું ઉંદરમાં કે ઈંદ્રમાં થાત? (અર્થાત્ એ ખ્યાતિને હું લાયકજ છું). હું જાણું છું કે, મને આવતો જાણીને તે(વિવેક) અર્હંતના ચરણને શરણે ગયો છે, પરંતુ ત્યાં પણ દરમાં રહેલ ઉંદર સર્પને દુર્ગ્રાહ્ય ન હોય તેની માફક તે મને દુર્ગ્રાહ્ય નથી. પણ પ્રવચનપુરમાં જવાને માટે મારા પિતાએ આદેશ આપ્યો નથી, માટે અરે સેનાના લોકો! હવે પાછા ફરો, આપણે ત્રણ જગત્‌ને જીતી લીધા છે."

પછી અનેક પ્રકારના દુર્વાક્યના શબ્દોથી સર્વ દિશાને શબ્દિત કરતો, કૃતકૃત્ય (કરવા લાયક કાર્ય જેણે કરેલ છે એવા) શસ્ત્રોને ચાકરો પાસે તેના મ્યાનવિગેરેમાં મૂકાવતો ગામડાના લોકોએ તાજું ગાયનું ઘી, નગરના લોકોએ અનેક પ્રકારના ખાવા લાયક પદાર્થો અને વનમાં ફરવાવાળા લોકોએ વનનાં ફળો ભેટણા તરીકે મૂકીને રંજન કરેલો, દરેક ઘરે પોતાના (સ્ત્રી) સુભટોનું પૂજન થતું જોઇને હર્ષ ધારણ કરતો, અવજ્ઞાવડે આળસવાળી દૃષ્ટિથી ઇંદ્રોને પણ તુચ્છ માનતો, પોતાની આજ્ઞાનો લોપ કરવાવાળા તપસ્વીઓનું નગ્નપણું, ભિક્ષાભોજન અને અરણ્યમાં રહેવાપણું જોઈને પોતાના પરાક્રમ સંબંધી ગર્વને ધારણ કરતો, બ્રહ્માદિકનો જય કરેલો હોવાથી તે જયસ્તંભોને પગલે પગલે (દેવાદિકપણે) આરોપિત કરતો, વૈતાળિક(ભાટ ચારણો)



ના મુખથી જગત્‌નો જય કરવારૂપ પોતાનો યશ સાંભળતો, પોતાને અનુસારે ચાલનાર શૃંગાર રસને સર્વ રસોમાં પ્રથમ સ્થાપન કરતો અને પોતાને અપ્રિય શાંત રસને સર્વ રસને અંતે સ્થાપન કરતો, તેમજ બીજા પણ વીર રસાદિકને યથાયોગ્ય માન આપતો મારકુમાર (કામદેવ) લીલામાત્રમાં (ક્ષણવારમાં) અવિદ્યાનગરીએ પહોંચ્યો. જે સંતોષ વિષમ શરવાળા વીર(કામદેવ)ને પિતાના પગથી પવિત્ર એવી પોતાની અવિદ્યાનગરી જોવાથી થયો, તે સંતોષ ભ્રકુટીના ભંગમાત્રવડે ઈંદ્રોનો સમૂહ તાબે થવાથી અને ત્રણ ભુવનના ઐશ્વર્યરૂપ વૈભવ કરકમળમાં ભ્રમરતુલ્ય થવાથી પણ થયો નહતો.

આ પ્રમાણે શ્રી જયશેખરસૂરિએ બનાવેલ પ્રબોધચિંતામણિ ગ્રંથમાં મોહરાજાના ચરપુરૂષોને (વિવેકની તપાસ માટે) મોકલવાની હકીકતવાળો અને કંદર્પના દિગ્વિજયના વર્ણનવાળો પાંચમો અધિકાર સમાપ્ત થયો.

## છઠ્ઠો અધિકાર.

કામને આવતો જોઈને મોહરાજા પરિવાર સહિત તેની સન્મુખ ગયો; કેમકે સ્નેહની અધિકતા નાના મોટાની મર્યાદાની અપેક્ષા રાખતી નથી. મન્મથે (કામે) પણ સામે આવેલા પિતાની સન્મુખ જઈને તેને નમસ્કાર કર્યો; કેમકે બળવાન્ સુપુત્રો પણ પોતાના

ગુરૂવર્ગ (પૂજનીક પિતા, ગુર્વાદિ) ની આગળ દાસની માફક વર્તન કરે છે. તે પિતા પુત્ર પ્રથમ હૃદયે કરી, પછી વચને કરી અને પછી શરીરે કરી એવી રીતે મળ્યા કે નદી અને સમુદ્રના પાણીની માફક તે બેઉમાં કાંઈ પણ ભેદ રહ્યો નહીં. (આ પ્રમાણે નગરની બહાર પરસ્પર મુલાકાત થયા પછી) જ્યાં નગરના લોકોએ એકઠા મળી મોટો મહોત્સવ પ્રારંભેલો છે એવા, જ્યાં દરેક મંદિર (ગૃહસ્થોના ઘર) ઉપર ભવભ્રાંતિ(ભવમાં ભમવા)રૂપ ધ્વજાઓ ઉંચી કરેલી છે એવા, બીજાને ઠગવાના વચનરૂપ ઉંચા કરેલ માંચાઓના સમૂહથી વ્યાપ્ત થયેલા, ચારે બાજુ થતા અશ્લીલ (ખરાબ) શબ્દરૂપ વાજીત્રના નાદથી જ્યાં નગરના લોકો સર્વે જાગ્રત થયેલા છે એવા, વિચિત્ર પ્રકારની વિક્રિયા(કુકર્મ) રૂપ વેશ્યાઓનો નાચ જ્યાં ચાલી રહ્યો છે એવા, હાવભાવ રૂપ સ્તંભોની સાથે આસક્તિરૂપ ચંદનની માળાઓ જ્યાં બંધાએલ છે એવા, મોટ્ટાયિતાદિ (સ્ત્રીઓના અભિલાષ) રૂપ ઉત્તમ પ્રકારના મોતીના સાથીઆઓથી ત્યાં રસ્તાઓ શોભાવેલા છે એવા, ઘરના અગ્ર ભાગ ઉપર જ્યાં કુશીળતારૂપ કલેશોની શ્રેણીઓ સ્થાપન કરેલી છે એવા, નાટ્યરસ અને હાસ્યરસથી પ્રતિષ્ઠિત નટ અને વિદૂષકોનો સમૂહ જ્યાં છે એવા, આશ્રવ નામના ગોખ (ઝરૂખા) ની અંદર નરનારીનો સમૂહ જ્યાં બેઠેલો છે એવા અને હર્ષની આકુળતાથી એકઠા મળતા ચપળ લોકોના કોલાહલથી વ્યાકુળતાવાળા નગરમાં વિસ્મયપૂર્વક નગરના લોકોથી જોવાતા મન્મથે પ્રવેશ કર્યો. (તે વખતે બંદીવૃંદ તેની સ્તુતિ કરે છે કે)—"હે મન્મથ! તેં પુષ્પ-



બાણથી જેવી રીતે ત્રણ જગત્‌ને જીત્યાં તે પ્રમાણે જીતવાને બીજું કોણ સમર્થ છે? માટે આવી વીરવૃત્તિથી તું દુનિયાના સુભટોમાં મુખ્ય સુભટ છે. હે મહાદેવના ગણના વિલાસનો પરાભવ કરનાર! બ્રહ્માની વેદની વાણીનો નિરાસ કરનાર! વિષ્ણુના સારંગ ધનુષ્ય અને સુદર્શન ચક્રની હાંસી કરનાર! હાથમાં વજ્રને ધારણ કરવાવાળા ઇંદ્રને પણ વિહ્વળ કરનાર! એક પાતળા તાંતણાવડે સમુદ્રના વિસ્તારની તુલના કરનાર! સૂર્યના કિરણોના પ્રકાશને મંદ કરનાર! ચંદ્રની કળાના કલાપ(સમૂહ)ની અવહીલના કરનાર! મહર્ષિઓના પ્રબળ શ્રાપને નિષ્ફળ કરનાર! વિષધર(સર્પ)ની વિષમ લાળનો તિરસ્કાર કરનાર! દુર્ધર (દુર્નિવાર) સિંહની ફાળને પાછી ફેરવનાર! ગરૂડની મોટી પાંખના વાયરાની પણ અવગણના કરનાર! વિકટ સુભટોના શસ્ત્રઘાતને પણ નષ્ટ કરનાર! શૌચવાદિઓના શૌચનો અંત લાવનાર! પાખંડિઓના માનનું ખંડન કરનાર! યોગીશ્વરના યોગનો ભંગ કરવામાં સમર્થ! અને ત્રીજા પુરુષાર્થ! એવા હે કામ! તું જયવાન થા, જયવાન થા. હે ત્રણ ભુવનરૂપ ઘરમાં ભ્રમણ કરવામાં રસિક! હે ઘણા યશના સમૂહથી શોભાયમાન! હે સજ્જન, દુર્જન, મૂર્ખ, વિદ્વાન્, બાળ, યુવાન, પુરૂષ અને સ્ત્રીઓનાં મનનું હરણ કરનાર! હે સુર, નર અને કિંન્નરોના સમૂહથી સંગ્રામ સંબંધી ઉત્તમ પરાક્રમ ગવાય છે જેનું એવા! હે વાણીને અગોચર એવું વિષયજનિત સુખ દેવામાં કલ્પવૃક્ષ તુલ્ય! હે બંધુવ-

ર્ગને પ્રિય! માતાપિતાના ચરણના ભકત! સેવકોને ફળ આપનાર! શ્રીમન્મોહરાજાના પુત્ર! અને અતુલ બળવાન્ કામ! તું ઘણો કાળ જીવ, ઘણો કાળ જીવ." આ પ્રમાણે નવીન છંદોવડે બંદીજનોના સમૂહથી સ્તવના કરાતો કામ પિતાને આગળ કરીને પોતાના મૂળસ્થાનને પામ્યો. ત્યાં જેમ કમળ હંસને પોતાના મધ્યભાગમાં રાખીને ઉત્તમ પ્રભાવડે પાણીના સરોવરને શોભાવે તેમ મોહરાજાએ કામકુમારને ખોળામાં બેસાડીને પોતાનું સિંહાસન શોભાવ્યું. પછી 'હે પુત્ર! તેં દિગ્વિજય કેવી રીતે કર્યો.? એમ મોહરાજાએ પૂછ્યાથી પોતાનું વૃત્તાંત (પોતાને મોઢેથી) કહેવામાં લજ્જાથી કામદેવે મૌનપણું ધારણ કર્યું (અર્થાત્ ઉત્તર ન આપ્યો). ત્યારે પોતાની જીહ્વાએ સમુદ્રના કલ્લોલને પણ મંદ કર્યાં છે જેણે એવા એક બંદીએ વિવેકના નાશી જવા પર્યંત તે (કામદેવ)નું યથાસ્થિત વૃત્તાંત કહી સંભળાવ્યું. (આ પ્રમાણે પુત્રનું વૃત્તાંત સાંભળીને) પ્રમદથી વિકસ્વર થયેલ રોમાંચ સંચયવાળા મોહરાજાએ પોતાના આંગણામાં ત્રણ પ્રકારના વાજીત્રથી મોટો ઉત્સવ કરાવ્યો.

પછી પિતાના આદેશથી, લાંબા વખત થયા વિરહાતુર અને પુત્રને જોવાને તૃષિત નેત્રવાળી માતાને કામે નમસ્કાર કર્યો. તે પણ પ્રીતિની અધિકતાથી વિકસ્વર થયેલ જે હર્ષ તેથી ઝરતાં આંસુવડે સ્નાન કરાવતી તેને આલિંગન દઈ આશીશપૂર્વક કહેવા લાગી કે "હે પુત્ર! બેઉ સ્ત્રીઓ(રતિ અને અરતિ)નીસાથે અવિયુક્ત



(વિયોગ રહિત) એવો તું વિજયી થા, અને તેવાં તેવાં પોતાનાં પરાક્રમવડે માતાના મનને ચમત્કાર ઉત્પન્ન કર. જે પુત્રો પ્રભુતા મેળવીને ગુરુજનનો પરાભવ (તિરસ્કાર) કરે છે તેઓથી તું, જેમ સૃષ્ટિરૂપ વેલડી સાધારણ વેલડીથી વિપરીત હોય તેમ વિપરીત છે. હે સત્યવાળા પ્રાણીઓમાં મુખ્ય! પુષ્પરૂપ શસ્ત્રોએ કરી ત્રણ ભુવનને ક્ષોભિત કરવાથી ઉત્સાહિત ભુજાવાળા તેં મને સ્ત્રીજાતિમાં મુખ્યપણે સ્થાપન કરી છે. હે પુત્ર! બળવાન એવા કર્મરાજાથી પેદા થયેલી હોવાથી પહેલાં હું **વીરપુત્રી** હતી. મોહ સાથેના વિવાહથી **વીરપત્ની** થઈ હતી અને તારા વડે **વીરપ્રસૂ** (વીર પુત્રને જન્મ આપવાવાળી) થઇ છું." પુત્રને આ પ્રમાણે કહીને હવે તે (મોહની રાણી) સમગ્ર સ્ત્રીઓને વિષે પોતાનું વીરમાતાપણું પ્રગટ કરવાને માટે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા નામની પોતાની દાસીઓને કહે છે કે "હે સખીઓ! જ્યારે પુત્ર જગત્‌ને જીતવાને માટે ગયો ત્યારે મેં પહેલાં કદાશા (ખરાબ આશા) નામની ગોત્રદેવીને પૂજીને વિનંતિ કરી હતી કે—હે ભગવતી! જય મેળવીને આવેલા મારા પુત્રને જો હું જીવતી સતી જોઈશ તો તારી આગળ હું વર્ધાપના (વધામણાનો ઉત્સવ) કરીશ. તે મારૂં મનોરથરૂપ વૃક્ષ આજે ફળીભૂત થયું છે, માટે હે સખીઓ! તેનો ઉત્સવ કરવાને માટે તમે મંત્રીઆદિની સ્ત્રીઓના સમૂહને નિમંત્રણા કરો. પણ પહેલાં યુવરાજની **ભ્રાંતિ** નામની રાણીને બોલાવો, અને પછી અમાત્ય[1] (પ્રધાન)ની **તત્ત્વરૂચિ** નામની સ્ત્રીને, [2]સેનાપતિની **અવજ્ઞા** નામની સ્ત્રીને,

---

૧ મિથ્યાદૃષ્ટિ ૨ પ્રમાદ

[3]કોટવાળની **દુર્વાક્** નામની સ્રીને, [4]પુરોહિતની **સાધુનિંદા** ના-
મની સ્રીને, [5]નગરશેઠની **ત્વરા**(ઉતાવળ)નામની સ્રીને, [6]ભંડારી-
ની **કૃપણતા** નામની સ્રીને, [7]બાળમિત્રની **અજ્ઞાનતા** નામની
સ્રીને, દાણીની **અનવસ્થા** નામની સ્રીને, સામંતોની તે તે પ્રકા-
રની **ચાહના** નામની સ્રીઓને, શય્યાપાલની **જીહ્મતા** ( મંદપ-
ણા ) નામની સ્રીને, દેશપાલની **ઈર્ષા**, **અહંકૃતિ**, **વંચના** અને
**આધિ** નામની સ્રીઓને, વંઠોની **લાલસા** નામની સ્રીને, છત્ર ધારણ
કરનારની **કુભાવના** નામની સ્રીને, ગુપ્તિપાળની **અતિતૃષ્ણા**, **લો-
લતા** અને **કુશીળતા** નામની સ્રીઓને, રસોયાની **દુષ્ટઘ-
ટના** નામની સ્રીને અને કરૂણચારિઓની **રૂચિ** નામની સ્રીને
હે સખીઓ! તમે બોલાવી લાવો. ”

હવે તે દાસીઓએ રાણીના હુકમથી સર્વ સ્રીઓને લાવ્યે સતે
તેઓ ( દાસીઓ )ની પાસે તેણે ( રાણીએ ) ઉન્માદ ઉત્પન્ન થાય
એવો **મૂઢતા** નામનો દારૂ તુરત મંગાવ્યો. તે અવસરે તે ( રાણી )-
ના સ્નેહને લઈને તેની શોકો (**प्रीत्यप्रीतिधनायाद्याः**) પણ ત્યાં
આવી; અને રતિ, પ્રીતિ, અસૂયા તથા આર્ત્તિ પ્રમુખ કામની
સ્રીઓ પણ આવી. પછી સદ્ભક્તિપૂર્વક ગોત્ર દેવતાની પૂજા ક-
રીને તે સઘળી સ્રીઓએ ગળા સુધી મદિરારસનું પાન કર્યું. એ-
વી રીતે અત્યંત મદિરાપાન કરવાથી ઘૂર્ણિત થયાં છે લોચનો જેના
એવી, ઉપરા ઉપર કામભોગના વચન રૂપ તાંબુલ લેવાથી પ્રબળ મ-
દવાળી થયેલી, રાસક્રીડામાં કામદેવના ગુણોની શ્રેણીનું ગાયન કર-

૩ વિપર્યાસ ૪ પાખંડીની પ્રશંસા કરનાર ૫ આક્ષેપ ૬ સંચય ૭ ચાર્વાક



તી અને આભૂષણોના અવાજથી, હાથના તાળોટાથી અને મશ્કરી-
વાળાં ભાષણોથી જાણે સ્રીયારાજ્યને વિસ્તારતી હોય એવી તે
સ્રીઓએ વધામણાનો ઉત્સવ કર્યો.

તે અવસરે સમસ્ત રાજકુળ હર્ષના કોલાહલથી વ્યાપ્ત થયે સ-
તે મોહરાજા આગામી કાળ સંબંધી હકીકતને ધ્યાનમાં લેતો સ-
તો આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો કે—“ અરે નિર્બળ સ્રીઓ
તમારી મરજીમાં આવે તેમ ઉત્સવને વિસ્તારો, પણ વિવેક જે જી-
વતો ગયો છે તે મને ફરી ફરીને પીડા કરે છે. બાળકોની માફક
સ્રીઓ બુદ્ધિવિકળ ( રહિત ) હોવાથી તેઓ આવતા કાળમાં થવા-
વાળી સ્થિતિને જાણતી નથી. તેમજ પુરૂષોને વિષે પણ એવા થો-
ડાજ હોય છે કે જેઓની મતિ આગામી કાળના કાર્યને વિષે પ-
હોંચી શકે છે. જે કાર્ય પરિણામે સુંદર હોય છે તેની આર્ય ( શ્રે-
ષ્ઠ ) પુરૂષો પ્રશંસા કરે છે, કેમકે કડવા રસવાળો ક્વાથ ( ઉકાળો )
પણ રોગને દૂર કરવાવાળો હોવાથી તે મનુષ્યને ઘણો વ્હાલો લા-
ગે છે. જે કાર્ય વિપાકે(ઉદયકાળે) દુઃખ દેનારૂં હોય તે વિદ્વાનોએ ન કર-
વું જોઈએ, માટેજ શરૂઆતમાં સ્વાદિષ્ટ પણ અંતે મૃત્યુ આપનાર
કિંપાક ફળનો ત્યાગ કરાય છે. જે રાજ્ય દુશ્મન રહિત હોય ત્યાંજ
મહોત્સવો શોભે છે અન્યથા ઉત્સવો કરવા તે સ્વપ્નના લાડુ સર-
ખા છે. વિવેક જે નાસીને જતો રહ્યો છે તે કપટથી ગયો છે ભયથી
ગયો નથી, તેથી પાછો હઠીને ફાળ મારનારો સિંહ શું હાથીઓને
હણતો નથી? ( અર્થાત્ હણે છે તેવીજ રીતે મને તો વિવેક સંબં-
ધી પણ જણાય છે). આ વિવેક જિનેશ્વરની પાસે જઈને સંયમશ્રીને

પરણશે અને પછી તેનાથી બળવાન્ થઇને મારા વંશને મૂળથી ઉખેડી નાંખશે. સહનશીળ એવો શૂરવીર પુરૂષ અકસ્માત્ જો નાસી જાય છે તો તે પાછળથી દુઃખે સહન કરી શકાય તેવો થાય છે. કારણ કે અકસ્માત્ દેખાવ આપીને ઉપરથી રૂઝાઇ જતું ખરાબ ગુંમડું પરિણામે મૃત્યુનું કારણ થાય છે."

આ પ્રમાણે આવતા કાળના વિચારથી ઉત્પન્ન થયેલ ચિંતાવડે બળતા હૃદયવાળો મોહરાજા બેઠો છે તેટલામાં દ્વારપાળે આવીને વિજ્ઞપ્તિ કરી કે "હે મહારાજા! કાળસ્વરૂપ અને વિસ્તાર પામેલા સમસ્ત શત્રુરૂપ વૃક્ષને કાપવાને કુહાડા તુલ્ય કળિકાળ ઘણો વખત થયાં અહીં આવેલ છે તે તમોને જોવાને ઇચ્છે છે." પછી "તેને શીઘ્ર અહીં લાવ" એવા મોહરાજાના આદેશથી છડીદારે વાઘની માફક પુષ્ટ સ્કંધવાળા કળિકાળને સભાની અંદર પ્રવેશ કરાવ્યો. રોષથી સ્નેહ વિનાના મુખવાળો, લોઢાથી વીંધાયેલાની માફક કર્કશ અને દેખ્યાં છતાં પણ અનન્યસદૃશ એવા કળિકાળને જોઇ સભાના લોકોને આશ્ચર્ય ઉત્પન્ન થયું. મદ અને ગૌરવનો ત્યાગ કરીને તેણે મોહરાજાના ચરણમાં નમસ્કાર કર્યો. જો કે તે શત્રુઓને વિ
ભયંકર છે પણ મોહ પ્રત્યે તો સ્નેહવાળો છે. પછી સ્વાગતના પ્ર
પૂર્વક મોહરાજાએ તેને કહ્યું કે "હે મિત્ર! તું ઘણાકાળે આજે આવ્યો છે. તારૂં અહીં આવવાનું કારણ શા હેતુથી થયું છે?" કળિકાળ કહે છે કે "હે મહારાજ! જ્યારે ભાગ્ય પરિપક્વ થાય ત્યારે (તમારા જેવા) સ્વામીનો સમાગમ થાય છે. મારે અ
આવવાનાં બે કારણ છે. એક તો તમારા પુત્રને ત્રણ જગત્‌ને જી-



તવાવાળો સાંભળીને તેને જોવા માટે આવ્યો છું, કેમકે મોટા વીરપુરૂષનું મુખ જોવું તે પણ મહા ફળદાયક છે; અને બીજું કારણ એ છે કે શત્રુ જીવતો નાસી જવાથી દુઃખી થયેલા જે તમે તેના પક્ષમાં (સહાય કરવાને માટે) તૈયાર થઇને આવ્યો છું કેમકે તે વિવેક પ્રથમ મારો પણ શત્રુ હતો. (ખરેખર કળિકાળમાં વિવેકની દુર્લભતા—એજ વૈરભાવને સૂચવે છે). હવે જો તમે આદેશ આપો તો હું અહીં તમારી પાસે સ્થિતિ કરૂં (રહું), તમારા શત્રુઓનો ઉચ્છેદ કરૂં અને તમારો વૈભવ વધારૂં. હે દેવ! પ્રવચનપુર જે કારણથી તમને દુઃખે ગ્રહણ કરી શકાય તેવું થયું છે તે જ્ઞાન તલારક્ષ (વિમળબોધ કોટવાળ)ને હણીને હું પ્રવચનપુરને વિસંસ્થુલ (શિથિલ) કરી નાંખીશ. ઉલ્લાસ પામતા સંવેગાદિક શત્રુઓ હમણાં તમને હસે છે પણ તેઓને ખરી પડેલા બાણની માફક નિષ્ફળ કરીને આપણા સમુદાય પાસે હસાવીશ. જેની દૃષ્ટિરૂપ પાણીથી (સિંચાયેલા) શત્રુરૂપ સર્વે વૃક્ષો વિસ્તાર પામ્યાં છે તે જિનેશ્વરને જેમ વાયરો વાદળાને ફેંકી દે છે તેમ હું દૂર ફેંકી દઇશ; અને દુષ્ટ ઘોડો જેમ અસ્વારને વિહ્વળ કરી નાખે છે તેમ વિવેકને વિહ્વળ કરીને હું થોડાજ વખતમાં મોક્ષનો માર્ગ કોઇ ન જઇ શકે તેવો કરી નાખીશ (અર્થાત્ બંધ કરીશ)."

કળિકાળનાં આવાં વચનો સાંભળીને મોહરાજા વિચાર કરવા લાગ્યો કે—"આને વિષે સર્વ વાત સંભવી શકે છે. કેમકે તેની સ્ફૂર્તિ, આકૃતિ અને વચનવડે આ અનુપમ જણાય છે. પરંતુ ઘણા ઉદ્ધતપણાથી તે મારી સાથે લાંબો વખત રહી શકશે નહીં, કેમકે

ઘણા ઉદ્ધત એવા વૈદો અને દુર્યોધન આદિ રાજાઓ તત્કાળ નાશ પામ્યા છે. તોપણ રાજ્યના આધારના કારણભૂત તે કળિકાળને મારે રાખવો તો જોઇએ. કેમકે બે દિવસને માટે પણ પ્રાપ્ત થયેલ ચિંતામણિ રત્ન શું મનુષ્યને પ્રીતિદાયક થતું નથી ? (અર્થાત્ પ્રીતિદાયક થાય છે)." આ પ્રમાણે નિશ્ચય કરીને તેનો સત્કાર કરી પોતાની પાસે રાખ્યો. ખરી વાત છે કે રત્નના ભંડારથી પણ જીતવાની ઇચ્છાવાળાને યોદ્ધાઓનો સંગ્રહ વધારે પ્રિય હોય છે. હવે કળિકાળ વિસ્તાર પામવાથી જિનેશ્વર અને કેવળજ્ઞાની દૂર જતા રહ્યા, અર્થાત્ આ ભરતક્ષેત્રમાં પંચમકાળમાં તેનો વિરહ પડ્યો. જીતવાની ઇચ્છાવાળા પુરૂષોને યાન, આસન અને કાળના ષડ્ગુણનું જ્ઞાન હોવું જોઇએ ( આજ કારણથી મોહરાજાએ કળિકાળને અંગીકાર કર્યો ). પછી જેમ સૂર્ય દૂર જવાથી ઉત્તમ રસ્તાનો રોધ કરનાર અંધકારસમૂહ ફેલાય છે તેમ જગત્ના નાથ જિનેશ્વર દૂર જવાથી કળિકાળ પોતાની ઇચ્છાનુસાર પ્રસરવા લાગ્યો; અને મોક્ષે જવાના રસ્તાની બેઉ બાજુએ રાગ અને દ્વેષ નામના બે મહા સુભટને સ્થાપન કરીને પોતે આક્રાંત કરેલ ( દબાવેલ) ક્ષેત્રમાંથી કોઇ પણ મનુષ્યને મોક્ષે જવાનું બંધ કર્યું. મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન, પરમાવધિજ્ઞાન, ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી, ઉપરના ત્રણ સંયમ ( પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ) જિનકલ્પ અને પુલાકલબ્ધિ—આ દશ વસ્તુઓનો તેણે શરૂઆતમાંજ નાશ કર્યો, કેમકે આ વસ્તુઓ હોવાથી જિનેંદ્રનો પ્રતાપ વિશેષ જાગ્રત રહે છે. પછી મોહના મહાન્ શત્રુ એવા ચૌદ



પૂર્વ, દશપૂર્વ અને પૂર્વાનુયોગ ( પૂર્વ સંબંધી જ્ઞાન )નો પણ અનુક્રમે નાશ કર્યો. કોઇ વખત અવિરોધપણે જૈનોને મળતા કળિકાળે મોહની સેવા કરવાવાળા પ્રાણીઓના પણ ઉભય ( મોહ અને અર્હંત ) પક્ષના ચૈતન્ય તુલ્ય પ્રથમ ( વજ્ર ઋષભનારાચ નામના ) સંઘયણ ( એક જાતના ઘણા મજબુત શરીરના બાંધા )ને ભેદી નાંખ્યું, અને પછી બીજા ( ચાર ) સંઘયણોનો પણ પૂર્વોક્ત હેતુથીજ નાશ કર્યો. માત્ર છેલ્લા સંઘયણને નિઃસાર અને નિર્બળ જાણીને તેનો નાશ ન કર્યો. જેના બળથી એક મુહૂર્ત્ત જેટલા વખતમાં ચૌદપૂર્વ જેવા સમુદ્રનો પાર પામી શકાતો હતો તેવા મહાપ્રાણ ધ્યાનનો પણ તેણે નાશ કર્યો. એટલે તે ધ્યાન પંચત્વને પામ્યું. ( મરણ પામ્યું ). આ પ્રમાણે નિરંતર અધિક અધિક તેજથી સ્પુરાયમાન થતા કળિકાળ પ્રત્યે એકદા **સંપ્રતિરાજા** ક્રોધાયમાન થયો, અને ઠેકાણે ઠેકાણે જિનેશ્વરના મંદિર (દેરાસર) રૂપ કિલ્લાઓ કરવાવાળો તે ચતુર્વિધ સંઘ ( સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાના સમુદાય) રૂપ ચતુરંગ સેના સહિત તે (કળિકાળ)-ની સાથે યુદ્ધ કરવાને ઉઠ્યો. સામ, દાનાદિ ઉપાયના જાણ એવા તેણે અનુક્રમે અનાર્ય દેશોમાં પણ અર્હંતની આજ્ઞા પ્રવર્ત્તાવીને કળિકાળને વિકળ કરી નાંખ્યો. આ પ્રમાણે સંપ્રતિ રાજારૂપ મહાન્ સુભટનો અકસ્માત્ ઉદય થવાથી અવસરના જાણ કળિકાળે કોઇ ઠેકાણે પણ પોતાનું બળ દેખાડ્યું નહીં. અવસરે સંપ્રતિ રાજાને પણ કાળે કવલિત કર્યો. ( અર્થાત્ આયુષ્ય પૂર્ણ થયે સંપ્રતિ રાજા મરણ પામ્યો ). અરે વિધિનું વાંકાપણું અમે શું કહીએ!

કેમકે શૂરવીર પુરૂષો લાંબા આયુષ્યવાળા હોતા નથી. સંપ્રતિ રાજાના મરણ પછી ફરીને કેટલાક રાજાઓ કળિકાળ અને મોહને આધીન થઇને નવા નવા ઉપચારોથી (વ્યવહારોથી) તત્કાળ તેની સેવા કરવા લાગ્યા. ત્યાર પછી લાખ શાખાવાળું (હજારો ધર્મના મતભેદવાળું) પાખંડીઓનું મંડળ (દુનિયા ઉપર) વિસ્તાર પામ્યે સતે પ્રમાદ ઉન્મત્તપણાને પામ્યો અને મિથ્યાત્વ તથા માન (દુનિયા ઉપર) ફેલાયાં. પછી નિષ્ઠુર કર્મ કરવાવાળા દુષ્કાળાદિ કઠીયારાઓને મોકલીને કલિકાળે જિનેશ્વરની આજ્ઞાના પ્રવર્ત્તક એવા આગમોના (સિદ્ધાંતના) પણ કટકે કટકા કરી નાંખ્યા. એકઠા મળેલા ચાર અનુયોગોને પૃથક્ પૃથક્ (જુદા જુદા) કરીને તેને પણ દૂર કરવાને તે પ્રવર્ત્યો. કેમકે આવા પુરૂષો એક ઉપાયને જાણનાર હોતા નથી. (અર્થાત્ તેવા પુરૂષો બીજાનું બુરૂં કરવાના અનેક ઉપાયો જાણનારા હોય છે.) કળિકાળના જોરથી તીર્થનો ઉદ્યોત કરવાને (જૈનશાસનનો મહિમા પ્રગટ કરવાને)માટે સુર અને અસુરો (વૈમાનિક દેવો તથા ભુવનપત્યાદિક દેવો) આ દુનિયા ઉપર આવતા બંધ થયા, અને ઉગ્ર તપસ્યા કરવાવાળા પુરૂષોનો પણ મહિમા જાગ્રત થવા લાગ્યો નહીં. જુદી જુદી સામાચારી (ગચ્છોની જુદી જુદી ક્રિયા)ના ભેદથી તેણે લોકોને એવા વ્યામોહિત કરી નાંખ્યા કે જેથી તેઓ આગમનાં વચનોને વિષે પણ વિશ્વાસ પામવા લાગ્યા નહીં. ચારિત્રરૂપી સંપદાના ચોર કળિકાળે એક ગચ્છમાં રહેવાવાળા સાધુઓનું સાધર્મીપણું હોવા છતાં તેની અંદર પણ નિષ્કારણ કલેશ ઉત્પન્ન કર્યો; અને દરેક



ગચ્છનું મૂળ એક શ્રીમત્ વીર પરમાત્મા હોવાથી પરસ્પરમાં
મિત્રાઇને લાયક એવા જુદા જુદા ગચ્છના સાધુઓમાં તેણે શોક-
પણું ધારણ કરાવ્યું. પગે ચાલવું, પૃથ્વી ઉપર સુવું અને મળાદિ
ધારણ કરવું ઇત્યાદિ બાહ્ય આડંબરને રહેવા દઇને સાધુઓમાં
સારભૂત જે નિષ્કષાયપણું (કષાય રહિત ક્ષમાદિ ગુણો) તેણે
લઇ લીધું, (બીજા ગચ્છના સાધુઓ ઉપર અગર સ્વગચ્છમાં)
અન્યોન્યના મત્સરમાંથી વર્ષ પર્યંત પાછા નહીં વળતા સાધુઓને
તેણે નિશ્ચયનયથી મિથ્યાત્વ પમાડ્યું (અર્થાત્ બાહ્યથી ક્રિયા આ-
ચાર વિગેરે સાધુઓના પાળે છે પણ આંતરથી સ્વ વા પર ગચ્છ
ઉપર મત્સર (દ્વેષ) ધરાવતા હોવાથી અને વર્ષ પર્યંત પાછા ન
ઓસરવાથી નિશ્ચયનયથી તેઓ મિથ્યાત્વી છે). કેટલાએક નિગ્રં-
થો (સાધુઓ) મોહરહિત જિનશાસન પામ્યે સતે તેઓને તેણે
શિષ્ય, શ્રાવક, ઉપધિ, ક્ષેત્ર અને ઉપાશ્રયના મોહમાં લીન કરીને
વિડંબિત કર્યા. મિથ્યાત્વીઓના મહત્ત્વને દૂર કરવાને શક્તિ વિ-
નાના લિંગધારીઓ (સાધુઓ)ને તેણે સ્વધર્મી સાધુઓની પ્રખ્યા-
તિ (ચડતી)ના દ્વેષી કર્યા. (અર્થાત્ જ્યારે મિથ્યાત્વીઓના મતને
દૂર કરવાની શક્તિ ન રહી ત્યારે આપસમાં એક બીજાની ચડતી
જોઈ સહન ન કરી શકવાથી વાદવિવાદ કરી આપસમાં દ્વેષી બ-
ન્યા). કેટલાક વ્રતધારીઓને સાવદ્ય (સદોષ-સચિત્ત) આહાર
કરવાવાળા, શૌચતાને કહેવાવાળા, હઠના કરવાવાળા, ગુણ વિનાના
ગુરૂને માનવાવાળા, કર્મ માર્ગના ઉપદેશક અને વૈદક જ્યોતિષ
પ્રમુખ ગ્રંથોથી પ્રાયઃ ધન ઉત્પન્ન કરવામાં તત્પર—આવી બ્રાહ્મ-

ણોની ચેષ્ટા કરવાનું તેણે શીખવ્યું; અને કેટલાકને (ગૃહસ્થીઓને) ઘેર જઈને, મીઠાં વચનો બોલીને અને ( પુસ્તકાદિ ) લખીને આજીવિકા કરવાવાળા કર્યા, એટલે કેટલાક સાધુઓને તેણે હાથીની માફક આજીવિકાનો ત્યાગ કરાવીને કુતરાની માફક આજીવિકા ગ્રહણ કરાવી. વળી કેટલાએક સાધુઓને તેણે વિકથા કરીને મનુષ્યોના અપવાદ બોલતા, વાર્તાવડે દેશના આપતા અને ગાથા દોધક વિગેરેથી આગમનો અભ્યાસ કરતાં શીખવ્યું.

આ કલિકાળમાં કુલિંગીઓ (વેષ સાધુનો હોય અને વર્ત્તન સાધુનું ન હોય તે અથવા વેષમાં ફેરફાર હોય તે કુલિંગી કહેવાય) ગર્ભધારણ, વશીકરણ અને કામણ આદિ કુકર્મોથી અને દેવદ્રવ્યથી આજીવિકા કરે છે. "દેવદ્રવ્ય ગ્રહણ કરવું તે અનર્થ છે" એમ બોલવામાં ચતુર છતાં પણ હણાયેલી આશાવાળા કુલિગીઓએ તે દેવદ્રવ્ય (પોતાના ઉપયોગમાં) ગ્રહણ કરાવીને શિષ્યોનો અને શ્રાવકોનો પણ વિનાશ કર્યો છે. નિશ્ચય કરીને ધર્મ અંગીકાર કરેલ ન હોવાથી તત્કાળ ફળની ઈચ્છાવાળા શ્રાવકો સંયમવાળા સાધુઓને વિષે પણ વિશ્વાસ કરતા નથી. એક રૂપીયાના લાભ માટે ક્રોડ સોનૈયાથી અધિક ફળવાળી પ્રવર્ત્તતી એવી દેવપૂજા અને સામાયિક આદિ ક્રિયાનો પણ ત્યાગ કરે છે. એકાંત ધનની ઇચ્છાવાળા અને ખરાબ રીતે વેપાર કરનારા વેપારીઓ ખોટી રીતે લેવું, ખોટાં તોલ માપ રાખવા, ખોટા સોગન ખાવા અને હાથની ચાલાકી કરવી—ઇત્યાદિ કુકર્મો કરે છે. યશના અર્થીઓ યશને માટે લાખોગમે દ્રવ્ય કુપાત્રમાં ખરચી નાંખે છે; પરંતુ આપત્તિમાં આવી પ-



ડેલા સ્વધર્મીને માટે મદદ આપવાનું કહેતાં પોતાની નિર્ધનતા પ્રગટ કરે છે. (અર્થાત્ અમારી પાસે કાંઇ નથી એવો ઉત્તર આપે છે.) કેટલાએક મણિને મૂકીને પથ્થરને અંગીકાર કરવાવાળાની જેમ (પંચ)પરમેષ્ઠી મહામંત્ર (નવકારમંત્ર)ને સંભારવાની અરૂચિવાળા થઈને ક્ષુદ્ર મંત્રોનો વારંવાર પાઠ કરે છે. ધર્મકાર્યને વિષે સામાયિક અને પૌષધ એ બે અતિ ઉત્તમ છે, એમ જણાવવાવાળી કામદેવ આદિ શ્રાવકોની કથા સાંભળ્યા છતાં પણ તેને વિષે તેઓ આળસ કરે છે. જુગાર અને વાર્તાના વિનોદથી આખી રાત્રિ પસાર કરે છે, અને ધર્મ સાંભળવા માટે ગુરૂની પાસે બેસે છે ત્યારે નિદ્રાથી ઘૂર્ણિત થાય છે. હાસ્યના હેતુભૂત વિચિત્ર પ્રકારની કથા સાંભળીને પ્રફુલ્લિત મુખવાળા થાય છે અને સંસારથી ઉદાસીનતા કરવાવાળી કથાને રસ વિનાની જાણીને તે સાંભળવાને પણ ઇચ્છતા નથી. પુત્રે અગર ભાઇએ વૈરાગ્યથી વ્રત લેવાની ઈચ્છા કર્યે સતે તેઓ શત્રુની માફક સાધુઓ ઉપર નીચ વચનોરૂપ ધૂળની વૃષ્ટિ કરે છે, પણ વિચારતા નથી કે 'અમારા દેખતાં દેખતાં યમરાજા અમારા પુત્રોને હરી જાય છે. તેવા પુત્રોમાંથી એક પણ ગુરૂની સેવા કરે તો તે કરતાં વધારે પ્રાર્થના કરવા લાયક બીજું શું છે!' વળી 'ભોજન, ઓષધ, વસ્ત્ર, પુત્ર, ઘર અને ઉપકરણ પ્રમુખ વસ્તુઓમાંથી જે સાધુને ઉપયોગમાં આવે તેજ સારભૂત છે.' આ રીતિને તેઓ સમજતાજ નથી. પરણેલી, યુવાન અને ઉત્તમ કુળવાળી ધર્મપત્નીને તેઓ તૃણની માફક ગણે છે, અને કરોડો વિટ (જાર) પુરૂષોથી સેવાયેલી વેશ્યાને વિષે આસક્ત થાય છે. 'જે થવાનું હોય છે તે

થાયજ છે, તો જિનેશ્વર વિના બીજા દેવોને માનવાનું મને શું પ્રયોજન છે ?' આ પ્રમાણે આફતને વખતે પણ ધીરતા રાખવાવાળા શ્રાવકો કલિકાલમાં થોડાજ જણાય છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—આ નવ તત્ત્વો *પ્રાયે તેઓ (કલિકાલમાં ઉત્પન્ન થયેલા શ્રાવકો) જાણતાજ નથી.

* જીવ-જેનામાં ચૈતન્ય છે તે ૧. અજીવ-જડ-ચૈતન્ય રહિત તેમજ જેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે તે. જો કે દરેક મનુષ્યાદિકમાં એ રૂપ રસાદિ દેખાય છે પણ તેથી તેઓ જડ છે, એમ માની ન લેતાં તેમાં વિવેકબુદ્ધિથી વિચાર કરવો કે જેમાં રૂપ રસાદિ છે અથવા જે રૂપ રસાદિમય છે તે પુદ્ગલ (શરીર) છે-શરીર છે તે જડ છે. પણ તેમાં રહેલો આત્મા જે કે અરૂપી છે તે ચૈતન્ય છે ૨. પુણ્ય-શુભ કર્મોનો વિપાક—આ તત્ત્વમાં પુણ્ય કેવાં કારણોથી બંધાય છે તે જાણવાનું છે ૩. પાપ-અશુભ કર્મનો વિપાક—આમાં પણ પાપ કેવાં કારણોથી બંધાય છે તે જાણવાનું છે ૪. આશ્રવ-કર્મને આવવાના પ્રકાર ૫. સંવર-કર્મને આવતાં અટકાવવાના પ્રકાર ૬. નિર્જરા-બાંધેલ કર્મોનું ઝરી જવું—ખરી પડવું. આ તત્ત્વમાં કર્મનો નાશ કેવા ઉપાયોથી થાય છે તે જાણવાનું છે ૭. બંધ-કર્મોનું જુદાજુદા રૂપમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ ને પ્રદેશપણે જુદાજુદા ફળ આપવા તરીકે બંધાવું ૮. મોક્ષ-સર્વથા કર્મોથી મુક્ત થવું—પોતાના શુદ્ધ સ્વરૂપમાં અવસ્થિત થવું ૯. પાપ-પુણ્ય અને આશ્રવ આ ત્રણેને એક આશ્રવમાંજ ગણતાં સાત તત્ત્વો પણ કહેવામાં આવે છે.



જેઓની પાસે લક્ષ્મી અને મહત્વ ( મોટાઇ, માન ) છે તેઓને વિડંબના પમાડવાને માટે કળિકાળે મિથ્યાત્વ, વિરતિ(ત્યાગવૃત્તિ) ઉપર દ્વેષ અને કુપાત્રમાં આસક્તિ કરવાનું શીખવ્યું છે. આખો દિવસ ઘણા પ્રયાસવાળા આરંભો કરાવીને ધર્મકાર્યને અવસરે તેમના શરીરમાં તે શ્રમ (થાક) ઉત્પન્ન કરે છે. ધર્મ સમાધિથી ઉત્પન્ન થાય છે એમ જાણીને સમાધિનો નાશ કરવા માટે ક્લેશની પ્રિયતાવાળા કળિકાળે પૃથ્વીને યુદ્ધના આડંબરવાળી કરી મુકી છે. અર્થાત્ જ્યાં ત્યાં પરસ્પર ક્લેશ ઉત્પન્ન કરાવીને સમાધિનો નાશ કર્યો છે. વળી કળિના મહાત્મ્યથી લોકોનું (ધન) લઇ લેવા માટે રાજાઓ રાક્ષસોના જેવા થયા છે, અને તેઓએ નિમેલા રક્ષણ કરવાવાળા મનુષ્યો (અધિકારીઓ) ભક્ષણ કરનારા (લુંટીને ખાવાવાળા) થયા છે. વળી એ કળિકાળમાં પુત્રો માતા પિતાની સેવા કરતા નથી અને માતા પિતા પુત્રોનો વિશ્વાસ કરતા નથી. સગા ભાઈઓ ધનની આશાથી માતેલા સાંઢની માફક અન્યોન્ય યુદ્ધ કરે છે. સાસુ વિંછણની માફક વહુને થોડા અપરાધે પણ નિરંતર આંસુ પડાવતી કરીને દુઃખ આપે છે અને પુત્રી ઉપર કામધેનુ ગાયના જેવું આચરણ કરે છે. પરિણામે તે વહુ પણ ઘરને વિષે પોતાને માલિક માનતી સાસુની સાથે સારી રીતે વર્તતી નથી, અને નદી જેમ પર્વતને ભેદે છે તેમ શીતળ વચનરૂપ જળવડે તે પોતાના સ્વામીને ભેદે છે (અર્થાત્ સ્વામીને પોતાને આધીન કરીને સાસુ ઉપરથી મન ઉતરાવી નાખે છે ). મનુષ્યો પોતાના ગોત્રવાળાની સાથે ઇર્ષ્યા કરે છે અને સાળાઓની સાથે

મિત્રાઇ બાંધે છે, તેમજ સ્ત્રીને આધીન થઇને માતાને પણ કઠોર વચનો કહે છે. ગ્રીષ્મ ઋતુમાં સરોવરના પાણીની માફક કળિકાળમાં મનુષ્યોની પાસે ધન થોડું હોય છે, અને તે પણ ઘણા આરંભ વાળું, ઘણા કલેશવાળું અને ઘણાને આધીન રહેલું હોય છે. અવસરે મેઘ વરસતો નથી, અકાળે વૃષ્ટિ થાય છે અને ધનાઢ્યો સુપાત્રદાનથી પરાઙ્મુખ થઇ કુપાત્રમાં પૈસો ખરચે છે. ધર્મપત્નીમાં પુરૂષોનો સ્નેહ વિષયવૃત્તિ શાંત થાય ત્યાં સુધીજ દેખાય છે ત્યારે પત્નીનો સ્વામી ઉપર સ્નેહ પણ તે પોતાનું ભરણપોષણ કરે ત્યાં સુધીજ જણાય છે. આવી રીતે કળિકાળમાં પત્નીની અને સ્વામીની—બંનેની ધૂર્તતાવાળી મિત્રાઇ છે. સ્વાર્થની સિદ્ધિ થાય ત્યાંસુધી મિત્રાઇ, સંકટ ન આવે ત્યાંસુધી નિયમ, હૃદય મજબુત રહે ત્યાંસુધીજ સમ્યક્ત્વ અને પ્રસિદ્ધિનો લાભ મળે ત્યાંસુધીજ સારી ક્રિયા જણાય છે. વળી આ કળિકાળમાં શહેરો ગામડાં જેવાં, ગામડાંઓ ભિલ્લોના વાસ જેવા, નગરના લોકો ગામડાના લોક જેવાં અને ગામડાના લોકો ભૂત જેવા દેખાય છે. કર દેવાવાળા ચોર જેવા, કુળવાન પુરૂષો ભાંડ જેવા અને કુળવાન સ્ત્રીઓ પણ ચાલ, પહેરવેશ અને હસવા પ્રમુખથી વેશ્યા જેવી દેખાય છે. તેમજ પૃથ્વી થોડા અનાજવાળી, ગાયો થોડા દૂધવાળી, વૃક્ષો અલ્પ ફળવાળાં, દેશો થોડી વસ્તીવાળા અને જળાશયો થોડા પાણીવાળાં થયાં છે, વાણી ઘણી પૈશુનતાવાળી (ચાડી ખાવી—આઘી પાછી કરવી તે), પ્રજા ઘણી કન્યાઓવાળી, આજીવિકા ઘણા આરંભવાળી અને સુખ ઘણું મૈથુન સેવવું તે થઈ પડયું છે, અહં-



કાર વિનાનો તપ, દંભ વિનાનો ધર્મ, મદ વિનાનું શ્રુત, કૃપણતા વિનાની લક્ષ્મી અને વિકાર વિનાનું યૌવન કળિકાળમાં કયાંથી હોય? (કોઇ જગ્યાએ દેખાતું નથી.)

આ પ્રમાણે વનમાં લાગેલ દાવાનળની માફક પૃથ્વી ઉપર કળિકાળ અવસર પામીને વિસ્તાર પામ્યે સતે એવો ગુણવડે મેઘ સમાન કોણ હોય કે જે કળિકાળરૂપ અગ્નિને બુઝાવવામાં નિપુણતાને ધારણ કરે? અર્થાત્ એ અવસરે એવો કોઇ દેખાતો નહોતો. એ વખતે ગુણોથી ગંભીર અને વીર પરમાત્માની (જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ) લક્ષ્મીનો અંતઃકરણથી પ્રેમી કુમારપાળ રાજા પૃથ્વીતળને વિષે અવતર્યો. શ્વેતાંબરાચાર્ય (શ્રીમદ્‌હેમચંદ્રાચાર્ય)ના ઉપદેશથી તે રાજા વિષમ શત્રુ(કામ)ને જીતવાવાળો થયો, અને (જિનેશ્વર ભગવાનના) દેરાસરના મિષથી તેણે પોતાના યશના ગુચ્છાઓ પૃથ્વી ઉપર વિસ્તાર્યા (અર્થાત્ અનેક સ્થળે દેરાસરો બંધાવી પોતાનો યશ ફેલાવ્યો). શરીરમાં મજ્જા પર્યંત જૈનધર્મી એ રાજાએ અઢાર દેશને વિષે 'માર' એવો શબ્દ પણ બંધ કરાવી દીધો; જેથી તે રાજા રાજર્ષિ (રાજા છતાં મુનિ)પણે પ્રખ્યાતિ પામ્યો. પતિ અને પુત્ર વિનાની સ્ત્રીઓના ધનની આશાથી પોતાને પુત્રની માફક ગણાવતા રાજાઓમાં તે રાજા સંતોષથી પતિપુત્ર વિનાની સ્ત્રીનું ધન લેવું મુકી દેવાથી રાજપિતામહ થયો.

નોટ—આગલા વખતમાં એવો રિવાજ હતો કે ઘરનો માલિક પુત્ર વિના મરી જાય તો તેનું ધન સ્ત્રી વિદ્યમાન છતાં તે(સ્ત્રી)ના નિર્વાહ જેટલું રાખીને બાકીનું રાજાઓ લઈ જતા હતા. કેમકે બીજા વારસદારની પા-

છળ રાજા વારસદાર છે એમ તેઓ માનતા હતા. તે વારસદારમાં પુત્રજ વારસદાર ગણાય પણ બીજાઓ નહીં એમ તેમનાં કર્ત્તવ્યો ઉપરથી અનુમાન થાય છે. આ રિવાજ કુમારપાળે બંધ કર્યો.

કાયર પુરૂષોના ધનનો ત્યાગ કરતો અને વીર પુરૂષોના પ્રાણને હરતો તે ધર્મયુદ્ધ કરવાવાળા વીર પુરૂષોમાં મુગટ સમાન થયો. મનુષ્યોજ ફક્ત તેને દીર્ઘાયુષી ઈચ્છતા હતા એમ નહિ પણ અકાળે મરવાના ભયથી મુક્ત થયેલા હરિણ, પક્ષી અને માછલાં પ્રમુખ પણ તેને દીર્ઘાયુષી ઇચ્છતા હતા. તેણે માત્ર મનુષ્યોનેજ ધર્મમાર્ગમાં જોડ્યા એમ નહીં પણ નીચ જાતિના દેવોને પણ જોરથી માંસની આશાનો ત્યાગ કરાવીને ધર્મમાર્ગમાં જોડ્યા છે. જન્મથી બળવાન્ અને પુષ્ટ શરીરવાળા કળિકાળને જાણીને ચૌલુક્યવંશનો ચક્રવર્તી અને જ્ઞાની કુમારપાળ રાજા તેનો નાશ કરવાને ચાલ્યો. પછી બળવાન્ કળિકાળે પોતાના સૈન્યના અગ્રેસર કરેલા દ્યૂત (જુગાર), મદિરા, માંસ અને શિકારરૂપ સુભટોને તે રાજાએ પ્રથમજ માર્યા. (અર્થાત્ દ્યૂત, મદિરા, માંસ અને શિકાર-આ ચાર વસ્તુઓ પોતાના રાજ્યમાંથી કઢાવી નાખી). કસાઇખાનું અને મદિરાની ભઠ્ઠી—આ નામની મોહરાજાની બે રાણીઓ જે કળિકાળના શરીરને ભોજન અને પાન દેવાથી હિતકારી હતી તેમને આ રાજાએ જીવથીજ મારી નાંખી (અર્થાત્ કષાયખાનાં અને દારૂની ભઠ્ઠીઓ રાજ્યમાંથી કઢાવી નાંખી). અમારી શબ્દ (કોઈ જીવને ન મારવો એવી રીતે દરેક સ્થળે જાહેર કરવું) રૂપ ભાલાવડે આ રાજાએ કળિકાળને ભેદી નાંખ્યો તોપણ તે અક્ષત શરીરવાળો



રહ્યો, તેથી શું તેનું આયુષ્ય નિરૂપક્રમ (જેટલું આયુષ્ય બાંધ્યું હોય તેટલું પૂર્ણ કર્યા સિવાય કોઇ પણ કારણથી ત્રુટી ન શકે તેવું) છે? અથવા શું તેને પહેલું સંઘયણ છે? અથવા શું તેણે રસાયણ ખાધું છે? કે શું તેને યમરાજાની સાથે મિત્રાઇ છે?' આ પ્રમાણે મોટા પુરૂષો તેને માટે વિચાર કરવા લાગ્યા. હવે કળિકાળ ગળિયા બળદની પેઠે ઉઠવાને અસમર્થ છે એમ જાણીને રાજાએ તેના ઉપર ક્ષમાને ઉચિત આચરણ કરીને છોડી દીધો. કેમકે સમર્થ પુરૂષો ગ્લાનિ પામેલાનો ઘાત કરતા નથી. ત્યારપછી જગત્ શત્રુરૂપ કાંટા વિનાનું થવાથી કુમારપાળ રાજા કોમળ પગવાળી જિનેશ્વરની આજ્ઞાને દરેક દેશમાં ખેલાવવા (પ્રવર્તાવવા) લાગ્યો. ચારે વર્ણના લોકો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર) અર્હતના અનુયાયી (જૈની) થયા. લોકોએ હિંસાનો ત્યાગ કર્યો, સર્વ જગ્યાએ સાધુઓ પૂજાવા લાગ્યા અને ધર્મ સંબંધી વાણી ભણાવા લાગી. આ પ્રમાણે કુમારપાળ રાજાએ જ્યાંસુધી પૃથ્વીનું પાલન કર્યું ત્યાંસુધી અંગુલીના અગ્ર ભાગે પૃથ્વીને સ્પર્શ કરનાર કળિકાળ દુઃખી અવસ્થામાં રહ્યો. પછી અપ્સરાઓના ભાગ્યે કુમારપાળરાજા સ્વર્ગરૂપ મહેલમાં આરોહિત થયે સતે અર્થાત્ મરણ પામ્યે સતે ઉનાળાની ઋતુ ગયા બાદ સૂકાયેલા દેડકા પાછા તાજા થાય તેની માફક કળિકાળ ફરીને વિલાસ કરવા લાગ્યો; અને મનુષ્યોમાં ગુરૂભક્તિ, બળ, બુદ્ધિ, ધર્મ, આયુષ્ય, શ્રુત અને સુખ એ અનંતગુણ હાનિવડે નિરંતર ઘટાડવા લાગ્યો. તેમજ વિરોધ, ક્રોધ, અજ્ઞાન, અસત્ય, કપટ અને ક્લેશ—એ અનંતગુણી વૃદ્ધિવડે પ્રતિદિન વધારવા લાગ્યો. અનુ-

ક્રમે રાજાઓથી પણ ન જીતી શકાય એવો અને રાક્ષસની માફક જગત્‌ને ક્ષોભ પમાડતો તે (કળિકાળ) પણ આ જગત્‌માં સર્વ જીવોનું અસ્થિરપણું હોવાથી કાળાંતરે મરણ પામ્યો. ત્યાર પછી કળિકાળ મરણ પામવાથી મોહરાજા સ્વામિભક્તિ અને બળાદિક તેના ગુણોને સંભારી સંભારીને વિલાપ કરવા લાગ્યો. 'શત્રુઓનો નાશ અને સ્વજનોનું પોષણ જેમ આ કળિકાળે કર્યું તેમ કોઇ પણ વીરમાની (આત્માને વીર માનનાર) તે પ્રમાણે કરી શકશે? અરે! ખેદની વાત છે કે વિધાતા મહા રૂપવાળા, મહા બુદ્ધિવાળા, મહા શૌર્યવાળા અને મહા બળવાન્ પુરૂષને પ્રાયે દીર્ઘાયુષી બનાવતીજ નથી. જેમ સર્પથી વૃક્ષ અને મગરથી પાણીનું આક્રમણ (પરાભવ) કરાય છે તેમ હે કળિકાળ! તારા વિના દીનતા પામેલું મારૂં સૈન્ય શત્રુવડે સુખેથી આક્રમણ (પરાભવ) કરાશે.' આ પ્રમાણે વિલાપ કરીને વળી મોહરાજા વિચારે છે કે સ્ત્રી અને બાળકને સુલભ એવા રૂદનથી હવે સર્યું; જો આ મારી બે ભુજાઓ કુશળ છે તો બીજો પૃથ્વી ઉપર (મારાથી વધારે) કોણ છે?

(આ પ્રમાણે નિર્ણય કરીને) સૂર્ય સમાન કાંતિવાળો મોહરાજા શોકરૂપ અંધકારને ભેદી આલંબનપૂર્વક ઉઠીને પોતાની વાણીવડે પૃથ્વીરૂપ સેનાને સમ્યક્ પ્રકારે ભાવિત (વાસિત) કરી. તેણે આશ્વાસિત (હિંમતવાળું) કરેલું બધું સૈન્ય ઉલ્લાસ પામ્યું, અને વિચારવા લાગ્યું કે—' આ આશ્ચર્યની વાત છે કે આપદામાં આવી પડેલા સ્વામીની પણ ચતુરાઈ કેવી છે?'

કળિકાળ વ્યતીત થયે સતે અંધકારના સમૂહને વિષે સૂર્યની



માફક સર્વ પદાર્થના પ્રકાશક વીતરાગ (કેવળી તથા તીર્થંકરો) ફરીને પ્રગટ થયા. પહેલાં બળવાન્ કળિકાળે પકડેલા મોક્ષપુરીના વટેમાર્ગુઓ મોહરાજાને ઘેર દાસ તરીકે રહ્યા હતા, તેમાંથી કેટલાએક તે વખતે (વીતરાગ પ્રગટ થયા ત્યારે) ત્યાંથી નાસી ગયા અને વીતરાગની પાસે આવી હાથ જોડીને તેઓ મોહરાજા તરફથી અનુભવેલી પોતાની વિડંબના જણાવી કહેવા લાગ્યા કે 'હે કૃપાકર! તમારા ઉપર લાગી રહેલ અંતઃકરણવાળા અમે મોહરૂપ વ્યાધિની મહા ઔષધિ તુલ્ય મુક્તિ (મોક્ષ)ને જેમ પામી શકીએ તેમ કરો.' પછી (તે લોકોનાં વચન સાંભળીને) દયાળુમાં અગ્રેસર જગત્‌ના સ્વામી અર્હંતે કહ્યું કે 'હે ભવ્ય જીવો! તમારી મુક્તિની ઇચ્છા અખંડ થાઓ. કેમકે મોક્ષના સંબંધમાં પ્રતિબંધ કરવાવાળો કળિકાળ પોતાની મેળે નાશ પામ્યો છે તેથી તમારૂં પોતાનું ભાગ્ય જાગ્રત થયું છે એમ જાણો. કળિકાળથી થતી તમારી સમગ્ર પીડાને જાણ્યા છતાં હું જે અવસરની રાહ જોઇને ઉદાસીનતા રાખતો હતો તે અવસર હવે આવ્યો છે. આ વિવેકવીર જ્યારે સંયમશ્રીને અંગીકાર કરીને યુદ્ધ કરવાને ઉઠશે ત્યારે નિશ્ચે મોહનો નાશ થયોજ સમજજો.' પછી અર્હંત વિવેકને કહે છે કે "હે વિવેક વત્સ! તું સાંભળ. જો તું અતુલ પરાક્રમને ધારણ કરે છે તો આજે તારી વીરચર્યા (વીરપુરૂષોને ઉચિત આચરણ) ઉતાવળથી દેખાડીને આ સંયમશ્રીનું પાણિગ્રહણ કર. આ સંયમશ્રી વીરકુળમાં પેદા થયેલી છે, પોતે વીર (વિકટ) વ્રતોને આશ્રયે રહેલી છે અને વીર પુરૂષનેજ વરવાની ઇચ્છાવાળી છે; કાયર

પુરૂષોને વિષે તો રોષ (ગુસ્સો) કરવાવાળી છે. આની સાથે વિવાહ કર્યે સતે મહાન્ જ્ઞાન ઉલ્લાસ (વૃદ્ધિ) પામે છે. કેમકે બીજી સ્ત્રીઓની માફક આ સ્ત્રી બુદ્ધિ અને જ્ઞાનની વિરોધી નથી. બીજી સ્ત્રીઓ (સંસારી સ્ત્રીઓ)ની આસક્તિથી વશ થયેલા દેવો પણ દૂર થઈ જાય છે, અને આ સંયમશ્રીની સંગતિની ઇચ્છાવાળા મનુષ્યોના ચરણ તો ઇંદ્રો પણ સેવે છે. પ્રાયે સ્ત્રીઓ રસ્તામાં પુરૂષોને પગબંધનનું કારણ છે; પણ આ સંયમશ્રીમાં આસક્ત થયેલો માણસ તો મોક્ષને પણ ઘરના આંગણાની માફકજ માને છે. મનુષ્યોને આજીવિકાને અર્થે સ્ત્રીઓ કલેશનું કારણ થઈ પડે છે; અને આ સંયમશ્રીને તો બાહ્યવૃત્તિથી (અંતરંગ શ્રદ્ધા વિના) પણ અંગીકાર કરાય તો તેની (અંગીકાર કરનારની) તે (આજીવિકાની) ચિંતા તો દૂરજ થાય છે. પ્રાયે સ્ત્રીઓને યુવાન સ્વામીજ સારો લાગે છે, અને આ (સંયમશ્રી) તો ઉલટી વૃદ્ધ સાધુઓને વિષે પ્રીતિ ધારણ કરે છે. બીજબુદ્ધિ આદિ લબ્ધીઓ અને અણિમાદિ સિદ્ધિઓ મનુષ્યોને આ (સંયમશ્રી)ના પ્રસાદથી પોતાની મેળેજ પ્રગટ થાય છે. જેમ મોતીની પંક્તિમાં મુકેલો કાચમણિ પણ મરકત મણિની માફક આચરણ કરે છે (શોભે છે), તેમ આની સાથે મળી જવાથી દોષો પણ ગુણની માફક આચરણ કરે છે. ક્ષુધાથી પેદા થયેલું દુર્બળપણું, કુત્સિત અનાજનું ખાવું, ટાઢ તાપ સહન કરવા, વાળનું બરસટપણું અને કેવળ પૃથ્વીતળ ઉપર શયન કરવું આ સર્વ વસ્તુઓ ગૃહસ્થાશ્રમમાં અવનતિ બતાવે છે, અને તેજ વસ્તુઓ સંયમમાં (સાધુપણાને વિષે) ઉન્નતિ કરે છે. માટેજ યોગ્ય



પદે જોડવાથી દોષો પણ મનુષ્યોને ગુણરૂપ થાય છે.

વળી આ સંયમશ્રી સ્નાન કર્યા વિના વિશુદ્ધ શરીરવાળી છે, આભૂષણ વિના મનોહર છે, આહાર વિના બળવાન્ અને વસ્ત્ર વિના પણ સારી રીતે ઢંકાયેલી છે. એકાંત વિના આલિંગન કરવાવાળી, મોહ ઉત્પન્ન કર્યા વિના સુખ દેવાવાળી, વાહન વિના સાથે ચાલનારી અને પ્રાર્થના કર્યા વિના પ્રીતિ ઉત્પન્ન કરનારી છે. તે દેવ, દેવેંદ્ર અને ઉપેંદ્રની ઇચ્છાવાળી નથી, પણ ગુણના આગ્રહવાળી (ગુણાનુરાગી) હોવાથી શુદ્ધ આશય (પરિણામ) વાળાને વિષેજ આસક્ત થાય છે. તેટલામાટે બીજી સર્વ સ્ત્રીઓ કરતાં આ (સંયમશ્રી)પોતાના લક્ષણોવડે જુદાજ સ્વભાવવાળી છે. આની સાથે લોકોત્તર (ઉત્તમ) આચાર વિના કોઇપણ સંબંધ કરવાને લાયક નથી. આણે ( સંયમશ્રીએ ) પહેલાં પ્રતિજ્ઞા કરી છે કે 'જે પુરૂષ મોઢેથી અગ્નિની જ્વાળાને પીતો રાધાવેધ કરે તે મારી ઇચ્છા કરો' (અર્થાત્ તેની સાથે હું પરણીશ). માટે હે વિવેક! તને વરવાના આગ્રહવાળી અહીં આવેલી આ સંયમશ્રીને તું જો અને વીરવૃત્તિથી તેને આનંદ પમાડીને તેની સાથે તું જલદી વિવાહ કર."

અર્હંતનાં આવાં વચનો સાંભળીને વિકસ્વર રોમરાયવાળો અને માન રહિત વિવેકમલ્લ જવાબ આપે છે કે 'હે નાથ! તમે સર્વજ્ઞ છો, તેથી હું શું બોલું? હે પ્રભુ! કોમળ હૃદયવાળા મારામાં શું એવું સામર્થ્ય છે? હે સ્વામી! આ મોટાઇ હું કેવળ તમારી સેવાથીજ પામ્યો છું. સ્વામી અતુલ બળવાન હોવાથી સેવકોને વિષે પણ બળ સંભવે છે, કેમકે ભાવનાચંદનના વ-

નમાં ઉત્પન્ન થયેલા લીંબડાદિ પણ ચંદનપણાને પામે છે. હે સભાના લોકો! સ્વામીના પદાતીઓમાં પરમાણુ તુલ્ય મારાવડે વીર પુરૂષોની ક્રીડાનું કુતૂહલ કરાય છે તે તમે જુઓ.' (આ પ્રમાણે કહીને વિવેક અર્હંતની આજ્ઞાથી રાધાવેધ સાધે છે). (રાધાવેધનું વર્ણન) અનંતા ભવના વિસ્તારરૂપ મંડપને વિષે વિશિષ્ટ (વિલક્ષણ) પુરૂષોના હૃદયને આધારભૂત સુંદર આકૃતિવાળો **મહાદેવ** નામનો સ્તંભ છે. તેને આધારે ડાબી અને જમણી ગતિએ વેગથી ફરવાવાળા **આઠ કર્મ** રૂપ આઠ ચક્રો (જોવાવાળાને) આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. તે આઠ ચક્રોની પાસે દૃઢ સ્થિરતાવાળી **તત્ત્વકળા** નામની રાધા (પુતળી) છે. તે નિરપરાધી છે તોપણ સત્પુરૂષોને વેધ્ય હોવાથી તે વેધ્યપણે પ્રખ્યાતિ પામેલી છે. તે સ્તંભના નજીકના ભાગમાં પૃથ્વી ઉપર અર્હંતોએ ગુરૂના સ્નેહથી ભરેલો ઉત્તમ આચારવાળો **સિદ્ધાંત** નામનો કુંડ સ્થાપન કરેલો છે. તેની પાસે જવાથી જેના ઉપર સદ્ગુરૂ તુષ્ટમાન થાય છે **તેઓને ધૈર્યતા** નામના બાણસહિત **આત્મચિંતન** નામનું ધનુષ્ય મળે છે. અમે પંડિત છીએ એમ માનનારા અનેક પુરૂષો (પૂર્વકાળમાં) તે મહાસ્તંભની પાસે આવ્યા હતા, અને દુઃખે આરાધન કરી શકાય તેવી રાધાને વીંધવાને પોતાના મનરૂપ બાણ ફેંકયા હતા. પરંતુ પડી ગયેલા બાણોવાળા, ગળી ગયેલા માનવાળા અને મહા પુરૂષોથી હાંસી કરાયેલા તેઓ પાછા વળેલા અને મૂઢ ચિત્તવાળા થયા સતા નિરંતર પશ્ચાત્તાપ કરવાવાળા થયા છે. હવે જગતના સ્વામી અર્હંતના ધ્યાનને વિષે એકાગ્રતાથી તત્પર



થયેલા વિવેકે રાધાવેધનો ઉપદેશ આપવાવાળા પોતાના ગુરૂને નમસ્કાર કર્યો. પછી અક્ષોભ ગતિએ મહાત્માના મસ્તકને પણ કંપાયમાન કરતો તે જે ઠેકાણે ધનુષ્યના બાણથી શોભિત સિદ્ધાંત નામનો કુંડ છે ત્યાં ગયો. તે કુંડને તેણે એવી રીતે સ્થાપન કર્યો કે જેથી ઉત્તમ આરિસાને વિષે જેમ રૂપો પ્રતિબિંબિત થાય છે તેમ તેને વિષે આઠે ચક્રો પ્રતિબિંબિત થવાથી તેને સ્પષ્ટ રીતે દેખવા લાગ્યો. પછી તેણે અહિંસાદિ આઠ પુષ્પો વડે (અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને માયા, નિયાણું તથા મિથ્યાત્વ ત્રણ શલ્યથી રહિતપણું) ધનુષ્ય સહિત બાણની પૂજા કરી, કેમકે પુજ્યની પૂજાનું ઉલ્લંઘન કરવાથી ઇષ્ટની સિદ્ધિ કેમ થાય? અર્થાત્ નજ થાય. ત્યાર પછી પણચ સહિત ધનુષ્ય ઉપર બાણ જોડેલ છે જેણે એવા વિવેકે સત્પુરૂષોને આનંદ અને મોહના સુભટોને ખેદ ઉત્પન્ન કર્યો (અર્થાત્ આવી સ્થિતિમાં વિવેકને જોઇને સત્પુરૂષો આનંદ પામ્યા). પછી ઊર્ધ્વ દિશામાં બાણનું સંધાન કરીને અને પ્રાણીઓના હિતની ઇચ્છાથી ભૂમિ તરફ દૃષ્ટિ સ્થાપન કરીને ચક્રની ભ્રમી (ભમવાપણા)ને જોતો સતો ઘણા વખત સુધી તે સ્થિર ઉભો રહ્યો. ત્યાર પછી યુદ્ધ કરવામાં ચતુર અને સાહસિક વિવેકે ચક્રસમૂહના વિવરમાંથી (રાધાને વીંધવાનો) અવસર જાણીને ધૈર્યતારૂપ બાણવડે અકસ્માત્ રાધાને વીંધી નાખી, અર્થાત્ રાધાવેધ કર્યો. (તે વખતે) જયજય શબ્દો કરતા ઇંદ્રોએ વિવેકના મસ્તક ઉપર તેના યશરૂપ નિર્મળ પુષ્પોની વૃષ્ટિ કરી (અર્થાત્ સર્વે વિવેકનો યશવાદ બોલવા લાગ્યા). વર્ષાઋતુના મેઘના પાણીથી તૃપ્ત થયેલ વૃ-

ક્ષોની માફક જોવામાં તત્પર રહેલા નગરના લોકો પણ પરમ આનંદ પામ્યા. તે વખતે મોરની કલગીની સખી સરખી સર્વ સંગના પરિત્યાગરૂપ વાણીને સાધુઓમાં શ્રેષ્ઠ વિવેકે પોતાને મુખે સુખપૂર્વક અંગીકાર કરી. (અર્થાત્ ‘હું સર્વ સંગનો ત્યાગ કરૂં છું’ એમ વિવેકે પોતાના મુખે પ્રતિજ્ઞા કરી). તેની વીરવૃત્તિ જોઈ પ્રબળ ઉત્સુક થયેલી સંયમશ્રીએ નજીક આવીને તેના કંઠમાં વરમાળા નાખી (અર્થાત્ વિવેકે સંયમ (ચારિત્ર) અંગીકાર કર્યું ). મનુષ્ય અને દેવોની સ્ત્રીઓએ કીર્ત્તિના સમૂહને ધવળ મંગળવડે ગાયે સતે, વિશ્વવ્યાપી ત્રસ અને થાવર જીવો સંબંધી અભય પડહુ ઘોષિત કર્યે સતે, આ બેઉ જુદા ન પડે એવી બુદ્ધિથી ચિત્તરૂપી વસ્ત્રથી સંયમશ્રીને વિવેકને આપસમાં સંબંધિત કર્યે સતે અને પુરોહિતે ગુણરૂપી આહુતીવડે અગ્નિની જ્વાળા વધાર્યે સતે ઘણા કાળની ઈષ્ટાર્થ સિદ્ધિથી ઉત્પન્ન થયેલી પ્રીતિને લીધે વિહ્વળ થયેલા વિવેક અને સંયમશ્રીના વિવાહનો ત્રણ ભુવનમાં ઉત્તમ એવો ઉત્સવ થયો. આ વિવેકથી અમારા શરીરનું કલ્યાણ થશે, એવી સંભાવનાને લીધે વિવેક વિવાહિત થયાથી જગત્‌ના સર્વ જીવો હર્ષિત થયા. જે સુખ સ્ત્રીરૂપ નિકુંજ (પર્વત વગેરેમાં વેલા વગેરેથી ઢંકાયેલું સ્થાન)માં રહેલા હાથી તુલ્ય ચક્રવર્ત્તી અથવા ઇંદ્ર પામતા નથી તે સુખ સંયમશ્રીને અંગીકાર કરીને વિવેક પામ્યો. તે સ્ત્રીના નિત્યના આલિંગનથી ઉત્પન્ન થયો છે મહા ઉત્સાહ જેને એવા વિવેકે આ પ્રમાણે (આગળ બતાવે છે તે પ્રમાણે) પગલે પગલે પોતાનું વધતું પરાક્રમ દેખાડવા માંડ્યું.



પોતાની પાસે આવેલા અતિક્રૂર સ્વભાવવાળા બાવીશ પરીષહોને જેમ વાઘ મૃગને પરાસ્ત કરે તેમ એક ક્ષણમાં તેણે પરાસ્ત કરી દીધા. વિશ્વને બુડાડનારી અને વેગથી વહેતી તૃષ્ણારૂપ નદીને કોઈના આલંબન વિના તરીને તે સામે કિનારે ગયો. મંદ રાગબુદ્ધિવાળા (અલ્પ રાગવાળા) વિવેકે પાંચ મહાવ્રત રૂપ પાંચ મેરૂ પર્વતને પણ વિશ્રામ વિના એક તૃણની જેમ ઉપાડ્યા. સ્વભાવથી ઉપસર્ગ કરવાવાળા શત્રુના અનર્ગલ સૈન્યને મથન ( નાશ ) કરવાને સમુદ્રની માફક પરાક્રમવાળો વિવેક દોડ્યો અને જોરથી તે સૈન્યનો નાશ કર્યો. કાયોત્સર્ગ (કાઉસ્સગ્ગ—અમુક વખત સુધી શરીરને હલાવ્યા ચલાવ્યા વિના સ્થિર રાખી ધ્યાનમાં લીન થવું તે) રૂપ કરવતની ધાર ઉપર તે ચડ્યો; તોપણ પગ છેદાયા વિનાનો રહ્યો એવો તે કોને આશ્ચર્ય ન કરે! અર્થાત્ સર્વને આશ્ચર્ય કરે. નિર્દયતારૂપ અગ્નિવડે ચારે બાજુથી બળતા લોકોના ઘરના વિષે રહેતાં છતાં અને તેની જ્વાળાથી વ્યાપ્ત થયાં છતાં પણ તે કિંચિત્ માત્ર તાપ પામ્યો નહીં. જેમ જેમ વિવેકનું સાહસિકપણું ઉલ્લસિત થતું હતું તેમ તેમ સંયમશ્રીનો પ્રેમ પણ તે (વિવેક)ને વિષે વિસ્તાર પામતો હતો. પછી સ્ત્રીના સ્નેહ (તૈલ)થી સિંચાયેલો અને અગ્નિની માફક દીપતો વિવેક સમગ્ર શત્રુના વંશનો વિનાશ કરવાને માટે ઉઠ્યો.

મેં માતાની સાથે મોહના તરફથી (કારણથી) થયેલા મોટા પ્રમાણમાં લાખ કરતાં અધિક જે જે પરાભવો સહન કરીને હૃદયની અંદર સ્થાપન કરેલા છે તે સર્વને આજે કાઢી નાંખીશ (અ-

ર્થાત્ તે સર્વ પરાભવોનું વૈર હું આજે મોહ પાસેથી લઇશ). એ પ્રકારની પ્રતિજ્ઞાવાળા વિવેકે **સત્કથા** નામની જયભંભા વગડાવી. (આ જયભંભાનો શબ્દ સાંભળતાંજ) મહા શક્તિવાળા અને સંગ્રામની ઇચ્છાવાળા પુત્ર, અમાત્ય, સામંત અને કોટવાળ પ્રમુખ પ્રાર્થના કર્યા સિવાય વિવેકની પાસે આવવા લાગ્યા. જેમ ચંદ્રમા ચારે બાજુથી તારાવડે ઘેરાયેલ છે તેમ બખતરથી શોભતા હાથી, ઘોડા, રથ અને પદાતીઓના સમૂહથી વિવેક ચારે બાજુથી ઘેરાયો (અર્થાત્ તે સર્વ સૈન્યની વચ્ચે રહ્યો). પાંચ ઇંદ્રિયના વિષય સંબંધની સ્તુતિ મને કાંઇ પણ ન સંભળાવવી એમ કહીને તે ભોગોનો વિવેકે ત્યાગ કરવાથી **સુશ્રુત** નામના માગધે (ભાટે) જયજયારવ વિસ્તાર્યો. તે વખતે અચળ પર્વતોને પણ શબ્દોના સમૂહથી ધ્વનિત (શબ્દિત) કરતા ગુરૂના ઉપદેશરૂપ વાજીંત્રો ઉંચે પ્રકારે વાગવા લાગ્યા.

**નિવૃત્તિ** નામની માતાએ યુદ્ધ સંબંધી મંગળ કરેલું છે જેનું એવા, બેઉ સ્ત્રી (તત્ત્વરૂચિ અને સંયમશ્રી)ના દૃષ્ટિપાનથી બમણું પરાક્રમ ઉત્પન્ન થયેલ છે જેને એવા, વિચારમિત્રના મુખથી વીર કથારસનું પાન કરતા અને તે (રસ)થી ઉત્પન્ન થયેલ પરાક્રમવડે શત્રુના બળને તૃણની માફક ગણતા તેમજ તરતમાંજ યુદ્ધ થશે એવા સંભ્રમવાળા વિવેકે નિશ્ચયરૂપ સન્નાહ (બખતર) ધારણ કરીને ઇષ્ટ સિદ્ધિને માટે પરમેશ્વર (અર્હંત)ને નમસ્કાર કર્યો. તે વખતે ભગવાને કહ્યું કે "હે વત્સ! હે વિનયાદિ ગુણની ખાણ તુલ્ય વિવેક! હું જ્ઞાનથી જાણું છું કે મોહરાજાને દૂર કરવો તને અશ-



ક્ય નથી (અર્થાત્ તું મોહનો નાશ કરી શકીશ). તું જન્મથીજ યોગ્ય છે માટેજ મેં તને આ ઐશ્વર્ય આપ્યું છે, કેમકે બળ આપવાવાળું રાજ્ય અને ઘી કુપાત્રમાં કોણ નાખે? મોહ તીવ્રતાથી જીતનરો અને તું શાંતતાથી જીતનારો છે. હિમ અને અગ્નિ તેમાં એક ઠંડું છે અને એક ઉષ્ણ છે છતાં વનને બાળવામાં બેઉ સરખી શક્તિવાળા છે, તેમ તમે પણ બંને સરખી શક્તિવાળા છો. ઠંડો પણ પાણીનો પ્રવાહ ઉંચેથી પડતો પર્વતોને પણ ભેદી નાખે છે. એ પ્રમાણે શાંતરસમાં રહેલો તું યુદ્ધમાં મોહના સુભટોને હણી નાંખીશ. ઠંડું પાણી જેમ ઉષ્ણ અગ્નિને બુઝાવી નાખે છે તેમ શાંત પ્રકૃતિવાળો તું પણ શત્રુઓનો પરાજય કરીશ. સૂર્ય છે તો સદા એકલો ફરે છે, અને ચંદ્ર શીતળ છે તો તારાઓના પરિવાર સહિત ફરે છે. તેથી સમજવું કે શીતળ છાયા કોને વ્હાલી નથી અને આતપ કોને તાપ કરતો નથી? (અર્થાત્ શીતળ છાયા સર્વને ઇષ્ટ છે અને આતપ સર્વને ઉદ્વેગ કરે છે.) હે ઉત્તમ સેવક! તારા શીતળ સ્વભાવનો ત્યાગ નહીં કરતાં શત્રુઓને મારી નાખજે કે જેથી તારો મનોરથ ઉદ્યમ સહિત સાફલ્યતાને પામે. તારી નિવૃત્તિ માતાને તું કોઇ વખત દૂર કરીશ નહિ, કેમકે તેના દેખવા માત્રથી તું લોકોત્તર સ્થિતિને પામીશ. આ **ભવવિરાગ** નામનો તારો મોટો પુત્ર ન્યાયવાન છે. તેના જન્મથીજ તેનું બળ સહન કરવાને મોહના સૈનિકો અસમર્થ છે (તો પછીની અવસ્થાના બળનું તો કહેવુંજ શું!). આ **સંવેગ** અને **નિર્વેદ** નામના તારા બે પુત્રો શત્રુનું નિવારણ કરવાવાળા છે.

રણક્ષેત્રમાં યુધ્ધ કરતાં તેઓ વિશ્વને વિસ્મય પમાડશે. આ **સમ્યક્દૃષ્ટિ** નામનો પ્રધાન છે તેને તું તારી પાસેજ રાખજે, કેમકે તેનાથી આ રણ (સંગ્રામ)ની સર્વ ક્રિયા સફળતાને પામે છે. સઘળે ઠેકાણે ક્ષમાદિ (ક્ષમા, સરલતા, મૃદુતા અને સંતોષ) જે તારા ચાર સામંતો છે તેમાંથી એક પણ સંગ્રામમાં મોહને જીતવાને સમર્થ છે. આ **વિમળબોધ** નામનો તારો કોટવાળ છે તે તને નિરંતર બહુમાન કરવા યોગ્ય છે, કેમકે યુદ્ધમાં જે શત્રુ જે પ્રકારે જીતવા યોગ્ય છે તે સર્વ તને તેજ કહેશે. સામાયિકાદિ કર્મોમાં બીજા પ્રત્યે જોડતો **સદ્ધર્મ** નામનો આ પુરોહિત છે. તેનાથી બીજો તને હિતકારી કોણ છે? યશ અને ધર્મરૂપ દાંતવાળા તેમજ સદ્ગતિના હેતુરૂપ દેદીપ્યમાન સુંઢવાળા દાન ધર્માદિ આ તારા હાથીઓ છે, તેઓનું બળ શત્રુઓ કેમ સહન કરી શકશે? (અર્થાત્ સહન કરી શકશે નહીં.) ઉત્તમ સિદ્ધાંતથી નિષ્પન્ન (સિદ્ધ) થયેલા જયપતાકા સહિત શીલાંગ (બ્રહ્મચર્યના અઢાર હજાર ભેદ)રૂપી હજારો રથોને સંગ્રામમાં કોણ પાછા હઠાવી શકે તેમ છે? આ ગરમ અને તેજસ્વી તપના ભેદરૂપ ઘોડાઓ છે, જે તીક્ષ્ણ ખરીના તાડનથી શત્રુની સેનાને ક્ષણવારમાં ચૂર્ણ કરી નાંખે તેવા છે. આ સ્વામીના ભક્ત એવા શુભ અધ્યવસાય નામના સુભટો છે. તેઓએ ગ્રહણ કરેલા દાનાદિ હાથીઓ પોતાનું કાર્ય સાધે છે (અર્થાત્ શુભ અધ્યવસાયથી કરેલા દાનાદિ ધર્મજ ફળ આપે છે). હે વત્સ! રાત્રિ દિવસ ઉદ્યમ કરવાવાળો જે આ **ઉત્સાહ** નામનો સેનાની (સેનાપતિ) છે, તેજ રણસંગ્રામમાં તારા થાકી ગયેલા સુભટોને ફરી ફરીને (ઉત્સાહ પમાડી)



યુધ્ધ કરાવનારો છે. આ **પ્રાયશ્ચિત્ત** નામનો પાણીનો અધ્યક્ષ (રક્ષક) છે, તેને તું તારા પોતાની માફક ગણજે, કેમકે તેજ શત્રુના પ્રહારથી પીડાયેલા સુભટોની ચિકિત્સા કરવાવાળો છે. બીજા પણ શય્યાપાલ પ્રમુખ જે તારા પક્ષપાતીઓ છે તે સર્વે તને ઉપકાર કરનારા અને કારણ વિના હિતકારી છે. તત્ત્વરૂચિ અને સંયમશ્રી નામની તારી બે સ્ત્રીઓ જો યુધ્ધમાં તારી સાથે આવે તો ‘આ સ્ત્રી છે’ એવી બુધ્ધિથી તું તેની અવગણના કરીશ નહીં, કેમકે તારા સર્વ યોધ્ધા કરતાં એ બે સ્ત્રીઓ અધિક બળવાન છે.”

ત્રણ ભુવનના સ્વામીની આ પ્રમાણેની હિતશિક્ષા સાંભળી તેમની આજ્ઞા લઈને વિવેકે પોતાની સ્ત્રીઓને કહ્યું કે “હે પ્રિયે! અમે સંગ્રામમાં જઈએ છીએ, તમે શું કરશો?” તે સ્ત્રીઓ કહે છે કે “હે પ્રિય! તમારા પ્રશ્નનો આ પ્રયાસ નકામો છે. કેમકે તમારા વિના અમે કોઈ પણ ઠેકાણે રહેતીજ નથી, કદાચ કોઈ ઠેકાણે એકલી રહીએ તો તત્કાળ અમે મરણ પામીએ છીએ (અર્થાત્ વિવેક વિના તત્ત્વરૂચિ અને સંયમશ્રી કોઈપણ ઠેકાણે હોતીજ નથી.) હે સ્વામી! જે સ્ત્રી શત્રુનો પરાભવ કરવાને અસમર્થ હોય તેને યુદ્ધમાં સાથે ન લેવી તે યોગ્ય છે, પણ અમે તો શત્રુની સેનાને તૃણની ઉપમાવાળી સેના માનીએ છીએ (અર્થાત્ અમારી આગળ શત્રુની સેના તૃણ બરોબર છે).”

આ પ્રમાણે તે સ્ત્રીઓનાં સાહસિક વચનો સાંભળીને વિવેકે તેઓને આજ્ઞા આપ્યે સતે તે સ્ત્રીઓ સાથે ચાલી. સત્ત્વની પરીક્ષામાં કેટલીએક સ્ત્રીઓ પુરૂષને પણ ઓળંગી જાય છે (અર્થાત્ પુ-

રૂપ કરતાં આગળ વધે છે ). પ્રશમની સાથે **ક્ષમા**, માર્દવની સાથે **નમ્રતા**, આર્જવની સાથે **પ્રસન્નતા**, સંતોષની સાથે **ધૃતિ**, વિચારની સાથે **અનુપ્રેક્ષા**(ગુણદોષ તપાસવાની બુદ્ધિ), વિમળબોધની સાથે **ગવેષણા**, કારણિકો (પંચાતીયા)ની સાથે **ત્રણશુદ્ધિ**(મનશુદ્ધિ, વચનશુદ્ધિ અને કાયશુદ્ધિ), તપની સાથે **ઉપક્રિયા**, સેનાના સ્વામીની સાથે **ઓજસ્વિતા**, પુરોહિતની સાથે **આસ્તિકતા બુદ્ધિ**, નગરશેઠની સાથે **સત્યવાણી**, પાણીના અધ્યક્ષની સાથે **અવદ્ય(પાપ) ભીરૂતા**, વિવેકના પુત્રોની સાથે **એકત્વબુદ્ધિ, બ્રહ્મવિદ્યા** અને **ભવનિંદા** નામની સ્ત્રીઓ અને **મહામાત્ય**ની સાથે (આઠ કર્મરૂપ રોગની) શાંતિ કરનારી **ગુણજ્ઞતા** નામની સ્ત્રી ચાલી. આવી રીતે યુદ્ધને માટે યોદ્ધાઓનું મંડળ તૈયાર થયે સતે મહા પરાક્રમી વિવેક શત્રુની સન્મુખ પ્રયાણ કરવા માટે ઉદ્યમ કરવા લાગ્યો. થોડા વખતમાં થવાવાળા સંગ્રામની સિદ્ધિને માટે શુક્લ ધ્યાનના ભેદો, તે સર્વે વીર પુરૂષોને તે વખતે વિવિધ પ્રકારનાં શસ્ત્રરૂપે થયા. વીર પુરૂષોના શરીરની સાથે સારી રીતે જોડાએલ (પક્ષે પૂર્વાપર વિરોધ રહિત) અને વિશેષ જ્ઞાનની ઘટનાને ઉચિત ગુરૂની શિક્ષારૂપ બખતરો તેમના શરીરનું રક્ષણ કરવાવાળાં થયાં.

હવે સ્વામી અર્હંતથી આજ્ઞા અપાયેલો, માતાથી જેનો ઉત્સવ કરાયો છે એવો, કુળવૃદ્ધ સ્ત્રીઓએ જેને આશીર્વાદ આપ્યો છે એવો અને મિત્રોથી જેનું સમીપપણું ત્યજાયું નથી એવો વિવેક કીર્તિરૂપ તીક્ષ્ણ ઘંટારવથી ઉત્કટ, પુષ્ટ અને ઉંચા એવા યોગિના સમાગમરૂપ મદોન્મત્ત હાથી ઉપર ચડીને (યુદ્ધને માટે) ચા-



લવા લાગ્યો. તે વખતે મહા પરાક્રમી મોહરાજાનો હું એકલોજ પરાજય કરીશ એમ પ્રતિજ્ઞા કરતા વીર પુરૂષો વિવેકની આસપાસ વીંટાઇ વળ્યા. નવીન નવીન ગુણસ્થાન (ગુણોની પ્રાપ્તિ અને તેની સ્થિતિ)રૂપ પૃથ્વીખંડ ઉપર વિવેકે વિહાર કર્યે સતે સજ્જન મનુષ્યો મહા આનંદ પામ્યા. (તેને આવતો જોઇને) જે નિર્દય, ક્રૂર કર્મ કરવાવાળા, કપટી અને કુટિલ આશયવાળા હતા તે સર્વે તે (વિવેક)ના પ્રતાપથી હણાયા છતાં નાશ પામી ગયા. જેમ પાણીના જુદા જુદા પ્રવાહોથી નદી વૃદ્ધિ પામે છે તેમ એકઠા થયેલા ઘણા ભવ્ય જીવોરૂપ સુભટોથી તેની સેના પ્રતિક્ષણે વૃદ્ધિં પામવા લાગી. માનથી ઉન્નત મનુષ્યરૂપ પર્વતની ચિત્તરૂપી ગુફામાં રહેવાવાળા કદાગ્રહરૂપ સિંહો તેની સેનાના કોલાહલથી ત્રાસ પામ્યા. શ્રદ્ધાળુતારૂપ ભેટણા સહિત અને પ્રિય વાણીરૂપ દુધ દહીં (પક્ષે, વાણીના રસ) સહિત આવેલા ગામડાના લોકોને પણ ધર્મની વાણીથી હર્ષ પમાડતા, પોતાના (વિવેકના) પ્રતાપના યશવડે મનોહર ચણોઠીરૂપ મોતીને ધારણ કરતા વનને વિષે રહેલા ભિલ્લોને પણ સ્નેહથી જોતા અને "કોઇ પણ બીતા નહીં અને પોતાનું સ્થાન (ગુણસ્થાન) છોડતા નહીં." એ પ્રમાણે ઉદ્ઘોષણા કરતા વિવેક વીરે યુદ્ધ કર્યા વિના આખા વિશ્વને વશ કર્યું. વૈરીનો વધ કરવા માટે વિવેક દોડયે સતે તેની આજ્ઞાનેજ ધન્યપણે માનતા (અર્થાત્ તેની આજ્ઞાનેજ કર્ત્તવ્યપણે માનતા) સર્વ મનુષ્યો યુગલીઆની માફક આધિ, વ્યાધિ, વિરોધ અને રોધને બીલકુલ ધારણ કરતા ન હોતા, યોગના જાણનારની માફક વિયોગ અને અનંગ (કામ)-

ના સંગથી વ્યથા (પીડા)નો આશ્રય કરતા નહોતા અને પરમાર્થને દેવાવાળી નિર્મળતાને પામેલા મુક્ત થયેલાની માફક શોભતા હતા.

આ પ્રમાણે શ્રીમદ્ જયશેખરસૂરિએ કરેલા પ્રબોધ ચિંતામણિ ગ્રંથમાં કંદર્પનો શહેરમાં પ્રવેશ, કળિકાળનું મોહરાજા પાસે આગમન, કળિકાળનું મરણ, વિવેકનું સંયમશ્રીને પરણવું અને મોહરાજા સાથે યુદ્ધ કરવા માટે નીકળવું—એ ભાવોના વર્ણનવાળો છઠ્ઠો અધિકાર સમાપ્ત થયો.

## સાતમો અધિકાર.

હવે મોહરાજાએ કદાગમ (માઠા અગર અસત્ય સિદ્ધાંત) રૂપ ચર પુરૂષોના મુખથી દુઃખે સાંભળી શકાય તેવી વિવેકના પરાક્રમની શરૂઆત સાંભળી (તેનું પરાક્રમ સાંભળતાં) ક્રોધથી ભરાયેલો મોહરાજા નિરંતર પોતાની પાસે રહેવાવાળા સામંત અને મંત્રિઓને કહે છે કે "હે ભકતો! તમે સાંભળો—વીર પુરૂષને લાયક વીરવ્રતને વહન કરતો મહાન્ પરાક્રમવાળો અને કોઈથી (રસ્તામાં) નહીં રોકી શકાય એવો વિવેક (ગુણસ્થાનની) પૃથ્વી ઓળંગે છે, માટે હવે આપણે શું કરવું?' સામંતાદિ બોલ્યા કે 'હે પ્રભુ! અમે કામ કરવાવાળા નોકરો તમારી આગળ શું ગણત્રીમાં છીએ? આવા પ્રશ્નથી અલ્પ પરાક્રવાળા અમને પણ તમે મોટાઇ આપો છો. સેવકોને પુછતો (અનુમતિથી કામ લેતો) વિદ્વાન્ રાજા પોતાને અને સેવકોને બુદ્ધિ અને પ્રેમના પાત્ર બનાવે છે (અર્થાત્ એક બીજાની સહાયથી કામ લેતાં રાજા અને સેવકો વચ્ચે



સ્નેહની વૃદ્ધિ થાય છે). (તમે અમને પુછ્યું છે) માટે જેમ વસ્તુતત્વ છે તેમ અમે કહીએ છીએ કે હે સાત્વિક પુરૂષોમાં ઋષભ સમાન! તમારા ઉપર ચડાઇ કરવાને વિવેક હમણાં સમર્થ નથી. કારણકે તમે પ્રભુત્વપણાની ઉત્તમ કોટિ (શ્રેષ્ઠતા) ઉપર આરૂઢ થયા છો. આજે કોઇ ચક્રવર્તી પણ તમારીસાથે (યુદ્ધ કરવાને) શક્તિવાન નથી. તમે જેમ લીલામાત્રમાં જગત્‌ને જીત્યું છે તેમ બીજો કોણ જીતશે? હવે તમે જે ત્રણ ભુવનના સ્વામી તેને કોઇપણ પ્રકારની ન્યૂનતા નથી. લક્ષ્મીના સમૂહથી મદોન્મત્ત થએલો આ વિવેક કોઇ પણ ઠેકાણેથી મૂળ વિનાની નવીન પ્રભુતા પામીને ટિટોડીની માફક આચરણ કરે છે. વળી મોટા સમુદ્રની માફક તમારે ક્ષોભ પામવો એ યોગ્ય નથી, કેમકે ક્ષુદ્ર(નાના)ની સાથે લડાઇ કરવી એ મોટા રાજાને અપયશનું કારણ છે. પહેલાં તેના પિતાથી (મનપ્રધાનથી) કાઢી મૂકાયેલા અને ત્યાર પછી ઉદય પામેલા તે(વિવેક)ને તમારા પુત્રે(કામે) ત્રાસ પમાડ્યા હતો, તોપણ તે નિર્લજ યોદ્ધાના નામને ધારણ કરે છે. માટે 'હે સ્વામી! તમારે હમણાં તેને ઉપેક્ષ્ય પક્ષમાં નાંખવો જોઇએ (અર્થાત્ તેની ઉપેક્ષા કરવી જોઇએ). એ પ્રમાણે અમારી બુદ્ધિ પહોંચે છે. હવે સ્વામીનો આશય (અભિપ્રાય) જે થતો હોય તે અમને પ્રમાણ છે.' તે સાંભળીને મોહ કહે છે કે 'હે ભાગ્યવાનો! શું વિવેક ઉપેક્ષા કરવા લાયક છે? (અર્થાત્ નથી.) કેમકે વહાલાં મનુષ્યો પોષવા લાયક છે, ઉદાસીન મનુષ્યો ઉપેક્ષા કરવા લાયક છે અને શત્રુઓ તો ચૂર્ણ કરવા [મારવા] યોગ્ય છે. આ વિવેક આપણો મોટો શત્રુ છે. તેનો તો કોઇ પણ પ્રકારે વધ કરવોજ જોઇએ.

કેમકે વ્યાધિ (મોટા રોગ)ની માફક ઉપેક્ષા કરાયેલો શત્રુ પ્રાણનો નાશ કરનારો થાય છે. તેથી હમણાં અવસર મળ્યો છે માટે તેની સાથે મારે સંગ્રામ કરવોજ જોઇએ. આજે ત્રણે જગત મોહ વિનાનાં કે વિવેક વિનાનાં થાઓ (અર્થાત્ આજે એવો સંગ્રામ કરવો કે આ દુનિયા ઉપર કાંતો હું નહીં અને કાંતો વિવેક નહીં ). અરે પાંખડીઓ! મારી આજ્ઞા સાંભળતાં છતાં તમે સર્વે હવે વિલંબ શામાટે કરો છો? ઉતાવળથી મિથ્યાવચનરૂપી પ્રસ્થાન (પ્રયાણ)ભેરી (નોબત) વગાડો.' (આ પ્રમાણેના મોહરાજાના હુકમથી તેમણે તત્કાળ ભેરી વગાડી.) ભેરીના શબ્દથી હું પહેલો, હું પહેલો, એમ બોલતા અને જયલક્ષ્મીને ગ્રહણ કરવાની ઇચ્છાવાળા સ્મરાદિ સર્વ યોદ્ધાઓ તત્કાળ તે (મોહ)ની પાસે આવવા લાગ્યા. પહેલાં સ્મર (કામ)ની સાથે યુદ્ધ કરવામાં જે સુભટો હતા તે સર્વે જય પામેલા સુભટોને મોહરાજાએ સાથે લીધા. વિવેક સાથે યુદ્ધ કરવાને જવા માટે મોહરાજા મહાન્ ઉત્સાહથી શોભિત થયે સતે બાળકથી રાજા પર્યંત સર્વ લોકો તેને આશીર્વાદ દેવા લાગ્યા. પછી જડતા નામની સ્ત્રીથી પગલે પગલે અનુસરાતા, હરિણ જેવાં નેત્રવાળી હિંસાદિ સ્ત્રીઓવડે ગુણાવળી ગવાતા, મિથ્યાશ્રુતરૂપ બંદિએ (ચારણે) પ્રગટ કલ્યાણની વાણી યોજી છે જેને વિષે એવા, દુરાવેશરૂપ બખતર પહેરેલા, સાહસથી તીક્ષ્ણ, અનર્થદંડ (વગર પ્રયોજને આત્મા કર્મથી દંડાય તે)રૂપ ધનુષ્યદંડથી ભુજારૂપ લતા મંડિત (શોભિત) છે જેની એવા, બાણોથી ભરેલા મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનરૂપ ભાથાંઓને ધારણ કરતા, નિર્દયતારૂપ



બગુંવડે દેવોને પણ કંપાવતા, બીજાઓથી સહન ન થઇ શકે તેવા તામસ ભાવરૂપ લોઢાના ટોપને મસ્તક પર ધારણ કરતા, મિથ્યાવાદરૂપ વાજીત્રના સમૂહને ચારે બાજુ વગડાવતા, અને યમરાજાના યાન (રથ) સરખા શ્યામ અસત્સંગરૂપ મદોન્મત્ત હાથી ઉપર આરૂઢ થયેલા મોહરાજાને, શત્રુનો રોધ કરવાવાળું તેમજ પોતાને સહાય કરવાવાળું અને મહાન્ કર્મનો ઉદય થવાવાળું લગ્ન પુરોહિતે આપ્યાથી તેણે પ્રયાણ કર્યું.

મહાન્ સંભ્રમથી પગવડે ભૂમિનો સ્પર્શ પણ ન કરતા હોય તેમ તેની આગળ કુવિકલ્પ(ખરાબ વિચાર)રૂપ પદાતીઓ ચાલવા લાગ્યા. ભયંકર(રૌદ્ર)દુર્ધ્યાનરૂપ વાઘના ચામડાથી ચારે બાજુથી મઢેલા ખરાબ મનોરથરૂપ રથો તે પદાતીઓની પાછળ દોડવા લાગ્યા. પ્રિયની પ્રાપ્તિ અને અપ્રિયની અપ્રાપ્તિની અભિલાષારૂપ પવન જેવા વેગવાળા ચપળ કરોડો ઘોડાઓ તે રથોની પાછળ ચાલવા લાગ્યા. ઘણીજ ઉંચી સંપત્તિની અભિલાષાવાળા અને મદ ઝરતા મેરૂપર્વત સમાન ગંધહસ્તિઓ તે ઘોડાઓની પાછળ ચાલવા લાગ્યા. તે વખતે મોહરાજાના સામંત, મંત્રિ, મિત્ર, પુરોહિત, ભંડારી, કોટવાળ અને દ્વારપાળ પ્રમુખ સર્વ આસ્થાનમંડપ(શહેરની બહાર રચેલા કચેરીમંડપ)માં આવ્યા. ત્યાં 'શત્રુના સૈન્યને જીતવાને હું સમર્થ છું' આવી રીતે બોલતા અભિમાની પ્રમાદને આદરપૂર્વક મોહરાજાએ હર્ષથી પોતાના સમગ્ર સૈન્યનો નાયક બનાવ્યો. પછી તેણે પ્રમાદને સ્નેહથી આજ્ઞા આપીકે 'હે વીર! આ હાથી, આ ઘોડા, આ વે-

ગવાળા રથ, આ યોદ્ધાઓ અને આ ભંડાર વિગેરે સર્વ વસ્તુઓ તારે આધિન છે. રસ્તામાં અથવા સંગ્રામના મોખરામાં યથાયોગ્ય રીતે સર્વ સૈન્યને તું ચલાવજે.' મોહરાજાના આ પ્રમાણેના આદેશથી પ્રમાદ પણ કોઈ જાતની હરકત વિના જેમ નાવિક નાવ(વહાણ)ને સમુદ્રમાં ચલાવે તેમ રસ્તામાં સેનાને ચલાવતો હવો. આ સેના સર્વસ્થળે પ્રસરેલી હતી તોપણ બહોળતાથી મેરૂપર્વતથી દક્ષિણ દિશાની સરહદમાં પોતાનું રક્ષણ કરવામાં તત્પર રહેલી સેનાનો પ્રમાદે પડાવ નાખ્યો.

આ પ્રમાણે મોહનો મહિમા સાંભળીને ઉદાર દીલવાળો વિવેકરાજા પણ સેના લઈને યુધ્ધ માટે મોહની સન્મુખ જવાને એકતાન થયો. ઘણા કાળે શત્રુનું સૈન્ય દૃષ્ટિગોચર થયે સતે પ્રશસ્ત મનવાળા(વિવેક)ને કોઈ એવા પ્રકારનો હર્ષ થયો કે જે હર્ષ સંયમશ્રીના પાણિગ્રહણ સમયે પણ થયો નહોતો. શ્રુતિમાર્ગે (શ્રુતજ્ઞાનવડે) વીર પુરૂષોનાં ક્ષેત્રને પામીને[સાંભળીને]નવીન મેઘની વૃષ્ટિથી ઉત્પન્ન થયેલો હોય નહીં તેવા વાજીત્રના ધ્વનિએ રોમરૂપી અંકુરાના ઉદ્ગમને વૃધ્ધિ પમાડ્યો.[તે વખતે]ઝળઝળાટથી શોભતાં અને દૂરથી દેખાતાં શસ્ત્રો કેળના પત્રની માફક વીર પુરૂષોને ત્રાસ આપતાં નહોતાં. અર્થાત્ તે શસ્ત્રો કેળના પત્ર જેવાં જણાતાં હતાં. જ્યારે મનપ્રધાન મોહના ઉપર અથવા પુત્રના પ્રેમથી વિવેક ઉપર દૃષ્ટિ કરે છે ત્યારે જયલક્ષ્મી તેના તરફજ વરવાની ઈચ્છા કરે છે [ અર્થાત જ્યારે મનપ્રધાનની દૃષ્ટિ જેના ઉપર પડે છે ત્યારે તેનો જય થાય છે]. તે વખતે અવસરના જાણ અને તેવા પ્રકારના (મધ્યસ્થ)



અધ્યવસાયવાળા સંધિપાલકો ( સલાહ કરાવી આપનાર ) વિવેકરાજાની પાસે આવીને વિનંતિ કરવા લાગ્યા કે "હે સ્વામી વિવેક! અમે પાણીની માફક કોઈના પણ નિત્યના સેવક નથી. જ્યારે અમે જેનો આશ્રય કરીએ છીએ ત્યારે અમે વૃક્ષની માફક તેની વૃધ્ધિ કરીએ છીએ. તેટલા માટે હિતકારી આશયથી અમે તમને કહીએ છીએ કે જો કે હમણાં તમે સ્વામીની માફક આચરણ કરો છો તોપણ મોહરાજાની અવજ્ઞા કરવી તમને લાયક નથી.

(સંધિપાલો મોહનું વર્ણન કરે છે કે ) આ મોહરાજા ઘણા કાળનો જુનો છે. અનેક સૈન્યથી નિષ્પન્ન સાહસવાળો છે. જેમ વડનું વૃક્ષ પાંદડાથી ચારે બાજુ વીંટાએલું હોય છે તેમ તે પુત્રોથી ચોતરફ વીંટાએલો છે. ખીલેલાં કમળોથી જેમ નાનું તળાવ પરિપૂર્ણ હોય છે તેમ તે ખજાનાથી પરિપૂર્ણ છે. વળી સૌભાગ્યથી મનોહર, શૂરવીર, સમગ્ર કર્મનો સાક્ષી, પ્રતાપથી દિક્ચક્રને દબાવનારો અને ઈંદ્ર તથા ચક્રવર્તીથી નમસ્કાર કરાયેલો છે. માટે હે પુણ્યવાન્ વિવેક ! આ મોહરાજાની સાથે યુદ્ધ કરવું તમને યુક્ત નથી. જો તમે એક મોહને માનતા નથી તો તેથી મોહને શી ન્યૂનતા છે? (માનસરોવરમાં રહેતા ) હંસને જો કે વરસાદ માનનિક નથી તોપણ તે વરસાદ આખા જગત્ને તો પ્રિય છે. માટે જે માણસ ઘણાને પ્રિય હોય તેની સાથે વિરોધ કરવો તે સુખદાયી ન હોય. જુઓ! અનાજ આખા જગત્ને પ્રિય છે તો તેને વિષે અરૂચિથી શું મરણ થતું નથી? અમે ઈચ્છાનુસાર ચાલનારા હોવાથી ત્રણ જગત્માં જે જે ઠેકાણે જઈએ છીએ તે તે ઠેકાણે આ મોહનું સૈન્ય રહેલું

અમે જોઈએ છીએ. તેથી (વિસ્તારમાં) સમુદ્રને પણ જીતનારી આખા વિશ્વમાં વ્યાપ્ત થયેલી મોહની સેના ક્યાં અને ઘણી થોડી જમીન ઉપર રહેલું એક ખાબોચીયા જેટલું તમારૂં સૈન્ય ક્યાં. આ ત્રણ લોકમાં પ્રાયે મનુષ્યક્ષેત્રમાંજ તમારૂં રહેઠાણ છે (મનુષ્યક્ષેત્ર પીસ્તાળીશ લાખ યોજન પ્રમાણ છે). તેમાં પણ કર્મભૂમિમાં (જ્યાં અસી, મસી અને કૃષિ હોય તે કર્મભૂમિ કહેવાય છે), તેમાં પણ નિર્મળ (ઉત્તમ) કુળમાં, તેમાં પણ ભવ્ય જીવોને વિષે અને તેમાં પણ સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિવાળા જીવોને વિષે તમારૂં રહેઠાણ છે, અને આ મોહનું રહેઠાણ તો ચરાચર ત્રણ જગત્‌ને વિષે છે તે તમે જુઓ. મોહના સૈન્યની સાથે તમારૂં સૈન્ય મળ્યાથી સમુદ્રની અંદર પડતો નદીઓનો પ્રવાહ જે દશાને પામે છે તેજ દશાને તમારૂં સૈન્ય પામશે.

**ભાવાર્થ**—નદીઓનો મીઠો પ્રવાહ પણ સમુદ્રની સાથે મળવાથી ખારો થઈ જાય છે. તેમ તમારૂં સારા સ્વભાવવાળું સૈન્ય પણ મોહના સૈન્યની સાથે મળવાથી પોતાનો સ્વભાવ મૂકી મોહના સૈન્યની જેવા સ્વભાવવાળું થશે.

હે વિવેક! સત્પુરૂષોની સોબતથી અને સિદ્ધાંતના શ્રવણ કરવાથી તમે પ્રકાશ પામો છો (પ્રગટ દેખાઓ છો); પણ આ મોહરાજા તો સ્વભાવથીજ જીવોને વિષે નિરંતર પ્રકાશિત (પ્રગટ) છે. હે વિવેક! તમારો આશ્રય અભવ્ય જીવો લેતા નથી અને જેઓ મોક્ષે જવાવાળા ન હોય તેવા ભવ્યો પણ તમારો આશ્રય લેતા નથી. હવે બોલો, એવો કયો માણસ છે કે જે મોહને નિરંતર સેવતો નથી.



વળી તમે ઘણે કાળે પેદા થાઓ છો અને જન્મ્યા પછી પણ બહુ વખત સુધી જીવતા નથી અને આ મોહ તો અનાદિ છે, અને અમૃતનું પાન કરેલા પુરૂષની માફક તે મરતોજ નથી. વળી તમે તમારા ભક્તોને એવું સુખ આપો છો કે જે ઈંદ્રિયોના વિષયમાં આવી શકતું નથી. પણ મોહ તો તેના ભક્તોને ઇંદ્રિયોને આલ્હાદ ઉત્પન્ન કરવામાં સમર્થ એવું સુખ આપે છે. (અર્થાત્ ઇંદ્રિયોના વિષય સંબંધી સુખ આપે છે.) વળી જે મનુષ્યો તમારા ઉપર ઘણા આસક્ત હોય છે તેઓ તો પર્વતની ગુફા વિગેરેમાં રહેવાવાળા હોય છે, અને મોહના સેવકો તો હરિણના જેવાં નેત્રવાળી સ્ત્રીઓ સાથે મહેલમાં ક્રીડા કરે છે. તમને આધિન રહેલા મનુષ્યો કુટુંબનો ત્યાગ કરીને એકલા રહેવાવાળા થાય છે અને મોહને આધિન રહેલા તો પુત્ર પૌત્રાદિ સંતતિવડે વૃદ્ધિ પામે છે. યુવાન અવસ્થામાં પ્રગટ સંજ્ઞાવાળા જીવોના નવીન દેહમાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળા જે તમે, તેને દૂર કરીને આ મોહ તેને વિષે આવાસ કરે છે, અને જ્યારે જરાથી જર્જરિત થયેલું જાણીને મોહ પોતે તે શરીરોનો ત્યાગ કરે છે ત્યારે પણ કેટલાએક (થોડા) મનુષ્યના શરીરમાંજ તું નિવાસ કરવા પામે છે; સર્વના શરીરમાં નિવાસ પામી શકતો નથી. આવા (સામર્થ્યવાળા) મોહની સાથે તમારે શી સ્પર્ધા કરવી? માટે તમે યુદ્ધ કરવાથી પાછા વળો અને પોતાને ઠેકાણે જાઓ. તેમજ આ મોહ પણ સ્વાર્થ સાધવાવાળો થાઓ."

આ પ્રમાણે કહીને સંધિપાલો મૌન રહ્યે સતે વિવેકરાજા તેઓને કહે છે કે "તમોએ જે આજે (મારા તથા મોહના સંબંધે)

કહ્યું તે તમારા જેવા મહાન્ બુદ્ધિવાનોને યુક્ત છે. તે તે પ્રકારના ગુણોના વર્ણનથી તમોએ જે મોહના મહાત્મ્યની પ્રશંસા કરી તે સર્વ મારા જાણવામાંજ છે; કેમકે પહેલાં અમારા બેઉની સ્થિતિ એક ઠેકાણેજ હતી. પણ મલિન દુર્દિનને વિસ્તારતો (મેઘથી છવાયેલા, ગાઢ અંધકારવાળા અથવા ખરાબ લાગતા દિવસને વિસ્તારતો) અને નિરંતર કાદવની વૃદ્ધિ કરતો મેઘ શ્વેત પાંખવાળા વિવેકી હંસને કેવી રીતે ઇષ્ટ હોય? (બીજા પક્ષમાં) મલિન અધ્યવસાયને વિસ્તારતો અને નિરંતર કર્મરૂપ કાદવની વૃદ્ધિ કરતો મોહરૂપી મેઘ શુકલપક્ષવાળા (અર્ધ પુદ્દગલ પરાવર્ત્તથી પણ ઓછો વખત જેને મોક્ષ જવાને બાકી રહેલો છે તે શુકલપક્ષી કહેવાય છે તેવા) તથા વિવેક જેને પ્રગટ થએલ છે એવા હંસ (આત્મા)-ને કેવી રીતે ઈષ્ટ હોય? અર્થાત્ ન હોય. જેમ દારૂ ઉન્મત્ત માણસોને પ્રિય હોય છે તેમ મોહ ઘણા માણસોને સંમત (માનનિક) છે, તો શું તે ચેતનાના ચોરનાર દારૂ અથવા મોહને વિષે પંડિત પુરૂષોએ પણ આસક્ત થવું જોઈએ? (અર્થાત્ ન થવું જોઈએ .) તે મોહનું સૈન્ય વિશ્વવ્યાપી ધૂળની માફક અસાર [નિર્માલ્ય] હોવાથી વિસ્તાર પામ્યું છે, અને મારૂં સૈન્ય સોનાની માફક સારભૂત હોવાથી પ્રમિત (માપેલી) જગ્યાના આશ્રયે રહેલું છે. પરંતુ મોહની સેનાને દુઃખ આપવાને ઉઠેલું મારૂં સૈન્ય વિશ્વમાં વ્યાપ્ત થયેલ અંધકારસમૂહના નાશકરનાર સૂર્યની તીવ્રતાને પામશે [અર્થાત્ સૂર્ય જેમ અંધકારનો નાશ કરે છે તેમ મારૂં સૈન્ય મોહની સેનાનો નાશ કરશે]. હું જે સત્ય દેવ, ગુરૂ, ધર્માદિને જણાવી આપું



છું તેનેજ તમે **ભાસ્વર** કહો. જે મોહ વિદ્વાનોને પણ મોહ પમાડે છે તે શું ભાસ્વર છે? [અર્થાત્ નથી.] માત્ર થોડા ભવ્ય જીવોએ મારો આશ્રય કરેલો છે તોપણ હું સર્વના ઉપર વર્તું છું અર્થાત્ સર્વથી શ્રેષ્ઠ છું; કેમકે એક પણ લક્ષ્મીવાળો આધિન હોય તો બસ છે. બાકી કરોડો નિર્ધન આધિન હોય તો તેથી શું ફાયદો છે? [અર્થાત્ કાંઇ ફાયદો નથી. ) મારા શરીરની સ્થિતિ સારી ન હોવાથી મોહે પોતાની ઇચ્છાનુસાર પ્રવૃત્તિ (ચેષ્ટા) કરી છે, પણ હવે હું નિરોગી થવાથી તેના ઘણા આયુષ્યની ખબર પડશે. મોહ પુદ્દગલ સંબંધી અને ક્ષણિક બાહ્ય સુખ આપે છે, અને હું તો અંતરંગ, સ્વસંવેદ્ય (પોતાના આત્માથી જાણી શકાય તેવું) અને અવિનાશી સુખ આપું છું. (મોહના પ્રસાદથી) મહેલોમાં મનુષ્યો જે વિલાસો કરે છે તે તત્ત્વથી તો મારા પ્રસાદથીજ છે. (કેમકે વિવેકપૂર્વક થોડો ઘણો સન્માર્ગ આદર્યો હોય તોજ પુણ્યથી સાતાવેદની યોગ્ય વિલાસો મળે છે ) પણ મોહ તુષ્ટમાન થયાથી તો તેઓનો નિશ્ચલ નિવાસ નરકને વિષેજ થાય છે. હે સંધિપાલો! શત્રુઓ પાસેથી નાશી જવામાં અથવા મહાસાગર તરવામાં એકલો કે કુંટુંબવાળો એ બેમાંથી કોણ સુખી? તે તમેજ સાચું કહો. કર્મરૂપ વૈરીથી ભય પામતા જીવને અથવા ભવસમુદ્ર તરવાની ઇચ્છાવાળા જીવને હું એકાકીપણું ગ્રહણ કરાવું છું અને મોહ કુટુંબ ગ્રહણ કરાવે છે. હવે તમે કહો કે અમારા બેમાં આ દુનિયાના જીવોને કોણ હિતકારી છે? યુવાવસ્થારૂપ મદીરાપાનની ગોષ્ટીવાળા શરીરને વિષે હું રહેતો નથી, પણ સ્વાભાવિક રીતે તેજ

શરીરને (જ્ઞાનાદિથી) નિર્મળ થયેલું જાણીને હું તેનો આશ્રય કરૂં છું. જુઓ! યુવાવસ્થાને વિષે પણ શીવકુમારાદિની માફક જેઓનાં શરીર પવિત્ર છે ત્યાં હું વસું છું. હંસ મેલા પાણીમાં વસતોજ નથી. કહ્યું છે કે—

प्रथमे वयसि यः शांतः, सः शांत इति मे मतिः ।
धातुषु क्षीयमाणेषु, शमः कस्य न जायते ॥

'પહેલી વયમાં (યૌવનવયમાં)જેઓ (વિષયથી)શાંત થયા તેજ ખરેખર શાંત છે એમ મારૂં માનવું છે. ધાતુનો ક્ષય થયા પછી શમ—વિષયની શાંતિ કોને થતી નથી'?

આ મોહ પોતે ન્યાયનો લોપ કરીને પ્રાણીઓને લંપટપણું કરાવનારો, સમાધિનો નાશ કરવાવાળો અને દુઃખરૂપ વૃક્ષસમૂહના મનોરથતુલ્ય છે. એની સેનાના જે મુખ્ય અધિકારીઓ છે તે પણ લોકોના સુખના શત્રુઓ છે અથવા જાતીવાન સેવકો સ્વામીના સરખી ક્રિયાવાળા હોય તે યુક્ત છે. જુઓ, તીવ્ર મોહે કૃષ્ણનું શબ (મુડદું) ઉપડાવવાવડે બુધ્ધિમાન બળભદ્રને પણ છ માસ પર્યંત વિડંબના પમાડી છે, અને ક્રોધથી કંસાદિક[1], માનથી દુર્યોધનાદિક, દંભથી ઉદાયીરાજાને મારવાવાળા વિનયરત્નાદિ અને લોભથી સુભૂમ ચક્રવર્ત્યાદિ નાશ પામ્યા છે. વળી પ્રમાદથી કંડરીકાદિક,

૧ આ અને ત્યાર પછીના પ્રબંધો નેમિચરિત્ર, ઉપદેશમાળા, ઉપદેશચિંતામણી, જ્ઞાતાસૂત્ર, ભરહેસરવૃત્તિ અને વિક્રમચરિત્રાદિથી જાણી લેવા.



કામથી ચંડપ્રદ્યોતાદિક, રાગથી વિક્રમ સરખા અને દ્વેષથી કોણિકાદિ અનેક પ્રકારની પીડા પામ્યા છે. તેમજ વ્યસન (જુગારાદિ)થી મૂળદેવાદિ, મિથ્યાત્વથી કપિલાદિ અને પાંખડિઓના સંસ્તવ [પરિચય]થી ચારૂદત્તાદિક સુખથી ભ્રષ્ટ થયા છે. કારણ વિનાનો શત્રુ આ મોહરાજા જગત્‌ના જીવોની કદર્થના કરતે સતે હું બળવાન્ અને સૈન્ય સહિત છતાં તેને વિષે ઉદાસીન થઈને કેમ બેશી રહું? [અર્થાત્ હવે તો હું મોહની ખબર લેવાનોજ.] મારા સૈન્યમાં અનેક શૂરવીર સુભટો હોવા છતાં પણ હે સંધિપાલકો! તમે કહો કે શું મ.રા કોઈ પણ સુભટે કોઇ પણ કાળે કોઈપણ કારણથી કોઇ પણ માણસને કલેશ પમાડયો છે? 'ધર્મથી જય અને પાપથી ક્ષય' એ વાણી જો સાચી હોય તો સત્પુરૂષોનો દ્રોહ કરવામાં ઉત્સુક મોહને હું નિશ્ચે જીતીશ. જન્મથી માંડીને આ મોહથી થતા જે મહાન્ પરાભવો અમોએ સહન કર્યા છે તેજ પરાભવો આજે તેનું ઉન્મૂલન કરવાને સહાયકારી થયા છે. આ પ્રમાણે મને સાર પરિવાર મળ્યો છે છતાં જો હું રણમાં શત્રુનું ચૂર્ણ કર્યા શિવાય હવે જીવું તો શું તેથી હું લજ્જા ન પામું?" આ પ્રમાણે મહાત્મા વિવેકનો નિશ્ચય સાંભળીને સંધિપાલકો સંધિ કર્યા શિવાય જેમ આવ્યા હતા તેમ પાછા ગયા.

હવે પ્રતિક્ષણે ઉલ્લાસ પામતી રણસંગ્રામની આશાથી વિકસ્વર શરીરવાળો વિવેકરાજા ધીરતાવાળી વાણીથી સૈન્યના લોકોને કહેવા લાગ્યો કે 'હે સેનાના લોકો! આપણને મોહની સાથેનું યુધ્ધ નજીક પ્રાપ્ત થયું છે. પરંતુ યુધ્ધજ શૂરવીર પુરૂષોના સત્વની

કસોટી છે. તમારા જેવા સહાય કરનારાના બળથીજ આ યુદ્ધનું કામ મેં આરંભ્યું છે. જો સહાય કરનારની જરૂર ન હોત તો તે મોહ અને હું વિવેક આટલો વખત શામાટે વિલંબ કરત? અર્થાત્ આ યુદ્ધમાં સહાય કરનારની અપેક્ષા હોવાથીજ વિલંબ થયો છે.) જેવો ઉત્સવ (આનંદ) વીર પુરૂષોને રણસંગ્રામરૂપ વેદિકા [ચોરી]ની અંદર જયલક્ષ્મી વરવામાં થાય છે તેવો ઉત્સવ ( આનંદ ) તેઓને સુંદર, પવિત્ર કન્યાના લગ્નમાં થતો નથી. યુદ્ધને વિષે જેવી વીર પુરૂષોના શરીરની શોભા શસ્ત્રના ઘાતથી ઝરતા રૂધિરના પ્રવાહથી થાય છે તેવી શોભા ચંદનરસના વિલેપનથી થતી નથી. સંગ્રામને વિષે બળવાન્ પુરૂષોનું મન સન્મુખ આવતા શસ્ત્રના પ્રહારથી જેવું પ્રમુદિત થાય છે તેવું તેઓનું મન હાર, અર્ધહાર અને કેયુરથી પ્રમુદિત થતું નથી. બળવાન્ પુરૂષો સંગ્રામ કરતાં બીજું કોઈ મોટું તીર્થ કહેતા નથી, કેમકે સંગ્રામમાં અધિક પરાક્રમવાળા પુરૂષો મરણ પામીને પણ દેવપણે ઉત્પન્ન થાય છે. જેમ વનમાં પ્રવેશ કરતા હાથીઓને વેલા રોકી શકતા નથી, તેમ સ્ત્રી, હાથી અને રાજ્યલક્ષ્મીની ઇચ્છાથી રણમાં પ્રવેશ કરતા ક્ષત્રીઓને કોઇ રોકી શકતું નથી. ખડ્ગ રૂપ તાલથી અને ધનુષ્યના શબ્દરૂપ સ્ફુરાયમાન થતા મૃદંગના શબ્દોથી રણસંગ્રામરૂપ રંગમંડપમાં વીર પુરૂષોની કીર્ત્તિ રૂપી નટી અત્યંત નાચ કરે છે. જ્યાં સુધી શત્રુનું સૈન્ય દૂર હોય છે ત્યાં સુધી(વીર પુરૂષોને)પોતાના પ્રાણ વ્હાલા હોય છે; પણ શત્રુનું સૈન્ય દેખ્યે સતે ડાહ્યા પુરૂષો પોતાના પ્રાણને તૃણ સમાન ગણે છે. હે સંગ્રામમાં



જય મેળવવાવાળા સુભટો! સ્વામીને માથે આફત આવી પડ્યા છતાં પણ સ્વામીએ પૂર્વે સ્નેહપૂર્વક જમાડેલા[પોષણ કરેલા]જે સેવકો પોતાના પ્રાણને તૃણની માફક નથી ગણતા તે સેવકો તે[સ્વામી]ના ઋણ રહિત કેમ થશે? વાહન[હાથી, ઘોડાદિ]કવચ અને શસ્ત્ર—આ સર્વ બાહ્ય આડંબર છે પણ જેઓને હૃદયનું સાહસ છે તેઓજ વસ્તુતઃ જયનું સ્થાન છે(અર્થાત્ તેઓજ જય મેળવે છે). તમે અધિક સત્વવાળા થઇને મોહના સૈન્યની સાથે યુદ્ધ કરશો તો હું ધારૂં છું કે શત્રુઓને દૂર કરીને તમે(અવશ્ય)જયલક્ષ્મી મેળવશો. હવે તમારામાં કોનું કેટલું સામર્થ્ય છે? કોનો કેટલો પરિવાર છે? કોણ કયા વેરીને જીતી શકે તેમ છે? અને કયે કાળે[ગુણઠાણે]કોણ યુદ્ધ કરવા ઉઠશે? તે તમે કહો"

[આવાં વિવેકનાં વચનો સાંભળીને] તેનો **ભવવિરાગ** નામનો પુત્ર વિનયથી ઉજ્વળ વચનોવડે કહેવા લાગ્યો કે "સ્વામીની પાસે સેવકોએ પોતાના ગુણનું વર્ણન કરવું તે યુક્ત નથી. છતાં જો સ્વામીના પ્રશ્નનો ઉત્તર દેવામાં સેવકો આળસ કરે તો પાપના બીજરૂપ આશાતના થાય, તેટલા માટે અમે કાંઇક કહીએ છીએ.(ભવવિરાગ પોતાનું સામર્થ્ય બતાવે છે)" હે સ્વામી! ભવાવર્ત્ત(ભવોમાં ફરવા)રૂપ ખાડામાંથી કુક્ષિ પ્રમાણ( મનુષ્યક્ષેત્રપ્રમાણ ક્ષેત્રમાં રહેલા)ભક્તજનોનો અનેક પ્રકારનાં નાનાં રૂપ કરીને(અનેક નિમિત્તરૂપે સહાયકારી થઇને)ઉદ્ધાર કરવામાં હું સમર્થ છું. મહાન્ દુઃખના હેતુભૂત ચળ અને અચળ વસ્તુ(સ્થાવર અને જંગમ અથવા જીવ અને અજીવ)ને વિષે જીવોને વિપરીતપણે જે બુદ્ધિ વર્ત્તે છે

તેને છેદવાને હું સમર્થ છું. શ્રોત્રેંદ્રિયાદિના જયરૂપ સેવકો મારો અં-
તરંગ પરીવાર છે અને કરકંડુઆદિ રાજાઓ અનેક પ્રકારનો બ-
હિરંગ પરીવાર છે. હું દેશવિરતિ આદિ(પાંચમા ગુણઠાણાદિ)ગુ-
ણસ્થાનકની ભૂમિકા પામીને યુધ્ધ કરવાને અવસરે નિશ્ચે તમારી
આગળ શત્રુનો સંહાર કરવાને ઉભો રહીશ."

હવે ખેદ રહિત **સંવેગ** અને નિર્વેદ વિવેકરાજાને કહે છે
કે "હે દેવ! (ભવ્ય જીવો પ્રત્યેનો) મોહનો સ્નેહ દૂર કરવાને અ-
મે સમર્થ છીએ. યથાર્થ જ્ઞાન (સંસારથી ઉદાસીનતા) અહિંસા અને
અદ્રોહ પ્રમુખ અમારો અંતરંગ પરીવાર છે, અને યુધિષ્ઠિરઆદિ
રાજાઓ અવસર મેળવીને અમને ભજે છે (તે બહિરંગ પરિવાર
છે). અપ્રમત્ત નામના સાતમા ગુણસ્થાનકથી ઉત્થાનિકા (જાગૃતિ)
કરીને હળવે હળવે વધને ઉચિત એવા રાગદ્વેષને નામમાત્ર બાકી રહે
એવા અમે કરીશું." આ પ્રમાણે વિવેકરાજાના ત્રણ પુત્રોએ પ્રગટપણે
પોતાનું બળ કહી બતાવ્યા પછી મહાન વક્તા સમ્યગ્દૃષ્ટિ પ્રધાન
કહે છે કે 'હે સ્વામી! આ અનાદિ સંસારરૂપ પ્રવાહના પુરમાં
પડેલા જીવોને તેમાંથી ઉદ્ધરીને થોડા વખતમાં હું કિનારે પહોં-
ચાડું એવી શક્તિ મારામાં છે. દેવતત્વ, ધર્મતત્વ અને ગુરૂતત્વ-
રૂપ રસ્તાની દિશામાં મૂઢ થયેલા જીવોને વિચારણારૂપ અંજનના
સંયોગથી તેના બુદ્ધિવિપર્યાસને દૂર કરવાને હું શક્તિવાન છું. આ-
સ્તિકતા (શ્રદ્ધાન), સ્થૈર્યતા અને નિપુણતા પ્રમુખ મારો મુખ્ય અં-
તરંગ પરીવાર છે અને સત્યકી વિદ્યાધર તથા શ્રેણીકાદિ રાજાઓ
મને નિરંતર સેવે છે (તે બહિરંગ પરિવાર છે). ચોથું ગુણસ્થાનક



પામીને હું ઉદ્યમવાન થયે સતે મોહરાજાના મિથ્યાદૃષ્ટિ નામના
પ્રધાનનો નિશ્ચે ક્ષય થશે "

(શમભાવનું સામર્થ્ય) **શમભાવ** કહે છે કે "હે સ્વામી! હું
પ્રાણીઓના સંતાપને દૂર કરવાને સમર્થ છું. મારા વિના આ જ-
ગત્ જાણે કે, અગ્નિથી સ્પર્શાયેલું હોય નહીં તેમ તપ્યા કરે છે.
સ્વસ્થતા, શીતળતા, અને જગત્ના જીવોની સાથે મૈત્રી પ્રમુખ
મારો અંતરંગ પરીવાર છે અને સાગરચંદ્રકુમાર તથા નાગદત્તા-
દિક વીર પુરૂષો મારા (બહિરંગ પરીવાર)માં રહેલા છે. મહાન્
સંભ્રમવાળો અને અસત્ માર્ગને રોકવાવાળો હું નવમા ગુણસ્થા
નકને વિષે ક્રોધયોદ્ધાને પરિપૂર્ણપણે યમને મુકામે પહોંચાડીશ (અ-
ર્થાત્ ક્રોધનો નાશ કરીશ)."

હવે **માર્દવ** ઉંચે સ્વરે કહે છે કે "હે દેવ! માનથી સ્તંભાઈ
ગયેલા (અક્કડ રહેલા) આ જગત્ના જીવોને મારા પરાક્રમથી તત્કા-
ળ નેતરની માફક હું નમાવું છું. (આત્મિક બોધ થવા અથવા સં-
શય દૂર કરવા) પ્રશ્ન પૂછવા, પ્રણામ કરવા અને (ગુણી મનુષ્યોનું)
સન્માન કરવું એ આદિ મારો અંતરંગ પરીવાર છે અને અભયકુ-
માર તથા ઇંદ્રભૂતિઆદિ સુભટો મને બહુ માને છે (સેવે છે તે
મારો બહિરંગ પરીવાર છે). અનિવૃત્તિ નામના નવમા ગુણસ્થાનકે
હું વેગથી ઉદ્યમવાન થયે સતે અહંકાર એક હુંકાર માત્ર ક-
રવાને પણ સમર્થ થશે નહીં"

**આર્જવ** નામનો સામંત કહે છે કે હે "દેવ! ઈષ્ટ જીવોના
વિષમ(વાંકાં) મનને પણ એક ક્ષણમાં સરલ—સીધાં કરવાને હું

સમર્થ છું. સરલ આલાપ (સરલપણે વાતચિત કરવી તે), વિશ્વાસ અને વિશ્વને વલ્લભપણા સરખા અનેક અંતરંગ સુભટો મારી પાસે છે કે જેઓ મારા જીવવાથીજ જીવે છે. રાજાએ પુછયે સતે જેવી વાત હતી તેવીજ વાત તેની આગળ પ્રગટ કરનાર ક્ષુલ્લક કુમારાદિ મારા બહિરંગ સેવકો છે. અનિવૃત્તિ નામના નવમા ગુણસ્થાનકે સંગ્રામ કરવાની દીક્ષાએ દીક્ષિત અને ઉદ્યમવાન થયેલો એવો જે હું તેની આગળ દંભ શું કરશે? (અર્થાત્ કાંઇ કરી શકવાનો નથી.) ”

**સંતોષ** કહેછેકે “ હે સ્વામી! ઉંડી, મોટી અને અખંડિત વિસ્તારવાળી તૃષ્ણારૂપ નદીને શોષવી નાખવાને હું સમર્થ છું. સમાધિ, ધૈર્ય અને મધુરતા એ મારો શ્રેષ્ઠ અંતરંગ પરીવાર છે અને અતિમુક્તકુમાર તથા કપિલાદિ સુભટો ભક્તિપૂર્વક મને સેવે છે (તે બહિરંગ પરીવાર છે). નવમા અને દશમા ગુણસ્થાનકે લડાઈના આગ્રહને વિસ્તારતો, નહીં દેખેલી ભૂમિકા પ્રત્યે પણ લોભને હું ક્ષોભ પમાડીશ. ”

વિદ્વાન પુરૂષોને વિષે અહંપણાને ધારણ કરતો **ઉત્સાહ** નામનો સેનાપતિ કહે છેકે “ હે સ્વામી ! હું સઘળા શૂરવીર પુરૂષોના કાર્યસિધ્ધિનું કારણ છું. કોઈપણ વખતે ખેદ ન કરવો[અથવા જે કાર્ય પ્રારંભ્યું હોય તે પુરૂં થયા વિના મૂકવું નહીં]અને જે ધાર્યું હોય તે તત્કાળ કરવું અર્થાત્ અખેદ અને શિઘ્રકારીત્વ એ આદિ મારો અંતરંગ પરીવાર છે તથા ઇંદ્રનો નાનો ભાઇ[વામન]અને મહાગિરિઆદિ સેવકો મને ભજે છે (તે બહિરંગ પરીવાર છે).



સર્વે ઉત્તમ ગુણસ્થાનકોને વિષે હું ઉદ્યમવાન થયાથી જેમ વૃદ્ધ (જર્જરિત થયેલી) ગાય ઝંઝા નામના વાયરાથી કંપાયમાન થાય છે, તેમ શત્રુની સેના કંપાયમાન થઇજ સમજો. ”

એ અવસરે **વિમળબોધ** નામનો કોટવાળ શત્રુઓને ક્ષોભ કરવાવાળાં વચનોવડે કહેવા લાગ્યો કે “હું આ મારા સર્વ ભાઇઓને મારા તેજથી નિરોગી કરવાને સમર્થ છું. સારાં સારાં સુક્ત, વસ્તુતત્ત્વનો નિર્ણય અને ઉત્તમ શાસ્ત્રો એ આદિ મારો અંતરંગ પરિવાર છે અને ધર્મરૂચિ, શિવ રાજઋષિ, વજ્રસ્વામી અને આર્ય રક્ષિતાદિ મને સેવે છે (તે બહિરંગ પરિવાર છે). ચોથા ગુણસ્થાનકથી માંડીને આગળના સર્વ ગુણસ્થાનકમાં યુદ્ધ કરવાવાળા સર્વે બળવાન્ સુભટોને શત્રુના સમૂહનો સંહાર કરવામાં હું સહાયકારી થઇશ. ”

એ અવસરે **અનુષ્ઠાન** (કર્મકાંડ) નામનો પુરોહિત આગળ આવીને કહેવા લાગ્યો કે “હે સ્વામી! રણસંગ્રામમાં આપના કોઇ પણ યોદ્ધાને ઘા જખમ વિગેરે થયા હોય તેઓને સાંધવાનું (ચિકિત્સા કરવાનું )કાર્ય હું તત્કાળ કરી શકું છું. સ્વાધ્યાય (ભણેલું યાદ કરવું, સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું વિગેરે), ચતુરાઈ અને (ધર્મકાર્યમાં) ઉદ્યોગ એ આદિ મારો અંતરંગ પરિવાર છે અને શીતળાચાર્ય, આનંદ, કામદેવાદિ સમગ્ર સુભટો મને સેવે છે (તે બહિરંગ પરિવાર છે). પાંચમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકને વિષે મને ઉઠેલો જોઇને આલસ્ય પ્રમુખ શત્રુઓ તો મારી આગળ એક ક્ષણમાત્ર પણ રહેવાને સમર્થ નથી. ”

એવી રીતે અનુક્રમને જાણનારા અને ઉચિતપણાનો ત્યાગ નહીં કરનારા બાકીના સર્વે ઉદારમનવાળા સુભટોએ પણ (વિવેકની આજ્ઞાથી) પોતપોતાનું પરાક્રમ કહી બતાવ્યું.

તે સુભટોની સ્ત્રીઓ પણ ખુલ્લા દિલથી (નિર્ભયપણે) વિવેકરાજાને આ પ્રમાણે વચનો કહેવા લાગી કે "હે સ્વામી! અમારા ભર્ત્તારની સાથે રહીને (શત્રુની સાથે) યુદ્ધ કરતાં અમને પણ તમે જોજો. યુદ્ધને વિષે ખડ્ગના પ્રહારોથી શત્રુઓનો નાશ કરતાં અમે સ્ત્રીઓને માથે 'અબળા' એવો જે અપવાદ છે તે દૂર કરીશું." આ પ્રમાણે પોતાના પરિવારની (જેવી રીતે બોલે છે તેવીજ રીતે) આચરણ કરવામાં સમર્થ વાણી સાંભળીને વિવેકરાજા હર્ષથી વિકસ્વર નેત્રવાળો થયો. (અર્થાત્ વિવેકરાજાનાં નેત્રો હર્ષથી વિકસ્વર થયાં). તે અવસરે અપૂર્વઅપૂર્વ અર્થની પર્યાલોચના (વિચારણા)એ મોક્ષપદગર્ભિત (મોક્ષપદને જણાવતી ) રણસંગ્રામનાં વાજિત્રોની શ્રેણી વગાડી. તે વાજિત્રોના શબ્દોથી, જેમ જાંગુલી વિદ્યાના શબ્દો સાંભળીને સર્પ વ્યાકુળ થાય તેમ અતિ વ્યાકુળ થયેલો અને રોષથી લાલ નેત્રવાળો મોહરાજા યુદ્ધ કરવાને ઉઠ્યો. ઉઠીને ઉંચે સ્વરે પોતાના સૈનિકોને કહેવા લાગ્યો કે "હે સૈન્યના લોકો ! તમે સાંભળો, કોઇએ પણ (રસ્તામાં) નહીં રોકેલો વિવેક અહીં આવ્યો છે, અને જેમ સમુદ્રના કલ્લોલો દ્વીપની ચારે બાજુ પ્રસરી જાય છે તેમ એ વિવેકના સુભટો મારા સૈન્યની ચારે બાજુ પ્રસરી ગયા છે. આ તેના વાજિત્રનો નિર્ઘોષ (શબ્દ) મારા કર્ણગોચર કેમ થયો? તે મને લોઢાની સળી કાનમાં નાખ્યા સરખી પીડા ઉત્પન્ન



કરે છે, માટે હવે તમે આમ વિલંબ શામાટે કરો છો? યુદ્ધ કરવાને માટે ઉતાવળ કરો અને પારેવાં જેમ શાળનું ભક્ષણ કરે તેમ તમે વિવેકના સૈનિકોનું ભક્ષણ કરો (તેનો નાશ કરો). આ વિવેકના સૈનિકોનો નાશ કર્યે સતે શાખા છેદાયેલા (હુંઠા)વૃક્ષની જેવા તે રાંકડા વિવેકને પણ હું સુખેથી છેદી નાખીશ; પણ તમારા દરેકનો અંતરંગ અને બહિરંગ પરિવાર કોણ કોણ છે કે જે શત્રુરૂપ પાણીને રોકવાને પાળ તુલ્ય થાય તેવું છે અને કેનું કેટલું અથવા શું બળ છે તે તમે પ્રથમ મને કહો. "

(આ પ્રમાણે મોહરાજાનાં વચન સાંભળી) વૃદ્ધિ પામતા ભુજાબળના ગર્વવાળો કંદર્પ (કામ) તેને કહેવા લાગ્યો કે "હે પિતાજી! તમે અમારૂં બળ જણાવવાને માટે આજ્ઞા આપો છો તો જેમ છે તેમ હું કાંઇક કહું છું. શત્રુના આ સર્વે સુભટો મને જોઇને અવશ્ય ત્રાસ પામશે, કેમકે દાવાનળ દીપ્ત થયે સતે ઘાસનો ઢગલો બીજા અરણ્યમાં જઈ શકતો નથી. આષાઢભૂતિ મુનિ, નંદિષેણુજી, આર્દ્રકુમાર, નેમનાથ જિનેશ્વરનો નાનો ભાઇ (રહનેમી) અને કુળવાળુકમુનિ એ આદિ પણ મારો પ્રભાવ જાણે છે તો બીજા સામાન્ય મનુષ્યરૂપ કીડાઓ તો શું ગણતરીમાં છે? આ વિવેક જે એકવાર નાસી ગયો હતો અને ફરી પાછો આવ્યો છે તે મારી શક્તિને જાણતો નથી, અથવા મરણ નજીક આવેલા મનુષ્યોની બુદ્ધિ વિપરીત થઇ જાય છે. તાંબૂળ, પુષ્પ, વર્ષાકાળ, હાસ્ય, શૃંગાર, મૈથુન, એકાંત, વનના ભાગો, સ્નાન અને સ્વાદિષ્ટ આહાર પ્રમુખ મારા પ્રીતિવાળા અંતરંગ સુભટો સ્ફુરાયમાન થઇ રહેલા

છે; અને ચંડપ્રદ્યોત, ગર્દભિલ્લ, કમઠ, વિક્રમરાજા, મધુરાજા અને મણિરથાદિ મારી પાછળ ચાલનારા ઘણા સુભટો મારા બહિરંગ પરિવારમાં છે.”

**રાગ** કહે છે કે “હે દેવ! હું જગત્‌ને આંધળું કરવામાં સમર્થ છું. હું કામને અને કામ મને એમ અન્યોન્ય એક બીજાને અમે સહાય આપનારા છીએ.

(રાગ જગત્‌ને આંધળું કેવી રીતે કરે છે તે બતાવે છે)–વિકસ્વર થયેલું કમળ કયાં અને ચીપડાદિથી ભરેલાં સ્ત્રીઓનાં નેત્ર કયાં, શરદ્ ઋતુનું ચંદ્રમંડળ કયાં અને અતિ ઉત્કટ દુર્ગંધતાવાળું સ્ત્રીઓનું મુખ કયાં, દેદીપ્યમાન સૂર્યકાંતમણિ કયાં અને થુંકથી ભીંજાયેલા સ્ત્રીઓના હોઠ કયાં, કાંતિથી મનોહર હીરાઓ કયાં અને ધોવાથી ધોળા દેખાતા સ્ત્રીઓના દાંત કયાં, પવિત્ર સોનાના કળશો કયાં અને માંસના પિંડરૂપ સ્ત્રીઓના સ્તન કયાં, નિર્મળ જળની વાવડીઓ કયાં અને પરસેવાના ઘરરૂપ સ્ત્રીઓની નાભિ કયાં—આ પ્રમાણે મહાન્ તફાવત છતાં મારા આદેશથી ઘેલાની માફક વિદ્વાન્ પુરૂષો પણ સ્ત્રીઓના શરીરની તેઓ (ચંદ્રાદિક)ની સાથે (નિર્વિશેષ) સરખામણી કરે છે—તેવી ઉપમાઓ આપે છે. સ્ત્રીનું શરીર નિરંતર ઢાંકેલું, દુગંચ્છાનું સ્થાન અને પ્રસ્વેદથી તથા મેલથી વ્યાપ્ત હોય છે, છતાં વિદ્વાનોને પણ મેં તે શરીરને વિષે ઇચ્છાવાળા કર્યા છે. મેં દાસરૂપ કરેલા (આ દુનિયાના) પુરૂષો કલેશથી સુવર્ણના સમૂહને ઉપાર્જન કરીને સ્ત્રીના અવાચ્યદેશ (યોનિ) રૂપ ખાળને વિષે નાંખે છે (અર્થાત્ ઘણા કલેશથી પેદા કરેલા પૈ-



સાનો વિષયમાં વ્યય કરે છે). વાંકી દૃષ્ટિ, મંદમંદ આલાપ, ઉત્સુકતા, આલિંગન, સંભ્રમ, ચાટુ વચન, આસક્તિ, પ્રણય અગર પ્રાર્થના, એ આદિ મારા હમેશના (અંતરંગ) સેવકો છે; અને ઇંદુષેણ, બિંદુષેણ, ચિલાતિપુત્ર, ઇલાપુત્ર (એલાચીકુમાર) સામાયિક કુટુંબી (આર્દ્ર કુમારનો પાછલા જન્મનો જીવ) અને નળરાજા એ આદિ મારા બાહ્ય સેવકો છે.”

હવે શત્રુની સેનાને ભક્ષણ કરવાનો અભ્યાસ કરતો હોય તેમ દંભવડે દાંતરૂપ વસ્ત્રને કરડતો **દ્વેષ** મોહરાજાને કહેવા લાગ્યો કે “હે સ્વામી! વિશ્વને ભયરૂપ દેખાતો હું પ્રલયકાળના અગ્નિ જેવો છું. મારી તીવ્રતાવાળી દૃષ્ટિની આગળ કોઇપણ રહેવાને (ટકવાને) સમર્થ નથી. મત્સર, અમર્ષ, પૈશુન્ય (ચાડી), મર્મભાષણ, ચપળતા, વિગ્રહ, આક્રોશ અને નિરનુક્રોશ (ઘાતકીપણું) વિગેરે મારા નિત્યના (અંતરંગ) સેવકો છે; અને ચંડકૌશિક ઋષિ, કૂળવાલમુનિ, કમઠ (મેઘમાળી,) દુર્યોધન, સંગમદેવ અને પાળક પુરોહિતાદિ મારી પાછળ ચાલનારા અનેક બાહ્ય સેવકો છે.”

**મિથ્યાદર્શન** નામનો પ્રધાન કહે છે કે “હે સ્વામી! આ ત્રણ જગતના લોકોને ભવરૂપ આવર્ત્ત (ખાડા)માં હું એવી રીતે નાખું છું કે તેમાંથી અનંતકાળે પણ તેઓ નીકળી શકતા નથી. આ ત્રણ જગત્‌માં એવી કોઇ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી અને એવું કોઈ સ્થાન નથી કે જેને વિષે મેં વિમોહિત કરેલો જીવ નિરંતર પરિભ્રમણ કરતો નથી. (અર્થાત્ મેં વિમોહિત કરેલો જીવ સર્વ યોનિને વિષે પરિભ્રમણ કરે છે). કુદેવ (જેમાં દેવપણું ન હોય છતાં દેવપણું ધ-

રાવવું તે; તેવીજ રીતે કુગુરૂ આદિમાં સમજવું), કુગુરૂ, ધર્મ—પર્વ અને વ્રતના વિપરીતભાવ, ધર્મ ઉપર દ્વેષ અને બીજાની નિંદા—આ સર્વ નિરંતર મારી પાછળ ચાલનારો મારો અંતરંગ પરિવાર છે; અને પર્વત નામનો બ્રાહ્મણપુત્ર, સાત નિન્હવ (ભગવાનના એક એક વચનના ઉત્થાપક), કપિલ, પાળક, વસુરાજા અને સર્વે અનાર્યો મને નિરંતર સેવે છે તે મારા બાહ્ય પર્ષદાના લોકો (બહિરંગ પરિવાર) છે."

પછી લાખના રસ જેવી આંખના પાતવડે જગત્‌ને ક્ષોભ પમાડતો અને ધૂમાડાના સમૂહ સરખા શરીરવાળો **ક્રોધ** તે અવસરે મોહરાજાને કહેવા લાગ્યો કે "હે સ્વામી! હું પ્રગટ થયે સતે કયો ધીર પુરૂષ પણ પોતાને (પોતાપણું) ટકાવી રાખવાને સમર્થ છે? મેં આક્રમણ કર્યે સતે (દબાવ્યે સતે) વિદ્વાન પણ વિચેતનજ (જ્ઞાન ઉપયોગ રહિતજ) થાય છે. મારે વશ થયેલો જીવ સનેપાત થયેલા માણસની માફક નેત્ર અને હોઠનું ભમાવવું, હાથનું ફેંકવું, શરીરનું હલાવવું અને પ્રલાપો(નિરર્થક બોલવું)કરે છે. મારા હુકમને તાબે થયેલા ઘણા બળવાન્ જીવો પણ નરકને વિષે, નિગોદને વિષે, શ્વાનજાતિ વિષે અને સર્પાદિકને વિષે વસે છે. ક્ષાર (ડંસ રાખવા પણું), પ્રચંડતા, દુર્વાક્ય, શ્રાપ, સંતાપ, ઉપદ્રવ, કલેશ અને તામસભાવ—આ મારા નિત્યના પક્ષપાતી (અંતરંગ પરીવાર) છે. કુરૂટિ અને મહાકુરૂટિ (કુરડ, ઉકરડ) નામના સાધુઓ, બ્રહ્મરાજાનો પુત્ર બ્રહ્મદત્ત ચક્રવર્ત્તી, શિશુપાળ અને નભઃસેનાદિક રાજાઓ મારા ભક્તિવંત સેવકો છે (તે બહિરંગ પરિવાર છે.)"



હવે **અહંકાર** મોહ રાજાને કહેવા લાગ્યો કે "આ ત્રણ લોકના જીવોની સર્વ વિદ્યાનું ફલ હરણ કરવાને તથા સદ્બુદ્ધિને અયોગ્ય કરવાને હું સમર્થ છું. મારે વશ થયેલો જીવ ગુરૂને માનતો નથી, વૃદ્ધોની હાંસી કરે છે, બુદ્ધિના નિધાન તુલ્ય મનુષ્યોનો ત્યાગ કરે છે, સ્તબ્ધ (જડ જેવો) થાય છે અને નિરંકુશ થઈ ઉન્મત્તની માફક ભમ્યા કરે છે. ચક્રવર્તીને જીતવાવાળા બાહુબળીને પણ મેં (કેવળી થતાં) રોકી રાખ્યો અને ક્ષુધા, તૃષા, શીત અને તાપાદિ આપદાને સહન કરતો તે એક વર્ષ પર્યંત ઉભો રહ્યો. પુરૂષાર્થ સંબંધી સ્પર્ધા (હરીફાઈ), પોતાનું પરાક્રમ કહી બતાવવું, બીજાઓની તર્જના કરવી, અક્કડ રહેવું (કોઈને નમસ્કાર ન કરવો). અવિનય કરવો અને ઉદ્ધતાઈ કરવી એ આદિ મારા નિત્યના સેવકો (અંતરંગ પરિવાર) છે; તેમજ દુર્યોધન, રાવણ, ચમરેંદ્ર, પ્રતિવાસુદેવો અને તેના જેવા બીજા લાખો મારી સેવા કરવાવાળા સેવકો (બહિરંગ પરિવાર) છે."

**દંભ** કહેવા લાગ્યો કે "હે દેવ! હું મીઠી વાણી બોલાવાવાળો છું છતાં ક્રૂર કર્મ કરવાવાળો છું. દુષ્ટ સર્પની માફક મેં કરડેલો (ડસેલો) પ્રાણી જીવતો રહેતો નથી. આસન ઉપરથી ઉઠવાવાળા, આસન આપવાવાળા, નમસ્કાર કરવાવાળા અને હાથ જોડવાવાળા મનુષ્યોને હું દાસની માફક ખુશામતનાં વચનો અંગીકાર કરાવું છું (બોલાવું છું). છળપ્રવેશ, વિશ્વાસઘાત, દ્રોહ, ધનનો આગ્રહ, ગુપ્તઆચાર અને જુઠા આલાપાદિ મારા નિરંતરના સેવકો (અંતરંગ પરિવાર) છે. મહાબલ, પીઠ, મહાપીઠ, અંગારમર્દકા-

ચાર્ય અને આષાઢભૂતિ આદિ મારા પક્ષપાત કરવાવાળા બાહ્ય સેવકો ( બહિરંગ પરીવાર ) છે. ”

મોહના સમગ્ર સૈન્યમાં નિરોગતા ( અથવા ચતુરાઇ )ને ધારણ કરતો **લોભ** કહેવા લાગ્યો કે “ હું એકલો પણ આ ત્રણ ભુવનને પરવશ કરવાને ( અથવા મારે આધીન કરવાને ) સમર્થ છું. હે દેવપ્રમુખ! તમે સર્વે સાંભળો. હું હાથ ઉંચા કરીને કહું છું કે એવો કોઇપણ જીવ શું કોઇ ઠેકાણે છે કે જે મારે આધીન થયો નથી? પર્વત ઉપર ચઢવું, સ્થળ ( અટવી વિગેરે ) અને સમુદ્ર ઓળંગવા, પૃથ્વીનું વિદારણ કરવું ( ખોદવું ), ગુફામાં પ્રવેશ કરવો, શ્મશાનમાં રહેવું, મંત્રાદિ સાધવું, જનાવરોનું પાલણ કરવું, ખેતી કરવી, અને ક્ષુધા, તૃષા, શીત, આતપાદિ સહન કરવાં–ઇત્યાદિ દુષ્કર કાર્યો પણ મેં આદેશ કરેલા પ્રાણીઓ શું અંગીકાર કરતા નથી? ( અર્થાત્ સર્વ કાર્યો અંગીકાર કરે છે). મહારંભ, મમત્વ, ઇચ્છા, મૂર્છા (આસક્તિ), સંકલેશ, સંચય, કૃપણતા અને સાહસિકતા આદિ મારા અંતરંગ સેવકો છે; અને તિલકશ્રેષ્ઠી, કુચિકર્ણવ્યવહારી, કેશરી ચોર, નંદરાજા, સુભૂમ ચક્રવર્ત્તી અને લોભનંદિ વણિક આદિ મારા બાહ્ય સેવકો પણ હજારો છે.”

હવે **પ્રમાદ** કહેવા લાગ્યો કે“મારૂં તો લોકોત્તર બળ છે (અર્થાત મારા જેવું બળ બીજા કોઇમાં નથી). કેમકે ઉચ્ચપદમાં આરૂઢ થયેલા મનુષ્યને હું એક ક્ષણવારમાં નીચે (અધોગતિમાં) પાડી દઉંછું. જેઓ શ્રુતકેવળી (ચૌદપૂર્વધર), ઉપશાંત મોહ (અગ્યારમે) ગુણઠાણે ચડેલા અને ચાર જ્ઞાનના ધરનારા છે તેઓને પણ હું નિ-



ગોદરૂપ ખાડામાં અનંતો કાળ વસાવું છું. મેં આદેશ કરેલો જીવ બુડી જવાનો વિચાર કર્યા વિના જળને વિષે ક્રીડા કરે છે. જમીન ઉપર પડવાથી અંગ ભાંગી જશે તેનો વિચાર કર્યા વિના વૃક્ષો ઉપર હીંચકે છે. મહત્ત્વના નાશનો વિચાર નહીં કરતો સતો પાસાવડે ક્રીડા કરે છે. આલોક તથા પરલોકની પીડાને નહીં વિચારતો વિકથા કરે છે. આ વૈર મને કલેશને માટે થશે એવો વિચાર કર્યા સિવાય વૈર વધારે છે. ઉજાગરા તથા પગની પીડાને નહીં જાણતો નાટકાદિ જુએ છે. વસ્ત્રરહિતપણાને અને વમનાદિકને નહીં વિચારતો મદિરા પીએ છે. ક્ષયરોગાદિ રોગના ઉદયને નહીં જાણતો વિષયમાં આસક્તિ કરે છે. પૈસાના વ્યયનો વિચાર કર્યા સિવાય પ્રાણીઓને નિરંતર લડાવે છે; અને આતપ તથા ભમવાના પરિશ્રમને નહીં ગણકારતો શિકાર કરવા જાય છે. (અનેક જાતનાં) વ્યસન, આળસ, નિદ્રા, વિષય સંબંધી હલકાં વચન તથા બીજા પણ તેની જેવા અનેક મારા અભ્યંતર (અંતરંગ) સેવકો છે. આર્યમંગૂ, શેલકરાજર્ષિ, સોદાસરાજા, કંડરીકરાજા અને મરિચી આદિ મને હર્ષ આપવાવાળા મારી બાહ્યપર્ષદા માંહેના મારા સેવકો છે.”

આ પ્રમાણે સર્વે વીર સુભટોએ પોતપોતાનું બળ કહ્યે સતે મોહરાજાએ પાખરેલા સિંહની માફક બળ સહિત ગર્જારવ કર્યો. તે અવસરે નિરંતર શત્રુના હૃદયને ક્ષોભ કરવાવાળાં મિશ્રભાષા અને અસત્ય ભાષાના ભેદરૂપ વાજિત્રો અનેકવાર વાગવા લાગ્યાં. મોહરાજાના તથા વિવેકરાજાના અશુભ ધ્યાન તથા શુભધ્યાનના ભેદરૂપ

વીર પુરૂષો અનુપયોગથી તથા વિધિથી (અનુક્રમે) શસ્ત્રો ખેંચવા લાગ્યા.

મેં રથનેમિને ચારિત્રથી ભગ્નપરિણામવાળો કર્યો, મેં નળરાજાને શ્યામવર્ણવાળો કર્યો, મેં ક્ષપકઋષિને ક્ષીણ કર્યો, મેં શશરાજાને માર્યો, મેં સંભૂતિમુનિને પરાભવિત કર્યો, મેં બાહુબળીને બાંધ્યો, મેં મહાબળરાજાને મ્લાન કર્યો અને મેં કેશરીરાજાને ક્લેશિત કર્યો. આ પ્રમાણે મોહરાજાની સેનાના સુભટો ભુજાના આસ્ફોટ કરવા પૂર્વક આપસ આપસમાં પોતપોતાના પરાક્રમનું વર્ણન કરવા લાગ્યા.

મેં શિવકુમારને, મેં બળદેવને, મેં ચિલાતીપુત્રને, મેં નયસાર અને ધનાસાર્થવાહ આદિને, મેં નાગને, મેં મેઘકુમારને, મેં અતિમુકતમુનિને અને મેં કપિલ બ્રાહ્મણને ભાવશત્રુ પાસેથી ખેંચી લીધો. આ પ્રમાણે વિવેકરાજાના સૈન્યમાં પણ શૂરવીર સુભટો સરલ રીતે પોતપોતાનું પરાક્રમ આપસમાં કહેતા સતા પ્રગટ થયેલા પોતાના શૌર્યને દેખાડવા લાગ્યા.

હવે અવિદ્યારૂપ રાત્રિનો નાશ થયે સતે અને તત્ત્વરૂપ સૂર્ય પ્રકાશિત થયે સતે તે સર્વે વિવેકના સુભટો શત્રુના સમૂહનો નાશ કરવા માટે તૈયાર થયા. પ્રારંભમાંજ શત્રુઓને વિષે સ્ફુરાયમાન ક્રોધવાળા **વિમળબોધ** નામના મહાન્ યોદ્ધાએ કેટલાએક મોહ-

---

૧ મોહના અશુભ ધ્યાનરૂપ સુભટો અનુપયોગથી શસ્ત્ર ખેંચવા લાગ્યા અને વિવેકના શુભધ્યાનરૂપ સુભટો વિધિપૂર્વક શસ્ત્રો ખેંચવા લાગ્યા.



ની સેનાના સુભટોને જોઇ જોઇને માર્યા. જેમ સર્પ દેડકીઓને ગ-
ળી જાય તેમ સામાયિકાદિ ષટ્કર્મ (આવશ્યક)માં સમર્થ પુરોહિતે
મોહની મોટી સેનાનું ગ્રસણ કર્યું (ભક્ષણ—નાશ કર્યો). પછી વિ-
વેકના સુભટોએ પ્રયત્નપૂર્વક ક્લેશરૂપ વૃક્ષના સમસ્ત અંકુરા
જ્યાંથી દૂર કરેલા છે એવું **ક્ષપકશ્રેણિ** નામનું ક્ષેત્ર સંગ્રામને
માટે તૈયાર કર્યું. હવે સર્વ સહનતારૂપ શસ્ત્ર ગ્રહણ કરેલ છે જેણે
એવો **શમ** નામનો સુભટ પૂજન કરવા લાયક અને ઉજ્વળ પ્રસ-
ન્નતાનો આશ્રય કરીને સંગ્રામ કરવાને માટે ઉઠ્યો. તેણે અપૂર્વ
કરણ નામનું આઠમું ગુણસ્થાનક પામીને તત્કાળ **ક્રોધ** નામના
સુભટને તર્જના કરીને કહ્યું કે "હે મૂઢ! અહીંથી (શીઘ્ર) નાસી
જા. હવે કોના બળથી તું જીવવાને ઈચ્છે છે?' (શમનાં આવાં
વચનો સાંભળી) ક્રોધે પણ પોતાનાં ચાર **રૂપ** કરીને તેને દેખાડ્યાં.
કવિ કહે છે કે 'તેઓ (કષાયો) વિદ્યા અને તપની સિદ્ધિ વિના પણ
બહુરૂપ કરવાવાળા હોય છે. ' (તે રૂપનાં નામ બતાવે છે ) પહેલો
અનંતાનુબંધી (અનંતકાળ પરિભ્રમણ કરાવનાર ), બીજો પ્રત્યાખ્યા-
નાવૃત્તિ [વ્રત પચ્ચખાણને સર્વથા રોકનાર], ત્રીજો અપ્રત્યાખ્યાનક
(સર્વથી પ્રત્યાખ્યાન કરવા નહીં દેનાર), ચોથો સંજ્વલન (યથાખ્યા-
ત ચારિત્રને રોકનાર). તે ક્રોધ શમને કહે છે કે "હે શાંતઆત્મા-
વાળા શમ! તું શું કહે છે? દેદીપ્યમાન અગ્નિરૂપ મેં પોતેજ આ
વિશ્વનો પરાભવ કર્યો છે. [મારે બીજાના બળથી જીવવાની જરૂર
નથી]. હે શમ! મારૂં પરાક્રમ તું સાંભળ. જેઓ મહાવીર્યવાળા,
તપસ્યાને વિષે રક્ત ચિત્તવાળા, અને બાહ્ય સંગનો ત્યાગ કરેલા

યોગીઓ હતા તેઓનું પણ પુણ્યરૂપી ધન હરી લઈને નિરંતર નચાવતા મેં દુઃખદાયી નરકરૂપ કૂવામાં તેઓને કરોડો વર્ષ પર્યંત વસાવ્યાં છે. હે શમ! સિંહથી ભક્ષણ કરાયેલા, ક્રૂર સર્પથી ડસાએલા, વનના દાવાનળથી દગ્ધ થએલા, શિકારીથી વિંધાએલા અને રાક્ષસથી રૂંધાએલા કેટલાક પુરૂષો (શુભ પરિણામથી) સ્વર્ગ પામે છે (અર્થાત્ મરણ પામીને સ્વર્ગે જાય છે), પણ ક્રોધથી મરણ પામેલો કોઇ પણ માણસ કોઇ પણ ઠેકાણે શું સ્વર્ગે ગયો છે અથવા જશે? (અર્થાત્ ક્રોધથી મરણ પામેલો કોઈ પણ માણસ સ્વર્ગે ગયો નથી અને જશે પણ નહીં). તેટલા માટે આ ઉપર કહેલ રાંકડાઓ (સિંહાદિક) ની સાથે મારી સરખામણીનો ઉપદેશ દેતાં આચાર્ય મને લજાવે છે. (અર્થાત્ મહાન્ પરાક્રમવાળા મારી સરખામણી સિંહાદિકની સાથે યુક્ત નથી). વળી હે શમ! તારા ઉપર પ્રથમ પ્રહાર કરતાં આ મારી ભુજા લજ્જા પામે છે, માટે પહેલાં તું પ્રહાર કર કે જેથી કરીને આ ભુજા પોતાનું બળ પ્રગટ કરે." આ પ્રમાણે ઉંચે સ્વરે બોલતાં ક્રોધનું પહેલું શરીર શમ સુભટે એકદમ કાપી નાંખ્યું. કારણકે શૂરવીર પુરૂષો વૈરીનો વિનાશ કરવામાં કાળક્ષેપ કરતા નથી. એ પ્રમાણે ભદ્રભાવરૂપ અશ્વના આશ્રયવાળો અને સરળતા રૂપ હથિયારને ધારણ કરતો **માર્દવ** નામનો સુભટ પણ માન તરફ દોડયો અને તેણે પણ ચાર રૂપને ધારણ કરતા માનનું પહેલું રૂપ છેદી નાંખ્યું. કારણકે આ માર્દવ બીજાઓને વિષે કોમળ છે પણ શત્રુને વિષે તો કરવતની



જેવો કઠોર છે. ત્યારબાદ નિરાશી ભાવરૂપ શસ્ત્રને ધારણ કરતા **આર્જવ** અને **સંતોષ** નામના સુભટો એકત્વતા (એકપણાની ભાવના) અને અકિંચનતા (પુદ્ગલિક કાંઇ પણ વસ્તુ રાખવી નહીં તે) નામના અશ્વ ઉપર (અનુક્રમે) આરૂઢ થયા, અને તેમણે પણ ચાર ચાર રૂપને ધારણ કરનારા દંભ અને લોભના પહેલા શરીરને ભેદી નાંખ્યા, કેમકે સંગ્રામની આદિમાં શત્રુનો નાશ કરવો તેજ મંગળિક છે. તે અવસરે આસ્તિકતા રૂપ આયુધને ધારણ કરતો અને સ્યાદ્વાદ રૂપ હાથી ઉપર આરૂઢ થયેલો સમ્યગ્દૃષ્ટિ પ્રધાન મિથ્યાદૃષ્ટિ પ્રધાનની સામે ગયો અને કહેવા લાગ્યો કે 'અરે મિથ્યાદૃષ્ટિ! દુનિયામાં પ્રસિદ્ધ એવા તારા કેટલાક અપરાધો તને કહી બતાવું? પણ હમણા મારા શસ્ત્રની ધારાથી ધોવાએલો જે તું તેના અપરાધોની શુદ્ધિ થાઓ.' આ પ્રમાણે તેનાથી તર્જના કરાયેલા મિથ્યાદૃષ્ટિ પ્રધાને પોતાના અભિગ્રહિક, અનભિગ્રહિક, સંશયિક, અનાભોગિક અને અભિનિવેશિક નામનાં પાંચ રૂપ (ધારણ) કર્યાં, પણ સમ્યગ્દૃષ્ટિ પ્રધાને તે સર્વે (રૂપ)નો એક પ્રહારવડેજ નાશ કર્યો. કેમકે જેમ અગ્નિ લાકડાથી ભય પામતો નથી તેમ બળવાન્ પુરૂષો શત્રુઓથી ભય પામતા નથી. મિથ્યાદૃષ્ટિની સાથે જોડાતો **મિશ્ર** નામનો સુભટ છે અને તે (મિથ્યાદૃષ્ટિ)ના દ્રવ્ય (દલીયાં)થી ઉત્પન્ન થએલો **ક્ષાયોપશમિક** સુભટ પણ છે, એમ જાણીને સમ્યગ્દૃષ્ટિએ તે બેઉને પણ સંગ્રામમાં પાડ્યા. તે વખતે અનિવાર્ય પરાક્રમવાળા શમાદિ વીરપુરૂષોએ ક્રોધાદિ શત્રુઓના વચલા બબે રૂપ (અપ્રત્યાખ્યાની અને

પ્રત્યાખ્યાની ક્રોધ, માન ને માયા ) ને હણી નાખ્યા. હવે યુદ્ધ કરવાને માટે તૈયાર થતા કામને જોઇને **ભવવિરાગ** નામનો અતિ નિષ્ઠુર સુભટ તેના સન્મુખ દોડ્યો. અનિત્ય ભાવરૂપ ( આ સર્વ પર્યાય નિત્ય નથી તદ્રુપ ) ભાલાવાળા, સર્વ વસ્તુના ત્યાગ કરવા રૂપ ( અથવા મુનિપણા રૂપ ) હાથીના વાહનવાળા અને કોપથી હોઠ કંપાવતા તે ભવવિરાગને આવતો જોઇને પ્રફુલ્લિત થયેલો સ્મર (કામ) તેને કહેવા લાગ્યો કે "હે તુચ્છ બુદ્ધિવાળા ભવવિરાગ! તું મારી સન્મુખ ચાલ્યો આવે છે પણ હું જે વિષયાયુધવાળો સુભટ છું તેને શું તું જાણતો નથી ? પાંખવાળા સર્પની સાદૃશ્યતાવાળા આ મારાં બાણો શત્રુઓના પ્રાણને ભેદવાવાળાં છે. સ્ત્રી નામના જે મારા યોદ્ધાઓ અહીં છે અને અભિલાષા નામનાં જે તેનાં બાણો છે તેઓ (બાણો) પરાક્રમવડે અંતરમાં વજ્રના બખતરને ધારણ કરતા સતા ઇંદ્રના હૃદયને પણ નિશ્ચે ભેદી નાંખે છે. જે પહેલાં જયયાત્રા કરવાને નીકળેલા મેં તારા પિતા [ વિવેક ] ને નાસી જવાની કળા શીખડાવી હતી તે કળા પુત્રપણાએ (પુત્રના સ્નેહથી ) શું હજુ સુધી તેણે તને આપી નથી કે જેથી તું આહીં [મારી સન્મુખ ] આવ્યો છે ? દૈવને ધિક્કાર થાઓ ! કારણ કે તું એક બાળક આજે મારી સામે યુદ્ધ કરવાને આવે છે. " [ કવિ કહે છે કે ] આવી અહંકારયુક્ત વાણીથી કામે કોને કંપાવ્યા નથી ? [ આ પ્રમાણે બોલીને ] પછી ભવવિરાગ સુભટને ત્રાસ પમાડવા માટે કામ અકસ્માત્ પુરૂષ, સ્ત્રી અને નપુંસક વેદ વડે ત્રણ રૂપ ધારણ કરવાવાળો થયો. તેના રૂપનું બહુપણું દેખીને



પણ ભવવિરાગ ત્રાસ પામ્યો નહીં, કેમકે અગ્નિના કણીયા વધારે દેખીને પણ શું મહાન્ મેઘ તેનાથી શંકા પામે છે ? [ અર્થાત્ અગ્નિનો નાશ કરવામાં વરસાદ શંકાતોજ નથી). ભવવિરાગ કામને કહેવા લાગ્યો કે 'અરે મૂઢ! વધારે રૂપ કરીને શું તું મને બીવરાવે છે?' એ પ્રમાણે બોલતા નિર્દય થયેલા ભવવિરાગે કામનાં છેલ્લાં બે રૂપ (સ્ત્રીવેદ અને નપુંસકવેદ) એકદમ છેદી નાંખ્યાં. તે અવસરે અન્યત્વ ચિંતારૂપ (દેહ જુદો છે અને આત્મા જુદો છે. દેહ વિનાશી ધર્મવાળો છે અને આત્મા અવિનાશી ધર્મવાળો છે એ આદિ વિચારરૂપ) ભાલાઓ સહિત ઉદાસીનતારૂપ હાથી ઉપર બેઠેલા તે (ભવવિરાગ)ના બે નાના ભાઇઓ **સંવેગ** અને **નિર્વેદ** (સંગ્રામ કરવાને) દોડ્યા. તેઓએ હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા અને શોક સહિત રાગદ્વેષને મારીને સંગ્રામમાં તત્કાળ દિશાઓનું બળિદાન કર્યું (અર્થાત્ મરણને શરણ કર્યા). પછી વ્યાઘ્ર (શિકારી) જેમ મૃગનો વધ કરે તેમ ફરીને શત્રુનો નાશ કરવામાં આસક્ત થયેલા ભવવિરાગે કામના પહેલા રૂપ (પુરૂષવેદ)નો પણ વધ કર્યો. પછી રણક્ષેત્રમાં (બાકી કોણ રહ્યું છે તેની) તપાસ કરતાં શમાદિ સુભટોએ) પોતાની પાસે એક એક શાખાવાળા વૃક્ષની માફક એક એક રૂપવાળા ક્રોધાદિકને જોયાં. એટલે તેઓએ (શમાદિ ત્રણ સુભટોએ) તે (ક્રોધાદિક ત્રણ)ના છેલ્લાં રૂપોનો પણ નાશ કર્યો. કેમકે અગ્નિના કણીયાની માફક અલ્પ શક્તિવાળા વૈરીનો પણ મહાત્મા પુરૂષોએ વિશ્વાસ કરવો યોગ્ય નથી. પછી લોભ દુઃખે મરી શકે તેમ છે, એમ જા-

ણીને સંતોષ સુભટે લોભને છેદીને તેના ત્રણ વિભાગ કર્યા. તેમાં પહેલા બે ભાગનો નાશ કરીને છેલ્લા ત્રીજા ભાગના કરોડો નાના નાના ભાગો કર્યા. કાળના ભેદવડે તે સર્વ ભાગોનો નાશ કરી તેના છેલ્લા ભાગના અસંખ્યાત ખંડો કરી રણસંગ્રામમાં તે સર્વનો પણ તેણે નાશ કર્યો. ત્યાર પછી ઉત્સાહાદિ યોદ્ધાઓએ યુદ્ધભૂમિમાં ફરીફરીને પ્રમાદાદિ શત્રુઓને જેમ દેખ્યા તેમ તેઓનો નાશ કર્યો. તે વખતે સ્ત્રીનો વેશ ધારણ કરેલ સુભટોની માફક પોતાના સ્વામીની પાછળ રહીને યુદ્ધ કરતી સ્ત્રીઓને પણ વિવેકની સેનામાં સુભટોએ જોઇ; અને જેમ સરોવ સૂકાયાથી કમલિની મરણ પામે છે (સૂકાઈ જાય છે), તેમ પોતપોતાના સ્વામી મરણ પામ્યે સતે મોહની સેનાની સ્ત્રીઓ તો તેની પાછળ મરણ પામી. મોહની સેનાના ઘોડાઓનો વિવેકની સેનાના ઘોડાઓએ, હાથીઓનો હાથીઓએ, રથોનો રથોએ અને પાળાઓનો પાળાઓએ ક્ષય કર્યો. નિરંતર મોહની સાથે ચાલનારો (રહેનારો) ભંડાર પણ વિવેકના સુભટોએ એકદમ લુંટી લીધો. 'શત્રુના પ્રાણ હરણ કરવાવાળાને તેનું દ્રવ્ય લુંટવામાં શી દયા હોય?' ઘણા વખતના પરિચયથી મોહને વિષે મહાન્ સ્નેહ ધારણ કરનારા મનપ્રધાને પણ આ ઉદયવાન વિવેકના તરફ પોતાપણું (પિતાપુત્રના સ્નેહથી સહાય કરવાપણું) દેખાડ્યું. જેમ કાષ્ઠથી અગ્નિ વધારે પ્રદીપ્ત થાય તેમ પોતાના સૈન્યમાં શત્રુઓએ કરેલા અતિ ઉપદ્રવને જોઈને મોહરાજા ક્રોધથી વધારે પ્રદીપ્ત થયો, અને દુઃખથી દગ્ધાત્માવાળો તે વિચાર કરવા લાગ્યોકે "અરે!



દુકાળમાંથી આવેલા મનુષ્યોની માફક વિવેકના સૈનિકોએ મારા સર્વ સૈન્યનું ભક્ષણ કર્યું (નાશ કર્યો). અરે! જે દૈવે મને આટલો બધો પરિવાર મેળવી આપીને પાછો વિયોગ પમાડ્યો તેને જો હું દેખું તો પહેલાં તો તેનોજ નાશ કરૂં. અરે વિધાત્રાને ધિક્કાર હો! કે જે વિવેકને મેં બાલ્યાવસ્થામાં કોમળ, ઠંડો અને આળસુ દીઠો હતો તેના સેવકો આજે મારા સૈન્યનો નાશ કરે છે! બાલ્યાવસ્થામાં વિવેકને આવી (આળસુ આદિ) પ્રકૃતિવાળો જાણીને મારા શૂરવીર સુભટો અવજ્ઞા કરીને (તેની તરફથી નિર્ભયતા જાણીને ઉપેક્ષા કરીને) બેસી રહ્યા. જો તે વખતેજ તેઓ તેને મારવાને તૈયાર થયા હોત તો આજે મારી સર્વ સેનાને જીતવાવાળો વિવેક તે વખતે તેઓને જીતી શકત નહીં. (આ યુદ્ધમાંથી) મારા સુભટોમાંનો કોઈ પણ (સેવક) સુભટ નાસી ગયો નથી તે તેઓએ ઘણું સારૂં કર્યું છે, કેમકે યુદ્ધમાં વીર પુરૂષોની વિજય અગર મરણ એ બેજ ગતિ છે. હું યુદ્ધ કરતાં કોઇ વખત પણ બીજાની સહાયની પ્રાર્થના કરીશ નહીં. કેમકે શું સૂર્ય બીજાના બળવડે અંધકારનો નાશ કરે છે? (નહીં, પોતાના બળ વડેજ નાશ કરે છે.)" આવો નિશ્ચય કરીને નેત્રના રકતપણાથી પ્રગટ મત્સરવાળો, નાના પ્રકારના આયુધથી થતા ઉલ્લાસ વડે હજાર અર્જુનના વિભ્રમને કરતો, પટ્ટહસ્તી ઉપર આરૂઢ થવાથી પરાક્રમ રૂપી વૃક્ષ જેનું પ્રફુલ્લિત થયું છે એવો જણાતો અને યુદ્ધની ઇચ્છાથી બીજા સર્વ વ્યાપારને રોકતો મોહરાજા રણક્ષેત્રમાં આવ્યો, અને કહેવા લાગ્યો કે 'રે રે પંડિતો! તમે

નાસી જાઓ અરે અધ્યાત્મિક પુરૂષો! મારી દૃષ્ટિને મુકી દ્યો. (અર્થાત્ મારી દૃષ્ટિથી દૂર થાઓ). અરે યોદ્ધાઓ! તમે બીજી દિશામાં ચાલ્યા જાઓ. અરે વિચારવાન્ પુરૂષો! તમારા પગ સજ્જ કરો. કેમકે શત્રુઓને ભયંકર અને દેવોની તથા રાજાની ભુજાના મદને ભાંગતો અને અંજનના પુંજ જેવી કાંતિવાળો આ મોહરાજા પોતેજ પ્રહાર કરવાને ઉઠયો છે.' આ પ્રમાણે બોલતો અને ક્રૂર દૃષ્ટિથી ત્રણ ભુવનને ભય પમાડતો વિકસ્વર રોમવાળો મોહ મહામુનિઓને પણ ક્ષોભને માટે થયો. આ મોહરાજાએ યુદ્ધમાં ઝંપલાવ્યે સતે મનુષ્યો તો દૂર રહ્યા પણ દેવોને વિષે પણ એવો કોઈ ન રહ્યો કે જે પીંપળાના પાનની માફક કંપાયમાન થયો ન હોય. એ અવસરે સત્સમાગમ રૂપ અતિ ઉંચા મદોન્મત્ત હાથી ઉપર આરૂઢ થયેલો કોઇ પણ જાતના કલેશરહિત શુક્લધ્યાનના ભેદરૂપ આયુધની શ્રેણીને નચાવતો નવી પરણેલી (સંયમશ્રી) પત્નીથી પગલે પગલે જાગ્રત કરાતો અને યુદ્ધનો કૌતુકી (અદ્વિતીય) વીર એવો વિવેકરાજા મોહની સન્મુખ આવ્યો, તે વખતે મોહરાજા તેને કહેવા લાગ્યો કે "હે વિવેક! તું પુષ્ટ થયેલો છે માટે અહીંથી સત્વર ચાલ્યો જા. કેમકે પાછળથી પાછો જવા ધારીશ ત્યારે તું જવાને સમર્થ થઇ શકીશ નહીં (માટે પહેલેથીજ પાછો ચાલ્યો જા). જેઓ મૂર્ખ અથવા આળસુ છે તેઓને (શરીરનું) સ્થૂળપણું થવું દુષ્કર નથી. કેમકે વૈરીને વશ થયેલા સ્થૂળ (શરીરવાળા) પુરૂષો ઉલટા અધિક પીડા સહન કરે છે. જો તને શરીરનું પોષણજ ઈષ્ટ છે તો તું અહીં શામાટે આવ્યો? અહીં કાંઈ આહારો મળવાના નથી, અહીં તો કેવળ પ્રહારોજ મળવાના છે. હે વિવેક! તેં પ્રમાદાદિક શત્રુઓને માર્યા છે તેથી ગર્વ કરીશ નહીં. જ્યાંસુધી હું પૂર્ણ શરીરવાળો છું ત્યાંસુધી અરે વિવેક! તેં શું જીત્યું છે? અર્થાત્ કાંઈ જીત્યું નથી. હું જીવતો હોવાથી આ સર્વે સુભટો ફરી સજીવન થશે, કેમકે પૃથ્વીથી પેદા થનાર વૃક્ષનું મૂળ જો અક્ષત હોય તો શું ફરીને તે પલ્લવિત ન થાય? (અર્થાત્ થાય). હે વિવેક! શરીર વિનાના કોમળ પુષ્પરૂપ શસ્ત્રવાળા અને સ્ત્રી છે માત્ર પરિવાર જેને એવા જે કામે જગતને જીત્યું છે તેનો હું ગુરૂ છું, એમ તું મને જાણજે. હે વિવેક! યુદ્ધ કરવાના રણક્ષેત્રમાં પ્રાપ્ત થયેલા મોહરાજાને આઘાત કરવાને પરિઘ (ભોગળ), વ્યથા પમાડવામાં ગદા, ચૂર્ણ કરવાને ચક્ર, વિદારણ કરવાને વજ્ર, વિનાશ કરવાને ધનુષ્ય અને કાપવાને ખડ્ગ સમર્થ નથી. હું કૃત્રિમ નથી કહેતો પણ નિશ્ચે સાચું કહું છું કે મોહનું મથન કરવાને વ્યાલ અને અગ્નિ આદિ પણ સમર્થ નથી. ઇંદ્ર વજ્રથી, બળભદ્ર હળથી, ચક્રવર્ત્તી ચક્રથી, ક્ષત્રી શસ્ત્રથી, હાથી દાંતથી, સર્પ દાઢથી, લિંગી શ્રાપ દેવાથી, બ્રાહ્મણો કડવાં વચન બોલવાથી અને ધનવાન્ ધનથી બળવાન્ છે; પણ રણભૂમિમાં પ્રાપ્ત થયેલા મોહરાજાની પાસે તેઓ સર્વે જરા પણ બળવાન નથી. નાના પ્રકારના સંગ્રામમાં અથડાવાથી કઠણ શરીરવાળો થયેલો હું કયાં અને સંગ્રામના પ્રયાસને નહીં દેખેલ એવો તેમજ કોમળ શરીરવાળો તું કયાં! અરે વિવેક! પહેલાં તારા ઘણા સેવકોને મેં પરાભવિત કર્યા છે તે વાત કહેવાથી તું દુઃખી થઇશ અથવા તને દુઃખી કરવા સિવાય મારે

બીજું શું પ્રયોજન છે? (તેજ પ્રયોજન છે). સાંભળ, તારે વિષે એક બુદ્ધિ (નિષ્ઠા) વાળા પહેલા ચક્રવર્તી (ભરત)ના પુત્ર વીર **મરીચિ** ને તું નાયક જીવતે સતે મેં બળથી બાંધી લીધો અને તેને ઘણા નીચ ભવોને વિષે કોડાકોડ સાગરોપમ સુધી ભમાવ્યો. જે **કંડરિક** મુનિ તારા સૈન્યના સમૂહનો આગેવાન હતો તેને પણ જીવ્હાઇંદ્રિય (રસ સ્વાદમાં આસકિત) નામના મારા સેવકે મજબુતીથી બાંધી લઇને એક ક્ષણવારમાં સાતમી નરકરૂપ કૂવામાં ફેંકી દીધો. **મહાબળ** અને **બાહુબળી** નામના રાજાઓ જે તારા ભક્તો હતા તેઓમાંના એક (મહાબલ) ને મારા (માયા) સૈનિકે સ્ત્રીનો વેશ લેવરાવ્યો (સ્ત્રીલિંગ બંધાવી મલ્લીનાથના ભવમાં ઉદય આણ્યું), અને બીજાને (બાહુબળીને) એક વર્ષ પર્યંત ઉભા ઉભાજ સ્તંભિત કર્યો. તારા સમ્યગ્દૃષ્ટિ પ્રધાનથી આશ્રિત કરાયેલા જે **સત્યકિ** અને **શ્રેણિક** પ્રમુખ રાજાઓ દુનિયામાં પ્રખ્યાતી પામેલા હતા તેઓને મારી અવિરતિ નામની સ્ત્રીએજ રોકીને નિવાસને માટે નરકમાં પહોંચાડ્યા. તું હાથમાં શસ્ત્ર ધારણ કરે છે તેથી સુભટો તારા ઉપર દુગંચ્છા ધારણ કરતા નથી, પણ તું મારી સાથે સ્પર્ધા (હરીફાઇ) કરે છે તેથી બુદ્ધિમાન જીવો તારી હાંસી કરશે. હે કુબુદ્ધિ! હજી પણ અહીંથી ચાલ્યો જા. અકાળે શામાટે પ્રાણ ત્યાગ કરે છે! કારણ કે મારી સાથે યુદ્ધ કરવાની ઇચ્છાવાળો તું તારા પરિવારને ફરીથી જોઇ શકીશ નહીં."

આ પ્રમાણે મોહે કહ્યા પછી આક્ષેપ પૂર્વક વિવેકરાજાએ તેને જવાબ આપ્યો કે "હે મોહ! તું ઘણું શામાટે બોલે છે? બા-



લ્યાવસ્થામાં મેં તને લાંબા વખત સુધી જોયો છે. જેઓ પોતાની પ્રશંસા કરે છે તેઓ જૂદા કરેલા દ્રવ્યના નિધાનની માફક અત્યંત શોભતા નથી. વળી ઉધરસ આવતી હોય એવા ચોરોથી જેમ ચોરીનું કામ સિદ્ધ થતું નથી તેમ ઘણા પ્રલાપ કરવાવાળા [બોલવાવાળા]થી કાર્યની સિદ્ધિ થતી નથી. જેમ વર્ષાઋતુને વિષે અલ્પ ગર્જારવ કરવાવાળો વરસાદ [વરસવાનું] કાર્ય કરે છે તેમ થોડું બોલવાવાળા મહાન્ પુરૂષોજ કાર્ય કરે છે. જેઓ નિશ્ચે અંદરથી શૂન્ય [ખાલી] હોય છે તેઓજ મૃદંગના અવાજની માફક ઉંચે સ્વરે અવાજ કરે છે; અથવા તારૂં મરણ નજીક આવેલું હોવાથી તને જે વેદના ઉત્પન્ન થઈ છે તે વેદના આ પ્રમાણે તને બધું બોલાવે છે. કારણ કે ઝાડ ઉપરથી પડતું પરિપક્વ થયેલું પાંદડું શું ખરાબ અવાજ નથી કરતું? શીતળ ચંદ્રમા અંધકારનો નાશ કરે છે, શીતળ પાણી પર્વતોને ભેદી નાખે છે, શીતળ મણિ નિર્ધનપણાને હણે છે અને શીતળ હિમ વૃક્ષોને બાળી નાખે છે, તેટલા માટે હે મતિમૂઢ! મને શીતળ જાણીને તું મારો વિશ્વાસ કરીશ નહીં. (કેમકે) શીતળ વનથી ઉત્પન્ન થયેલો અગ્નિ સર્વથી વિષમ હોય છે. હું તને હિતકારી વચન કહું છું કે જો તું જીવિતવ્યની ઇચ્છા રાખતો હો તો યુદ્ધમાંથી ચાલ્યો જા. કેમકે અહીં અમૃતના આહાર મળવાના નથી, અહીં તો કેવળ પ્રહારજ મળવાના છે. હાથીઓ ગયા, ધન નાશ પામ્યું, સુભટો નાશ પામ્યા અને અશ્વો હણાયા, તે છતાં તારા નિર્લજ્જપણાને ધિક્કાર છે કે હજુ પણ તું દુર્બળ ભુજાના બળનું વર્ણન કર્યા કરે છે. હે મોહ!

તેં દેવલોકમાં રહેલા પ્રાણીઓને જીત્યા તેમાં તેઓનું અચેતનપણું (ઉપયોગ રહિતપણું, જડ વસ્તુ ઉપર અતિ આસક્તિ) એજ એક હેતુ છે. તેથી જો તેં કોઈપણ ઉપયોગવાળા પ્રાણી ઉપર કોઇ વખત પણ બળ ફોરવ્યું હોય તો મને કહી બતાવ. અપ્રમાદી અને ઉપયોગવાન સાધુઓએ તને યુદ્ધમાં અનેકવાર પરાભવિત કર્યો છે, તોપણ હે નીચ! તું પાછો યુદ્ધ કરવાને ઉઠે છે. તારા જેવા શ્વાનવૃત્તિવાળાની નિર્લજ્જતાને ધિક્કાર હો! પહેલાં મારા જે ઉપાસકો (સેવકો)ને તેં બાંધ્યા હતા તે સર્વને મેં તારી પાસેથી મુકાવ્યા છે; પણ તારા જે સેવકોને પકડીને હું મોક્ષમાં લઈ ગયો છું, તેમાંથી જો તું બળવાન્ હોય તો એકને પણ મુકાવ (ત્યાંથી પાછો લાવ). તેં સ્રીરૂપ સેંકડો પાશવડે બાંધેલો અને હાથી ઘોડા તથા યોદ્ધાઓવડે રક્ષણ કરાયેલો જે ભરત ચક્રવર્ત્તી હતો તે એક ક્ષણવાર મારૂં ધ્યાન કરીને બંધમોક્ષને જાણવા લાગ્યો (અર્થાત્ બંધથી મુકાયો—મુક્તિ પામ્યો ). યુદ્ધરૂપ તાંડવ (નાટક) વડે પોતાના ભાઈઓને પણ હણનારા જે પાંડવો તે તને વલ્લભ હતા પણ તેઓ તત્ત્વને જાણીને તારાથી વિરક્ત થઈ, મને પ્રસન્ન કરીને અવિનાશી આવાસને પ્રાપ્ત થયા. જેણે સ્રી, બ્રાહ્મણ, બાળક અને ગાયના વધવડે તારી સેનાનું આગેવાનપણું મેળવ્યું હતું તે નરકના અતિથિ થવાવાળા દૃઢપ્રહારીને હું મોક્ષમાં લઈ ગયો. સુસમા નામની કન્યાનું મસ્તક છેદવાવાળા અને કૃતાંત (યમ)ની માફક ક્રૂર સ્વભાવવાળા જેણે (ચિલાતીપુત્રે) એક તારોજ આશ્રય લીધો હતો તે ચિલાતીપુત્ર શમતાના સમુદ્રરૂપ મુનિની સહાયથી મને



પ્રાપ્ત થઈને (મારો આશ્રય લઈને) દેવલોકમાં ગયો. હે મોહ! ‘શસ્ત્ર અથવા અસ્ત્ર (ફેંકવા લાયક બાણ વિગેરે) કોઈપણ મને મારવાને સમર્થ નથી.’ આ પ્રમાણે તેં કહ્યું તે તારૂં કહેવું ખોટું નથી. વળી સાચી વાત કોના હૃદયને વિષે ન વસે (બેસે)? પણ હે ભાઇ! આ પણ હું સાથે કહું છું કે મદપૂર્વક મારા આશ્રયથી ઉત્પન્ન થયેલું અતિશે બળ જેઓનું છે તેઓની પાસે તું તૃણ તુલ્ય છે. આ વાત પણ ખોટી નથી. હે મોહ! તારા સૈન્યમાં જે કેટલાક મુખથી વર્ણવી ન શકાય તેવા બળવાન્ સુભટો હતા તે સર્વેને તારી નજરે મારી સેનાના સુભટોએ યુદ્ધમાં હણી નાખ્યા છે, તો હવે તું છાલ ઉતારી નાખેલા વૃક્ષની માફક પોતાની મેળેજ વેગથી સૂકાઇ જઇશ; કેમકે તુટી ગયેલી પાળવાળા સરોવરને વિષે પાણી ઘણો વખત રહેતું નથી. હે મોહ! જર્જરિત થયેલા અને જરા (ઘડપણ)થી હણાયેલા તને હણવામાં પણ મને યશ નથી, કેમકે લીલાં ઝાડને બાળી નાખનાર અગ્નિરૂપી વીરને સૂકાં લાકડાં બાળતાં કાંઇ યશ મળતો નથી.”

આ પ્રમાણે તે (વિવેક)ના કહેવાથી ક્રોધાયમાન થએલો મોહ વૃદ્ધ છતાં પણ યુવાનની માફક આચરણ કરતો સતો પ્રયત્નથી પોતાના શસ્ત્રોની શ્રેણી તેના ઉપર વરસાવવા લાગ્યો. પરંતુ જેમ દૃઢ શ્રેષ્ઠ ગુણવાળા હીરાને વિષે લોઢાની સોય કુંઠિત (બુઠી) થઇ જાય છે તેમ તે (વિવેક)ને ભેદવાની ઇચ્છાવાળી શસ્ત્રની શ્રેણી તિક્ષણ છતાં પણ કુંઠતાને પામી. એટલે પછી તે બન્ને વીરો આપસમાં હાથોહાથ યુદ્ધ કરવા લાગ્યા. તે અવસરે આજે શું થશે

(કોની જીત થશે) એમ અંતઃકરણમાં સંદેહવાળા દેવો તે બન્નેને જોવા લાગ્યા. પૃથ્વીને કંપાવતા, ઉંચા તેમજ ગૌર અને શ્યામ શરીરવાળા વિવેક અને મોહ યુદ્ધને વિષે પ્રાપ્ત થએલ હિમગિરિ અને અંજનગિરિની માફક શોભતા હતા; તેવામાં એક મલ્લ જેમ બીજા મલ્લને પાડી નાખે તેમ પાપના યોગથી મ્લાની પામેલા મોહરાજાને મજબુત રીતે પોતાના ચરણથી (ચારિત્રથી) દબાવીને વિવેકે ભૂમિપર પાડી નાખ્યો.

તે વખતે વિવેક કહે છે કે "નિરંતર જગત્‌નો દ્રોહ કરવાવાળા અને દુઃખના સમૂહને દેવાવાળા હે મોહ! હું વિષમ છું, મેં તને પકડ્યો છે, તારૂં મરણ નજીક આવ્યું છે, માટે અરે કંપાયમાન થતા દેહવાળા મોહ! આ અવસરે તારૂં જે કોઇ પણ રક્ષણ કરવાવાળું હોય તેનું તું સ્મરણ કર. કેમકે યજ્ઞ કરવાવાળો યાજ્ઞિક જેમ યજ્ઞમાં હોમવાના બકરાને જીવતો રહેલો સહન કરી શકતો નથી તેમ હું તને જીવતો રહેલો સહન કરૂં તેમ નથી. હે મોહ! પુત્ર હોય કે ભાઇ હોય—પોતાના ગોત્રનો હોય કે મિત્ર હોય–તો પણ દુષ્કર્મ કરવાવાળાનો નાશ કરવોજ. આવી રીતિ સર્વ રાજાઓની છે. આ તારી માતા—આ તારો પિતા—અને આ તારી નજીક રહેલા તારા પુત્રો—પ્રફુલ્લ નેત્રવાળા સતા સર્વે તને જુએ છે, પણ મૃત્યુથી કોઇ તારો બચાવ કરતા નથી. તારો વધ કરવામાં હું તો કેવળ સાક્ષીમાત્રજ છું, બાકી તો પરિપકવ થયેલાં તારાં પાપોજ તને મરણ દેવાવાળાં છે." આ પ્રમાણે કહીને મોહની મુષ્ટિ આદિની તાડનાને રોકીને જેમ પરશુ (કુહાડા) વડે વૃક્ષનો



નાશ કરે તેમ બ્રહ્માસ્ત્ર (જ્ઞાનશસ્ત્ર) વડે વિવેકે મોહનો નાશ કર્યો (મારી નાખ્યો).

મોહને મૂકાવાને અસમર્થ એવા જ્ઞાનાવરણી અને દર્શનાવરણી આદિ જે મોહના સેવકો હતા તેઓ પણ મોહના મરણના દુઃખથી તેજ અવસરે મરણ પામ્યા. મોહની માતા **માયા** પોતાના વ્હાલા પુત્રની આવી દશાને જોઇને જેમ ઉદેહી લાગેલી વેલી ક્ષણવારમાં ઉભીને ઉભી સુકાઇ જાય તેમ તે ક્ષણવારમાં ઉભીને ઉભી સુકાઈ ગઇ (નાશ પામી). જેમ વૃક્ષ છેદાયાથી તેને આધારે રહેલી વેલી નીચે પડે છે તેમ પોતાના પ્રાણથી પણ પ્રિય સ્વામીને મરણ પામેલા જોઇને **જડતા** (મોહની રાણી) પૃથ્વી ઉપર પડી ગઇ. અકસ્માત્ મોહને મરણ પામેલો જોઇને તેની સર્વે પુત્રીઓ પણ 'પિતા પિતા' એ પ્રમાણે બોલતી દીવાની દીવેટની માફક સૂકાઇ ગઈ. મહાન્ શત્રુ મોહ મરણ પામ્યે સતે દેવેંદ્રોએ વિવેકના મસ્તક ઉપર પુષ્પની વૃષ્ટિ કરી.

(વિવેકનો જય થવાથી બંદીવાન વિવેકની બીરૂદાવળી બોલે છે) હે નિરૂપમ મહિમાથી મનોહર! હે હિમાચલના શિખરોની માફક ઉજ્વળ યશના સમૂહવાળા! હે ભરત ઐરવત અને મહાવિદેહને વિષે મહાન્ પુરૂષોને ઉત્પન્ન કરવાવાળા અને સભાના મનુષ્યોને વિચક્ષણ કરવાવાળા વિવેક! તમે જયવાન્ થાઓ, જયવાન્ થાઓ. હે પ્રાણીઓના સમૂહ ઉપર માતાની માફક વાત્સલ્ય રાખનાર! હે અપાર મોહરૂપ અંધકારનો નાશ કરવાને સૂર્ય સમાન! હે રણમાં ધીર! હે અતિ પ્રિય વિવેક! દૃઢ વિપત્તિ-

વાળા જગત્‌ના જીવોનું તમે પાલન કરો. (કેવળજ્ઞાનની) ઉત્પત્તિ પર્યંત મધુર શ્રેષ્ઠતાના આધારભૂત, પુષ્કરાવર્ત્ત મેઘ સમાન દાનના બળવાળા, દુર્ધર કિરણોવાળા સૂર્યના સમૂહ સરખા પ્રકાશવાળા, જગત્‌ને આનંદકારક શ્રેષ્ઠ વચનની કળાવાળા, કળિકાળરૂપી ભયંકર સર્પ સમાન ઉદ્ધત ખળ પુરૂષોથી ભક્ષણ કરાતા સજ્જનોને શરણ દેવાવાળા અને ભવભવના પરાભવ સંબંધી ભયને હરણ કરનારા આ વિવેક રાજાને, હે ભવ્ય જીવો! તમે ભજો. હે વિવેક! જ્યાંસુધી જિન શાસન રૂપ ઉદયાચળનો આશ્રય કરીને અને નવા ઉદયને પામીને સૂર્યની માફક તમે મોક્ષને આધીન કરનાર અત્યંત સુંદર વિચાર રૂપી જ્યોતિને નથી ફેંકતા (વિસ્તારતા) ત્યાંસુધી યમુના નદીનું જળ, કાજળ અને કોયલના શરીરના સરખી કાંતિવાળો અને સુગતિના માર્ગને દૂર કરવાવાળો મોહરૂપી અંધકાર નવતત્ત્વના અવલોકનનું તેજ નિષ્ફળ કરે છે. શું આ (વિવેક) શેષનાગ છે? ના, તે તો વાંકી ગતિવાળો છે. શું આ સૂર્ય છે? ના, તે તો રાત્રે તેજ રહિત હોય છે. શું આ ચંદ્રમા છે ? ના, તે તો કલંકિત શરીરવાળો છે. શું આ મણિ છે? અહા ! તે તો બુદ્ધિ વિનાનો (જડ) છે. શું આ બ્રહસ્પતિ છે ? ના, તે તો કવિઓનો દ્વેષી છે. શું આ રાજા છે? ના, તે તો નરકમાં જવાના મનવાળા (આચરણવાળા) હોય છે— આ પ્રમાણે હે વિવેક! તમને જોઈને પંડિત પુરૂષો વિવિધ પ્રકારના વિતર્કો કર્યા કરે છે. જેઓ ખરકર્મ કરવામાં આસક્ત, હીન આચારવાળા, વિચાર વિનાના, દયાનો નાશ કરવાવાળા, પરનો અપવાદ



બોલવાવાળા, પરાભવ કરવાવાળા, પીડા કરવાવાળા અને ચૂર્ણ કરવાવાળા વિગેરે પાપી જીવો હતા. તેઓ સઘળા બળવાન, સજ્જન અને શોભાવાળા તમને જોઈને મોક્ષફળ પર્યંત વિવિધ પ્રકારની વિભૂતિ અને સભાજનની પાત્રતાના ભાવને પામ્યા છે. હે વિવેક! તમારી આગળ કામ પોતાના મહિમાની હાનિને પામ્યો, માન મદને મૂકીને નાસીજ ગયો, લોભ ક્ષોભ પામ્યો, દંભ અને કોપ કંપાયમાન થયા, અજ્ઞાન પોતાના માનથી મ્લાનિ પામ્યું અને મોહનું બળ નિંદા પામ્યું,(હું વિતર્ક કરૂં છું કે) હે વીરવિવેક! એવો કોણ છે કે તમે યુદ્ધ કરતે સતે જે યુદ્ધમાં તમારી સામે પોતાના બાહુનું બળ વિસ્તારે? (અર્થાત્ તમારા જેવો બીજો કોઈ પણ નથી) હે સુરિરાજ! હે નિષ્કપટી! હે વિનયથી નમ્ર ચરણકમળવાળા! હે સમગ્ર ઇચ્છિત વિભવ આપવામાં કલ્પવૃક્ષ તુલ્ય! હે મિથ્યાદ્રષ્ટિના માર્ગનું મથન કરનાર ! હે કંદર્પરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્ય તુલ્ય! હે સુર કિંનર અને મનુષ્યોના સમૂહથી ગવાતા ગુણરૂપી મણિના સમુદ્ર! હે કરૂણાના આવેશથી કોમળ હ્રદયવાળા! હે જિનપતિની સેવાથી પ્રસાદ પામેલા! હે વીર પુરૂષોને વિષે મુગટ તુલ્ય ! અને હે વિઘ્નોના સમૂહને હરણ કરનાર વિવેકરાજા! આ જગત્‌નું તમે નિરંતર રક્ષણ કરો.

આ પ્રમાણે નાના પ્રકારના છંદોવડે બંદિવાનથી ગવાતું પુત્રનું પરાક્રમ સાંભળી વિવેકની માતા રોમાંચિત થઈ, તેથી તે પુત્રને કહેવા લાગી કે “ હે વિવેક! હે વત્સ! મારી પ્રીતિરૂપ વેલડીને વિશ્રામ લેવાના મંડપ! વાત્સલ્યના સમુદ્ર! અને પ્રખ્યાત પરાક્રમવાળા !

તું ઘણો કાળ જીવ. તારા બળવાન બાહુની પૂજા, નેત્રની ન્યુંછના અને પરાક્રમનું અવતરણ હું વારંવાર કરૂં છું. ભવ્ય જીવોની માફક મારા સર્વ મનોરથો આજે સિદ્ધ થયા છે, અને મુક્તિની માફક મારા આત્માને હું આખા વિશ્વની ઉપર વર્ત્તવાવાળો માનું છું. તારા જેવા એક પુત્રવડે હું સિંહણની માફક કોઇથી પણ પરાભવ પામું તેમ નથી. કેમકે (પરાક્રમ વિના) ઘણા પુત્રોવાળી બીજી સ્ત્રીઓ તો કુતરીની માફક આચરણ કરે છે. હે પુત્ર! તને મેં એકાંતમાં જે શિક્ષા આપી હતી તે અને ‘ તારો જય થાઓ તું જીવતો રહે અને ઘણો કાળ રાજ્ય કર ’ એ આશિર્વાદ પણ સઘળા ફળીભૂત થયા છે જેમ દેદિપ્ત નાયકવડે સેના અને સાર્થ સનાથ થાય છે તેમ હે પુત્ર! તેં એકલે આ આપણું કુળ સનાથતાને પમાડ્યું છે.”

આ પ્રમાણે માતાની વાણી સાંભળતાં અને યુદ્ધ કરવાની ભૂમિ તરફ જોતાં વિવેકે મોહના સમુદાયમાં એક પોતાના પિતા (મનપ્રધાન)નેજ જીવતો દીઠો. તેને અતિ દુર્બળ થયેલો જોઈને ઉલ્લસિત કૃપાવાળો વિવેક તેને કહેવા લાગ્યો કે “હે પિતાજી! મેં મોહને માર્યે સતે તમે આ પ્રમાણે શામાટે ખેદ કરો છો? હે પિતાજી! આ મોહ સમગ્ર શત્રુઓમાં મુખ્ય હતો, પ્રાણીઓને કલેશ કરાવનાર તેજ હતો અને ત્રણ ભુવનના લોકોને પાપના અભ્યાસની કળા શીખડાવનાર ગુરૂ પણ તેજ હતો. જુઓ! મોહને વશ થયેલા જીવો નિરપરાધી જીવને હણે છે, અસત્ય વચન બોલે છે, ચોરી કરવામાં આસક્ત થાય છે, પરસ્ત્રીની સ્તવના કરે છે,



ચાડીનું આલંબન કરે છે, મિત્રનો દ્રોહ કરે છે, સ્વામીનો ત્યાગ કરે છે, માંસનું ભક્ષણ કરે છે, મદિરા પીએ છે, અન્યાય કરે છે અને ખળ પુરૂષોની સાથે રમે છે. મોહના ઉદયથી સર્વ જીવો નરકને વિષે અનંતીવાર નાના પ્રકારની વેદના પામે છે. પશુપણાને વિષે ક્ષુધા, તૃષા, ભારનું વહન કરવું, વધ, બંધન, માર આદિ વિપદાના સમૂહને પામે છે, મનુષ્યભવને વિષે વૈર, વ્યાધિ, વિયોગ બંધન અને ધનના નાશ પ્રમુખ (દુઃખો)ને પામે છે અને દેવભવને વિષે પરાભવ, સેવકપણું અને મરણાદિ દુઃખોને પામે છે. તમારી નજરે આવા દુષ્ટનું મરણ થાય તે તો ઉલટું તમને હર્ષને માટે થવું જોઇએ. (કેમકે) કાળજ્વર દેહથી દૂર થાય તે કોને રૂચતું નથી? આ મોહને મેં માર્યે સતે ઘણા દેવો અને મનુષ્યો હર્ષ પામ્યા છે. વિષ વૃક્ષને છેદ્યે સતે કયો બુદ્ધિવાન સંતોષ પામતો નથી? પરંતુ તમારા આવા અન્યાયને ધિક્કાર હો કે તમે પુત્ર સરખા પ્રેમથી મોહને વૃદ્ધિ પમાડ્યો અને અમને ઉજ્વળ ગુણવાળાને ચોરની માફક દૂર કર્યા. હવે આ નિવૃત્તિ તમારી પત્ની છે, હું વિવેક તમારો પુત્ર છું અને આ શમાદિક તમારા પૌત્રો (પુત્રના પુત્રો) છે, માટે એને વિષે સ્નેહ ધારણ કરો. હે પિતાજી ! ‘ કથીરનું ઘરેણું ગયું અને સોનાનું ઘરેણું પ્રાપ્ત થયું ’ એવી કુટુંબની સ્થિતિમાં તમને કઈ બાબતની ન્યૂનતા છે? કાંઇપણ ન્યૂનતા નથી. માટે હવે સર્વથા ચપળપણું તજી દ્યો, નિરંજન દેવની પૂજા કરો અને પ્રીતિ તથા વિષાદવડે (રાગદ્વેષવડે) એક લગાર માત્ર પણ પીડા ધારણ ન કરો.” વિવેકે આ પ્રમાણે બહુ સમજાવ્યો તોપણ મંત્રી પોતા-

ની ભાવિષ્યની દશાને ચિંતવવા લાગ્યો, કેમકે પ્રાયે પ્રધાનની લાંબી દૃષ્ટિએ જોનારી મતિ ઉલ્લાસ (પ્રકાશ) પામે છે. અર્થાત્ તેઓ દીર્ઘ દૃષ્ટિવડે વિચાર કરનારા હોય છે. (પ્રધાન પોતે વિચાર કરે છે કે) "વિવેક જે કહે છે તે સત્ય છે અને આયતિ ( ભવિષ્ય )માં પણ સુંદર છે; તોપણ મારો મોહ સંબંધી સ્નેહ આ નવીન વિવેકને વિષે અકસ્માત્ કેમ સંક્રમણ કરે? કેમકે તેને બાલ્યાવસ્થામાં તેની માની સાથે મેં કાઢી મુકયો હતો તે વાત ગુપ્ત શલ્યની માફક તેના હૃદયમાં ખટકેજ છે, અને તેની માતા નિવૃત્તિને મેં નિરંતર ભોગથી નિર્ધન (દરિદ્રી) રાખી છે. તેથી હું ધારૂં છું કે તે (નિવૃત્તિ) પણ મારો અપરાધ વિવેકને હંમેશાં સંભારી આપશે. વળી જે તત્વરૂચિ અને સંયમશ્રી નામની વિવેકની બે સ્ત્રીઓ છે તે શું મારી ભક્તિ કરશે? [નહીં કરે ]. કેમકે જેમ તૃણનો સમૂહ વાયરાને અનુસારે ચાલે છે તેમ વહુઓ સાસુને અનુસારેજ ચાલે છે; અને જે આ વિરાગાદિ વિવેકના પુત્રો એટલે મારા પૌત્રો હજારો છે તેઓ પણ 'આ પિતાનો વૈરી છે' એમ જાણીને ઘરના સર્પની માફક મને માનશે. આના પરિવારમાં એવો કોઇ પણ માણુસ હું જોતો નથી કે જે નેત્રનાં કટાક્ષરૂપી ભાલાનું લક્ષ મને નહીં કરે અર્થાત્ કટાક્ષથી મારા સામે નહિ જુએ. આને [પહેલાં) વિરોધી કરીને હવે ફરી તેની સાથે નિવાસ કરવો તે સિંહને આક્રોશ કરીને પાછું તેની ગુફામાં રહેવા સરખું છે. વળી આત્માથી અધિક વહાલા એવા મોહની અકસ્માત્ આવી દુર્દશા જોતાં છતાં હે મન! ખેદની વાત છે કે હજુ પણ તું જીવવાને ઈચ્છે છે? અરે!



પુત્રો ગયા, પૌત્રો ગયા, પુત્રીઓ ગઇ અને પુત્રની સ્ત્રીઓ પણ ગઇ. આ સમર્થ સમુદાય ગયે સતે હવે હું કેટલો કાળ રહીશ ?"

આ પ્રમાણે અંતઃકરણમાં ગુપ્તપણે વિચાર કરીને મનપ્રધાને વિવેકને કહ્યું કે 'હે વત્સ! સાંભળ. (હું જાણું છું કે) આ પ્રમાણે મારે વિષે તારૂં સ્વાભાવિક વાત્સલ્યપણું છે, પણ દુઃખે નિવારી શકાય તેવો મોહ પણ મારો ઘણા વખતનો પરિચિત છે અને તે મારી આગળ મરણ પામ્યે સતે હે પુત્ર! હવે મારે જીવવું તે યુક્ત નથી. મેં પહેલાં મોહરાજાને વચન આપ્યું હતું કે—તું જીવતે સતે હું જીવીશ અને તું મરણ પામીશ તો તારી પાછળ હું મરણ પામીશ. માટે તે વચનને હું સત્ય કરવાને ઇચ્છું છું; તેથી જો તું રજા આપે તો પાથેય (દેશાંતર જતાં રસ્તામાં ખાવાનો ખોરાક—ભાતાં)ની માફક તારી આપેલી શિક્ષાને હૃદયમાં રાખીને હું પીડારહિતપણે અગ્નિમાં પ્રવેશ કરૂં."

બાલ્યાવસ્થામાં વિવેકને તથા નિવૃત્તિને મન પ્રધાને કાઢી મૂક્યાં હતાં તે અપેક્ષા મનમાં લાવીને તેનું આ વિચારવું છે.

( મનપ્રધાનનાં આવાં વચનો સાંભળી વિવેક વિચાર કરે છે કે ) ' આ મનપ્રધાનનો અસ્ત ( નાશ ) થવાથી નિશ્ચે મને લાભ થશે, તે વિદ્યમાન હોવાથી મને લાભ થશે નહીં, માટે તેનું કહેવું કબુલ કરવું ઠીક છે.' એવો નિશ્ચય કરીને વિવેકે તેનું કહેવું બહુમાનપૂર્વક અંગીકાર કર્યું. પછી ભાવતીર્થમય પવિત્ર એવા બારમા ગુણસ્થાનકને વિષે વિવેકે કુંડની માફક ક્ષાયિક ભાવને શુદ્ધ કર્યો. ત્યાર પછી પાંચે અંતરાય, પ્રચલા (નિદ્રાનો એક ભેદ) અને નિદ્રા

પ્રમુખ કર્મ પ્રકૃતિ રૂપ કાષ્ઠો હોમવાવડે તેણે શુકલધ્યાનરૂપ અગ્નિ-
ને પ્રજ્વલિત કર્યો. પછી પરિવાર સહિત વિવેક સાક્ષીપણે રહ્યે સતે
નિર્વીર્ય થયેલો મનપ્રધાન શુકલધ્યાનરૂપ અગ્નિમાં પ્રવેશ કરી ભ-
સ્મતાને પામ્યો. ૧

આ વખતે અવકાશ મેળવ્યો છે જેણે એવી મહાસતી **ચેતના**
પોતાના મૂળસ્વરૂપે **હંસ** નામના પોતાના સ્વામીની પાસે આવીને
ઉભી રહી અને વિનયથી નમ્ર થયેલી તથા જીહ્વાના અગ્રભાગ ઉ-
પર અમૃતનો સંચાર કરતી સતી પોતાના પતિને કહેવા લાગી કે–
“ હે નાથ! કોઇ ન દેખી શકે તેવા મારા શુદ્ધ સ્વરૂપને તમે જુઓ.
જેમ ચોર અને ભિલ્લની પાસે ઉત્તમ રત્ન પ્રગટ ન કરાય તેમ મન
અને મોહ તમારી પાસે વિદ્યમાન હતા ત્યાંસુધી મારા આ સ્વરૂપને
મેં પ્રગટ કર્યું ન હતું. હે બુદ્ધિમાન્! હવે તમે પોતાને બંધાયેલા
જાણો નહીં. તમારા સર્વ બંધો નાશ પામ્યા અને જેઓએ તમને

---

૧ તેરમે ગુણસ્થાનકે મનનો સર્વથા નાશ થતો નથી;
માટે અહીં જે નાશ કહેવામાં આવ્યો છે તે નિર્વીર્યતા આશ્રીને
કહેવામાં આવ્યો છે. એટલે મન વિદ્યમાન છે છતાં અહીં તેનું
કાંઇ જોર ચાલતું નથી. તેમજ તે કોઇ વખતજ ઉપયોગી છે, કેમકે
કેવળજ્ઞાન થયા પછી સર્વ વ્યવહારો જ્ઞાનથીજ ચાલે છે અને મન-
ના પ્રયોગ વિના વચન તથા કાયાનો વ્યવહાર તેઓ કરી શકે છે.
ફક્ત અનુત્તર વિમાનવાસી આદિ દેવો જે મનથી પ્રશ્ન કરે છે
તેઓને કેવળી દ્રવ્યમનથી ઉત્તર આપે છે. તે ઠેકાણેજ દ્રવ્યમનનું
ઉપયોગીપણું છે.



બાંધ્યા હતા તે સર્વે દુરાત્માઓ પણ નાશ પામ્યા છે. હે હંસરાજ!
જેમ વાદળાં વિનાનો સૂર્ય, રાહુથી મુકાયેલા ચંદ્ર, આવરણ ર-
હિત દીપક, નિર્મળ સુવર્ણ, ડાઘ વગરનું માણિક્ય અને ધૂમાડા વિ-
નાનો અગ્નિ શોભે છે તેમ શત્રુઓનો સંસર્ગ દૂર કરવાથી તમે હ-
મણાં અત્યંત શોભો છો. સૂક્ષ્મ મને અને માયા સ્ત્રીએ તમને દુર્બ-
ળ જાણીને બાંધ્યા હતા, પણ વિશ્વને(દુઃખથી—સંસારથી)મુકાવવા-
વાળું તમારૂં બળ આજે ઉલ્લાસ પામ્યું છે. પહેલાં તમે પર-
વશ હતા ત્યારે જે ભંડારો ક્ષીણ થયેલા તમે જોયા હતા તે વીર્ય
અને આલ્હાદ આદિ ભંડારો આજે પરિપૂર્ણ સ્થિતિમાં દેખાય છે.
પહેલાં મ્લેચ્છ લોકોએ તમારી પાસે કાષ્ઠ તથા પાણી વિગેરે ભાર
વહન કરાવ્યો હતો, અને હમણાં તો સેવકોની માફક સર્વ દેવો ત-
મારી સેવા કરે છે. નિરંતર એક સ્વભાવવાળા આપણા બેઉનો પૃ-
થગ્ભાવજ શું છે? બીલકુલ નથી. માત્ર કેટલાએક સ્થૂળ દૃષ્ટિવા-
ળા મનુષ્યો ભેદ માને છે, પણ આપણા જનો તો ભેદને ઇચ્છતાજ
નથી. તમે માયાને આધીન થયા હતા તેથી તમારામાં શંકા કરતી
હું સતી છતાંપણ અસતીની માફક(તમારી સેવા નહીં કરતાં)તટસ્થ-
પણેજ રહી હતી. હે માયારહિત થયેલા ક્ષમાના સમુદ્ર ! તે મારો
અપરાધ તમે ક્ષમા કરો. હવે આજથી નિરંતર એકાગ્ર મનવાળી
થઇને હું તમારી સેવા કરીશ. હે સ્વામી! અત્યારે તો આ દેવોએ
રચેલા રત્નજડિત સુવર્ણમય કમળને અલંકૃત કરીને (તેના ઉપ-
ર બેસીને) ન્યાય(સત્ય માર્ગ)નો પ્રકાશ કરો.”

આ પ્રમાણે ચેતનારાણીનાં વચનથી બંધનમુક્ત થયેલો અને

પટુતાને પ્રાપ્ત થયેલો હંસરાજા પોતાને સ્વરૂપસ્થિત જોઈને આનંદની ભૂમિકારૂપ (આનંદમય) થયો. એ અવસરે ચેતનાની સાથે હંસરાજાનો અવિનાભાવિ સંબંધ (ચેતના વિના હંસરાજા ન હોય અને હંસરાજા વિના ચેતનારાણી ન હોય તેવો અર્થાત્ કોઇ વખત નાશ ન થાય તેવો સંબંધ)થયેલો જોઈને હંસરાજાના મસ્તક ઉપર દેવોએ ઉંચે પ્રકારે પુષ્પની વૃષ્ટિ કરી; તથા જય જય એવા શબ્દો કરીને અને વસ્ત્રની વૃષ્ટિ કરીને વાજિત્ર વગાડનારાઓની માફક તે દેવોએ આકાશમાં દુંદુભી વગાડી. તે અવસરે વજ્રરત્નના મૂળવાળા, મણિરત્નના નાળવાળા અને સુવર્ણમય પત્રોથી શોભતા નિર્મળ દિવ્ય કમળ ઉપર તે હંસરાજા હંસની માફક બેઠો, એટલે મહાત્મા પુરૂષોની સેવા કરવાના સ્વભાવવાળા દેવો તે (હંસરાજા)ના મુખરૂપ ચંદ્રની પ્રભાના લોભથી પોતાનાં નેત્રોને ચકોરપક્ષીની માફક આચરણ કરાવતા સતા તેની ચારે બાજુ વીંટાઇ વળ્યા; અને 'પૂર્વજોથી ચાલી આવતી પવિત્ર ગંગા પણ આ હંસરાજાની આગળ શું ગણતરીમાં છે?' એ પ્રમાણે બોલનારા બુદ્ધિમાન્ મનુષ્યો પણ તેમની ઉપાસના કરવા લાગ્યા. પછી ઘણે કાળે પ્રાપ્ત થયેલી ચેતનારાણીને સભાને વિષે પણ જુદી ન કરતાં (બીજાઓના) હિતની ઇચ્છાવાળા હંસરાજાએ તેઓને (દેવ અને મનુષ્યની પર્ષદાને) મોક્ષમાર્ગનો ઉપદેશ કર્યો (મોક્ષમાર્ગ બતાવ્યો). તે ઉપદેશમાં આ દેહધારી આત્માઓ કર્મવૈરીથી કેવી રીતે બંધાય છે અને કેવી રીતે તેનાથી મુક્ત થાય છે તે સર્વ જેમ છે તેમ પ્રગટ કર્યું. પછી જે જે ઠેકાણે કર્મરૂપ વૈરીએ ઉત્પન્ન



કરેલા કલેશને હંસરાજા સાંભળતો તે તે ઠેકાણે ઇચ્છારૂપ ગમન કરનારો (હંસરાજા) તેનો નાશ કરવાની ઇચ્છાથી વિચરતો હતો. તે અવસરે એકતાન થઈને વિવેકે જોયું તો હંસરાજાની અને પોતાના અધિપતિની વસ્તુતત્વથી કાંઈ પણ ભિન્નતા તેને દેખાણી નહીં. "હે ગ્રામાધ્યક્ષ! તમને મેં જે આ કથાનો નાયક હંસરાજા કહ્યો છે તે હંસરાજા હું છું. હમણાં ધર્મરૂચિ એવું મારૂં નામ પ્રચલિત છે અર્થાત્ ધર્મરૂચિ એ નામથી લોકો મને બોલાવે છે. માયાથી મોહિત થયેલો, મનથી બંધાયેલો, કુબુદ્ધિથી પ્રેરાયેલો, સદ્બુદ્ધિથી ઉપેક્ષા કરાયેલો અને વિવેક વિનાનો થયેલો જે હું તેણે નાના પ્રકારનાં રૂપો (દેહો) કરતાં, અનેક પ્રકારનાં નામ ધારણ કરતાં અને અનેક પ્રકારના ભવોમાં ભ્રમણ કરતાં નાના પ્રકારનાં દુઃખો સહન કર્યાં છે; તેમજ મારી મહાન્ જ્ઞાનની સંપદા દૂર થઈ હતી, જ્ઞાનનો આડંબર અસ્ત થયો હતો, પ્રભુત્વપણાથી પતિત થયો હતો અને ઠેકાણે ઠેકાણે પરાભવ પામ્યો હતો. પરંતુ યોગ્ય અવસરે પંચપરમેષ્ઠી (અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ)ના પ્રસાદથી બળ પ્રાપ્ત કરીને વિવેકે પોતેજ મોહરાજાને યુદ્ધને વિષે માર્યો છે. મોહરાજા મરણ પામ્યે સતે અને માયાદિ સ્ત્રીઓ નાશ પામ્યે સતે ચેતનાએ (મારી પૂર્ણ આત્મસત્તાએ) મુખ્ય સ્વરૂપે મને ઓળખાવીને સર્વનો સ્વામી કર્યો છે. આ ચેતનાનું ચરિત્ર સંભારી સંભારીને મારૂં મન વિસ્મય પામે છે; કેમકે તેના અનેક અપરાધ કર્યા છતાં પણ તેણીએ મારે વિષે પ્રેમનો ત્યાગ કર્યો નથી.

**(નોટ)**--દેહ અને ચેતનાના સંબંધમાં વિચાર કરતાં માલુમ પડી આવશે કે આત્માએ દેહને પાળીપોષીને બાલ્યાવસ્થાથી વૃદ્ધિ પમાડયો, અને તેને માટે સારા સારા ખાવાના ખોરાકો, પીવાના પદાર્થો, રહેવાને માટે મહેલો અને પહેરવાને માટે સુંદર કુમાશદાર કપડાં પૂરાં પાડ્યાં; તેમજ પોતાની કેવી અધમ સ્થિતિ થશે તેનો બીલકુલ વિચાર કર્યા શિવાય આ દેહને માટે મહાન્ અઘોર કાર્યો કર્યાં, છતાં આ દેહને જોઈતા ખોરાક કે પૂરતી સામગ્રીમાં જરા પણ ખામી પડતાં તે પૂર્વના કરેલા તમામ ઉપકારોની કાંઇપણ સ્મૃતિ કર્યા શિવાય કે બદલો આપ્યા શિવાય અટકી પડે છે, એટલુંજ નહીં પણ નાશ પામે છે. તેને માટે જ્યારે ન કરવા લાયક કાર્યો કર્યાં તે વખતે ચેતનાને બીલકુલ યાદ કરી નહીં એટલુંજ નહીં પણ તેને અધમ દશાએ પહોંચાડી. દેહને માટે આટલું બધું કર્યું પણ તેની સાર્થકતા કાંઇ ન થઇ. દેહની ઉપર આટલી બધી પ્રીતિ રાખી તે અવસરે ચેતના પાસે છે, તે જાણે છે કે મને (ચેતનાને)યાદ ન કરતાં આ આત્મા દેહનેજ પુષ્ટિ આપે છે, છતાં તે ચેતનાએ અવસર આવ્યે આત્માના સર્વ અપરાધો સહન કર્યા, એટલુંજ નહીં પણ હળવે હળવે વિવેકનો સમાગમ કરાવી આપી, આત્માને અધમ સ્થિતિમાંથી ઉદ્ધાર કરી, તેનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી આપ્યું. ચેતનાનું આવું અદ્ભુત ચરિત્ર યાદ કરતાં આત્મા વિસ્મય પામે છે કે તેનો મારા ઉપર કેટલો બધો અગાધ પ્રેમ છે કે મારા મહાન્ અપરાધોને ભૂલી જઇ પૂર્ણ પ્રેમ ધારણ કરી મને મારી સ્વતંત્ર સ્થિતિ મેળવી આપી. અહીં આત્મા અને ચે-



તનાનો કોઇ ઠેકાણે ભેદ અને કોઈ ઠેકાણે અભેદ બતાવ્યો છે તે બાળજીવોને બોધ થવાને માટે છે; નહીંતર આત્મા અને ચેતનાનો અભેદજ છે. કોઇ અપેક્ષાથી કથંચિત્ ભેદાભેદ છે.

જે સ્ત્રીઓ દેદીપ્યમાન ભૂષણ, ભોજન, ભોગ અને ભુવનને ભોગવવા રૂપ પગારની આશાએ ભર્તારને વિષે ભક્તિવંત હોય છે, તેવી સ્ત્રીઓ પૃથ્વીને વિષે દાસીની ઉપમાને લાયક છે; પણ જે સ્ત્રીએ મારી દુઃખી અવસ્થામાં પણ મારૂં હિત કરવાની બુદ્ધિ મુકી નથી તેવી કપટરહિત, હિતકારી અને સૂર્યકાન્તરત્નની માફક નિર્મળ એક ચેતના સ્ત્રીનીજ હું સ્તુતિ કરૂં છું."

તે અવસરે ગામનો નાયક કહેશે કે "હે પ્રમાણિક પુરૂષોમાં મુખ્ય (હંસરાજા અથવા ધર્મરૂચિ મુનિરાજ)! મારૂં કહેવું આપ સાંભળો. આપે જે આ પોતાનું ચરિત્ર કહી સંભળાવ્યું છે તે સર્વ સંસારી જીવોનું સરખું છે અર્થાત્ સર્વ જીવોનું ચરિત્ર તેવુંજ હોય છે. સર્વ જીવો આ વૃતાંતનો અનુભવ કરે છે પણ વ્યામોહરૂપ મદિરાનું વિશેષ પાન કરવાથી લુપ્ત(લોપ પામેલી)બુદ્ધિવાળા મનુષ્યો તેને જાણી શકતા નથી. અથવા હે પ્રભુ! જે જીવોથી તમે દૂર છો તેઓની ચિંતા કરવાથી સર્યું; પણ સૂર્ય સરખા આપ નજીક છતાં શું હું અંધકારથી પીડા પામું ? નજ પામું. માટે વિવિધ પ્રકારના જન્મ ધારણ કરવારૂપ અંધકૂપમાંથી પોતાની માફક મારો ઉદ્ધાર કરો, કેમકે પોતાની માફક સર્વ જીવોને જોવા એવીજ મહાત્મા પુરૂષોની સ્થિતિ હોય છે.

ત્યાર પછી નિરંતર મોક્ષની અભિલાષાથી શોભતા અને નિશ્ચળ

આગ્રહવાળા તે ગ્રામાધિપતિને તે શ્રેષ્ઠ મુનિ દીક્ષા આપશે. પછી તે નિષ્કપટી મુનિ સ્વાધ્યાયના કારણ વિના બાકીને વખતે મૌનરૂપ મુનીશ્વરની મુદ્રાનો આદર કરીને ગુરૂની સાથે વિહાર કરશે. પછી પૂર્વે બાંધેલાં કર્મોનો ( બાહ્યાભ્યંતર ) તપવડે નાશ કરતા અને સંયમવડે નવીન કર્મબંધને રોકતા તે મુનિ કેવળજ્ઞાન પામી કર્મથી મુક્ત થઈને મોક્ષે જશે. ( બીજા જીવોને પ્રતિબોધ કરતા હંસરાજાને પણ ) કેટલોક કાળ ગયા પછી અવસર જોઇને ચેતના વિપદા રહિત સ્થાન પ્રત્યે લઈ જવાને માટે પોતાના સ્વામીને વિનંતિ કરશે.

ચેતના કહેશે કે—"હે અનંત દર્શનવાન્ અનંત જ્ઞાનવાન્, અને સર્વ લોકને સુખના કરનાર! તમે હમણાં જે સ્થાનમાં રહો છો તેનું સ્વરૂપ વિચારો. (હંસરાજા જે હમણાં શરીરરૂપ સ્થાનમાં રહ્યો છે તેનું સ્વરૂપ ચેતના બતાવે છે) નવ દ્વારોવડે નિરંતર ગળતા એવા અધમ રસરૂપ કાદવથી વ્યાપ્ત, વિસ્તાર પામેલાં આંતરડાં નસો અને સ્નાયુવડે ચંડાળના ઘરનું સ્મરણ કરાવનાર, ઉંચા અને નીચા અથવા નાના અને મોટા વાળના સમૂહથી અને રોમથી બીભત્સનિક દેખાતું, માંસ, વશા, મેદ, અસ્થિ અને રૂધિર વિગેરેથી જોવાને પણ અયોગ્ય, વિષ્ટા, મુત્ર અને મળથી ખરાબ ગંધવાળું, લાળ તથા થુંકથી દુર્ગંચ્છનિક અને પરિણામે કૃતઘ્ન એવું આ દેહરૂપ નગર તમારા જેવા સત્પુરૂષોને રહેવા લાયક નથી. આ દેહરૂપ નગરમાં જ્યાં જોઈએ ત્યાં મણિ, મોતી, સોનું કે રૂપા પ્રમુખ કશુંએ દેખાતું નથી, પણ માત્ર લોહી પ્રમુખજ દેખાઇ આવે છે. ઉપર જમીનને વિષે



વાવેલાં બીજની માફક આ દેહમાં નાખેલાં અનાજ, પાણી, ઘી, ઘોલ (મથેલું દહીં), સાકર, દુધ, ફળ અને પત્ર પ્રમુખ સર્વ વિનાશ પામે છે. વળી જેમ ચંડાળની સોબતથી કુળવાન્ પુરૂષ નિશ્ચે દૂષિત થાય છે, તેમ શય્યા, વસ્ત્ર, તંબોળ, પુષ્પ, ગંધ અને વિલેપન પ્રમુખ સર્વે આ દેહની સાથે સંયોજિત થવાથી દૂષિત થાય છે. આ દેહરૂપ કોઠારમાં નિરંતર પાણી અને અનાજ નાખવામાં આવે છે, તોપણ રાંક કરતાં પણ અધિક ખરાબ ચેષ્ટાવાળો આ દેહ સંતોષ પામતો નથી. પંડિત પુરૂષો આ દેહને નવીન નવીન સંસ્કારો કરે છે તોપણ વિષ્ટાના ઘરની માફક આ દેહ અશુચિપણાનો ત્યાગ કરતો નથી. શિલાના પત્થર, પર્વતના શિખર, નદી કિનારાના કાંકરા અને ધૂળ વિગેરે પૃથ્વીના ભેદોવડે આ દેહને ભંગ(નાશ)નો ભય છે, એમ પંડિત પુરૂષો અનુમાન કરે છે. સરોવર, પાણીનો પ્રવાહ, નદી, કૂવા, દ્રહ, સમુદ્ર અને અતિવૃષ્ટિ વિગેરે પાણીના અનેક ભેદોવડે પણ આ દેહનો વિપ્લવ થઇ શકે છે. અગ્નિ, વિજળી, દાવાનળ, અંગારા અને ફોતરાંનો અગ્નિ વિગેરે આ દેહને બાળે છે. અથવા મહાવાત અને ઉર્ધ્વવાતાદિ વાયુ પણ આ દેહને હરી જાય છે. વિષ, વિષફળ, શંકુ, યંત્ર, મુદ્ગર, લાકડી, દોરડાનો પાશ અને અતિશે આહાર વિગેરે વનસ્પતિજન્ય વસ્તુ પણ આ દેહનો નાશ કરે છે. છીપ, શંખ, જળો, કૃમી અને કીકસ (એક જાતનો કીડા ) પ્રમુખ બેઇંદ્રિયવાળા જીવોથી; કીડી, મકોડા, ધીમેલ, કીડા અને માંકણ પ્રમુખ ત્રણઇંદ્રિયવાળા જીવોથી અને પતંગીયા, ભમરી, ડાંસ તથા વીંછી પ્રમુખ ચારઇંદ્રિયવાળા જી-

વોથી આ દેહને નિધણીયાતી વસ્તુની માફક પગલે પગલે વિપદાઓ આવી પડે છે. વળી હાથી, ઘોડા, પાડા, વાઘ, વરૂ, શૂકર, ( ભૂંડ ) વાંનર, ગર્દભ, સાંઢ, શ્વાન અને શિયાળ પ્રમુખ પાંચઇંદ્રિયવાળા જીવોવડે આ દેહ કદર્થના પામે છે. મગર, ગ્રાહ, નક્ર, પાઠીન અને કરચલા પ્રમુખ પાણીમાં રહેવાવાળા તથા [1]ભિલિગુ, બાજપક્ષી અને ગીધ પ્રમુખ આકાશમાં ચાલવાવાળાં પક્ષીઓવડે પણ આ દેહ ખેદને પામે છે. નોળીયા, ઉંદર, બિલાડા, ગરોળી, કાકીડા અને સર્પાદિવડે પણ આ દેહને વિઘ્ન થવાની વિદ્વાન્ પુરૂષો શંકા રાખે છે. સંગ્રહણી, ગ્રંથી, [2]ગંભીર, ગુલ્મ, કુષ્ટ અને જ્વર પ્રમુખ વ્યાધિરૂપ ચોરો તમારૂં વિદ્યમાનપણું છતાં પણ તત્કાળ આ દેહને લુંટી જાય છે. આ દેહનાજ નાશને માટે ચક્ર, વજ્ર, ધનુષ્ય, ખડ્ગ, છરી, કુંત અને તોમર ( એક જાતનું આયુધ ) પ્રમુખ શસ્ત્રોના સમૂહ કયા દેવે બનાવ્યા છે? ભૂત, પ્રેત અને પિશાચાદિ દેવો તથા મલેચ્છ, મુગલ અને ચંડાળ પ્રમુખ મનુષ્યો પણ આ દેહનો નાશ કરવાને ઇચ્છે છે. દેવ અને મુનિનાં પણ કઠોર મન તથા વચનવડે ( શ્રાપ દેવાવડે ) અને કેટલાંક મનુષ્યોની દુષ્ટ દૃષ્ટિવડે પણ આ દેહ ઉભોને ઉભો સૂકાઇ જાય છે. અત્યંત સ્નેહથી, અત્યંત રાગથી, અત્યંત ક્રોધથી અને અત્યંત ભયથી અકસ્માત્ આ દેહ નાશ પામેલો દેખાય છે. વળી હે દેવ! અતિ આહાર કરવાથી, સર્વથા આહાર ન કરવાથી, ઘણું પાન કરવાથી, ( પાણી પીવાથી ) સર્વથા પાન ન કરવાથી, ઘણો પ્રયાસ કરવાથી, સર્વથા પ્રયાસ ન કરવાથી, આ

૧ પક્ષી વિશેષ. ૨ વ્યાધિ વિશેષ.



દેહ વીશીર્ણ ( સૂકાઇ ગયેલ ) થઇ જાય છે. આવા મળરૂપ પંકથી વ્યાપ્ત નિઃસાર અને વિનાશ ધર્મવાળા દેહને વિષે તમારો નિવાસ જોઇને તેને માટે રંકના મસ્તક ઉપર રહેલા મણિને દેખીને કરે તેમ સંત પુરૂષો શોચ કરે છે. હે પવિત્ર! આ અપવિત્ર દેહને વિષે, હે નિર્મલાત્મન્! મલિન દેહને વિષે, હે ચિદ્રૂપ! જડ દેહને વિષે, હે નિર્વિનાશી ! વિનાશી દેહને વિષે, હે અનંતવીર્ય ! નિર્વીર્ય દેહને વિષે અને હે પાંચ ભૂતોથી ભિન્ન! આ ભૌતિક (પાંચ ભૂતમય ) દેહને વિષે દાક્ષિણ્યતારૂપ પાશથી બંધાયેલા તમે કયાંસુધી રહેશો? હે નાથ! પહેલાં આ દેહપુરના જેવાં ઘણાં પુરો તમે ગ્રહણ કર્યાં ( તથા તેનો ત્યાગ કર્યો ) અને હવે તો મોક્ષમાં નિવાસ કરવાનો વખત નજીક આવ્યો છે, તેથી તમને દુઃખે ત્યાગ કરવા લાયક શું છે? (અથાત્ કાંઈ નથી ). જે આયુકર્મે ચોકીદારની માફક તમને આટલો લાંબો વખત દેહમાં રોકી રાખ્યા છે તે હુમણાં નાશ પામ્યા જેવું થઈ રહ્યું છે માટે તમે તેનો વિચાર કરો.

આ પ્રમાણે ચેતના પત્નીએ પ્રેરણા કરેલો હંસરાજા પરમપદ ( મોક્ષ ) પામવાની ઇચ્છાથી તે દેહપુરનો ત્યાગ કરતો એક ક્ષણમાં દેહ ત્યાગરૂપ રથ ઉપર આરૂઢ થશે. સર્વ બુદ્ધિમાનોમાં મુગટ તુલ્ય તે રાજા ( હંસરાજા ) પરમપદની પ્રાપ્તિમાં વિઘ્નભૂત અને પહેલાં રાખના ઢગલા તુલ્ય કરેલા મનને ચૂર્ણ કરીને ચારે બાજુએ ફેંકી દેશે. પછી મારા જવાથી કાંઇ પણ કલકલ શબ્દ ન થાઓ, એમ ધારીને ગર્વરહિત હંસરાજા વચનયોગને ધીમેધીમે રોકશે. પછી નસો અને રૂધિરના કંપવાથી મોક્ષ જતાં મને

અપશુકન ન થાઓ, એમ ચિંતવી કાયા સંબંધી સર્વ ચેષ્ટાને બંધ કરશે. પછી લોકના અગ્ર ભાગ પ્રત્યે ઉત્પન્ન થવાની ઈચ્છાવાળા થઈને પાંચ હ્રસ્વ સ્વર (અ, ઇ, ઉ, ઋ અને લૃ) ઉચ્ચારણ પ્રમાણ કાળ પર્યંત તે ( હંસરાજા ) મેરૂ પર્વતના સરખું સ્થૈર્યપણું ( ચૌદમે ગુણ સ્થાનકે ) ભોગવશે. પહેલાં મોહરાજાના સેવકોને હણતાં બાકી રહેલી પંચાશી પ્રકૃતિઓનો તે ( હંસરાજા ) પાંચ હ્રસ્વ અક્ષર ઉચ્ચારણ કાળના અંતના બે સમયમાં નાશ કરશે. પછી પોતાની પ્રયાણ કરવાની સ્થિતિને જાણતો તે મુખ અને ઉદર આદિ રંધ્રો ( છિદ્રો ) ના સદ્ભાવે આમ તેમ રહેલા પોતાના આત્મપ્રદેશોને એકઠા પિંડીભૂત કરશે. પછી યંત્રથી છુટેલા બાણની માફક અથવા પાણીને વિષે લેપરહિત થયેલા તુંબડાની માફક ચેતના સહિત તે ઊર્ધ્વ દિશામાં દોડશે, અને અચિંત્ય શક્તિવાન્ તેમજ મહા વેગવાન્ તે સરલ રસ્તે ( ગતિવડે ) એકદમ એક સમયમાં પરમપદ ( મોક્ષ ) ને પામશે.

( મોક્ષની સ્થિતિ અને તેના સુખનું વર્ણન ) ( તે પરમપદ–મોક્ષમાં ) ગર્ભાવાસ રૂપ બંદીખાનામાં નિવાસ, પ્રસવ વખતની વેદના, બાલ્યાવસ્થા, ધૂળની ક્રીડા, ભણાવનારથી થતી તાડના, માનની હાનિ, ધનનો નાશ તથા કુટુંબના કલેશયુક્ત ( ક્રોધાદિક ) કષાય અને ( પાંચ ઇંદ્રિયોના ) વિષયોથી ઉત્પન્ન થતી યૌવન સંબંધી વિડંબના, વિયોગ રૂપ અગ્નિની જ્વાળાથી ઉત્પન્ન થયેલ શોકરૂપ જ્વર, વ્યાપારના નાશ વિગેરેથી ઉત્પન્ન થતો બીજાઓ તરફનો પરાભવ, ધનની આશાથી થવાનો લાભ,



[1]ન્યાયમાર્ગ, રાજસેવા પ્રમુખ પરિશ્રમો, કષ્ટદાયી વ્યાપાર, જળ, સ્થળમાર્ગે ગમનાગમન, બાળકની લાળ, વિષ્ટા અને મૂત્રના સંસર્ગને વિષે સુખની કલ્પના, સ્ત્રીના ચરણનો આઘાત, સ્ત્રી પ્રત્યે કહેવા પડત ખુશામતનાં વચનો, વ્યાધિથી થતી પીડા, રાજા આદિથી થતો ભય, ડાંસ અને મચ્છર પ્રમુખ ક્ષુદ્ર જંતુથી થતી કદર્થના, ટાઢના કારણથી થતો કંપ, તાપથી ઉત્પન્ન થતો સંતાપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને પવનાદિથી થતો ઉપદ્રવ, ભૂતોથી થતો પરાભવ, સ્વપર ચક્રથી ઉત્પન્ન થતો ભય, ક્ષુદ્ર યંત્ર અને મંત્રાદિથી કરેલી કાયાની નિયંત્રણા, વ્યસન સંબંધી કલેશ, અપર દ્રોહીઓનો પ્રવેશ, શાકિની આદિનો આવેશ, શત્રુઓનો કદાગ્રહ, દેણદારને માટે ધિક્કારના શબ્દો, દુર્જન પુરૂષોનાં ઉછૃંખલ વચનો, દારિદ્રતા, દુર્ભિક્ષ (દુકાળ), આજીવિકાને માટે ચિંતા, નાટક, હાસ્ય, ગીત, ઇંદ્રજાળ આદિ કૌતુક જોવાની ઈચ્છા, જ્ઞાનની વિસ્મૃતિ, ભ્રાંતિ, બુદ્ધિનો વ્યામોહ, સંશય, રૂપરૂપી સર્વસ્વ(ધન)નો ગ્રાસ કરવાની લાલસાવાળી જરારૂપ રાક્ષસી, વ્રતધારી જીવોને ભક્ષણ કરવાવાળા યમરાજાથી કરાતી મરણની શંકા, ગર્વથી ઘેલા થયેલા શ્રીમાન્ ( ધનાઢ્ય ) પુરૂષોના ગર્વરૂપ બાફથી તપેલા મુખનું જોવું, તેઓના દાસ થવાની ઈચ્છા, તેઓના આક્રોશનું ખમવું તેમજ ખાવાની ઈચ્છા, પીડા અને ભય જે સ્થાનમાં બીલકુલ નથી એવા મોક્ષસ્થાનમાં તે હંસરાજા નિશ્ચે રહેઠાણ મેળવશે. પછી અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંત આનંદરૂપ અમૃત-

---

૧ કોઇ અન્યાય કરનાર હોય તો ન્યાયમાર્ગ સ્થાપવામાં આવે, પણ પરમપદ (મોક્ષ)માં અન્યાય કરનાર જઇજ શકતો નથી તેથી ત્યાં તે માર્ગ પણ નથી.

વડે તૃપ્ત થયેલ તે ત્યાં અનંત કાળપર્યંત નિર્ભયપણે સુખની અંદર રહેશે. નિરંતર નિર્મળ સદ્જ્ઞાન દર્શનરૂપ જ્યોતિનો આશ્રય કરવાવાળો તે (હંસ યા આત્મા) તે અવસરે [1]**રાજા** એવું પોતાનું નામ સાર્થકતાને પમાડશે. ( હવે તે પવિત્ર આત્માના ગુણનિષ્પન્ન નામાંતરો બતાવે છે ). પૃથ્વી ઉપરથી આવેલો હોવાથી તે ( આત્મા ) પાર્થિવ કહેવાય છે, પ્રજાને પાળતા છતાં પણ સમગ્ર આરંભના હેતુનો ત્યાગ કરેલ હોવાથી તે **પ્રજાપાળ** કહેવાય છે, ત્રણ ભુવનના જીવો મુગટની માફક તેને મસ્તક ઉપર ધારણ કરે છે તેથી બુદ્ધિમાનો તેને ત્રિભુવનપ્રભુ કહે છે, સર્વ ઉપદ્રવો ( જન્મ, જરા, મરણાદિ )થી મુક્ત હોવાથા તે ( આત્મા ) જ **સદાશિવ** કહેવાય છે, જ્ઞાન સ્વરૂપવડે લોકાલોકમાં વ્યાપ્ત હોવાથી તે **વિષ્ણુ** કહેવાય છે, પોતાની મેળે ઉત્પન્ન થયેલ હોવાથી–કોઇ બીજાથી ઉત્પન્ન થયેલ ન હોવાથી તે ( આત્મા ) **સ્વયંભૂ** કહેવાય છે, જન્મ રહિત હોવાથી તેજ ભગવાન્ **અજ** પણ કહેવાય છે, કર્મથી બંધાએલા આત્મા કરતાં ઉત્કર્ષતાને પામેલ હોવાથી તે **પરમાત્મા** કહેવાય છે અને પરમ (ઉત્કૃષ્ટ) જ્ઞાનના યોગથી **પરમબ્રહ્મ** એવા નામને પણ તે પામેલ છે. વિદ્વાનોથી પણ તે કોઇ પ્રકારે જાણી શકાતો નથી, તેથી તેને અલક્ષ્ય (અલખ) કહ્યો છે. દ્રવ્યની અપેક્ષાએ તે **એક** કહેવાય છે અને તેના પર્યાયો અનંત હોવાથી (અનંત પર્યાયોની અપેક્ષાએ ) તે **અનેક** કહેવાય છે. સત્વગુણ, રજોગુણ અને તમોગુણ રહિત હોવાથી તે **નિર્ગુણ** કહેવાય છે અને જ્ઞાનાદિ ગુણોના સંયોગથી તે **મહાગુણ** કહેવાય છે. આકાશના જેવો ( રૂપાદિ રહિત)

---

૧ રાજા એટલે ચંદ્ર.



હોવાથી તે **અવ્યક્ત** કહેવાય છે અને તેના ગુણનું વર્ણન કરી શકાતું હોવાથી તે **વ્યક્ત** કહેવાય છે. મોક્ષના પર્યાયમાં રહેલ હોવાથી તે **ભાવ** કહેવાય છે અને સંસારના પર્યાયમાં રહેલ નહીં હોવાથી તે **અભાવ** કહેવાય છે. મોક્ષમાં જ્ઞાનદર્શનવડે ચેષ્ટાવાન્ હોવાથી તે **સકળ** કહેવાય છે અને વચન તથા શરીરની ચેષ્ટાનો આશ્રય નહીં કરવાથી તે અપેક્ષાએ તે **નીષ્કળ** પણ કહેવાય છે. કર્મ અને ઉદ્યમ–આત્મા અને દેહ–દ્રવ્ય અને ભાવ–જ્ઞાન અને ચારિત્ર–ભોગ અને યોગ તથા લક્ષ્મી અને સરસ્વતી–એમાંથી એકેક વસ્તુને અવલંબીને પણ કયા કયા સંસારી જીવો આ દુનિયા ઉપર કલેશ કરતા નથી ? (અર્થાત્ સર્વ કરે છે); પણ આ હંસરાજાએ મોક્ષમાં આવા દ્વંદ્વોનો ત્યાગ કરેલ છે તેથી તે નિરંતર સુખી છે. સંસારી જીવોએ જે જે પુદ્ગલિક વસ્તુઓ સુખને અર્થે કલ્પેલી છે તે તે વસ્તુઓ હંસરાજાએ (શુદ્ધ આત્માએ) દુઃખને માટે માનેલી છે. તેથી તે વિશ્વથી વિલક્ષણ સ્વભાવવાળો છે. શંકા અને સંકલ્પ રૂપી શલ્યને દૂર કરીને ધૃતિયુક્ત થયેલા તે હંસરાજાને મોક્ષને વિષે જે નિરંતર સુખ છે તે સુખ કષાય અને વિષયોથી વ્યાકુળ ચિત્તવૃત્તિવાળા રાજા, ચક્રવર્તી, દેવ અને ઇંદ્રને પણ નથી.

(શુદ્ધઆત્મા–હંસરાજાને હવે સિદ્ધના નામથી ઓળખાવીશું) સર્વજ્ઞ તીર્થંકર સિદ્ધના જીવનું અનંત સુખ પોતાના જ્ઞાનથી જાણે છે અને સ્વાત્મવડે તેનો અનુભવ ( અહીં રહીને ) કરેલો છે. તોપણ તે સુખને પરિપૂર્ણપણે કહેવાને તે સમર્થ નથી. કારણકે તેની વાણી ક્રમથી પરિણમતા અક્ષરોના સમુદાયરૂપ છે અને તેનું

આયુષ્ય ( આ મનુષ્યદેહને અપેક્ષાને ) પૂર્વ ક્રોડ વર્ષથી આગળના વિભાગને સ્પર્શી શકતું નથી, અર્થાત્ પૂર્વ ક્રોડથી વધારે હોતું નથી. જે કર્મરહિત સિદ્ધના સુખના અનંતમા ભાગથી અધિક સુખ ભોગવનારા લવસત્તમ દેવો પણ નથી તો તે અમૃતથી અધિક સુખ પંડિત પુરૂષો વચનમાર્ગમાં કેમ લાવી શકે?

**નોટ**—જેઓ આ માનવદેહમાં ચારિત્ર અંગીકાર કરી કર્મ ખપાવવાની ( ઉપશમ ) શ્રેણી ઉપર આરૂઢ થતાં સાત લવ જેટલા સ્વલ્પ આયુષ્યના અભાવે તેવી સ્થિતિમાં દેહનો ત્યાગ કરી સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય છે તેઓને **લવસત્તમ** દેવો કહેવામાં આવે છે. ભાવાર્થ એ છે કે જો તેઓનું આયુષ્ય મનુષ્યદેહમાં સાત લવ જેટલું વધારે હોત તો તેઓ મોક્ષે જાત. તે દેવો પણ સિદ્ધના સુખના અનંતમા ભાગ જેટલું સુખ અનુભવે છે તો તેવા અનંતા સુખને અનુભવ વિનાના પંડિતો કેવી રીતે કહી શકે? એક રાજા કોઈ ભિલ્લને [ ઉપકારી જાણીને ] અટવી [ જંગલ ] માંથી પોતાના અંતઃપુરમાં લાવ્યો. ત્યાં તે તે પ્રકારની [ વિષયની ] કળાના જાણકાર પુરૂષોએ તેને અનેક પ્રકારના વિષય સંબંધી સુખના પ્રવાહમાં નિપુણ કર્યો. તે પાછો અટવીમાં આવ્યો તે વખતે [ અંતઃપુરમાં જે સુખનો અનુભવ કર્યો છે ] તે સુખ પોતે જાણતો હતો છતાં પણ ત્યાં [ અટવીમાં ] ઉપમા આપવા લાયક વસ્તુ કાંઇ પણ નહીં હોવાથી પોતાનાં સગાંવહાલાં આગળ તેનું વર્ણન તે કેવી રીતે કરી શકે? ન કરી શકે. તેજ પ્રમાણે આ દુનિયાને વિષે રહેલા જીવો મહાક્લેશે સાધ્ય થઇ શકે તેવાં



સુખોનેજ નિરંતર [ અટવીમાં રહેલા બીજા ભિલ્લોની માફક ] ભોગવતા હોવાથી કેવળી ભગવાન્ કઇ ઉપમાવડે મોક્ષના સુખની સાંભળનારને પ્રતીતિ કરાવી શકે? [ અર્થાત્ ન કરાવી શકે ]. ઈષ્ટ એવાં અન્ન, પાણી, વસ્ત્ર, આભરણ, વિલેપન અને સ્ત્રી વિગેરેથી [ આ દુનિયામાં ] જે સુખ સ્ફુરાયમાન થાય છે [ દેખાય છે ] તે નિશ્ચે કૃત્રિમ છે; અને આત્મસ્વરૂપ સંબંધી, નિમિત્તની અપેક્ષા વિનાનું અને કોઇ ચોરી ન શકે તેવું સિદ્ધના જીવોનું જે સુખ છે તે અકૃત્રિમ [ સ્વાભાવિક ] છે. જે [ પરમાત્મા ] સંભારવાથી જગતના જીવોને યોગ [ નહીં પામેલા આત્મધર્મને મેળવી આપનાર ] અને ક્ષેમ [ પ્રાપ્ત કરેલ આત્મજ્ઞાનાદિનું રક્ષણ કરનાર ]ને માટે થાય છે તેથી તેને તમે **લોકનાથ** કહો; અને જે પરમપદને પામીને બીજા દેવોને [ જેઓ પરમપદને પામ્યા નથી તેઓને ) નીચા કરે છે તેથી તેને તમે **દેવાધિદેવ** કહો. આ દુનિયામાં આવા શુદ્ધ આત્મા શિવાય બીજું કાંઇ ધ્યાન કરવા લાયક નથી, આ શુદ્ધ આત્મા શિવાય બીજું કાંઇ પ્રસિદ્ધ જાણવા લાયક પણ નથી, આ શુદ્ધ આત્મા શિવાય બીજું કોઇ દૈવત [ દેવપણું ] નથી અને આ શુદ્ધ આત્મા શિવાય બીજું કોઈપણ તીર્થ નથી—એમ અમે પ્રતીતિ કરીએ છીએ.

**નોટ**—અહીં આશય એવો છે કે દરેક ક્રિયાઓ આ શુદ્ધ આત્માની પ્રાપ્તિ કરવાને માટેજ છે. તેની પ્રાપ્તિને માટે એક અગર બે સાધનો છે એમ નથી, પણ હજારો અને કરોડો સાધનો તેની પરાકાષ્ઠા મેળવવાનાં છે; પણ તેમાનું દરેક સાધન દરેક મનુષ્યને

તેની યોગ્યતાનુસાર સહાયકારક થાય છે. આ ઉપરથી અમુક સાધનજ ઉપયોગી છે અને બાકીનાં બીજાં સાધનોથી શુદ્ધાત્માની પ્રાપ્તિ થઈ શકે નહિં એમ માનનારા પૂરેપૂરી ભૂલ ખાય છે. તે ભૂલ જ્યારે તે સારી સ્થિતિમાં આવે છે ત્યારે તેને માલમ પડે છે, પણ તે પહેલાં તે સાધનોનો નિષેધ કરતાં તે હજારો જીવોનો ઉપકારી થવાને બદલે અપકારી થઈ પડે છે. માટે અમુક ભાગને વિષય (શુદ્ધ આત્માની પ્રાપ્તિનો હેતુ) કરનારી પોતાની સાંકડી મતિ જ્યાંસુધી વિસ્તૃત થઈને આત્મગુણપ્રાપ્તિના સર્વ રસ્તાઓ પોતાને દેખાડી ન આપે, ત્યાંસુધી તેવા ઉપદેશનું કામ કરવું એ મોટા જોખમનું કામ ઉપદેશકને માથે છે. તેટલામાટે ત્યાંસુધી ઉપદેશ વૃત્તિથી દૂર રહેવાની જરૂર છે. આ વાત વારંવાર યાદ રાખવાની છે.

જેઓએ આ શુદ્ધસ્વરૂપ જાણ્યું નથી તે મુગ્ધ આશયવાળા ‘આ નવીન તીર્થ છે, આ નવીન તીર્થ છે’ એમ બોલતા ત્રણ ભુવનને વિષે ભટકયા કરે છે, કારણ કે આત્માના શુદ્ધ સ્વરૂપને જાણનારાઓને તો સર્વ પૃથ્વી તીર્થરૂપ છે.

**નોટ**—તીર્થસ્થળે જવાનો હેતુ એ છે કે પોતાના આત્માને પવિત્ર કરવો. કાંઈપણ પવિત્રતામાં વધારો કરવો. તે નિવૃત્તિ વિના થતો નથી. આવી નિવૃત્તિ પ્રાયે તીર્થસ્થળોમાં વિશેષ હોય છે. તેવે સ્થળે અનેક મહા પુરૂષોનો સમાગમ થાય છે. મહાત્માઓની નિર્વાણભૂમિને સ્પર્શવાથી તેઓના શુભ વિચારોનું બંધાયેલું વાતાવરણ આત્મગુણ પ્રગટ કરવામાં વિશેષ સહાયક બને છે. તેઓના ગુણો,



કર્ત્તવ્યો વિગેરે યાદ આવવાથી શુભ વિચારો ઉત્તેજિત થાય છે અને તેવાં કાર્યોમાં પ્રયત્નશીલ બનેછે. આ સર્વ હેતુઓ જેઓ હજી પ્રથમ હદમાં રહેલાઓ છે તેઓને વિશેષ ફાયદાકારક છે; પણ જેઓએ પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણ્યું છે તેઓ ગમે તેવા સ્થળનો આશ્રય કરીને પણ પોતાની શુદ્ધતા પ્રગટ કરી શકે છે. માટે એ ઉપરથી આ ઉપરના શ્લોકમાં જણાવવામાં આવ્યું છે કે **‘सर्वोपि भूरात्मविदां हि तीर्थम्’** આત્મ સ્વરૂપ જાણનારાઓને સર્વ પૃથ્વી તીર્થરૂપ છે તે બરાબર છે; કેમકે તીર્થં જઈને જે કાર્ય કરવું છે તે કાર્ય ગમે તેવે સ્થળે રહીને તેઓ કરી શકે છે.”

જેમ એક જાતની માટીને ધમવાથી તે સુવર્ણતાને પ્રાપ્ત થાય છે, લીંબડાને પરિકર્મિત [ એક જાતની ક્રિયા ] કરવાથી નિરોગીપણું પમાડે છે અને સારી રીતે સંસ્કાર કરેલો પારો સિદ્ધરસના નામથી પ્રખ્યાતિ પામે છે, તેમ આત્મા (તેને સારી રીતે સંસ્કારિત કરવાથી) પોતેજ પરમાત્મભાવને પ્રગટ કરે છે. જ્યાંસુધી આ શુદ્ધ આત્માનું સ્વરૂપ જણાયેલું હોતું નથી, ત્યાંસુધી મદથી ધમાયેલાં [તપેલાં] મન છે જેનાં એવા સર્વે દર્શનકારો આપસ આપસમાં દ્રોહ [વાક્યુદ્ધ વિગેરે] કરે છે; પણ જ્યારે તેઓ આત્મતત્ત્વને જાણે છે, ત્યારે [ આપસમાં ] સગા ભાઈઓની માફક આચરણ કરે છે. આત્મ તત્ત્વના જ્ઞાન સહિત જે વિદ્યા છે તે નિર્દોષ વિદ્યા છે અને બાકીની જે અવિદ્યા છે તે સંસારમાં ગતિ કરવાના માર્ગરૂપ છે. તેથી અધ્યાત્મજ્ઞાન વિનાના અને વિચિત્ર પ્રકારના શાસ્ત્રરૂપ મહા અંધકારથી મૂઢ થયેલા તેઓ (અવિદ્યાવાળાઓ)

કુગતિને વિષે પડે છે. આ દુનિયામાં પ્રસિદ્ધ એવા સર્વે પદાર્થો-નું કેટલાએક પુરૂષો ગાન કરે છે (અર્થાત્ તે પદાર્થો વિદ્યમાન છે એમ કેટલાએક પુરૂષો પ્રમાણ અને અનુભવદ્વારા સિદ્ધ કરી આપે છે), ત્યારે કેટલાએક પુરૂષો તેને વગોવે છે (અર્થાત્ દુનિયામાં દેખાતો કોઇ પણ પદાર્થ છેજ નહીં, માયા છે, લોકોને ભ્રમ છે વિગેરે અનુમાનાદિ પ્રમાણોથી તેનો અભાવ સિદ્ધ કરે છે). પરંતુ આ અધ્યાત્મનું સ્વરૂપ અથવા શુદ્ધ આત્માનું સ્વરૂપ તો પ્રમાણિક પુરૂષોનેજ લક્ષ્ય કરવા (જાણવા) યોગ્ય છે અને તે કોઇ પણ સચેતન (સજીવ પ્રાણી)વડે દૂષિત કરવા લાયક નથી, (દૂષિત થઈ શકતું નથી). કૃષિ(ખેતી), રાજાની અથવા માલિકની સેવા, વ્યાપાર, પશુપાળપણું, સમુદ્ર અને પૃથ્વીનું ઉલ્લંઘન કરવું ઈત્યાદિ સર્વે ઉપાય મનુષ્યોને (ધન પ્રાપ્તિને માટે) સંદિગ્ધ ફળવાળા (અર્થાત્ ફળ મળી શકે અથવા ન મળી શકે એવા સંદેહવાળા ) છે, પણ આ અધ્યાત્મિક જ્ઞાનની અથવા શુદ્ધ આત્માની તો થોડી પણ સેવા નિષ્ફળ થતી નથી, (અર્થાત્ ફળ આપનારીજ થાય છે). કલ્પવૃક્ષ, ચિંતામણિ, કામધેનુ અને દક્ષિણાવર્ત્ત શંખ પ્રમુખ કોઈ કાળે, કાંઈક, કોઈ સ્થાને અને કોઇ એક પુરૂષનેજ ઈષ્ટ વસ્તુ આપે છે; આ અધ્યાત્મ અથવા શુદ્ધ આત્મા સિવાય સર્વ વસ્તુ આપનાર બીજો કોઇ પણ પ્રસિદ્ધ નથી. ધીરજ વિનાના પુરૂષો ધનની આશાથી ધનવાન પુરૂષોની ખુશામત તથા દાસપણું કરે છે, પણ જો આ શુદ્ધ આત્માનું એકાગ્રતાથી સેવન કરે તો તેને ત્રણ જગતનું સ્વામીપણું પણ દુર્લભ નથી. મનુષ્યોને આ અધ્યાત્મ (આત્માને



અધિકાર કરીને જે કાંઇ ક્રિયા કરાય તે અધ્યાત્મ અર્થાત્ શુદ્ધ આત્મતાને પ્રગટ કરનાર જ્ઞાન અને ક્રિયા તે અધ્યાત્મ ) જ્ઞાન મહામંગળ છે, એજ મંત્ર છે, એજ મહોત્સવ છે, એજ સુકૃતોનું અંગ છે, એજ ચિંતામણિ છે, એજ રક્ષણ કરનાર ઔષધ છે અને એજ-રમણિય બંધુ છે. જે પરમાત્મા (પરમ—ઉત્કૃષ્ટ આત્મા—પૂર્વોક્ત વિધિથી શુદ્ધ થયેલ આત્મા. તેજ પરમાત્મા ) રૂપ રહિત છે ને વિશ્વરૂપ છે, સકળ છે ને અકળ છે, વ્યક્ત છે ને અવ્યક્ત છે, એક છે ને અનેક છે, પુણ્ય પાપ પ્રકૃતિ રહિત છે, યોગીઓને લક્ષ્ય છે ને (સંસારી બાહ્યદૃષ્ટિ જીવોને ] અલક્ષ્ય છે, ભાવ સ્વભાવવાળા છે ને અભાવ સ્વભાવવાળા છે, સગુણ છે ને નિર્ગુણ છે, નાયકોના નાયક છે અને ધ્યેયોમાં પણ ઉત્કૃષ્ટ ધ્યેય છે, તેથી તેને એકનેજ હે ભવ્ય જીવો! ઇષ્ટાર્થ સિદ્ધિને માટે તમે નમસ્કાર કરો.

## ગ્રંથકર્તાની પ્રશસ્તિ.

આચાર્યોમાં શ્રેષ્ઠ ચરિત્રને ધારણ કરનાર અને ચારિત્રની ઉત્તમ નિર્મળતાથી દેવોની શ્રેણીને દાસરૂપ કરનાર આ પૃથ્વી ઉપર આર્યરક્ષિત નામે પ્રસિદ્ધ આચાર્ય થયા હતા. મિથ્યાદર્શનરૂપ અંધકારનો નાશ કરનાર તે **આર્યરક્ષિત** આચાર્યથીજ સમગ્ર સ્તવના કરવા લાયક સાધુઓના સમુદાયથી આશ્રય કરાતો અંચળગચ્છ દુનિયા ઉપર પ્રસિદ્ધિ પામ્યો છે. તે આચાર્યના પટ્ટાનુક્રમે નિર્મળ બુદ્ધિવાળા, પ્રમાદરૂપ શત્રુના સંહારને માટે મજબૂત કટીતટ બાંધેલા, હસ્તીની માફક ગતિવાળા, કળાવાન પુરૂષોને પ્રિય, સ્ત્રી-

ઓના મનોહર કટાક્ષરૂપ બાણોના વિસ્તારથી અક્ષોભ્ય અને રાજાઓથી જેના ચરણકમળ સ્તવાયેલા છે એવા **મહેંદ્રપ્રભ** નામના આચાર્ય થયા. વિનયમાં પ્રધાન અને શાસ્ત્રાર્થરૂપ સોનાની કસોટી તુલ્ય તેના શિષ્ય **શ્રીજયશેખર** નામના ઉત્તમ આચાર્યે ઉત્તમ અર્થના સારભૂત અને કલ્પેલા ઉત્તમ યુક્તિરૂપ તરંગોથી જાણી શકાય તેવો આ **પ્રબોધ ચિંતામણિ** નામનો ગ્રંથ રચેલો છે, કે જે મોક્ષનગરીનો ઉત્તમ માર્ગ બતાવનાર છે. તે ભણતાં સતા ભવ્ય જીવોને ઉત્તમ સમ્યક્ત્વ આપવાવાળો થાઓ. સ્તંભન પાર્શ્વનાથથી ભૂષિત ખંભાયત નગરને વિષે શ્રીમાન્ જયશેખરસૂરિએ વિક્રમ સંવત ૧૪૬૨માં આ પ્રબોધ ચિંતામણિ ગ્રંથ બનાવ્યો છે.

આ પ્રમાણે શ્રીમાન્ જયશેખરસૂરિએ રચેલા પ્રબોધચિંતામણિ ગ્રંથમાં વિવેક અને મોહરાજાનું યુદ્ધ, વિવેકનો જય તથા મોહનો પરાજય અને પરમાત્મસ્વરૂપના વર્ણનવાળો આ સાતમો અધિકાર સમાપ્ત થયો છે.

સમાપ્ત